આજ કાલનાં હિન્દુ લોક

લેખક

[illegible]

[illegible]

આજકાલનું હિન્દુસ્તાન

અથવા

પ્રાણઘાતક મૃગજળ

પ્રથમ ખંડ

તૃષ્ણા

કર્તા

ઠક્કુર નારાયણ વિસનજી

પોરબંદર (કાઠિયાવાડ)

" A reforming age is always
Fertile of imposters. "

Lord Macaulay.

પ્રકાશક

મહાદેવ રામચન્દ્ર જાગુષ્ટે

ગ્રંથવિક્રેતા અને ગ્રંથપ્રકાશક

ત્રણદરવાજા—અમદાવાદ

મૂલ્ય રૂ. ૧-૮-૦

વિક્રમાબ્દ ૧૯૭૨ ઈ. સ. ૧૯૧૬.

પ્રથમ આવૃત્તિ

પ્રત ૧૨૫૦

"શ્રી સત્યપ્રકાશ" પ્રિન્ટિંગ્ પ્રેસમાં ડાહ્યાભાઇ શકરાભાઇ ગાંધીએ છાપ્યું.

ખાડીઆ—અમદાવાદ.

ગ્રંથસમર્પણ.

બંધુતુલ્ય અનુકંપાવિભૂષિત અને શુદ્ધ સ્નેહમૂર્તિ સુહૃદો

ભાઇ વલ્લભ કેશવ નાયક, મુંબઈ;

તથા

ભાઈ માધવલાલ મોહનલાલ નાયક, અમદાવાદ;

મહાન્ યોગીશ્વર રાજર્ષિ ભર્તૃહરિની

"पापान्निवारयति योजयते हिताय गुह्यं च गूहति गुणान्प्रकटीकरोति ।
आपद्गतं न च जहाति ददाति काले सन्मित्रलक्षणमिदं प्रवदंति संतः" ॥

" જે, પાપોને નિવારે છે, હિતની યોજના કરે છે, અવગુણને ગુપ્ત રાખે છે, ગુણોનો પ્રકાશ કરે છે, આપત્કાલમાં ત્યાગી જતો નથી અને પ્રસંગ આવતાં 'પોતાથી અપાય તેટલી સહાયતા આપે છે, તે સન્મિત્ર છે; એવા પ્રકારનું સંત જનોએ સન્મિત્રનું લક્ષણ કહેલું છે;" એ સન્મિત્ર વિષયક વ્યાખ્યાનો તમો ઉભયમાં સંપૂર્ણ સમાવેશ થતો હોવાથી અને તમો ઉભય મિત્રોએ મારા સુખમાં નહિ, કિંતુ સંકટના સમયમાં અનેકવાર અગ્રભાગે રહી ભાગ લઇને પોતાના આ દીન મિત્રને તન, મન તથા ધનની એકથી વિશેષવાર સહાયતા, કોઇપણ પ્રકારના પ્રતિફળની લેશ માત્ર આશા વિના કેવળ કર્ત્તવ્ય માનીને, આપેલી હોવાથી તે અગાધ ઋણમાંથી કિંચિદંશે મુક્ત થવાની અને આપણી પરસ્પર સત્ય મૈત્રીના સ્મરણને સદાને માટે જાળવી રાખવાની શુભ ભાવનાને હૃદયમાં ધારી મારી પ્રસ્તુત સાહિત્યકૃતિ હું તમો ઉભય સુહૃદોના કરકમળમાં સમર્પિત કરૂં છું, તેનો, આશા છે કે, પ્રેમપૂર્વક સ્વીકાર કરીને આ દીન મિત્રને ઉપકૃત કરવાની ઉદારતા બતાવશો.

તમારો નિરંતર ઉપકૃત અને સ્નેહાંકિત

ઠક્કુર નારાયણ વિસનજી

ગ્રંથકાર.

"Friendship is no plant of hasty growth
Tho' planted in esteem's deep-fixed soil,
The gradual culture of kind intercourse
Must bring it to perfection,"

Joanna Baillie.

"Friendship is seldom lasting, but between equals, or where the superiority on one side is reduced by some equivalent advantage on the other."

Dr, S. Johnson

"Friendship is a disinterested commerce between equals." *Goldsmith.*

"Friendship is like music; two strings tun'd alike,
Will both stirre; though only one you strike."

Quarles.

Friendship's the privilege
Of private men; for wretched greatness knows
No blessing so substantial" *Tate.*

"Friendship! mysterious cement of the soul;
Sweetener of life and solder of society."

Blair.

"Friendship's the wine of life." *Young.*

ઉપોદ્ઘાત.

વર્ત્તમાન કાળને 'સુધારણાયુગ' તેમજ ' મહત્ત્વાકાંક્ષાયુગ ' ના નામથી સાધારણતઃ ઓળખવામાં આવે છે. હવે જો આપણે વર્ત્તમાનકાળને સુધારણાનો યુગ કહીએ, તો લૉર્ડ મૅકોલે જેમ મૂરકૃત લૉર્ડ બાયરનના જીવનચરિત્રપર લખેલા પોતાના નિબંધમાં જણાવે છે તેમ " A reforming age is always fertile of imposters." ('સુધારણાનો યુગ નિરંતર ધૂર્ત્ત જનો વડેજ સ્ફળદ્રૂપ થએલો હોય છે') તેમજ જો વર્ત્તમાન કાળને આપણે મહત્ત્વાકાંક્ષાના યુગ તરીકે ઓળખીએ, તો આંગ્લ કવિકુલગુરુ શેક્સ્પીયરનો સમકાલીન કવિ ફ્લેચર કહે છે કે;–"Virtue was never built upon ambition!" (' સદ્ગુણપ્રાસાદ મહત્ત્વાકાંક્ષાના પાયાપર કદાપિ બંધાયલો નથી ! ') અર્થાત્ જો એ ઉભય વિદ્વાનોનાં ઉભય વિધાનોને સત્ય માનીએ, તો વર્ત્તમાન કાળનાં એ ઉભય નામો મહાદૂષિત થઇ જાય છે, એ નવેસરથી કહેવાની અવશ્યકતા નથી. પરંતુ અહીં પ્રશ્ન એ થાય છે કે, ઉક્ત વિદ્વજ્જનોની એ ઉક્તિઓમાં સત્યાંશ છે ખરો કે ? એના ઉત્તરમાં શોકપૂર્વક જણાવવું પડે છે કે, વર્ત્તમાનકાળમાં એકાગ્રતાથી દૃષ્ટિપાત કરતાં એ ઉક્તિઓમાંનો સત્યાંશ આજકાલ આપણને વિશ્વના પ્રત્યેક વિભાગમાં મહાભયંકરતાપૂર્વક વિસ્તરેલો દેખાઇ આવે છે. વિશ્વમાં જ્યારથી નવીન સુધારણાયુગ કિંવા પ્રકાશયુગનો આરંભ થયો છે, ત્યારથી તેની પ્રગતિસાથે કપટકળા, અસત્યશીલતા

અને ધૂર્ત્તતા આદિ નિંદ્ય તત્ત્વોની પણ સમાન પ્રમાણમાં પ્રગતિ થતી રહી છે અને અદ્યાપિ થતી જાય છે, એવો અનેક પાશ્ચાત્ય સમાનદૃષ્ટિ વિદ્વાનોનો પણ દૃઢ અભિપ્રાય છે. અમેરિકન્ યૅંકીઓનો આ સૃષ્ટિમાં 'ડૉલર અને કેવળ ડૉલર !' વિના બીજો કોઇ ધર્મ જ નથી અને એ ડૉલરને મેળવવામાટે તેઓ પોતાની કપટકળા અને ધૂર્ત્તવિદ્યાના કેવા કેવા વિઘાતક ચમત્કારો બતાવ્યા કરે છે, એ રહસ્ય અંગ્રેજી ભાષામાં લખાયલા શ્રીમતી ઇડા. **એમ. ટાર્બેલ**-કૃત 'The History of the Standard Oil Company" અને શ્રીમાન્ **થૉમસ્. ડબલ્યુ. લૉસન્**કૃત 'Frenzied Finance; The Crime of Amalgamated' આદિ ગ્રંથોના વાચનથી મધ્યાન્હ સૂર્ય સમાન આપણા જોવા અને જાણવામાં આવી શકે છે; તેમ જ મહત્ત્વાકાંક્ષા અને ધન તથા અધિકારની તૃષ્ણાના યોગે મહદ્ધર્માલય સમાન નિવૃત્તિસ્થાનોમાં પણ કેવા મહાઘોર અને ભીષણ અપરાધોની પ્રવૃત્તિઓ અષ્ટૌપ્રહર હાસ્ય અને તાંડવ કરતી હોય છે, ઇત્યાદિ ભેદો 'The History of Inquisition" અને 'The Love Affairs of the Vatican' આદિ આંગ્લ ગ્રંથોદ્વારા આપણે જાણી શકીએ છીએ. તાત્પર્ય એજ કે, આજકાલ એ તો એક સર્વમાન્ય તત્ત્વ જ થઇ પડયું છે કે, જેમ જેમ માનવસંસ્કૃતિની વૃદ્ધિ થતી જાય છે, તેમ તેમ તેના સાથે અધર્મશીલતા, કપટશીલતા અને અનીતિ આદિની પણ વૃદ્ધિ થયા કરે છે; અને એના પરિણામે સાધારણ બુદ્ધિના લોકોને, વિશેષ બુદ્ધિમાન્ પુરુષોના ચાતુર્યના બલિદાન થવાથી, જે આર્થિક, શારીરિક, નૈતિક, ધાર્મિક અને સામાજિક અસહ્ય હાનિયો સહન કરવી પડે છે, તે સર્વથા દયાજનક અને અનુકંપાજનક છે, એમાં લેશ

માત્ર પણ સંશય નથી. વિશેષતઃ આજકાલના વ્યાપાર તથા ઉદ્યોગ આદિમાં તો અસત્ય, કપટ અને ધૂર્ત્તતાનો એટલો બધો વિસ્તાર વધી ગયો છે, કે વ્યાપાર તથા ઉદ્યોગમાંથી 'વિશ્વાસ' શબ્દ સર્વથા અદૃશ્ય થઇ ગયો છે; તો પછી વિશ્વાસપાત્રતાનો સંભવ જ ક્યાંથી હોઇ શકે વારૂ ?

હિંદુસ્તાનમાં બ્રિટિશ રાજ્યની સ્થાપના થવાથી જેમ આપણા આ ભારતવર્ષને નિષ્પક્ષપાત અને નિર્ભયતાદાયક રાજસત્તા, વિદ્યા, ધર્મસ્વાતંત્ર્ય તથા વ્યક્તિ–સ્વાતંત્ર્ય આદિ અલભ્ય વસ્તુઓની પ્રાપ્તિ થએલી છે; તેજ પ્રમાણે અમેરિકાની વ્યાપારપદ્ધતિના સંસર્ગથી ભારતવર્ષમાં વ્યાપાર અને ઉદ્યોગમાં કપટકળા તથા ધૂર્ત્તતાનું પણ આગમન થઇ ગયું છે અને એ સંસર્ગજન્ય દોષ આર્યાવર્ત્તમાં કેટલી સીમાપર્તન્ત વ્યાપી ગયો છે, તેનો આજથી ત્રણેક વર્ષ પૂર્વે મુંબઇ અને અન્ય સ્થળોમાંની બૅન્કોનાં બહાર આવેલાં ભોપાળાં તથા બૅંકો ફટાફટ માટીના કાચા ઘડાની પેઠે ફૂટવાથી હજારો ગરીબ ગુરબાની થએલી પાયમાલી; તેમજ નિશાસ્મરણીય ડી. ડી. ની બુદ્ધિના અલૌકિક ચમત્કારોના યોગે ભારતવર્ષના લોકોને પૂર્ણ પરિચય કિંવા સાક્ષાત્કાર થએલો હોવાથી એ વિશે અત્ર પ્રસ્તાવનામાં જ અત્યંત દીર્ઘ અને સવિસ્તર વિવેચન કરવાની વિશેષ આવશ્યકતા નથી; કારણ કે, પ્રસ્તુત નવલ-કથામાં એજ વિષય સવિસ્તર ચર્ચાયલો છે. પ્રસ્તુત નવલકથા આજકાલના હિંદુસ્તાનમાં ભીષણતાથી વ્યાપાર ઉદ્યોગ આદિની મોટી મોટી સંસ્થાઓમાં ચાલી રહેલી કપટકળા અને ધૂર્ત્તતા ઇત્યાદિને તેમના યથાર્થ સ્વરૂપમાં પ્રકાશમાં લાવવાના અને તેમ કરીને અનેક ભોળા લોકોને

પાયમાલીના ખાડામાં પડતા અટકાવવાના ઉદ્દેશથીજ લખવામાં આવી છે. યેનકેન પ્રકારેણ પોતાની ધનતૃષ્ણા, વિલાસતૃષ્ણા અને અધિકારતૃષ્ણાને પૂર્ણ કરવાના ઉદ્દેશમાં સનાતન ધર્મીય કે આર્યસમાજિષ્ટ તેમ જ હિન્દુ કે મુસલમાન અને યહૂદી કે કિરસ્તાન (ક્રિશ્ચિયન્) સર્વના મતની અભિન્નતા હોવાના કારણે દેશની પાયમાલીના તેમના પ્રયત્નો એકત્ર બળ અને એકમતથી ચાલતા હોવાથી એટલે કે પ્રસ્તુત નવલકથાનો વિષયપ્રદેશ વિશાળ હોવાથી મારી અન્ય સામાજિક નવલકથાઓ કરતાં આ નવલકથા કાંઈક વિશેષ વિસ્તૃત થાય એ સ્વાભાવિક જ છે; તેથી પ્રસ્તુત નવલકથા **'આજકાલનું હિન્દુસ્તાન અથવા પ્રાણુહારક મૃગજળ'** એ નામથી ભિન્ન ભિન્ન ચાર ખંડોમાં પ્રકટ કરવાનો નિશ્ચય કર્યો છે, અને તે ચાર ખંડોને નિમ્ન લિખિત ચાર ઉપનામો આપવામાં આવ્યાં છે;—પ્રથમ ખંડ **તૃષ્ણા** દ્વિતીય ખંડ-**જલાભાસ** તૃતીય ખંડ-**આકર્ષણ** અને ચતુર્થ ખંડ-**મૃગજળ.**

હવે આ નવલકથાને **'આજકાલનું હિંદુસ્તાન અથવા પ્રાણુહારકમૃગજળ'** અને એના ચાર ખંડોને અનુક્રમે **તૃષ્ણા, જલાભાસ, આકર્ષણ** અને **મૃગજળ** નામ શા કારણથી આપવામાં આવ્યાં છે, એનો આપણે કંઇક વિચાર કરીશું. રેતીના રણમાં જેવી રીતે એક મૃગને અસહ્ય ઉષ્ણતાના યોગે જળની તૃષ્ણા લાગે છે, તેવામાં તેને રણમાં મિથ્યા જળનો આભાસ થાય છે, તેથા તેના મનનું તે દિશામાં આકર્ષણ થાય છે અને છેવટે તે સત્ય જળ નહિ પણ મૃગજળ (ઝાંઝવાનાં પાણી) સિદ્ધ થતાં મૃગની નિરાશા અને પ્રાણહાનિ થઇ જાય છે; તેજ પ્રમાણે આ મહત્ત્વાકાંક્ષાના

યુગમાં કેટલાક મનુષ્યોના મનમાં લક્ષ્મીની તૃષ્ણાનો ઉદ્‌ભવ થાય છે, તેવામાં તેમને લક્ષ્થીનો મિથ્યાભાસ થાય છે, તેઓ પાપકર્મ કરીને પણ તેને મેળવવાના કાર્યપ્રતિ આકર્ષાય છે અને અંતે તે પાપ-કર્મથી મેળવેલી લક્ષ્મીના યોગે જ્યારે આત્મહત્યા કરવાનો પ્રસંગ આવી લાગે છે તે વેળાયે એ લક્ષ્મી મૃગજળ તુલ્ય સિદ્ધ થાય છે, આ તત્ત્વનું પ્રસ્તુત નવલકથામાં સવિસ્તર પ્રતિપાદન કરાયલું હોવાથી આ નવલકથાને તેમજ એના ખંડોને જે નામ તથા ઉપનામ આપવામાં આવ્યાં છે તે અવશ્ય વાંચકોને અન્વર્થક જ જણાશે.

હવે પ્રસ્તુત નવલકથાની રચનાના સંયોગો કેવી રીતે પ્રાપ્ત થયા હતા, તે વિશેનો કિંચિદ્ ઉલ્લેખ અત્ર આવશ્યકીય છે. ઇ. સ. ૧૯૧૪ ના ઍપ્રિલ કિંવા મે માસમાં અમદાવાદના જૂના અને જાણીતા બુકસેલર અને પબ્લીશર રા. મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે મહાશયે મારી ઇચ્છા પ્રમાણેની એક સરસ સામાજિક નવલકથા લખી આપવાની મારી પાસેથી માગણી કરી અને તદનુસાર ૧૯૧૪ ના જૂન માસમા મેં મુંબઇમાં પ્રસ્તુત નવલકથા લખવાનો આરંભ કર્યો. અન્ય લેખનવ્યવસાયો સાથે આ કાર્ય પણ થતું હતું અને એક માસમાં લગભગ ૧૨૫ પાનાં જેટલો ભાગ લખાઇ ગયો હતો. ત્યાર પછી 'ગુજરાતી' પ્રેસનાં કેટલાંક પુસ્તકો ઊતાવળથી લખવાનાં હોવાથી અને શ્રી આર્ય નાટ્ય સમાજનાં નાટકો લખવાના કાર્યમાટે ૧૯૧૪ ના ડિસેમ્બર માસ સૂધીમાં મુંબઇથી ઉપરાસાપરી ત્રણ વાર કરાચી જવાનું થવાથી; તેમ જ ત્યાર પછી મારી પ્રકૃતિ અસ્વ-સ્થ હોવાને લીધે મુંબઇથી કુટુંબ સહિત પોરબંદર આવવામાં અને પછીથી શ્રી આર્ય નાટ્ય સમાજના 'દેવી દમયંતી' તથા શ્રી વિદ્યાવિનોદ નાટક સમાજના 'અનંગપદ્મા' એ બે નાટકોના લેખન-

કાર્યમાં કેટલોક કાળ વીતી જવાથી લગભગ ૧૯૧૫ ના જુલાઇ માસ પર્યન્ત એ કામ ખોરંભે પડયું હતું. ત્યાર પછી એ અપૂર્ણ લેખનકાર્યનો પુનઃ આરંભ કરવામાં આવ્યો અને તે સાથે તેના મુદ્રણકાર્યનો પણ આરંભ કરાયો; પરંતુ ઇશ્વરની ઇચ્છા આ ગ્રંથ-પ્રકાશનમાં વિલંબ કરવાની જ હોયની! તે પ્રમાણે મારાં સુશીલ અને સચ્ચરિત્ર ધર્મપત્નીને ઉન્માદ રોગની અચાનક બાધા થઇ અને ત્રણ માસ તેવી સ્થિતિમાં રહ્યા પછી ઇ૦ સ૦ ૧૯૧૫ના નવેમ્બર માસની ૧૮મી તારીખ અને ગુરુવારે રાત્રે કરાચીમાં તેમનો સ્વર્ગવાસ થઇ ગયો. એ અસહ્ય આઘાતના યોગે પુનઃ કેટલોક વિલંબ થયો. એ આઘાત પણ જાણે અપૂર્ણ હોય તેમ ત્યારપછી તરતજ પ્રસ્તુત ગ્રંથના પ્રકાશક અમદાવાદના જૂના અને જાણીતા ગ્રંથવિ-ક્રેતા અને ગ્રંથપ્રકાશક માન્યવર મહાશય મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે પણ પરલોકવાસી થયા. જેમણે પુસ્તકોના એક સાધારણ વિક્રેતા તરીકેના ધંધામાંથી આત્મબળ અને ઉદ્યોગશીલતાના યોગે આગળ વધીને ઉન્નતિ પ્રાપ્ત કરી હતી, ગુજરાતને સસ્તું સાહિત્ય પૂરૂં પાડવાનું માન જેમણે સર્વથા પ્રથમ મેળવ્યું હતું અને જેઓ પોતાપાછળ એક પ્રતિષ્ઠિત ગ્રંથપ્રકાશક સંસ્થાને છોડી ગયા છે, તેમનો પરલોકવાસ ખરેખર અત્યંત શોકજનક જ હતો. પરંતુ તેમના ચિરંજીવી રા. ગોવિન્દ મહાદેવ જાગુષ્ટે પણ તેમના પિતા જેવાજ આત્મનિષ્ઠ, સાહસી અને ઉત્સાહી પુરુષ હોવાથી તેમના પિતાની સ્થા-પેલી એ સંસ્થાની વિશેષ ઉન્નતિ કરશે અને ગુર્જર સાહિત્યમાં ઉત્ત-મોત્તમ ગ્રંથોની વૃદ્ધિ કરશે, એવી આશા આપણે રાખી શકીએ છીએ. ઇશ્વર આપણી એ આશાને ફળીભૂત કરો, એજ આપણી ઇશ્વરનાં ચરણોમાં પ્રાર્થના છે.

ઇ. સ. ૧૯૧૪ ના માર્ચ માસની ૧૯ મી તારીખ અને ગુરુવારે ' ચાલૂ જમાનો અથવા પારકે પૈસે પરમાનંદ ! ' નામક મારા લખેલા નાટકનો શ્રી આર્યનીતિદર્શક નાટક સમાજે મુંબઇ–ગ્રાંટરોડ વિકટોરિયા નાટકશાળામાં પ્રથમ પ્રયોગ કરી બતાવ્યો હતો, પાંચ દિવસમાં કરેલા સાત પ્રયોગોમાં તે નાટક મંડળીને રૂપિયા દશ હજારની આવક થઇ હતી તથા ત્યાર પછી એ નાટક મંડળી કરાચી જતાં ત્યાં પણ એ નાટકે સારી લોકપ્રિયતા મેળવી હતી અને નાટક મંડળીને તેથી ધનનો સારો લાભ થયો હતો. એ નાટકમાં જે વર્ત્તમાનકાલીન સામાજિક વસ્તુ લેવામાં આવ્યું હતું, તે વસ્તુની પ્રસ્તુત નવલકથામાં પણ બહુ અંશે વિસ્તારથી યોજના કરવામાં આવી છે અને તે સાથે નવલકથામાં આવશ્યકીય અન્ય નવીન પણ અનેક ઘટનાઓ ઉમેરવામાં આવી છે. નવલકથાના પ્રથમ ખંડમાંની ઘટનાઓ સર્વ જ એવી છે કે, જે નાટકમાં છે જ નહિ; કારણ કે, નાટક સંક્ષેપમાં લખાતું હોવાથી નાટકમાં અમુક ઘટનાઓનો વિસ્તાર કરી શકાય, એ સર્વથા અશક્ય અને અસંભવનીય છે. ' ચાલૂ જમાનો ' નાટકમાંનાં બહુધા સર્વ પાત્રો તેમ જ નાટકમાં જેમનાં માત્ર નામોનોજ ઉલ્લેખ કરાયલો છે એવાં પાત્રો પ્રત્યક્ષ રૂપમાં, પ્રસ્તુત પુસ્તકમાં લેવામાં આવ્યાં છે, પરંતુ કેટલાંક નામોમાં ફેરફાર કરાયલો છે; જેમ કે. રાધાને બદલે ભાગીરથી ઇત્યાદિ. ' **સંદિગ્ધ સંસાર અથવા સાધુ કે શયતાન?** ' અને ' **ચુડેલનો વાંસો અથવા એક નદીની આત્મકથા** ' ઇત્યાદિ નવલકથાઓમાં વિશેષતઃ કેવળ સત્ય ઘટનાઓનું જ અવલંબન કરાયલું છે, તે જ પ્રમાણે પ્રસ્તુત નવલકથાની રચના પણ બહુ અંશે સત્ય ઘટનાઓના પાયાપરજ કરાયલી છે અને નવલકથામાં રસપોષણમાટે જેટલી કલ્પનાની આવશ્યકતા

અનિવાર્ય હોય છે, તેટલા પ્રમાણમાં કલ્પનાનો આશ્રય લેવામાં આવ્યો છે. રેનલ્ડસકૃત 'મિસ્ટરીજ઼ ઑફધિ કોર્ટ ઑફ લંડન,' 'મિસ્ટરીજ઼ ઑફ લંડન,' 'જોજ઼ફ વિલ્મટ,' અને 'સોલ્જર્સ વાઇફ' આદિ અનેક નવલકથાઓ આવા પ્રકારે જ લખાઈ છે અને વર્ત્તમાનકાળમાં પણ અંગ્રેજી આદિ ભાષાઓમાં જે પદ્ધતિથી એવી સત્ય ઘટાનાત્મક નવલકથાઓ લખાય છે તે જ પદ્ધતિનો મેં પણ મારી કેટલીક નવલકથાઓમાં સ્વીકાર કરેલો છે; કારણ કે,—

> "Truth of itself is of sufficient worth,
> Nor needs it gloss of art to set it forth."
>
> *Drayton.*

અર્થાત્—"સત્યમાં એવી તો સંપૂર્ણ યોગ્યતા કિંવા શક્તિ રહેલી છે કે, તેને યોગ્યરૂપે વ્યક્ત કરવામાટે કૃત્રિમ કળાની ઓપણીની આવશ્યક્તા છે જ નહિ." અસ્તુ.

અનેક વિઘ્નો ઉપસ્થિત થવા છતાં પણ ઇશ્વરકૃપાથી આજે આ પ્રથમ ખંડ વાંચકોના કરકમળમાં સાદર કરવાને અમે સમર્થ થયા છીએ, એમાટે ખરેખર ઇશ્વરનો અમે અંતઃકરણપૂર્ણક આભાર માનીએ છીએ અને અન્ય ખંડો પણ બની શકશે તેટલી શીઘ્રતાથી જ પ્રકટ કરવાનો અમારો મનોભાવ છે. દ્વિતીય ખંડ છપાય છે અને તેને સત્વર જ પ્રકટ કરવામાં આવશે.

પ્રસ્તુત નવલકથા વાંચકોના આદરને પાત્ર થશે, તો લેખક અને પ્રકાશક ઉભય પોતાના પરિશ્રમને સફળ થએલો માનશે.

સુદામાપુરી–પોરબંદર (કાઠીયાવાડ) તા. ૧૭ મી સપ્ટેંબર ૧૯૧૬ ગુરુવાર શ્રાવણ કૃષ્ણ ચતુર્થી વિક્રમાબ્દ ૧૯૭૨.	**ઠક્કુર નારાયણ વિસનજી** ગ્રંથકર્ત્તા.

અનુક્રમણિકા.

(પ્રથમ ખંડના)

પ્રસ્તુત ગ્રંથના કર્ત્તા રા. ઠક્કુર નારાયણકૃત
અન્યાન્ય પુસ્તકો.

ઐતિહાસિક નવલકથા.

અંક.	નામ.	મૂલ્ય.
૧	આનંદાશ્રમ	૧—૪-૦
૨	શાહજહાનના છેલ્લા દિવસો અથવા માધવી કંકણુ (બીજી આવૃત્તિ)	૧—૪-૦
૩	ચન્દ્રશેખર (બીજી આવૃત્તિ છપાય છે) ...	૦-૧૨-૦
૪	પ્લાસીનું યુદ્ધ અથવા લૉર્ડ કલાઇવનું કપટતંત્ર	૨—૦-૦
૫	મહારાષ્ટ્રીય ઉષ:કાળ અથવા જીવનપ્રભાતનો પૂર્વ ભાગ (બીજી આવૃત્તિ છપાય છે) ...	૦—૮-૦
૬	હળદીઘાટનું યુદ્ધ (બીજી આવૃત્તિ) ...	૦—૮-૦
૭	પદ્મિની અથવા ભસ્મીભૂત ચિત્તોડ... ...	૨—૦-૦
૮	કત્લે આમ અથવા દિલ્લીનો ડગમગતો રાજમુકુટ	૨—૦-૦
૯	ભદ્રકાળી અથવા પાવાગઢનો પ્રલય ...	૨—૦-૦
૧૦	જગન્નાથની મૂર્ત્તિ અને ભારતનું ભવિષ્ય ...	૨—૦-૦
૧૧	વિશ્વરંગ અથવા ઐતિહાસિક કથાપંચક ...	૦-૧૨-૦
૧૨	૨૫૦૦ વર્ષ પૂર્વેનું હિંદુસ્તાન	૦-૧૨-૦
૧૩	આર્યઆદિત્ય ચક્રવર્ત્તી બાપ્પારાવળ ...	૦—૪-૦
૧૪	દિલ્લીની સુલ્તાના રજીયા બેગમ (બીજી આવૃત્તિ)	૦—૬-૦
૧૫	કયસરની કુટિલતા	૦-૧૨-૦

સામાજિક નવલકથાઓ.

૧૬	વિલાયતી વિલાસમાં ફેશનબાઇ ખલાસ! ...	૧—૮-૦
૧૭	સંદિગ્ધ સંસાર અથવા સાધુ કે શયતાન?...	૧—૮-૦
૧૮	ચુડેલનો વાંસો અથવા એક નટીની આત્મકથા	૧—૮-૦

૧૯	કુસુમકંટક અથવા રમણી કે રાક્ષસી ? ...	૧—૦-૦
૨૦	આજકાલનું હિન્દુસ્તાન અથવા પ્રાણહારક મૃગજળ*	
,,	,, ,, (પ્રથમ ખંડ-તૃષ્ણા)	૧—૮-૦
,,	,, ,, (દ્વિતીય ખંડ-જલાભાસ)	૧—૮-૦
,,	,, ,, (તૃતીય ખંડ-આકર્ષણ)	૧—૮-૦
,,	,, ,, (ચતુર્થ ખંડ-મૃગજળ)	૧—૮-૦

ધર્મ, ઇતિહાસ અને તત્ત્વજ્ઞાન ઇત્યાદિ.

૨૧	મૃગશીર્ષ અને વેદોમાં આર્યોનો ઉત્તર ધ્રુવનિવાસ	૨—૦-૦
૨૨	જ્ઞાનેશ્વરી ગીતા (સચિત્ર)	૪—૦-૦
૨૩	અમૃતાનુભવ અને હરિપાઠ	૨—૦-૦
૨૪	વિવેકાનન્દ વિચારમાળા—પ્રથમ પુષ્પ ...	૨—૪-૦
૨૫	,, ,, —દ્વિતીય પુષ્પ ...	૨—૪-૦
૨૬	,, ,, —તૃતીય પુષ્પ ...	૨—૪-૦
૨૭	,, ,, —ચતુર્થ પુષ્પ ...	૨—૪-૦
૨૮	,, ,, —પંચમ પુષ્પ	૨—૪-૦
૨૯	અનન્તાનુભૂતિ કિંવા અનંત જીવન ...	૧—૪-૦

નાટકો.

૩૦	માલવકેતુ અથવા માયાપ્રભાવ નાટક (સમગ્ર)	૦-૧૨-૦
૩૧	એજ નાટકનો સંક્ષિપ્ત સાર અને ગાયનો (મળતાં નથી)	૦—૨-૦
૩૨	પરશુરામ નાટક-સંક્ષિપ્ત સાર અને ગાયનો	૦—૨-૦
૩૩	વસુંધરા અથવા બેધારી તલ્વાર નાટક-સંક્ષિપ્ત સાર અને ગાયનો	૦—૨-૦
૩૪	ચાલૂ જમાનો અથવા પારકે પૈસે પરમાનંદ-સંક્ષિપ્ત સાર અને ગાયનો	૦—૨-૦
૩૫	દગાબાજ દુનિયા અથવા વીસમી સદીનો પિશાચ સંક્ષિપ્ત સાર અને ગાયનો	૦—૨-૦

* આ પુસ્તકનો પ્રથમ ખંડ પ્રકટ થયો છે અને બાકીના ત્રણ ખંડ પણ સત્વર પ્રકટ થશે.

ॐ तत्सत्परमात्मने नमः

આજકાલનું હિન્દુસ્તાન

અથવા

મોહિનીકારક મૃગજળ

પ્રથમ ખણ્ડ

પ્રકરણ ૧ લું.

ત્રણ અતિથિ

ઇસ્વી સન ૧૯૦૧ના જાન્યુઆરી માસની " " મી તારીખથી આપણી પ્રસ્તુત નવલકથાનો આરંભ થાય છે. સવારના નવ સાડા-નવ વાગ્યાનો સમય હતો. બેલાર્ડ પીયરપર કેટલાક લુહાણા, ભાટિયા, ખોજા, મેમણ અને વાણિયા વગેરે જૂદી જૂદી હિન્દુ મુસલ્માન જાતિના લોકોનો સારો જમાવ થયો હતો. જો કે થોડા ઘણા યુરોપીયન્, પારસી અને એવીજ બીજી કોમના લોકો પણ દેખાતા હતા, પણ ઉપર જણાવેલી કોમના લોકો સાથે સરખાવતાં તેમની સંખ્યા બહુજ અલ્પ જોવામાં આવતી હતી. અત્યારે બેલાર્ડ પીયરપર લોકોની એ ભીડ જામવાનું કારણ એ હતું કે, ઇસ્ટ આફ્રીકા-

ની રાજધાની જંગબાર બંદરથી આવેલી સ્ટીમરમાંથી તેમનાં કેટલાંક સગાં સંબંધીઓ આજે મુંબઇના કિનારાપર ઉતરવાનાં હતાં. લાંબા વખત પછી પોતાનાં આપ્તજનોને મળવાની આશાની સફળતાને નિકટમાં આવેલી જોઇને સર્વનાં મુખમંડળો સ્વભાવિક હર્ષથી પ્રફુલ્લ દેખાતાં હતાં. બરાબર દશ વાગે સ્ટીમરપરનાં પ્રવાસીઓને લઇને એક મોટી સ્ટીમલૉંચ કિનારાપર આવી લાગી અને પ્રવાસીઓએ પોતાને એકવાર પુનઃ પોતાના જન્મસ્થાન આર્યાવર્ત્તના તીરપ્રાન્તમાં નિર્વિઘ્ન આવી પહોંચેલાં જોયાં. બંદરપરના મજૂરો અને ભાડાની વિક્ટોરિયાવાળાના કોલાહલનો આરંભ થયો, ગાડીઓ ભાડે ઠરાવાઇ અને અનુક્રમે પ્રવાસિ સ્ત્રીપુરુષોએ પોતાને સ્હામા લેવા આવેલા સંબંધિજનોસાથે પોતપોતાના સ્થાન પ્રતિ જવાને ઉતાવળથી પ્રયાણ કરવા માંડયું. પ્રવાસીઓની વિશેષ સંખ્યા પુરુષોની હતી અને જે પાંચ પંદર સ્ત્રીઓ હતી તે તેમના પતિ, પિતા કે ભ્રાતા આદિ પુરુષવર્ગની સાથે હતી. અર્થાત્ ભારતવર્ષના પ્રાચીન કાળથી ચાલતા આવેલા નિયમ પ્રમાણે અબળાના રક્ષણનો ભાર પુરુષના શિરપર હોવાથી વિલાયતની સ્વતંત્ર અને સ્વચ્છંદ સુંદરીઓની દોડધામ પ્રમાણેની સ્ત્રીઓની જરા પણ દોડધામ દેખાતી નહોતી. છતાં પ્રત્યેક નિયમનો જેમ એક અપવાદ હોય છે, તેમ આજે એ પ્રવાસિસમુદાયમાં બે સ્ત્રીઓ એવી પણ હતી કે, તેમના સુખની વ્યવસ્થાની ચિંતા પુરુષને હોવી જોઇએ, તેને બદલે પુરુષના સુખની વ્યવસ્થાની ચિંતા તેમના માથાપર આવી પડી હતી; કારણ કે, તેમની સાથે જે એક પુરુષ હતો તે પ્રથમથી જ રોગગ્રસ્ત હતો અને તેમાં વળી દુષ્કાળમાં અધિક માસ પ્રમાણે ચૌદ પંદર દિવસનો જળપ્રવાસ કરવાનો પ્રસંગ આવવાથી તેની

તબીયત એવી તો લથડી ગઇ હતી કે, તેના શરીરમાં ઉઠવા કે ચાલવાની શક્તિ પણ ન હોતી, તો પછી તેનાથી બીજી વ્યવસ્થા તો કયાંથી જ કરી શકાય !

જે બે સ્ત્રીઓ હતી તેમાંની એક પ્રૌઢા એટલે કે, લગભગ ચાળીસ વર્ષના વયની હતી; પરંતુ તેનું શરીર બેઠા ઘાટનું, પુષ્ટ અને સુંદર કાંચનવર્ણું હોવાથી જોનારને તેની અવસ્થા ત્રીસ વર્ષથી વધારે દેખાતી ન હોતી. એણે અત્યારે સફેદ ઘાઘરો, ગુલાબી રંગની રેશમી સાડી અને લીલા રંગની મખમલની ઝીકના મોઢિયા-વાળી તંગ ચોળી, એ પ્રમાણેનાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં અને શરીરનું શરદીથી રક્ષણ કરવામાટે પગમાં મોજાં અને સ્લીપર તથા માથાપર ઊનની ન્હાની શૅાલ બાંધી લીધી હતી. દાગીનામાં માત્ર હાથમાં કાચની બંગડી સાથે સોનાની બબ્બે ઝીણી બંગડી, કાનમાં લવંગીયાં અને નાકમાં હીરાકણી, એટલી ચીજો જ દેખાતી હતી, પણ એ તેના સ્વભાવિક સૌન્દર્યને અત્યંત દીપાવતી હતી. બીજી અબળાનું વય સોળથી સત્તર વર્ષનું હતું અને તેના લાવ-ણ્યનું વિશેષ વર્ણન ન કરતાં એટલું કહેવું જ બસ થશે કે, તે આ મૃત્યુલોકની ઉર્વશી જ હતી. એ નવયૌવનાએ ઘાઘરો, ગરમ સાડી અને ગરમ પોલકું આદિ વસ્ત્રો ધારણ કર્યાં હતાં અને મોજાં તથા સ્લીપર પણ પહેર્યાં હતાં. ગળાને શરદીના વિકારથી બચાવવામાટે ગળામાં ગરમ ગલપટો વીંટાળ્યો હતો. દાગીનાનું તેના શરીરપર ચિન્હ માત્ર પણ જોવામાં આવતું નહોતું, છતાં જેવી રીતે આકાશ—મંડળમાં ચન્દ્રમા અલંકાર વિના જ સુશોભિત દેખાય છે; તેવી રીતે એ નવયૌવનાનું નૈસર્ગિક અને લોકોત્તર લાવણ્ય અલંકાર ન હોવા છતાં પણ સર્વ સ્ત્રીપુરુષોની દૃષ્ટિને પોતા પ્રતિ આકર્ષી રહ્યું

હતું. પ્રૌઢા માતા અને એ નવયૌવના તેની પુત્રી હતી. માતાનું નામ ભાગીરથી અને પુત્રીનું નામ ગુલાબ. જે પુરુષ રોગગ્રસ્ત હતો તે ભાગીરથીનો પતિ મોહનલાલ હતો. મોહનલાલનું વય લગભગ બાવન ત્રેપન વર્ષનું થવા આવ્યું હતું, પણ તેણે દ્રવ્યોપાર્જનમાટે અનેક વર્ષ વિદેશમાં ગાળી અનેક પ્રકારની ચિંતાઓ વેઠેલી હોવાથી તેની અવસ્થા અત્યારે સાઠ પાંસઠ વર્ષની જણાતી હતી. મોહનલાલના શરીરમાં અશક્તિ અધિક હોવાથી તેણે ગરમ કોટ, પાટલૂન અને જાકીટ પહેર્યાં હતાં; પગમાં મોજાં પણ ગરમ અને માથાપર શૉલ પણ ગરમ લપેટી હતી. તેને એક સ્થળે બેસાડીને ભાગીરથી તથા ગુલાબ .આતુર નયનોથી કોઇના આવવાની માર્ગપ્રતીક્ષા કરવા લાગી.

ઘણાક લોકો ચાલ્યા ગયા અને ભીડ ઓછી થઈ ગઇ; લગભગ અગિયાર વાગ્યા, તો પણ કોઇ ન આવવાથી ગુલાબે પોતાની માતાને પૂછ્યું કે; “ બા, હજી કેમ શારદા કે તેનો વર કોઇ પણ દેખાયું નહિ ? આપણને લેવામાટે કેમ કોઇ પણ ન આવ્યું ? શું આપણો તાર તેમને નહિ મળ્યો હોય ? કે પછી તાર મળ્યા છતાં તેઓ ધનાઢ્ય હોવાથી જાણી જોઇને જ તેમણે આપણી ઉપેક્ષા કરી હશે ? કાંઇ કલ્પના કરી શકાતી નથી.”

“ શારદા અને તેનો વર આપણો તાર મળ્યા છતાં આપણને લેવામાટે સ્હામાં ન આવે અને લક્ષ્મીના મદથી આપણી ઉપેક્ષા કરે, એમ તો કદાપિ બને જ નહિ. કદાચિત્ તેઓ મુંબઇમાં ન હોય અને તેથી ન આવ્યાં હોય, તો તે બનવા જોગ છે. ગમે તે કારણથી આપણને લેવામાટે કોઈ નથી જ આવ્યું, તો પછી આપણે અહીં કેટલીક વાર સુધી બેસી રહીશું ? ચાલો ત્યારે

બે ગાડીઓ ભાડે કરી લઇએ, પ્રથમ શારદાને ઘેર જઇએ અને જો તેઓ અહીં ન જ હોય, તો કોઈ ધર્મશાળા કિંવા ભોજનશાળામાં જઇને આશ્રય લઇએ. સંબંધિજનો તો ઘણાંય છે, પણ તેમના ઠામ ઠેકાણાની ખબર ન હોવાથી હાલ તરતાતરત ક્યાંય પણ જવાય તેમ નથી." ભાગીરથીએ પોતાના વિચારો દર્શાવ્યા.

"ચાલો ત્યારે ગાડી કરી લઇએ અને ચાલતાં થઇએ." ગુલાબે માતાના વિચારને અનુમોદન આપ્યું.

તેઓ ભાડાની વિક્ટોરિયા ઠરાવવામાટે બેલાર્ડ પીયર બહારની આઇસફેક્ટરી પાસે આવી એટલામાં સ્હામેથી બે ઘોડાની એક બગી આવી લાગી. ગાડી વિલાયતની બનાવેલી હતી અને તેને ખેંચનાર સફેદ રંગના અસલ અરબ્બા મસ્તાન ઘોડા ઉભા રહેવા છતાં નૃત્ય કર્યા કરતા હતા. ગાડીમાં એક સ્ત્રી હતી અને એક પુરુષ હતો. એ સ્ત્રીની અવસ્થા બાવીસ ત્રેવીસ વર્ષથી વિશેષ ન હોતી અને બાહ્ય શારીરિક સૌન્દર્યમાં તે ગુલાબની સારી રીતે પ્રતિસ્પર્ધા કરી શકે તેવી હતી. તેણે અત્યારે સફેદ ઘાઘરો, સફેદ સાડી અને સફેદ પોલકું એવી રીતે સર્વ શ્વેત વસ્ત્રોજ પરિધાન કરેલાં હતાં અને નાકમાં હીરાનું ફૂલ, કાનમાં હીરાનાં લવંગિયાં તથા હાથમાં મોતીની બંગડીઓ હોવાથી એ શ્વેતવસના સુંદરી સાક્ષાત્ સિંધુસુતા સમાન દેખાતી હતી. વળી તેનામાં જે એક વિશિષ્ટતા હતી તે એ કે, યુવતી હોવા છતાં તેના મુખમંડળમાં એક પ્રકારની એવી ગાંભીર્યછટા વિલસી રહી હતી કે, તેથી તે કોઇના પણ મનમાં પોતાનો પ્રભાવ પાડવાને સંપૂર્ણ સમર્થ હતી. આ ગંભીરતાનો ભાગીરથી તથા ગુલાબના વદનમંડળમાં પૂર્ણ અભાવ હતો. શારદા તે એ જ. જે પુરુષ હતો તેણે બૂટ, મોજાં, કોટ, પાટલૂન

વેસ્ટ, નેકટાઇ, કૉલર આદિ વસ્ત્રો ધારણ કર્યાં હતાં અને માથા-પર સૂરતી કાયથી પાઘડી પહેરેલી હતી. પાઘડીને જોતાં સ્પષ્ટ અનુ-માન કરી શકાતું હતું કે તેઓ મૂળ સૂરતનાં નિવાસી હોવાં જોઇએ. એ પુરુષનું વય ત્રીસની અંદરનું હતું, એનું શરીર કદા-વર, વાને સાધારણ શ્યામ છતાં અત્યંત આકર્ષક અને પ્રભાવશાળી હતું. એનું નામ માણેકલાલ અને એ જ શારદાનો પતિ.

ગાડી ઉભા રહેતાંની સાથે જ પતિપત્ની બન્ને ગાડીમાંથી નીચે ઉતર્યાં અને આમ તેમ જોવા લાગ્યાં. ભાગીરથી અને ગુલાબ પાસે જ ઉભેલી હતી, છતાં તેઓ એક બીજાને ઓળખતાં ન હોવાથી મૂક મુખથી એક બીજા સ્હામું જોવા લાગ્યાં, પણ કોઇના મુખમાંથી કશો પણ શબ્દ નીકળી શક્યો નહિ. છેવટે માણેકલાલે કિનારાપરના કસ્ટમ્સ્‌ના એક સિપાહીને પૂછ્યું કે;–" જંગબારની આગબોટ આવી ગઇ કે હજી નથી આવી ?"

" શેઠ, જંગબારની આગબોટ તો ક્યારનીયે આવી ગઇ અને ઉતારૂઓ પોતપોતાના મુકામે પહોંચી પણ ગયા. " પટાવાળાએ જવાબ આપ્યો.

" ત્યારે તો આપણે વખતસર ન આવવાથી મોહનલાલ પણ અવશ્ય બીજે કોઇ સ્થળે ચાલ્યા ગયા હશે. આપણે વખતસર ન આવી પહોંચ્યાં એ બહુજ ખોટું થયું. મોહનલાલના મનમાં માઠું લાગશે. " માણેકલાલે પોતાની પત્નીને ઉદ્દેશીને ઉદ્‌ગાર કાઢ્યા.

ભાગીરથી અને ગુલાબ નિકટમાં હોવાથી તેમણે માણેકલા-લના એ ઉદ્‌ગાર સાંભળ્યા અને તેથી શારદા તથા તેના પતિને ઓળખીને ગુલાબે શારદાને સંબોધીને કહ્યું કે;" શારદા બહેન, અમે તમારી વાટ જોઇને જ ઉભાં છીએ. "

શારદાએ આશ્ચર્યથી ગુલાબ ભણી જોયું અને પૂછ્યું કે-"તમે કોણ છો અને ક્યાંથી આવો છો, બહેન ?"

"જેમને તમે લેવામાટે આવ્યાં છો તે મોહનલાલ શેઠની હું પુત્રી અને આ મારાં માતુશ્રી" ગુલાબે લેશ માત્ર પણ સંકોચ વિના ઉત્તર આપ્યું.

"મોહનલાલ કાકા ક્યાં છે ?" માણેકલાલે અધીરતાથી પૂછ્યું.

"માંદાઇને લીધે પિતાજીનું શરીર બહુજ અશક્ત થઇ ગએલું હોવાથી તેમને જુઓ સ્હામે બેસાડયા છે." એમ કહીને ગુલાબ માણેકલાલ તથા શારદાને પોતાના પિતા પાસે લઇ ગઇ.

મોહનલાલમાં બોલવાની પણ વિશેષ શક્તિ ન હોવાથી અને સમય ઘણો થઇ ગએલો હોવાથી શિષ્ટ સંપ્રદાય પ્રમાણે કુશળસમાચાર પૂછવાને બદલે માણેકલાલે મજૂરોને બોલાવી ભાડાની એક ગાડી મંગાવીને તેમનો બધો સામાન તેમાં મૂકાવી દીધો અને પોતાના બે કોચમેનોમાંના એકને તે ગાડીમાં બેસાડી ગાડીને ઘર તરફ રવાના કરી દીધી. એ પછી મોહનલાલને સંભાળથી પોતાની ગાડીમાં બેસાડી ભાગીરથી તથા ગુલાબને લઇને માણેકલાલ અને શારદા પોતાના વાલુકેશ્વરપરના બંગલામાં જવાને નીકળ્યાં.

ગાડી ચાલ્યા પછી શારદાએ ભાગીરથી તથા ગુલાબને ઉદ્દેશીને કહેવા માંડયું કે;-"અમે જરાક મોડાં આવ્યાં તેથી તમને કદાચિત્ માઠું લાગ્યું હશે અને મનમાં કાંઇક તર્ક વિતર્ક પણ આવ્યા હશે; પણ અમને એમ જણાવવામાં આવ્યું હતું કે, સ્ટીમર લગભગ અગિયાર વાગે આવશે અને પેસેંજરોને કિનારાપર આવતાં લગભગ બાર કે એક વાગ્યાનો ટાઇમ થઇ જશે. વળી આજે

બે દિવસથી રસોઇયો માંદો હોવાથી આવ્યો નથી એટલે સવારમાં વ્હેલી ઉઠી એમને ચાહ કરી આપ્યા પછી હું રાંધવાના કામમાં રોકાઇ અને રસોઇ તૈયાર થયા પછી અમે અહીં આવવાને નીકળ્યાં. રસોઈ વ્હેલી તૈયાર કરવાનું કારણ એ કે, સ્ટીમરમાંથી લાંબા પ્રવાસ પછી ઉતરતાં અને ઘેર પહોંચતાંની સાથે જ તમોને ઉનું ઉનું ભોજન મળી શકે, અને તેથી પ્રવાસનો પરિશ્રમ કાંઇક ઓછો થઇ જાય. "

"શારદા બ્હેન, તમે કોટિપતિ પિતાની પુત્રી અને લક્ષાધીશ પતિની પત્ની હોવા છતાં આટલાં સાદાં અને અમારા જેવાં સાધારણ સ્થિતિનાં અતિથિમાટે પણ આટલી બધી કાળજી રાખનારાં છો, એ જોઇને આશ્ચર્ય થાય છે અને હું તમારા એ સુશીલતામાટે તમને ધન્યવાદ આપું છું." ભાગીરથીએ વિવેક દર્શાવ્યો.

આવા પ્રકારના વાર્તાલાપમાં ગાડીમાંનો સમય વીતવા લાગ્યો, અને છેવટે ગાડી માણેકલાલના વાલુકેશ્વરપરના બંગલાના કંપાઉન્ડમાં આવીને ઉભી રહી. બંગલાના ઓટલા પર એક પાંચ વર્ષના વયનો રમકડા જેવો રૂપાળો અને બોલકણો બાળક તેને રમાડનારી પ્રૌઢા બાઇ સાથે કાલી ઘેલી વાતો કરતો અને રમતો ઉભોહતો. ગાડીમાંથી ઉતરતાં જ ભાગીરથીએ શારદાને પૂછ્યું કે;–" બ્હેન, આ બાળક કોનો વારૂ ?" શારદાએ એનું ઉત્તર શબ્દથી નહિ, પણ સ્મિતથી જ આપ્યું અને ભાગીરથી સમજી ગઇ કે, એ માણેકલાલ અને શારદાનો કુળદીપક હતો.

માણેકલાલ પોતે જે બંગલામાં રહેતો હતો, તે બંગલાના કમ્પાઉન્ડમાં જ થોડા અંતરપર એક બીજો બંગલો પણ હતો અને તેમાં મોહનલાલ તથા તેના કુટુંબના ઉતરવાની સર્વ વ્યવસ્થા

તેણે પ્રથમથી જ કરાવી રાખેલી હોવાથી રુગ્ણ મોહનલાલને ત્યાં તેના માટે તૈયાર રાખેલી શય્યામાં સૂવાડવામાં આવ્યો અને ત્યાર પછી શારદાએ ભાગીરથી તથા ગુલાબને કહ્યુ કે;-"હવે તમે સ્નાન કરી લ્યો; સ્નાનની સામગ્રી બાથરૂમમાં તૈયાર છે."

બાથરૂમમાં-ન્હાવાના ઓરડામાં-ઠંડું પાણી, ગરમ પાણી, સાબૂ અને બે ટુવાલ આદિ સર્વ સાધનો નોકરોએ તૈયાર કરી રાખ્યાં હતાં. મા દીકરી શરીરશુદ્ધિના કાર્યમાં રોકાઇ એટલામાં શારદાએ પ્રથમ અશક્ત મોહનલાલમાટે સાબૂચોખાની કાંજી તૈયાર કરી નાખી અને ભોજનના થાળ પણ પીરસીને તૈયાર રાખ્યા. પ્રથમ મોહનલાલને કાંજી આપી, ત્યાર પછી પતિ, પુત્ર, અતિથિ ભાગીરથી અને ગુલાબને જમાડીને શારદા પોતે સહુથી છેલ્લી પતિની એંઠી થાળીમાં જમવા બેઠી. ભોજનકાર્યની સમાપ્તિ થયા પછી તેણે ભાગીરથીને કહ્યું કે;-"મોહનલાલ કાકાની ચિંતા રાખશો નહિ; એમની સારવાર અને માવજત અહીં સારી રીતે થશે. તમારા માટે પણ પલંગ તૈયાર છે, માટે જો ઇચ્છા હોય, તો સૂઇ જાઓ અને બે ઘડી આરામ કરો. ત્રણ વાગે ચાહ પીવાનો વખત થશે એટલે હુ આવીને તમને જગાડીશ."

"શારદા બહેન, તમે તો અમારામાટે હદથી વધારે પરિશ્રમ લ્યો છો, હં કે! આટલો સત્કાર તો માજણી બહેન પણ ભાગ્યે જ કરે. મને તો એ જ ચિંતા થયા કરે છે કે, જો તમે અમારે ઘેર પધારશો, તો અમારાથી તમારો આવો સત્કાર કરી શકાશે ખરો કે? કારણ કે, અમારા ઘરમાં તમારા જેટલાં ને તમારા જેવાં સર્વ પ્રકારનાં સુખસાધનો ન હોય એ સ્વાભાવિક જ છે. કયાં રાજા ભોજ અને કયાં ગાંગો તેલી?" ભાગીરથીએ ઉદ્ગાર કાઢ્યા.

" બહેન, એ તો ઇશ્વરે જેને જેટલાં અને જેવાં સાધનો આપ્યાં હોય, તેટલા પ્રમાણુમાં તે અતિથિનો સત્કાર કરે, એમાં નવાઇ જેવું કાંઇ પણુ નથી. ધારો કે, આપણે કોઇ રાજાનાં અતિથિ થઇએ અને ત્યાં રાજા પોતાના રાજવૈભવ :અનુસાર આપણો આદરસત્કાર કરે; પણુ તે સાથે જો તે આપણે ત્યાં આવીને એ-વાજ સત્કારની આશા રાખે, તો એ તેની મૂર્ખતાની સીમા થએ-લીજ કહી શકાય. ગરીબ પોતાના ગજા પ્રમાણે જાર બાજરાનો રોટલો ખવડાવી સૂવાને ચટાઇ કે ફાટેલી ગોદડી આપે, તો તે ના-નાવિધ પકવાન્ન અને સવામણુની સેજ કરતાં પણુ વિશેષ છે. વળી કોને ખબર છે કે, અમારો આ વૈભવ હમેશને માટે કાયમ રહેશે અને તમારો સારો વખત નહિજ આવે. એ તો તડકો છાંયડો છે, એટલે એ વિશે શોક કે હર્ષ રાખવો સર્વથા વ્યર્થ અને નિષ્કા-રણુ છે. " **શારદાએ** નમ્રતા દર્શાવવા સાથે કેટલાક તાત્ત્વિક ભા-વોનું પણુ દર્શન કરાવ્યું.

" ખરી કુલીનતા આનું નામ કે વૈભવમાં હર્ષ નથી અને વિપત્તિમાં વિષાદ નથી. " ગુલાબે ઘણીવાર પછી મોઢું ખોલ્યું.

" સૂર્ય જેવી રીતે ઉદય અને અસ્તના કાળમાં એકસરખી રીતે રક્તવર્ણ હોય છે, તેજ પ્રમાણે મહત્ જનોની પણુ સંપત્તિ અને વિપત્તિ એ ઉભય અવસ્થામાં એકરૂપતાજ હોય છે. " **ભા-ગીરથીએ** જણાવ્યું.

" મોટાં બહેન, આ દાસીની આટલી બધી પ્રશંસા કરવાની આવશ્યકતા નથી. એ સર્વ ઇશ્વરની પ્રેરણા અને ઇશ્વરની કૃપાથીજ થાય છે. " **શારદાએ** આંખો નીચી ઢાળીને કહ્યું.

એટલામાં રામા ઘાટીએ આવીને કહ્યું કે:—" શેઠાણી, શેઠ તમને લાયબ્રેરીમાં બોલાવે છે. "

ક૬૮૧

" આ આવી. " એમ કહીને શારદા પતિ પાસે જવાને તૈયાર થઇ.

ભાગીરથી અને ગુલાબ પોતાના ઉતારાની જગ્યામાં—બીજા બંગલામાં—ચાલી ગઇ અને ત્યાં શય્યામાં પડી શારદાવિશેજ કેટલીક વાતચીત કરતી પ્રવાસના પરિશ્રમ અને ઉત્તમ ભોજનના ચઢેલા કેફના કારણથી થોડીવારમાં નિદ્રાવશ થઇ ગઈ. મોહનલાલ પાસે માવજતમાટે એક માણસ રાખેલો હોવાથી તેની ચિંતા રાખવાનું કોઇને કાંઇ પણ પ્રયોજન હતું નહિ.

શારદા પતિની આજ્ઞાને મસ્તકે ધારણ કરી ત્વરિત જઇને પતિની સેવામાં ઉપસ્થિત થઇ ગઇ.

* * * * *

ધનાઢ્ય પુરુષોના બંગલામાં સાધારણતઃ હોવો જોઇએ, તેવો સર્વ વૈભવવિલાસ અને તે વૈભવનાં સર્વ પ્રકારનાં આજની પદ્ધતિ પ્રમાણેનાં સાધનો માણેકલાલના બંગલામાં હતાંજ. તેના બંગલામાંનું ફર્નીચર કેટલાક રાજાના મહાલયમાં પણ નહિ હોય તેવું ઉત્તમ પ્રકારનું હતુ અને તેમાં વળી તે દેશી કળાકૌશલ્યનો પુરસ્કર્તા હોવાથી સીસમના નકસીકામના ટેબલ કુરસી ને રમકડાં વિગેરેનો પોતાના બંગલામાં તેણે એટલો બધો જમાવ કર્યો હતો કે તેમની ખરીદીમાં તેના હજારો રૂપિયા ખર્ચાઇ ગયા હતા. તેના કબાટોમાં દેશી કારીગરીનો ચાંદીનો સામાન પણ એટલાજ મોટા પ્રમાણમાં જોવામાં આવતો હતો. તેનું શયનમંદિર એવું તો સુંદર અને વિલાસની વસ્તુઓ તથા શૃંગારનાં ઉત્તમોત્તમ ચિત્રોથી શૃંગારેલું હતું કે, કોઇ રાણી પણ જો ત્યાં આવે તો તેની પણ એ શયનમંદિરમાં બે ઘડી નિદ્રાવશ થવાની ઇચ્છા થઇ જાય. આ સર્વ

વૈભવદર્શક વસ્તુઓ માણેકલાલે જ પોતાના પિતાના પરલોકવાસ પછી વસાવી હતી; કારણ કે, તેના જૂના વિચારના અને સાદાઇનેજ વધારે પસંદ કરનાર પિતાને આવો કોઈ પ્રકારનો શોક હતોજ નહિ એના બંગલામાં બીજા સાધારણ સર્વ ધનાઢયોના બંગલા અને મહાલયોમાં ન જોવામાં આવે એવી જે એક ખાસ વસ્તુ હતી તે એની લાયબ્રેરીજ કહી શકાય. માણેકલાલ ધનાઢ્ય હોવા સાથે વિદ્વાન્ અને ગ્રંથવાચનનો વિલાસી હોવાથી બંગલામાંનો એક વિશાળ ઓરડો તેણે ખાસ પોતાની લાયબ્રેરીમાટેજ રાખ્યો હતો. એ લાયબ્રેરીમાં ચારે તરફ મોટા મોટા કબાટોમાં તેણે અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત અને ફ્રેંચ ઈત્યાદિ ભાષાના નામાંકિત લેખકોના ઉત્તમોત્તમ ગ્રંથોનો સારો સંગ્રહ કર્યો હતો. તેની એ લાયબ્રેરીમાંનાં પુસ્તકોની સંખ્યા પાંચ હજારેથી પણ વધારે હતી. લાયબ્રેરીના ઓરડાની દીવાલપર જસ્ટિસ્ તેલંગ, જસ્ટિસ્ રાનડે, રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, ગ્લૅડસ્ટન્, પ્રિન્સ્ બિસ્માર્ક, નેપોલીયન્ બોનાપાર્ટ, મૅક્સમૂલર, હર્બર્ટ સ્પેન્સર્, મહારાણી વિક્ટોરિયા, અને ઇચ્છારામ સૂર્યરામ દેશાઇ આદિ ધાર્મિક, રાજનૈતિક અને સાહિત્યસેવક કેટલાક મહાપુરુષોની મોટી મોટી છબીઓ તેમજ પોતાનાં, શારદાનાં અને પોતાના અલ્પવયસ્ક બાળક તેમજ પોતાના સ્વર્ગવાસી પિતાનાં ફોટો તથા ઇન્લાર્જમેન્ટ્સ્ આદિ લટકાવીને તેણે પોતાના વાચનાલયને વિદ્યાભવનની સાક્ષાત્ પ્રતિમારૂપ બનાવી દીધું હતું. ત્યાં બેસવામાટે કોચ, કુરસીઓ, ઇજીચેઅર્સ્ અને રીડીંગ તથા રાઇટીંગ ટેબલ્સ આદિ ફર્નીચરની પણ વિપુલતા હતી.

ભોજન કર્યા પછી કલાક અડધો કલાક માણેકલાલને વામ-

કુક્ષી કરવાની એટલે કે, સૂઇ જવાની ટેવ હતી. બહુધા બપોરે તે શયનમંદિરમાં સૂવાને બદલે વાંચનાલયમાંજ સોફાપર પડી હાથમાં પુસ્તક લઇને વાંચતો વાંચતોજ નિદ્રાધીન થતો હતો અને શારદા ત્યાં આવીને તેની ચરણસેવા કરવાને બેસતી હતી. અત્યારે પણ તે અહીં વિશ્રાંતિ લેવાનેજ આવ્યો હતો. તેણે ઇજીચેઅરમાં પડીને ટેબલપર પડેલા સિગારકેસમાંથી 'હવાના' સિગાર કાઢીને સળગાવી, પણ નિયમ પ્રમાણે શારદા ન આવી એટલે રામાને મોકલી તેને બોલાવી મંગાવી. શારદા આવીને પાસેના કોચપર બેઠી. પ્રથમ તેણે પાનની પટ્ટી બનાવીને પતિને આપી અને પછી પોતે પણ તાંબૂલભક્ષણ કર્યું. થૂકવામાટે પતિની ઇજીચેર આગળ થૂકદાની લાવીને મૂક્યા પછી શારદાએ પૂછયું કેઃ—" હવે આરામ લેશો કે? દરવાજો બંધ કરૂં ?"

" ના, આજે મારી સૂવાની ઇચ્છા નથી. મેં તને પાન બનાવી આપવાનેજ બોલાવી હતી, અને તે તેં મારા કહ્યા પહેલાંજ બનાવી આપ્યું એટલે આજની અત્યારની તારી ડયૂટી પૂરી થાય છે. આજે મારે તારી પાસેથી ચરણસેવાનું કાર્ય કરાવવાનું નથી." માણેકલાલે સિગારના ધૂમાડાને મોઢામાંથી બહાર કાઢીને કહ્યું.

ચરણસેવાના કાર્યમાંથી મુક્ત થવાથી તે કાર્યમાં જેટલો સમય જતો હતો તેટલો સમય શારદાએ બીજી વાતચીતમાં વીતાડવાનો વિચાર કર્યો અને પતિને પૂછ્યું કેઃ—" પ્રાણનાથ, મોહનલાલ શેઠ સાથે તમારા કુટુંબનો આટલો બધો ગાઢ સંબંધ હોવા છતાં તેમનાં પત્ની તમને ઓળખી ન શક્યાં અને તમે તેમનાં પત્નીને ઓળખી ન શક્યા, એ તો આશ્ચર્યની વાર્ત્તાજ કહેવાય. એ તો સારૂં થયું કે, આપણો વાર્ત્તાલાપ સાંભળી ગુલાબ બહેને આપણને ઓળખ્યાં

અને મેળાપ થઇ ગયો; નહિ તો ઘાટ એવો થાત કે એઓ આપણી વાટ જોયાં કરત અને આપણે વીલે મોઢે નિરાશ થઇને પાછાં ઘેર આવી લાગ્યાં હોત. "

" શારદા, મોહનલાલ શેઠ અને તેમનાં પત્ની ભાગીરથી બાઈ છેલ્લાં જંગબાર ગયાં તે બનાવને આજે લગભગ તેર ચૌદ વર્ષ થઇ ગયાં. એ મોહનલાલ શેઠનાં બીજીવારનાં પત્ની છે, અને જંગબાર ગયાં ત્યારે એમને પરણ્યાને સાત આઠ વર્ષ થયાં હતાં. એઓ સૂરતમાં રહેતાં હતાં અને હુ મુંબઇમાં હતો એટલે એક બીજાને જોવાનો વિશેષ પ્રસંગ ન આવેલો હોવાથી આટલાં વર્ષના ગાળા પછી જો અમે એક બીજાને ન ઓળખ્યાં હોય, તો તે સ્વાભાવિકજ હતું. " માણેકલાલે કહ્યું.

" ત્યારે અહીંથી એ બધાં જંગબાર ગયાં તે વેળાયે ગુલાબ બહેનની ઉમ્મર તો વળી બહુજ ન્હાની હશે, ખરૂં કે નહિ ? " શારદાએ પૂછ્યું,

" બે કે ત્રણ વર્ષથી વધારે તો નહિજ. " ઉત્તર મળ્યું.

" છોકરી જેવી રૂપાળી છે તેવીજ ચાલાક પણ છે. " શારદા બોલી.

" એ તો જેવી માતા હોય તેવી દીકરી થવીજ જોઇએ. " માણેકલાલે મંદ હાસ્ય સાથે આ શબ્દો ઉચ્ચાર્યા.

" ગુલાબને હજી પરણાવી તો નહિજ હોય ! " શારદાએ કહ્યું.

" મારી ધારણા પ્રમાણે અદ્યાપિ એ કુમારિકાજ હોવી જોઇએ; કારણ કે, જંગબારમાં આપણી જાતિના લોકો ગણ્યા ગાંઠયા છે એટલે આવી કન્યાને યોગ્ય વર મળવો અશક્ય હોય, એ સ્વા-

ભાવિક છે. કદાચિત્ એને ઠેકાણે પાડવામાટેજ **મોહનલાલ શેઠ** પાછા અહીં આવ્યા હશે. ” **માણેકલાલે** જવાબ આપ્યો.

આવા પ્રકારના વાર્ત્તાલાપમાં લગભગ ત્રણ સાડા ત્રણનો સમય થયો, **શારદાએ** રસોડામાં જઇને સ્ટવ સળગાવી ચાહેનું આંધણ મૂકયું અને ત્યાંથી **ભાગીરથી** તથા ગુલાબને જગાડવામાટે તે બીજા બંગલામાં ગઇ. તે મા દીકરી ત્યાં પ્રથમથીજ જાગીને વાતો કરતી બેઠી હતી, માત્ર અશક્ત **મોહનલાલ** ગાઢ નિદ્રામાં પડયો હતો. **મોહનલાલને** જગાડવાની આવશ્યક્તા ન હોવાથી **ભાગીરથી** અને ગુલાબને **શારદા** લાયબ્રેરીમાં લઇ આવી અને એટલામાં ચાહેનું પાણી પણ ઊકળી રહ્યું હતું એટલે તરત ચાહે તૈયાર કરી બિસ્કીટ અને ચાહેના ચાર કપ થાળમાં મૂકી **શારદાએ** લાયબ્રેરીમાં મોકલી દીધા. તે પોતે પણ ત્યાં આવી અને બે અતિથિ મા દીકરી તથા પતિ પત્નીએ સાથે બેસીને ચાહે પીધી.

ચાહે પીતાં પીતાં **ભાગીરથીએ** **માણેકલાલને** ઉદ્દેશીને કહ્યું કેઃ—“ **માણેકલાલભાઇ**, આ ગુલાબના પિતાની આજે ત્રણ માસથી આવી ને આવી હાલત ચાલ્યા કરે છે. જંગબારમાં લગભગ બે માસ સુધી જૂદા જૂદા વૈદ્ય, હકીમ અને ડૉકટરોના ઇલાજ કર્યા, પણ જાણવા જેવો કશો પણ ફાયદો થયો નહિ. છેવટે અહીં આવવાનો વિચાર કર્યો, પણ આગબોટમાં અમને ઘડી ઘડી એવી ધાસ્તી લાગ્યા કરતી હતી કે, એઓ સહી સલામત મુંબઇ પહોંચશે કે કેમ ? ઇશ્વરની કૃપાથી અહીં તો બધાં સુખરૂપ પહોંચ્યાં છીએ. હવે મારો એવો વિચાર થાય છે કે, આવતી કાલેજ સૂરત ચાલ્યાં જઇએ; અને ત્યાં કોઇ સારા વૈદ્ય કે ડૉકટરનો ઇલાજ કરીએ. આવી અવસ્થામાં એમને પારકા ઘરમાં વધારે દિવસ રાખીએ અને બીજાને ભારરૂપ થઇએ, એ મને યોગ્ય લાગતું નથી. ”

" આ તમારા સંકુચિત વિચારને ત્યાગી દ્યો, હાલ તરત પંદર દિવસ કે એક મહિનો મુંબઈમાં વીતાડો અને પરિણામ શું થાય છે તે જુઓ. આવતી કાલે આપણે કોઇ સારા ડૉકટરને બોલાવીશું, શેઠની પ્રકૃતિની પરીક્ષા કરાવીશું અને ઓષધ પણ લેવડાવીશું. જો કાંઇ લાભ થઇ જાય તો તો ઠીક છે, નહિ તો પછી છેવટે સૂરત જવાનું તો છેજ. જંગબારથી મુંબઇ જેટલું આઘું છે, તેટલું મુંબઇથી સુરત આઘું નથી, એટલે વિશેષ ચિંતા રાખવાની આવશ્યક્તા નથી. અમને તમો ભારરૂપ થાઓ તેમ નથી. સૂરત આવીશું તો બે મહિના તમારાં અતિથિ થઇનેજ રહીશું. " માણેકલાલે ગંભીરતાથી યોગ્ય ઉપદેશ આપ્યો.

" બહેન, માણુસને ઘેર માણુસ ક્યાંથી ? ઇશ્વરે સારો સમય આપ્યો છે, એટલે તમારાં જેવાં અતિથિઓની વળી થોડી ઘણી સેવા કરી શકાય છે. એમાટે ઇશ્વરનો ઉપકાર માનવાને બદલે અતિથિને ભારરૂપ માનીએ, તો અમારા જેવું બીજું દુર્ભાગી પ્રાણી કોણ હોઇ શકે વારૂ ? " શારદાએ કહ્યું.

" ભલે ત્યારે જેવી તમો દેવતુલ્ય દંપતીની ઇચ્છા ! અમે તમારી ઇચ્છાને સર્વ પ્રકારે આધીન છીએ. " ભાગીરથીએ એ વાક્ય સાથે પોતાના વિચારનો ત્યાગ કરી દીધો.

" ત્યારે બા, આપણે ફરવા અને મુંબઇનાં કેટલાંક જોવા લાયક સ્થળો જોવાને ક્યારે જઇશું ? " ગુલાબે પોતાની માતાને પૂછયું.

" ગુલાબ બહેન, અમે રોજ ઍપોલો, બૅન્ડસ્ટૅન્ડ અને કુલાબા વગેરે ફરવા અને હવા ખાવાનાં સ્થળે ફરવા તથા હવા ખાવાને જઇએ છીએ; પણ આજે મારે રાંધવાનું હોવાથી મારાથી

આવી શકાય તેમ નથી. એ એકલા જશે એટલે જો તમારો વિચાર હોય તો તમો મા દીકરી પણ જાઓ અને કોટ કુલાબા જોઇ આવો." શારદાએ તેની ઇચ્છાને તૃપ્ત કરવાનો ઉપાય બતાવ્યો.

"ના, શારદા બહેન, એમની તબીયત સારી નથી એટલે મારાથી તો નજ જવાય. વળી અહીં હોઇશ તો તમને રાંધવાના કામમાં પણ મારાથી બનતી મદદ આપીશ. ગુલાબ બાળક છે એટલે એને જવું હોય તો ભલે જાય." ભાગીરથીએ ગુલાબને જવાની અનુમતિ આપી.

પાંચ વાગે માણેકલાલ સાથે ગાડીમાં બેસીને નવયૌવના ગુલાબ ઉત્તમ વસ્ત્રો અને અલંકાર ધારણ કરીને ફરવામાટે ગઇ અને શારદાએ પોતાના પાકનિષ્પત્તિના કાર્યનો આરંભ કરી દીધો.

પ્રકરણ ૨ જું
પાત્રોનો પરિચય

સિંધ, કચ્છ અને કાઠિયાવાડના લોકો વ્યાપાર ઉદ્યોગમાટે દૂર દૂરના દેશમાં જઇને અને ત્યાં વર્ષોનાં વર્ષ પર્યન્ત એકલા અથવા પરિવાર સહિત રહીને ધનોપાર્જન કરવાના કાર્યમાં હિન્દુસ્તાનના અન્ય દેશોના લોકો કરતાં અધિક દક્ષ અને અધિક સાહસી હોય છે, એ તો હવે એક નિર્વિવાદ સત્ય તરીકે સિદ્ધ થએલી ઘટના થઇ ચૂકી છે. સિંધના હિન્દુઓને કોઇ પણ પ્રકારના આહાર વિહારનો ધાર્મિક બાધ ન હોવાથી આજના પ્રગતિના કાળમાં ચીન, જાપાન, ઇજિપ્ત, તુર્કસ્તાન, ફ્રાન્સ, જર્મની, અમેરિકા, ઓસ્ટ્રેલિઆ, સાઉથ આફ્રીકા અને ઇસ્ટ આફ્રીકા આદિ ભિન્નભિન્ન ખંડના ભિન્નભિન્ન દેશોમાં

સર્વત્ર તેઓ વ્યાપારી તરીકે પોતાની છાવણી નાખીને પડયા છે. સિંધના નગર ઠઠ્ઠાના હિન્દુઓ અરબસ્તાનમાં ઝવેરાતના ધંધાના અગ્રેસર ગણાયછે. પરંતુ કચ્છ અને કાઠિયાવાડના હિંદુ લોકોને:યૂરોપમાં જવામાં ધર્મનો બાધ નડતો હોવાથી સાઉથ આફ્રીકા અને ઇસ્ટ આફ્રીકામાં તેમનો સમુદાય વિશેષ પ્રમાણમાં જોવામાં આવે છે. લુહાણા, ભાટિયા, મેમણ અને ખોજા આદિ જાતિના વ્યાપારીઓની સખ્યા ત્યાં એટલી મોટી છે, કે ત્યાં બીજી જાતિના વ્યાપારીઓની એટલી સંખ્યા મળવાનો સંભવ ભાગ્યેજ ધારી શકાય. વળી એ લોકો સ્ટીમર આદિ સાધનો થવા પછી જ એ દૂરના દેશોમાં જતા થયા છે, એમ પણ નથી; કારણકે, પૂર્વ આફ્રીકા અને તેમાં પણ ખાસ કરીને જંગબાર સાથેનો એ જાતિના લોકોનો સંબંધ આજે લગભગ ૨૦૦ થી ૨૫૦ વર્ષ થયાં ચાલતો આવ્યો છે. જે સમયમાં કાષ્ઠની નૌકાઓમાં છ છ અને આઠ આઠ માસનો સમુદ્રપ્રવાસ કરવો પડતો હતો, જમીનપર લુટારાઓનો અને સમુદ્રમાં ચાંચિયા લોકોનો ભયંકર ત્રાસ વર્ત્તતો હતો અને જંગબારની પ્રજા જંગલી હાલતમાં હતી, તે સમયમાં પણ કચ્છના લોકો જીવનાં અનેક જોખમ વહીને ત્યાં જતા હતા અને અતુલ સંપત્તિ લાવતા હતા. આજે હવે ત્યાં પણ એટલી કમાણી રહી નથી. તે સમયમાં જંગબાર જનારમાટે એવી એક કહેવત જ થઇ ગઇ હતી કે, 'જે જાય જાવે તે જીવતો ન આવે; અને જીવતો આવે તો કુબેરનો ભંડાર લાવે!' જંગબારનું બીજું નામ 'જાવા' પણ છે. તે સમયમાં ત્યાંના લોકો એટલા બધા અજ્ઞાન હતા કે ત્યાં ઉત્પન્ન થતી મૂલ્યવાન્ વસ્તુઓ પાણીને ભાવે આપી દેતા હતા ને તે વસ્તુઓની હિંદુસ્તાન તથા બીજા દેશોમાં પચીસ પચાસ કે સોગણી કીમત ઉપજતી હતી. ખરી કમાણી તે સમયમાં હતી.

ગુજરાતના લોકો જેમ યુદ્ધવિદ્યા અને શૌર્યનાં કૃત્યોમાં પ્રાચીન કાળથી જ પછાત છે, તેજ પ્રમાણે દૂરદેશગમન અને સાહસ આદિમાં પણ તેઓ પછાત હોવાથી અન્ય દેશની લક્ષ્મીને પ્રયત્ન અને ઉદ્યોગ દ્વારા તેઓ પોતાના દેશમાં લાવી શકયા નથી. ગુજરાતમાં જો કોઇ પણ સાહસી જનસમુદાય હોય, તો તે માત્ર સૂરત અને રાંદેર આદિના હિન્દુ મુસલ્માનોનોજ સમુદાય છે. સૂરતના હિન્દુઓ વ્યાપાર ઉદ્યોગમાટે અરબસ્તાન, ટિબેટ અને બીજા દૂરના દેશોમાં જાય છે અને રાંદેરના મુસલ્માન વ્યાપારીઓનો બ્રહ્મદેશ (બરમા), સિંગાપોર, ચીન, જાપાન, તથા ફ્રાન્સ આદિ દેશોમાં પણ સારો વિસ્તાર દેખાય છે. સૂરતની પાસે આવેલું ન્હાનકડું ગામ રાંદેર આજે જે જાહોજલાલી ભોગવે છે તે કેવળ ત્યાંના વિદેશવાસી અને ઉદ્યોગશીલ મુસલ્માન વ્યાપારીઓનાજ પ્રતાપથી; અસ્તુ.

ઘણાં વર્ષ પૂર્વે સૂરતનો વતની અને........વણિક જાતિનો એક યુવક વ્યાપાર અને ધનોપાર્જનમાટે પોતાના પરિવાર સહિત જંગબાર ગયો હતો. તેનું નામ તાપીદાસ. તેણે લગભગ વીસ વર્ષનો કાળ જંગબારમાં જ વીતાડયો હતો અને પછી વૃદ્ધાવસ્થા નિકટમાં આવતાં તે પોતાની પત્ની, એક પુત્રી અને એક પુત્રને લઇને પાછો પોતાના જન્મસ્થાન સૂરતમાં આવીને રહ્યો હતો. એ પુત્રી અને પુત્રનો જન્મ પણ જંગબારમાં જ થયો હતો. એ લાંબા વખત સુધી જંગબારમાં રહી આવેલો હોવાથી લોકો એને તાપીદાસ જંગબારીના નામથી ઓળખતા હતા. સૂરતમાં આવી થોડાં વર્ષ રહી પુત્ર અને પુત્રીને તેણે પરણાવ્યાં અને ત્યાર પછી સુખપૂર્વક આ ક્ષણિક સંસારનો ત્યાગ કર્યો. તેની પત્નીનો પણ પતિના મૃત્યુ પછી લગભગ છ માસના અવધિમાં જ સ્વર્ગવાસ થઇ ગયો અને

તેથી ગૃહસંસારનો સર્વ ભાર મોહનલાલના શિરપર આવી પડયો. મોહનલાલ માતા પિતાના પરલોકવાસ પછી બે ત્રણ વર્ષ સૂરતમાં રહ્યો, પણ ત્યાં તેનું મન ન લાગવાથી પાછો પોતાની પત્નીને લઇને જંગબાર ગયો અને ત્યાં વ્યાપારનો આરંભ કરી દીધો. કેટલાક કાળ પછી જંગબારમાં તેની પત્નીનો પરલોકવાસ થવાથી તે બીજી વાર સૂરત આવ્યો અને ત્યાં પોતાની જાતિની કુલીન કુટુંબની એક સત્તર અઢાર વર્ષની સુશિક્ષિત અને સૌન્દર્યવતી કન્યા સાથે તેણે લગ્નસંબંધ કર્યો. એ દ્વિતીય લગ્નને એક વર્ષ વીત્યા પછી તે એક કન્યાનો પિતા થયો. એ દ્વિતીય પત્ની તે ભાગીરથી અને તેની કન્યા તે ગુલાબ. પ્રથમ પત્નીને કશું સંતાન થએલું જ ન હોવાથી દ્વિતીય પત્નીની એ પુત્રીને પણ મોહનલાલ પુત્ર સમાન માનવા લાગ્યો અને તેને અત્યંત લાડકોડથી ઉછેરીને મોટી કરવા લાગ્યો.

ગુલાબ ત્રણેક વર્ષની થઇ, તેવામાં પાછો મોહનલાલનો જંગબાર જવાનો વિચાર થયો અને તે વિચાર અમલમાં પણ મૂકાયો. જંગબારમાં ગુલાબ જેમ જેમ મોટી થતી ગઇ તેમ તેમ તેને ભણાવી ગણાવીને દક્ષ કરવાના કાર્યમાં મોહનલાલ વધારે અને વધારે કાળજી રાખવા લાગ્યો. પોતે ગુજરાતી બહુ સારૂં ભણેલો હોવાથી અને ભાગીરથીને પણ ગુજરાતી ભાષાનું ઉત્તમ જ્ઞાન હોવાથી માતા પિતાએ ગુજરાતી શિક્ષણ તો તેને ઘરમાં જ આપી દીધું અને તે એટલે સુધી કે પંદર વર્ષના વયમાં તો તે સારા સારા ગ્રંથો વાંચીને તે વિશે યથાશક્તિ ચર્ચા પણ ચલાવવા લાગી. પુત્રીએ તારુણ્યના વસંતમાં પ્રવેશ કરેલો હોવાથી જો કે મોહનલાલનો તેને પરણાવવામાટે સૂરત આવવાનો વારંવાર મનોભાવ થયા કરતો હતો છતાં હજી આટલી ઉતાવળથી જંગબારને છોડવાનો તેનો મનોભાવ ન હોતો. એવામાં બનાવ એવો બન્યો કે, અચાનક તેને

ભયંકર જ્વરની બાધા થઇ ગઇ અને તેના પ્રતાપે તે ચાર પાંચ મહિના સુધી ખાટલામાં જ રહ્યો. અનેક પ્રકારના ઉપચારોથી અને ઇશ્વરની કૃપાથી છેવટે જ્વરની બાધાનો તો લોપ થયો, પણ તેના પશ્ચાત્ પરિણામરૂપ ભયંકર અશક્તતાનું તેના શરીરમાં એવું તો પ્રબળ સામ્રાજ્ય વ્યાપી ગયું કે, તેના મનમાં પોતાના જીવન વિષે પણ શંકા થવા લાગી. બે માસ એવી અવસ્થામાં વીત્યા પછી અને ડૉક્ટર તથા વૈદ્યોના ઉપચારો નિષ્ફળ થવા પછી તેણે કોઇ પણ ઉપાયે સૂરત આવવાનો નિશ્ચય કર્યો. જે ભાટિયા ગૃહસ્થ સાથે તે ભાગીદાર હતો, તેને બોલાવો તેણે આજ સુધીનો હિસાબ કરી પોતાના ભાગે જે નફો આવ્યો હોય તેટલી રકમ આપી દેવાની અને હવેથી પોતાને ભાગીદારીમાંથી છૂટો કરવાની પ્રાર્થના કરી; કારણ કે, તેને પુત્ર સંતાન ન હોવાથી, નિશ્ચિન્ત નિર્વાહ ચલાવી શકાય તેટલા પૈસા પાસે હોવાથી અને પોતાને ભયાનક વ્યાધિ લાગૂ પડેલો હોવાથી હવે વિદેશમાં રહી ધનોપાર્જનમાટે વધારે હાય હાય કરવાની તેની ભાવના નહોતી. ભલા ભાટિયા ગૃહસ્થે તેના મનોભાવને જાણી પચાસ હજાર રૂપિયા પેઢીમાં તેના રોકાતા હતા, તેની મુંબઇના એક લક્ષાધીશ વ્યાપારીપર હુંડી લખી આપી અને બે હજાર રૂપિયા રોકડા સાથે આપી તેમને રાજી ખુશીથી 'જો પાછા આવશો તો આ પેઢી તમારી જ છે અને તમારી ભાગીદારી કાયમ છે' એ પ્રમાણેના માયાપૂર્ણ શબ્દો સાથે આગબોટમાં બેસાડીને મુંબઇ જવામાટે વિદાય કરી દીધા. મોહનલાલે સ્ટીમરમાં પોતા માટે અને પોતાના પરિવારમાટે ફર્સ્ટ ક્લાસ કેબિન્ રિજર્વ્ડ્ કરાવેલી હોવાથી પ્રવાસમાં તેમને કોઇ પણ પ્રકારનું દુઃખ ભોગવવું પડયું ન હોતું.

માણેકલાલના પિતા મગનલાલ સાથે મોહનલાલનો બહુજ ગાઢ મૈત્રીસંબંધ હતો. મોહનલાલે છેલ્લીવાર જંગબાર જવામાટે હિંદુસ્તાનનો કિનારો છોડયો તે સમયમાં મગનલાલ જીવતો હતો, તેની પત્ની પણ હયાત હતી, માણેકલાલ કૉલેજમાં ભણતો હતો, મગનલાલનો ઝવેરાતનો ધંધો ધમધોકાર ચાલતો હતો અને સૂરતથી આવ્યા પછી જંગબારથી સ્ટીમરને ઉપડવામાં ચાર છ દિવસનો વિલંબ હોવાથી મોહનલાલ મગનલાલના બંગલામાં જ ઉતર્યો હતો. પણ તે વખતે માણેકલાલ હવાફેરમાટે પૂના ગએલો હોવાથી ભાગીરથીનો અને તેનો વિશેષ પરિચય થઇ શકયો ન હતો. તે જંગબારમાં ચોદ વર્ષ રહ્યો, તેટલા સમયમાં મગનલાલના ઘરમાં મોટું પરિવર્તન થઇ ગયું. મગનલાલ અને તેની પત્ની બન્ને પરલોકવાસી થયાં, સંપત્તિનો સ્વતંત્ર સ્વામી માણેકલાલ થયો અને તેણે માતાપિતાના મૃત્યુ પછી પોતાની ઇચ્છા પ્રમાણે શારદા સાથે પ્રીતિલગ્ન કર્યું. આ સર્વ વાર્ત્તા પોતાના સંબંધિ અને મિત્રોનાં પત્રો દ્વારા મોહનલાલના જાણવામાં આવી હતી અને માણેકલાલપર તેણે તેનાં માતા પિતાના મરણ વિશે શોકદર્શક તથા ઉપદેશમય પત્રો પણ લખ્યાં હતાં અને માણેકલાલે તે પત્રોનાં ઉત્તરો પણ સભ્યતા પૂર્વક આપ્યાં હતાં. એવી રીતે પત્ર દ્વારા પિતાનો સંબંધ પુત્ર સાથે પણ જળવાયલો હોવાથી મોહનલાલે જંગબારથી ઉપડતી વખતે માણેકલાલપર અમુક તારીખે કિનારાપર પોતાને લેવા આવવાનો અને ઉતારામાટેની સગવડ કરી રાખવા વિશેનો વિસ્તાર પૂર્વક તાર કરી દીધો હતો. એ તારનો કેટલી અને કેવી સભ્યતાથી અમલ કરવામાં આવ્યો હતો એ આપણે પ્રથમ પ્રકરણમાં પ્રત્યક્ષ જોએલું હોવાથી તે વિશે વિશેષ વિવેચનની કશી પણ આવશ્યકતા નથી.

મોહનલાલ તો જાણે પૂર્ણ સદ્ગુણશાળી અને જેને સત્ય ગૃહસ્થ કહેવામાં જરા પણ શંકા ન થાય, તેવો સર્વ પ્રકારે યોગ્ય પુરુષ હતો. પરંતુ તેની પત્ની ભાગીરથી અને પુત્રી ગુલાબ જેવી સુંદરતા અને સભ્યતા ધરાવતી હતી, તેવીજ તેમની મનોવૃત્તિઓ પણ શુદ્ધ અને પવિત્ર હતી કે કેમ ? તેમના આચાર નિષ્કલંક હતા કે ? વિદ્યાનું તેમના મનમાં શુભ પરિણામ થયું હતું ખરૂં કે? કિંવા ભાગીરથીના જળમાં જેમ કોઇ વાર મળનું પણ મિશ્રણ થાય છે અને ગુલાબમાં કંટકનું પણ અસ્તિત્વ દેખાય છે, તેવો પ્રકાર હતો ? આ સર્વ વિચારવા યોગ્ય પ્રશ્નો છે; પરંતુ આગળ જતાં એ સર્વ પ્રશ્નોનો યથાસમય યથાર્થ નિર્ણય થવાનો હોવાથી અત્યારે જ એનો ઊહાપોહ સર્વથા અસ્થાનીય અને નિરર્થક છે.

* * * *

હવે, આપણી નવલકથાનો નાયક માણેકલાલ છે અને નાયિકા શારદા છે, એટલે એમનો પણ વાચકોને અહીં કિંચિત્ પરિચય કરાવવો જ જોઇએ. માણેકલાલનો પિતા મુંબઇનો એક સારામાં સારો, સાહસી અને પ્રતિષ્ઠિત ઝવેરી હતો. ઘણીકવાર મોટા મોટા રાજા રજવાડાને પોતાનું જૂનું ઝવેરાત વેચવું હોય કે નવું ઝવેરાત ખરીદવું હોય તો તે કામ ઝવેરી મગનલાલને જ સોંપવામાં આવતું હતું અને તેથી વ્યાપારિમંડળ ઉપરાંત રાજા રજવાડામાં પણ તેની લાગવગ ઘણી જ સારી હતી. તેણે તો જો કે સંભાળીને વ્યાપારમાં પગલાં ભરવાથી અને વ્યાપારકુશળ બુદ્ધિબળથી રૂપિયા ચાર પાંચ લાખની દોલત એકઠી કરી હતી અને ગાડી ઘોડા તથા વાડી બંગલા પણ વસાવ્યા હતા. પણ એ ધંધો સાહસનો અને અનિશ્ચિત હોવાથી આવે તો લાખો આવે અને જાય તો ઘરની ઘરવખરી

પણ ચાલી જાય, એ તત્ત્વને તે સારી રીતે જાણતો હતો. એથી પોતાના અંધયષ્ટી સમાન એકના એક પુત્ર માણેકલાલને એમ. એ. એલ. એલ. બી. બનાવી પોતાની લાગવગથી કોઇ રજવાડામાં સારા અધિકારપર ચઢાવી દેવાનો તેનો વિચાર હતો. પરન્તુ હજી તો માણેકલાલ કૉલેજમાં ભણતો હતો અને બી. એ. ની પરીક્ષામાં બેસવાનો હતો, એવામાં અચાનક પ્લેગથી મગનલાલ અને તેની પત્ની ઉભયનો આઠ આઠ દિવસને અંતરે સ્વર્ગવાસ થઇ ગયો. માણેકલાલનો સ્વભાવ પ્રથમથી જ સાહસી અને મહત્ત્વાકાંક્ષી હોવાથી ભણવામાં તેનું ચિત્ત ન હોવા છતાં પિતાના દાબથી જ તે ભણતો હતો એટલે માતાપિતાના મૃત્યુ પછી બી. એ. ની પરીક્ષા પસાર કરીને તરત તેણે અભ્યાસને તિલાંજલિ આપી દીધી. પરંતુ વિદ્યાનો સંપર્ક થવાથી જે ગ્રંથવાચનનું વ્યસન તેને લાગ્યું હતું, તે માત્ર અભ્યાસ છોડવા છતાં પણ કાયમ રહ્યું, કિંબહુના દિવસે દિવસે વધવા જ લાગ્યું. એ વ્યસનના પરિણામે જ તેના બંગલામાં પુસ્તકાલયનો પ્રવેશ થવા પામ્યો હતો કે જે આપણે જાણી આવ્યા છીએ, એટલે વિશેષ વિવેચન શામાટે કરવું જોઇએ ? પિતા માતાના સ્વર્ગવાસ પછી માણેકલાલે મિત્રો તેવા પ્રકારના મળવાથી સટ્ટા અને શર્તના મેદાનમાં પોતાના સાહસના ઘોડાને પૂરા વેગથી દોડાવવા માંડયો અને કેટલાક વખત સુધી ભાગ્યદેવી અનુકૂળ હોવાથી એમાંથી તેને લાભ અને લાભ જ મળતો રહ્યો. પ્રારંભમાં જ લાખ બે લાખનો લાભ મળવાથી તેની મહત્ત્વાકાંક્ષા અને લોભવૃત્તિમાં દિવસે દિવસે વૃદ્ધિ થતી ગઈ અને એ તેનો નિરંતરનો વ્યવસાય થઇ પડયો.

શારદા માણેકલાલની જ જ્ઞાતિના અને સૂરતના નિવાસી-મુંબઇના એક મહા પ્રતિષ્ઠિત, નામાંકિત અને ધનાઢ્ય બૅંકરની એકની

એક પુત્રી હતી. **શારદા**ની માતાનો તેની બાલ્યાવસ્થામાં જ સ્વર્ગવાસ થવાથી **શારદા**નું પાલન પોષણ પિતાના હાથે જ થયું હતું. **શારદા**ના પિતાનું નામ ગોવિન્દલાલ. ગોવિન્દલાલને પુત્રસંતાન ન હોતું, તો પણ 'નવી સ્ત્રી આવશે તો કદાચિત્ ઓરમાન દીકરીનો દ્વેષ કરશે અને મારી **શારદા** દુઃખી થશે' એવા ભયથી અનેક માગાં આવ્યા છતાં અને સગાં સંબંધિ જનોનું બહુ દબાણ છતાં તે બીજી વાર ન પરણવાના પોતાના વિચારને દૃઢતાથી વળગી રહ્યો હતો. '**શારદા** મોટી થશે, ભણી ગણીને પરણશે, તો જમાઇ અને ઇશ્વર તેમને પુત્ર આપશે, તો તેનો પુત્ર આ સંપત્તિનો સ્વામી થશે.' એવી જ તેની મનોભાવના હતી. પણ ઇશ્વરનો એથી ભિન્ન વ્યવસ્થા કરવાનો નિર્ધાર હોવાથી તેની એ મનોભાવનાપર પાણી ફરી વળ્યું અને ઇચ્છા ન છતાં પણ તેને બીજી વાર પરણવાની ફરજ પડી. બનાવ એવો બન્યો કે, જે સમયમાં **માણેકલાલ** કૉલેજમાં બી. એ. ક્લાસમાં ભણતો હતો, તે જ સમયમાં **શારદા** પણ મૅટ્રીક્યુલેશનની પરીક્ષામાં પાસ થઇને કૉલેજમાં દાખલ થઇ હતી અને પ્રીવિયસ ક્લાસમાં ભણતી હતી. એકવાર કૉલેજમાંના કેટલાક ઉછાંછળા સ્ટુડન્ટો–વિદ્યાર્થીઓ–એ **શારદા**ની કૉલેજમાંથી નીકળતી વેળાયે કાંઇક નઠારી મશ્કરી કરી. એ વેળાયે **માણેકલાલ** પણ ત્યાં હતો એટલે તેણે એ બાબતનો કૉલેજમાં પોકાર ઊઠાવ્યો, વાત આગળ વધી અને પ્રિન્સીપાલ સુધી પહોંચી, મશ્કરી કરનાર અસભ્ય વિદ્યાર્થીઓને બોલાવવામાં આવ્યા અને અપરાધ સિદ્ધ થવાથી તેમનામાંના ત્રણ ચાર જણને કૉલેજમાંથી 'બૅડ્ રિમાર્ક્' સાથે કાઢી મૂકવામાં આવ્યા. આ બનાવથી **શારદા**ના મનમાં **માણેકલાલ** વિશે બહુજ સારો અભિપ્રાય બંધાયો, બન્નેનો એ બનાવથી બોલવાનો સંબંધ થયો અને ધીમે ધીમે તે

સંબંધે સ્નેહનું રમણીય સ્વરૂપ ધારણ કરવા માંડયું. છેવટે તેઓ વચનથી એક બીજા સાથે પરણવામાટે બંધાયાં. એ જ અરસામાં માણેકલાલનાં માતાપિતાનો પરલોકવાસ થયો. શારદાએ એ પછી બે ચાર મહિને પોતાના પિતાને પોતાની દાસીદ્વારા માણેકલાલ સાથે પરણવાની પોતાની ઇચ્છા દર્શાવી. પરંતુ ગોવિન્દલાલ જૂના વિચારનો અને જૂની પ્રથા પ્રમાણે ચાલનારો પુરુષ હોવાથી એક પુત્રી પોતેજ પોતાનો આવો ભાવ પિતાને દર્શાવી જ કેમ શકે; એ તો ભયાનક નિર્લજ્જતા જ કહેવાય અને પુત્રીની ઇચ્છાને માન આપું, તો તેથી મારી મનોદુર્બળતા જ સિદ્ધ થાય, એવો તેનો સર્વથા શારદાના અભિપ્રાયથી વિરુદ્ધ અભિપ્રાય બંધાઇ ગયો. તેમજ ઝવેરી મગનલાલના પુત્ર માણેકલાલે પોતાના પિતાના વ્યવસાયને ત્યાગીને સટ્ટા અને શર્તમાં યાહોમ કરીને ઝંપલાવવા માંડયું છે એવો ગણુગણાટ પણ તેના કાને આવ્યો હતો, અને સટ્ટોડિયા તથા ‘ રેસ ’ નામનો જુગાર રમનારા વિશે તેનો સ્વાભાવિક તિરસ્કાર હતો, એ વળી માણેકલાલને પોતાના જમાઇ તરીકે માન્ય ન રાખવાનું બીજું પ્રબળ કારણ હતું. શારદા પોતાના હઠને વળગી રહી, કારણ કે, અંગ્રેજી વિદ્યાના પરિણામે ‘ પતિને પસંદ કરવાનો અધિકાર સ્ત્રીનો પોતાનો છે; એ કાર્ય માતાપિતાનું નથી; કારણ કે, આખો જન્મ પતિ સાથે સ્ત્રીને જ કાઢવાનો હોય છે. માતા પિતા તો પરણાવીને અળગાં થઇ જાય છે; એટલે તેમનો એ બાબતમાં કશો પણ અધિકાર હોઇ શકે જ નહિ; ’ એવા પ્રકારના તેના વિચારો થઈ ગયા હતા; અને ગોવિન્દલાલ પોતાના વિચારને વળગી રહ્યો. પિતા પુત્રી વચ્ચે કુસંપની જ્વાળા સળગી, શારદાએ પિતાની જરા પણ પરવા ન રાખતાં સ્વતંત્રતાથી માણેકલાલ સાથે લગ્નસંબંધ

કર્યો અને પિતાએ મરણ પર્યન્ત પુત્રીનું મુખ ન જોવાની ભયંકર પ્રતિજ્ઞા કરી. હઠીલી પુત્રીએ પણ ક્રોધાવેશમાં એવા શબ્દો ઉચ્ચાર્યા કે,– "જો હું તમારી પુત્રી હોઇશ, તો મરી જઇશ ત્યાં સુધી આ બંગલાના દ્વારમાં પ્રવેશ કરીશ નહિ." કોટિપતિ પિતાએ પુત્રીને પોતાની સંપત્તિમાંથી એક રાતી પાઇ પણ ન આપી અને સ્વતંત્ર વિચારની શારદાએ પિતાના ધનની આશા પણ ન રાખી.

પોતાની આશા આવી રીતે નિરાશાના રૂપમાં બદલાઇ જવાથી અને પુનઃ સગાં સંબંધિજનોનો અત્યંત આગ્રહ થવાથી હૃદયમાં પુત્રલાભની આશાને ધારણા કરીને ગોવિન્દલાલે પચાસ વર્ષની અવસ્થામાં પરણવાનો વિચાર કર્યો. અનેક જનો તેને પોતાની કન્યા આપવાને તૈયાર હતા; કારણ કે, તેઓ ગોવિન્દલાલ સાથે નહિ, પણ પૈસા સાથે જ પોતાની કન્યાને પરણાવવા માગતા હતા. છેવટે એક પુરુષના ભાગ્યનો ઉદય થયો અને તેની સોળથી સત્તર વર્ષના વયની કન્યા સુભદ્રા સાથે ગોવિન્દલાલનો યથાશાસ્ત્ર લગ્નવિધિ થઇ ગયો. એ લગ્નપ્રસંગે પણ શારદા તથા માણેકલાલને બોલાવવામાં આવ્યાં ન હોતાં.

અંગ્રેજી વિદ્યાના પરિણામે શારદાના જો કે અમુક વિષયમાં સ્વતંત્ર વિચારો થયા હતા, તો પણ તે કુલીન માતા અને કુલીન પિતાની પુત્રી હોવાથી તેના હૃદયમાં પવિત્રતા, સ્નેહશીલતા અને પતિપરાયણતા તથા ઉદારતા આદિ સદ્‌ગુણોનો સંપૂર્ણ નિવાસ હતો. વિધવાપુનર્લગ્ન અને 'ડાયવોર્સ' (છૂટા છેડા) ની પદ્ધત્તિને તે અંતઃકરણ પૂર્વક ધિક્કારનારી હતી; એક પતિ અને એક પત્નીના મરણ પર્યન્તના અખંડ સંબંધની રીતિને, વૈધવ્યધર્મપાલનની નીતિને અને પવિત્રતાની પ્રતીતિને માન આપનારી હતી. એનું

પરિણામ એ થયું કે, માણેકલાલનો સંસાર મહા સુખમય થઇ ગયો. ઘરમાં તેનાં માતા પિતાના વખતનાં જે ચાકર ચાકરડી હતાં, તેઓ શારદાની નીતિરીતિથી એટલાં બધાં સંતુષ્ટ થયાં કે પોતાનાં મરનાર શેઠ શેઠાણીને બિલ્કુલ ભૂલી ગયાં. શારદા ખરેખરી ગૃહલક્ષ્મી જ હતી. પરંતુ તે જેટલી વિદુષી, બુદ્ધિમતી, માનિની, સ્નેહશીલા, ધર્માવલંબિની, ઉદારધી અને પતિપ્રેમપરાયણા હતી, તેટલી જ ભોળી અને સંસારના માનવીપ્રપંચો તેમજ સ્ત્રીમાં હોવાં જોઇએ તે સ્ત્રીચરિત્રના રહસ્યથી સર્વથા અજ્ઞાન હતી અને તેથી ઘણીક વાર તે સ્ત્રીપુરુષોની સાધારણ પ્રપંચમયી કિંવા દુર્ભાવનાયુક્ત ચેષ્ટાના ભાવાર્થને પણ તત્કાળ સમજી શકતી ન હોતી. ગૃહમાં દાસ દાસીઓના વિપુલતા હોવાથી તેને અવકાશનો સમય પુષ્કળ મળતો હતો, પણ તે સમયનો પાડોશીઓના બંગલામાં જઇને અથવા તો પાડોશી બૈરાંને પોતાને ત્યાં બોલાવીને પારકી પંચાત કે પારકી નિંદા જેવા નિંદ્ય વિષયોમાં તે વ્યય કરતી ન હોતી; કિન્તુ પતિની લાયબ્રેરીમાં બેસી સારા સારા ગ્રંથોનું વાચન અને મનન કરવામાં જ તે પોતાના અવકાશનો સમય વીતાડતી હતી. એનું પરિણામ એ થયું કે, તેના જ્ઞાનનો શીઘ્રતાથી વિકાસ થતો ગયો અને તેનામાં અલૌકિક ગંભીરતાનો નિવાસ થયો. કેટલીક પરનિંદાપરાયણ અને ટૂલકી સ્ત્રીઓ તેની એ ગંભીરતાને અહંકાર કે અભિમાનના નામથી ઓળખતી હતી, પણ ખરી રીતે બિચારી શારદામાં અહંકાર કે અભિમાનનો અંશ માત્ર પણ ન હોતો. માણેકલાલની અર્ધાંગના થયા પછી બીજે જ વર્ષે શારદાએ એક પુત્રરત્નને જન્મ આપ્યો કે જેને વાચકો રમતો જોઇ ચૂક્યા છે. જો કે માણેકલાલ પ્રથમથી જ પોતાની પત્નીને સંપૂર્ણ માનની દૃષ્ટિથી નિહાળતો હતો, પરંતુ

તે પુત્રની માતા થવા પછી શારદા વિષયક સ્નેહની તેના મનમાં વિશેષ વૃદ્ધિ થઇ હતી. શારદા તેને દેવી તુલ્ય દેખાતી હતી. પુત્રનું નામ ઈન્દુકાન્ત રાખવામાં આવ્યું હતું અને ખરેખર તેની કાન્તિ પૂર્ણિમાના ઇન્દુ જેવી જ હતી

એવી રીતે ગૃહમાં સુખનાં સર્વ સાધનો, લક્ષ્મી, સંતાન, અને પતિપત્નીનો પરસ્પર અલૌકિક આદર યુક્ત પ્રેમ; શારીરિક આરોગ્ય, સમાજમાં પ્રતિષ્ઠા, સૌન્દર્ય અને યૌવન આદિ સર્વ વસ્તુઓની એકત્ર અનુકૂળતા હોવાથી માણેકલાલ તથા શારદાને પોતાના એ સંસારસુખમાં સ્વર્ગસુખની છટાનો ભાસ થતો હતો. એને સંસારમાં સ્વર્ગ અથવા સ્વર્ગરૂપ સંસાર નહિ તો બીજું શું નામ આપી શકાય વારૂ ?

માણેકલાલે સ્વીકારેલો સટ્ટા અને શર્તનો વ્યવસાય શારદાને પણ પસંદ ન હોતો. તેને પતિના એ વ્યવસાયમાં ભાવિ ભય અને દુર્દશાનું દર્શન થયા કરતું હતું અને તેથી તેણે બે ચાર વાર નમ્રતા તથા વિનયથી પતિને એ વ્યવસાયને ત્યાગી કોઇ અન્ય યોગ્ય વ્યવસાયને સ્વીકારવાની પ્રાર્થના કરી હતી; પણ માણેકલાલે તે પ્રાર્થનાને ધ્યાનમાં ન લેવાથી અને પોતાનો સ્વભાવ માની હોવાથી ઇશ્વરપર આધાર રાખી પતિને પુનઃ એ વિશે કાંઈ પણ ન કહેવાનો અને તેમ કરીને વિષવાદ ઉપસ્થિત ન કરવાનો પોતાના મનમાં તેણે દૃઢ નિશ્ચય કરી લીધો હતો.

આપણે ઉપર જે બે બંગલાઓ જોઇ આવ્યા છીએ તેમાંનો એક બંગલો માણેકલાલના પિતાનો બંધાવેલો હતો અને બીજો બંગલો શારદાના આવ્યા પછી માણેકલાલે પોતે બંધાવ્યો હતો

અને તેને 'શારદામંદિર' એવું નામ આપવામાં આવ્યું હતું. 'શારદામંદિર' ના નિવાસી જીવો અત્યારે તો સર્વત્ર સુખ, સુખ અને સુખનો જ સાક્ષાત્કાર કરતા હતા. ભવિષ્યનો ભેદ ભાવિના ગર્ભમાં હોવાથી તેને જાણવાને કોઇ પણ સમર્થ નથી, તો પછી માણેકલાલ અને શારદામાં પણ તેને જાણવાનું સામર્થ્ય ન હોય એ નૈસર્ગિક જ હતું.

આપણી વાર્ત્તાના પ્રારંભમાં રજૂ થએલાં સ્ત્રીપુરુષ પાત્રોનો અહીં આટલો પરિચય સંપૂર્ણ છે. બીજાં પાત્રો જે જે વેળાયે રંગભૂમિપર રજૂ થતાં જશે, તે તે વેળાયે વાચકોને તેમનો યોગ્ય સ્થાન અને યોગ્ય સમયે પરિચય થતો જ રહેશે, એટલે તે સર્વના ઉલ્લેખની અહીં અને અત્યારે જ કશી આવશ્યકતા જણાતી નથી.

હવે આપણે આપણી કાદંબરીની સંકલનાને આગળ લંબાવી નાનાવિધ ઘટનાઓના પ્રદેશમાં પ્રવેશ કરીશું તો તે સર્વ પ્રકારે યોગ્ય જ ગણાશે. ચાલો ત્યારે હવે આપણે સંસારના નાનાવિધ રંગીય શુભાશુભાત્મક અનેક ઘટનાચિત્રોનું નિરીક્ષણ કરીએ અને તેમના અવલોકનથી આપણા હૃદયમાં શું પરિણામ થાય છે, તે જોઇએ. શુદ્ધ અને વિકારહીન હૃદયમાં તો અશુભ દૃશ્યનું પણ શુભ પરિણામ જ થવાનું, એ નિર્વિવાદ છે; પરંતુ જેમનાં હૃદયો જ અશુદ્ધ છે, તેમનાં તે અશુદ્ધ હૃદયોમાં શુભ ઘટનાનું પણ ક્યાંક અશુભ પરિણામ ન થઇ જાય, એવી શંકા રહ્યા કરે છે. અસ્તુ; તેમના હૃદયમાં ગમે તેવું પરિણામ થાય; પણ અમારે તો અમારા કર્ત્તવ્યની પૂર્ત્તિ કરવી જ જોઇએ.

પ્રકરણ ૩ જું.

પ્રણયદર્શન

બીજે દિવસે માણેકલાલે વિલાયતથી ડૉકટરની પરીક્ષા પાસ કરી આવેલા અને મુંબઇમાં ડૉકટર તરીકેના પોતાના ધંધામાં સારી-રીતે પંકાયલા પોતાના ફૅમીલી ડૉકટરને બોલાવ્યો અને મોહનલાલના રોગની શાંતિથી પરીક્ષા કરી તે રોગના નિદાનને શોધી કાઢી યોગ્ય ઉપચાર કરવાની તેને પ્રાર્થના કરી. ડૉકટરે તેના શરીરનું નિરીક્ષણ કરીને અને કેટલીક હકીકત પૂછીને 'જનરલ ડેબિલિટી' ('સાધારણ અશક્તતા')ના બાધા હોવાનો અભિપ્રાય આપ્યો અને કહ્યું કેઃ—"હાલ તરત હું ઉપચાર તો કરીશ, પણ આ રોગમાં બે ચાર દિવસમાં લાભ થવાની આશા રાખશો નહિ. આવા રોગોમાં મહિનાઓ અને કવચિત્ બે ત્રણ વર્ષ પર્યન્ત ઉપચારને ચાલૂ રાખવાની આવશ્યક્તા હોય છે. છતાં એકથી દોઢ મહિનો તો રોગીને મારી દેખરેખ તળે કાઢવો પડશે અને ત્યાર પછી હું લખી આપું તે દવા જો એઓ સૂરતમાં લેતા રહેશે, તો ચાર પાંચ મહિનામાં મારી ધારણા છે કે, એમની ગએલી શક્તિ પાછી એમના શરીરમાં આવશે અને એઓ ચાલતા ફરતા થઇ જશે."

"દોઢને બદલે અહીં ત્રણ માસ કાઢવા પડે તો પણ ચિંતા નથી. જો એમને સારૂં થઇ જાય, તો પૈસા કે વખતનો કાંઇ સવાલ નથી." માણેકલાલે ડૉકટરના વચનને માન્ય કરતાં જણાવ્યું.

મોહનલાલે પણ માણેકલાલ તથા શારદાનો પોતા પ્રતિ અત્યંત સદ્ભાવ જોઇને મુંબઇમાં તેમના બંગલામાં બે મહિના પર્યન્ત રહેવામાં કશો પણ વાંધો રજૂ ન કર્યો. ભાગીરથીએ નકારાર્થક ઓ-

પચારિક વાક્યો ઉચ્ચાર્યાં, પણ માણેકલાલ તથા શારદાના આગ્રહ તથા વિવેક સમક્ષ તેને પણ મસ્તક નમાવવું પડયું. ગુલાબની તો અંતઃકરણમાં મુંબઇમાં અને તે પણ ખાસ માણેકલાલના બંગલામાં જ રહેવાની એક વિશેષ કારણથી અત્યંત ઇચ્છા હતી, એટલે આ વ્યવસ્થાથી તેના અંતઃકરણમાં જે એક પ્રકારનો અપૂર્વ આનંદ થયો, તે સર્વથા અવર્ણનીય હતો. તેની એ ગુપ્ત ઇચ્છા શી હતી, તે આગળ જતાં આપણા જાણવામાં આવી શકશે. આ વ્યવસ્થા થઇ રહ્યા પછી મોહનલાલને બીજી વ્યવસ્થા પોતાનાં નાણાં કોઇ નિર્ભય સ્થાનમાં મૂકવામાટેની કરવાની હતી અને તેથી તેણે માણેકલાલને પોતા પાસે બેસાડીને કહ્યું કે:—"માણેકલાલ, હું તમને એક બીજો પણ પરિશ્રમ આપવા માગું છું."

"આપની મારાથી બની શક્તી સર્વ પ્રકારની સેવા કરવાને હું તૈયાર છું. આપ મને પોતાનો એક આત્મીય જ માનજો અને મનમાં કોઇ પણ પ્રકારનો સંકોચ રાખશો નહિ." માણેકલાલે સાંત્વનકારક શબ્દો ઉચ્ચાર્યા.

"બીજું વિશેષ કાર્ય કાંઇ પણ નથી. જંગબારના વ્યાપારમાંની મારી ભાગીદારીના પચાસ હજાર રૂપિયા લઇને મેં મારો ભાગ કાઢી નાખ્યો છે. એ પચાસ હજારની મારા ભાગીદારની લખેલી હુંડી મારી પાસે છે. એ હુંડી જે ગૃહસ્થના નામપર લખાયલી છે, તેની પાસેથી રૂપિયા લઇ કોઇ સારી બૅંકમાં એ રૂપિયા મારી સ્ત્રી તથા પુત્રીના નામનું ખાતું પડાવીને રાખી આપો, એટલે આપનો મોટો ઉપકાર. મારી આવી અવસ્થા હોવાથી મારાથી કાંઇ પણ પરિશ્રમ કરી શકાય તેમ નથી." મોહનલાલે કાર્યનો સ્ફોટ કર્યો.

"એક બે દિવસમાં જ એ કાર્ય થઇ જશે. નાણાં આપની

સ્ત્રી તથા પુત્રીના નામથી રાખવાના છે અને તે બન્ને સુશિક્ષિત છે એટલે આપને બૅંક સુધી આવવાનો પરિશ્રમ પણ સહન કરવો પડે તેમ નથી. આવતી કાલે સવારમાં મને હુંડી આપજો. પછીની આપે લેશ માત્ર પણ ચિંતા રાખવી નહિ. " માણેકલાલે આનંદથી એ કાર્યનો ભાર પોતાના શિરપર લઇ લીધો.

નાણાં આવી ગયાં અને તે માણેકલાલે મોહનલાલના કહેવાથી પોતાના એક મિત્રદ્વારા શારદાના પિતા ગોવિન્દલાલની 'ધિ મર્ચ્યૂં-રી બૅંક ઑફ઼ ઇન્ડિયા' માં ભાગીરથી તથા ગુલાબના નામથી મૂકાવી દીધાં. બન્નેના નામપર પચીસ પચીસ હજારની રકમ જૂદી જૂદી જ મૂકાવી કે જેથી ભવિષ્યમાં મા દીકરી વચ્ચે એ વિશેનો કશો પણ કલહ થવાનો સંભવ જ ન રહે. એ બન્ને રકમો ફ્રિક્-સ્ડ્ ડિપૉઝિટ તરીકે મૂકાઈ હતી અને એ ઉપરાંત ભાગીરથી પાસે બાર તેર હજારની બીજી રકમ હતી તે તેણે એજ બૅંકમાં પોતાના નામે કરંટ અકાઉન્ટ તરીકે મૂકી દીધી. આ સર્વ વ્યવસ્થા થઈ જ-વાથી મોહનલાલ અને ભાગીરથીની એક ચિન્તાનો તો જાણે લોપ થઇ ગયો. ડૉકટર રોજ સવારમાં માંદા મોહનલાલની પ્રકૃતિ જોવાને આવતો હતો અને તે જે પેટંટ દવા અને જે ખોરાક દર્દીને આ-પવાનું કહેતો તે બરાબર આપવા ઉપરાંત દર્દીની બીજી માવજત પણ સારી રીતે કરવામાં આવતી હતી. દર્દીની સારવાર કરવામાં સર્વથી આગળ પડતો ભાગ શારદા જ બજાવતી હતી. કોટિપતિ પિતાની પુત્રી અને લક્ષાધીશ પતિની પત્ની તેમ જ આધુનિક પાશ્ચા-ત્ય વિદ્યાવડે મંડિત હોવા છતાં તેને રુગ્ણની એ સેવા શુશ્રુષા કર-વામાં લેશ માત્ર પણ ઘૃણા થતી નહોતી. ઘણીકવાર ભાગીરથી તથા ગુલાબને મોહનલાલની માંદાઇનો કંટાળો આવી જતો હતો,

પરંતુ શારદાને સ્વપ્નમાં પણ તેવો કંટાળો આવતો નહોતો. રસોઇયો હજી ચાર આઠ દિવસ ગેરહાજર રહેવાનો હોવાથી રસોઇ તેમજ મોહનલાલમાટે દૂધ, કાંજી અને કૉફી કોકો વગેરે કરવાનું કામ શારદાના માથાપર આવી પડેલું હોવાથી બિચારીને સવારના સાત વાગ્યાથી તે રાતના દશ વાગ્યા સુધી રસોડામાંથી પગ બહાર મૂકવાની એક પળ માત્રની પણ નવરાશ મળી શક્તી નહોતી. જો ધારે તો બીજા રસોઇયાને તે બોલાવી શકે તેમ હતું, પણ ચાર આઠ દિવસને માટે નવા રસોઇયાને બોલાવીએ અને કદાચિત્ માણેકલાલને તેની રાંધેલી રસોઇ ગમે કે ન ગમે, એવા વિચારોથી નવા રસોઇયાને ન બોલાવવાનું જ તેણે વ્યાજબી ધાર્યું હતું. આ ખટરાગમાં પડવાથી તેનું ફરવા જવાનું પણ બંધ થઇ ગયું હતું. માત્ર માણેકલાલ અને ગુલાબ રોજ સાંઝે જૂદે જૂદે સ્થળે ગાડીમાં બેસીને ફરવા જતાં હતાં અને ઘણીકવાર તેઓ રાતે દશ સાડા દશ વાગે પાછાં ઘેર આવતાં હતાં. ગુલાબનો તે એકલી જ માણેકલાલ સાથે કલાકોના કલાક બહાર જતી હોવાથી સંકોચ વિના તેની જોડે છૂટથી વાર્ત્તાલાપ કરવાનો સંબંધ થઇ ગયો હતો એટલે ઘેર આવ્યા પછી પણ માણેકલાલ સાથે છૂટથી બોલતાં તે વધારે શર્માતી નહોતી. ચાર છ દિવસમાં તો મા દીકરી જાણે ઘરનાં જ માણસ હોયની! તેવી રીતે માણેકલાલના કુટુંબમાં ભેળાઇ ગઇ. અહીં એ પણ જણાવવું જોઇએ કે, એકવાર મોહનલાલે માણેકલાલને તેણે ક્યારે લગ્ન કર્યું અને તેના સસરાનું શું નામ છે, વગેરે પ્રશ્નો પૂછતાં માણેકલાલે પોતાનો શારદા સાથે કેવા સંયોગોથી લગ્નસંબંધ થયો હતો, એ વિશેનો સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો હતો અને તે પાછો મોહનલાલના મુખથી ભાગીરથી તથા ગુલાબના પણ જાણવામાં આવ્યો હતો. શારદા

તથા માણેકલાલના પ્રેમલગ્નની એ વાર્તા સાંભળ્યા પછી નવયૌવના ગુલાબના હૃદયમાં એક પ્રકારના અજ્ઞેય અને વિલક્ષણ નવીન ભાવનો ઉદ્‌ભવ થવા માંડયો હતો, પરંતુ અજ્ઞાતયૌવના બાળા અદ્યાપિ એ સંવેદનાના મર્મને સમજવાને સંપૂર્ણ સમર્થ ન હોવાથી એ વિશે મનમાં ને મનમાં અનેક પ્રકારના તર્ક વિતર્ક અને નાનાવિધ વિચિત્ર કલ્પનાઓ કર્યા કરતી હતી. આ સર્વ તર્ક વિતર્ક અને વિચિત્ર કલ્પનાઓના આવિર્ભાવનું કારણ એ હતું કે, આજે બે વર્ષથી તે સ્ત્રીધર્મમાં આવી ચૂકી હતી અને તેના સુકોમળ શરીરમાં સ્ત્રીત્વ તથા યૌવનદર્શક સર્વ ચિન્હોનો સંપૂર્ણ વિકાસ પણ થઇ ચૂકયો હતો.

*   *   *   *   *   *

ઉપરિકથિત અતિથિઓના આગમનને લગભગ વીસેક દિવસનો કાળવીતી ગયો હતો. પૂર્ણિમાની અંધકારવિહીન નિશા હતી અને રાત્રે લગભગ અગિયાર વાગ્યા હતા. વસંતકાળના નિરભ્ર સ્વચ્છ આકાશમાં રજનીકાન્ત ચંદ્ર પોતાના પૂર્ણ વૈભવથી પ્રકાશી રહ્યો હતો અને તેની ચંદ્રિકાનો સવત્ર વિસ્તાર થવાથી પૃથ્વીદેવીએ જાણે શુભ્ર વસ્ત્ર પરિધાન કર્યાં હોયની! તેવોજ ભાસ થતો હતો. પ્રકાશરૂપ પ્રબળ પ્રજાપતિએ અધમ અંધકાર અરિને આ અવનીમાંથી અદશ્ય કરી દીધો હતો. આવી રમણીય મધ્યનિશાના સમયમાં માણેકલાલ માત્ર ધોતિયું અને ખમીસ પહેરીને પોતાના શયનમંદિરની બહાર ખુલ્લી અગાસીમાં ઈજીચેરમાં ચિરૂટ ફુંકતો અને પૂર્ણેન્દુવિભૂષિત ચંદ્રિકામય આકાશની નૈસર્ગિક શોભાનું અવલોકન કરતો પડયો હતો. અગાસીમાં એક ટેબલ, બે ત્રણ કુરસીઓ, એક કોચ અને હાર્મોનિયમ આદિ સાધનો ગોઠવીને રાખવામાં આવ્યાં હતાં. થોડી વારમાં જ શ્વેતવસનપરિધાના

શારદાએ અગાસીમાં પ્રવેશ કર્યો અને પતિને ઉદ્દેશીને પૂછ્યું કે;–
"પ્રાણેશ, લગભગ મધ્યનિશા થવા આવી છે, તો હવે પોઢી જાઓ."

"પ્રિયે, આજે તો મારી તારા મધુર સંગીતનું શ્રવણ કરવાની ઇચ્છા થઇ છે, માટે બેસ અને કાંઇ ગા. આ હાર્મોનિયમ પણ મેં મંગાવી રાખ્યું છે. અત્યાર સુધી તું રસોડાના કામમાં રોકાયલી હતી એટલે તને પરિશ્રમ તો પડશે, પણ આશા છે કે, આ પરિશ્રમ પતિને આનંદ આપનારો હોવાથી તને પણ તેમાં આનંદનો કિંચિદ્ અનુભવ પ્રાપ્ત થશે." માણેકલાલે ચિરૂટને ઍશ-ટ્રેમાં મૂકીને કહ્યું.

"જેવી પ્રાણપતિની આજ્ઞા. મને ગાતાં અને હાર્મોનિયમ વગાડતાં આવડે છે એટલે તમે આવી આજ્ઞા કરો છો, અને એ આજ્ઞાને મસ્તકે ધારણ કરવી એ મારો ધર્મ છે. સ્ત્રીની આવી કળાઓ કેવળ પતિના મનોરંજનમાટે જ હોય છે, એટલે જો એ કળાનો પતિના મનોરંજનાર્થ ઉપયોગ ન થાય, તો પછી એ કળા હોય કે ન હોય તે સમાન જ છે. ધનની ધૂળધાણી કરી વારાંગનાનું સંગીત સાંભળવા કરતાં પોતાની ધર્મપત્નીનું નિષ્કલંક સંગીત સાંભળવામાં જ જો સર્વ જનો સંતોષ માનતા હોય, તો કેવું સારૂં!" શારદાએ કુલીનતાદર્શક ઉદ્ગાર કાઢ્યા.

"પણ સર્વ સ્ત્રીઓ સંગીતકળા જાણતી હોય, તો તેમના પતિઓને તે સાંભળવાનું ભાગ્ય પ્રાપ્ત થાય ને?" માણેકલાલે વિરુદ્ધતા દર્શાવીને કહ્યું, "આપણામાં સંગીતકળામાં માત્ર લગ્નપ્રસંગનાં અશ્લીલ ગીત અને મરણસમયનાં રાજિયાં બાકી રહ્યાં છે, તે સ્ત્રીઓ સારી રીતે ગાય છે, એટલે બિચારા પતિઓ ભલે ફટાણાં અને રાજિયાં સાંભળ્યા કરે અને રાજી રાજી થયા કરે. જો કોઇ શાસ્ત્રીય પદ્ધ-



" નાથ, હવે એક વિરહિણી વનિતાના ઉદ્‌ગાર અને હૃદયના ભાવો કેવા હોય છે, તે સાંભળો."

પૃષ્ઠ ૩૮.

લક્ષ્મી આર્ટ, ભાયખળા. મુંબઈ.

તિથી સંગીતકળાનો અભ્યાસ કરે, તો તેવી સ્ત્રીને સમાજના લોકો વેશ્યા, વંઠેલી કે સુધરેલી કહીને બોલાવે છે અને તેના શિરપર જેમનું અસ્તિત્વ માત્ર પણ ન હોય તેવા આળ ચઢાવે છે; એટલે પછી આપણી સ્ત્રીઓમાં સંગીતકળાનો વિકાસ ક્યાંથી અને કેમ કરીને થઇ શકે વારૂ ?”

“એ વાદગ્રસ્ત વિષયની ચર્ચા કરી યોગ્ય સુધારણા કરવાનું કાર્ય સમાજસુધારકોનું છે. અત્યારે આપણે એ વિષયની ચર્ચા ચલાવવા માંડીશું, તો જે આનંદ મેળવવાની આપની અભિલાષા છે તે એમની એમ રહી જશે અને એ વિવાદમાં જ આખી રાત વીતી જશે. જનસમાજના સંગીતકળાવિશે જે આવા વિરુદ્ધ અભિપ્રાય બંધાયા છે, તેનું પણ અવશ્ય કોઇ એવું કારણ તો હોવું જ જોઇએ. પણ આજ્ઞા કરો; શું ગાઉં ?” શારદાએ વિવાદને આટલેથી જ સમાપ્ત કરવાનો યત્ન કર્યો.

“તારી ઇચ્છામાં આવે તે ગા. અહા રાત્રિ કેવી રમણીય છે !” માણેકલાલે માર્મિકતાથી અમુક સંગીત ગાવાની સૂચના આપી દીધી.

“શારદાએ હાર્મોનિયમ સાથે પોતાના મંજુલ, મધુર, મૃદુ અને મનોહર સ્વરથી સમયને સર્વ પ્રકારે અનુકૂળ નિમ્ન લિખિત સંગીતનો આલાપ આરંભ્યો;—

સંગીત

“મૃદુ યામિની મૃદુ યામિની રમે વિધુની સંગે;
મૃદુ યામિની રમે વિધુસંગે, શ્વેત વસ્ત્ર ધારી નિજઅંગે;
જનો રસિક રંગાતાં રંગ અનંગે(૩)–રે રમે વિધુની સંગે.
જોઇ નિશા પતિ સંગે રમતી, નાર વિરહિણી પતિ પતિ જપતી;
ડોલે રસસરિતાના તરલ તરંગે (૩)–રે રમે વિધુની સંગે.

આ સંગીત શારદા ગાંતી હતી તે જ વેળાયે ગુલાબ માણેકલાલના શયનમંદિરમાં આવી, પણ શયનમંદિરમાં કોઇ ન હોતું. અને અચાનક અગાસીમાંથી શારદાનું સંગીત સંભળાયું, એટલે તે આગળ ન વધતાં શયનમંદિરના અગાસીમાં પડતા દ્વારની પાછળ લપાઇને ઉભી રહી અને પતિપત્નિના એકાંત આનંદનું રસપૂર્ણ દૃષ્ટિથી અવલોકન કરવા લાગી.

માણેકલાલને આ ગાયન અત્યંત પ્રિય હોવાથી તેણે 'વન્સમોર' નો નાદ કર્યો અને બિચારી શારદાને નાટકમાંની એકટ્રેસ પ્રમાણે શ્રોતાની ઇચ્છાને માન આપી એજ ગાયન બીજી વાર ગાવું પડયું. બીજી વારની આવૃત્તિ સમાપ્ત થયા પછી શારદાએ કહ્યું કે— "નાથ, હવે એક વિરહિણી વનિતાના ઉદ્ગાર અને હૃદયના ભાવો કેવા હોય છે, તે સાંભળો;"—એમ કહીને તેણે નીચેના બીજાના ગાયનનો આરંભ કર્યો;—

સંગીત

"વિરહાકુળ રજની થઇ, ઊગ્યો ચન્દ્ર ન હોય;
પિયૂ વિના કળ ના પડે, વેળા કેમ કપાય?
રતિ ના ગમતી રાત, રતિહીન વાલમ;
વિરહાનળથી કાય, બળતી જરી જરી–રતિ.
પિયૂ વિના શૃંગારાદિ, સહુ કટુ લાગે;
દે ચંદન તાપ તનમાં ભરી ભરી–રતિ.

"વાહ વાહ; શારદા, મારી પ્રિયાંગના, આજના તારા સંગીતમાં તો વળી કાંઇ ઓર જ છટા દેખાય છે; આ સંગીતના આશયથી હૃદયમાં એક પ્રકારના અકથ્ય વિકારનો ઉદ્ભવ થાય છે." માણેકલાલે પત્નીને અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપ્યો.

શારદા કાંઇ પણ ઉત્તર આપ્યાવિના હાર્મોનિયમને છોડી કુરસી પરથી ઉઠી ગઇ અને ભાલપ્રદેશમાં તરી આવેલા પ્રસ્વેદના બિન્દુઓને રૂમાલથી લૂછતી પાસે જ પડેલા ઉંચી સ્પ્રિંગના મખમલથી મઢેલા અને કવરવાળા પહોળા કોચપર બેસી ગઇ. **માણેકલાલ** પણ "હાર્મોનિયમ વગાડવાનો અને ગાવાનો એટલો બધો પરિશ્રમ થયો કે મારી ગૃહલક્ષ્મીને પરસેવો આવી ગયો ! વળી પરસેવો લૂછવાનો પરિશ્રમ થશે, તો તો કોણ જાણે શું એ થઈ જશે ! માટે લાવ, તારા એ સ્વેદના બિન્દુઓને હું જ લૂછી નાખું !" એમ કહેતો ઇજીચેઅરમાંથી ઉઠી પ્રસ્વેદ લૂછવાના નિમિત્તથી કોચપર તેની અડોઅડ બેસી ગયો. પ્રસ્વેદને લૂછવાનો જે તેણે પરિશ્રમ લીધો, તે પરિશ્રમના બદલામાં ઉદાર **શારદાએ** પતિને દેવદુર્લભ અધરામૃતનું પાન કરાવ્યું. અને પતિએ પણ પત્નીની એ ઉદારતાનો યથાયોગ્ય બદલો આપ્યો. જેવી રીતે ચંદ્રના સંયોગથી રજની વિલાસિની દેખાતી હતી; તેજ પ્રમાણે પતિના પ્રેમસમાગમથી પત્ની **શારદા** અત્યારે દેવદારા સમાન દીપવા લાગી.

રાત્રિનો બહુ સમય વીતી ગએલો હોવાથી **શારદાએ** પતિના પરિરંભણમાં બધ્ય રહીને વિનીત ભાવથી પ્રાર્થના કરી કેઃ—"નાથ, હવે શયન કરીને શૂન્ય શય્યાને શોભાવશો ?"

"જેવી તારી ઇચ્છા." **માણેકલાલ** એ શબ્દોના ઉચ્ચાર સાથે પ્રેમમૂર્ત્તિ **શારદા** સાથે શયનમંદિરમાં આવવાને ઉઠયો.

પતિ પત્નીને શયનમંદિરમાં આવવાની તૈયારીમાં જોઇને ગુલાબે હવે ત્યાં વધારેવાર ઊભા રહેવાનું યોગ્ય ન ધાર્યું. તેઓ શયનમંદિરમાં આવે અને તેને જુએ, તે પૂર્વે તો તે ચતુરા ચપળાના

ચમકાટ પ્રમાણે શારદાના શયનમંદિરમાંથી અદૃશ્ય થઇ ગઇ. શારદાએ લક્ષ્મણ નામના ઘરના જૂના ઘાટીને બોલાવી હાર્મોનિયમ તથા અગાસીમાંનું ફર્નીચર ઠેકાણે મૂકાવ્યાં, માણેકલાલ શય્યામાં પડ્યો અને ત્યાર પછી દ્વાર બંધ કરીને સુશીલ શારદા પતિની ચરણુ સેવામાં નિમગ્ન થઇ.

ગુલાબ શારદાના શયનમંદિરમાંથી નીકળીને પોતાના ઊતારાવાળા બંગલામાં આવી પહોંચી. ત્યાં મોહનલાલને પંખાથી પવન ઢોળતી તેની માતા ભાગીરથી તેના આવવાની વાટ જોઇને જ બેઠી હતી. ગુલાબે ઊંબરામાં પગ મૂકતાં જ તેણે પ્રશ્ન કર્યો કેઃ—"કેમ ગુલાબ, આટલી બધી વાર કેમ લાગી? માણેકલાલ આવ્યા? શારદા બહેન શું કરતાં હતાં?"

"જરા આમ—આપણા સૂવાના ઓરડામાં આવ એટલે બધી વાત કહી સંભળાવું." ગુલાબે જૂદી જ જાતનો જવાબ આપ્યો.

મોહનલાલ ગાઢ નિદ્રામાં પડી ગએલો હોવાથી જો તે જાગે, તો પોતાને બોલાવવાની ત્યાં સૂતેલા નોકરને સૂચના આપીને ભાગીરથી ગુલાબ સાથે પાસેના પોતાના સૂવાના ઓરડામાં ગઇ. ત્યાં બેસતાં જ ગુલાબે હસીને માતાને કહ્યું કેઃ—"માતા, હું ત્યાં ગઈ ત્યારે માણેકલાલ અને શારદા બહેન અગાસીમાં બેઠાં હતાં; શારદા બહેન હાર્મોનિયમ વગાડીને ગાતાં હતાં અને માણેકલાલ શેઠ તે સાંભળીને પત્નીને ધન્યવાદ આપ્યા કરતા હતા, અને ત્યાર પછી શું થયું........ના, એ મારાથી કહેવાય તેમ નથી?"

"આટલી વાત કહી છે, તો હવે બધી વાત તારે મને કહેવી જ પડશે. હં-ત્યાર પછી શું થયું?" ભાગીરથીએ આગ્રહ કર્યો.

અજ્ઞાત યૌવના અને મુગ્ધા ગુલાબે ત્યાર પછી જે વિલક્ષણ પ્રેમદશ્યની તે પોતે સાક્ષીભૂત થઇ હતી તે પ્રેમદશ્યનું પોતાની માતાને યથાર્થ શાબ્દિક ચિત્ર આલેખી બતાવ્યું અને છેવટે તેણે જણાવ્યું કેઃ—' તેઓ શયનની તૈયારી કરવા લાગ્યાં એટલે હું કાંઇ પણ બોલ્યા ચાલ્યા વગર ચાલી આવી."

"ત્યારે તેં માણેકલાલને અહીં આવવાની વાત ન જ જણાવી ?" ભાગીરથીએ સર્વ વૃત્તાંત સાંભળી લઇને ગંભીરતાથી પ્રશ્ન કર્યો.

"ના–બા, મારી તો જીભ જ ઉઘડી નહિ !" ગુલાબે કહ્યું; "હું તો આ બધી ચેષ્ટાઓને જોઇને મુગ્ધ એવી શર્માઇ ગઇ કે ત્યાં જાહેર થવાની અને બોલવાની પણ મને તો લજ્જા થવા માંડી !"

"ગાંડી છોકરી, એમાં શર્માઇ કે લજાઇ જવાની શી વાત હતી વારૂ ? પતિ–પત્નીના સંબંધની સફળતા તે એ જ. જે દશ્ય આજે તારા જોવામાં આવ્યું તે જ સંસારનું સ્વર્ગ છે ! જો પતિ તથા પત્નીને પરસ્પર સમાગમના આવા આનંદની પ્રાપ્તિ ન થાય, તો આ સંસાર નરકના રૂપમાં ફેરવાઇ જાય છે અને સ્ત્રી તથા પુરુષ ઉભયના અવતારની અફળતા થાય છે. અહા ! માણેકલાલ અને શારદાનો કેવો સુખમય સંસાર ! કેવાં ભાગ્યશાલિ દંપતી !" ભાગીરથીએ ઉદ્ગાર કાઢ્યા.

"ત્યારે તું આવું નાટક જુએ, તો તને તો શર્મ ન જ આવે કે ?" ગુલાબે આશ્ચર્યદર્શક ભાવથી પૂછ્યું.

"ગુલાબ, અદ્યાપિ તું મુગ્ધા છે અને પતિના પ્રેમદર્શક શબ્દ તથા હસ્ત સ્પર્શમાં અલૌકિક આનંદની કેવી અકથ્ય સંવેદના તથા સર્વાંગવાહિની વિદ્યુચ્છક્તિ સમાયલી છે, તેથી અજ્ઞાત હોવાથી જ તું અત્યારે આવા શબ્દો ઉચ્ચારે છે. આ આનંદ સ્વસંવેદ્ય અને અ-

નુભવગમ્ય હોવાથી અત્યારે એ વિશેની કલ્પનાનો તારા મસ્તિષ્કમાં સંચાર થઇ શકે તેમ નથી. જે વેળાયે કોઇ યોગ્ય પુરુષ સાથે તારો લગ્નસંબંધ થશે, સ્વામીની સ્નેહસુધાનો સ્વાદ મળશે અને આ યૌવનકુસુમના રસનો ભોગી ભ્રમર આવી પ્રેમથી તારા શરીર–ઉદ્યાનમાં પ્રવેશ કરશે, તે વેળાયે જ આ આનંદની તને કાંઇક કલ્પના થઈ શકશે. એ સુખનો એકવાર સ્વાદ લાગશે, એટલે પછી પતિ જ વ્હાલો લાગશે, અમને તો બોલાવીશ પણ નહિ અને પિયરિયાંમાં આવીશ પણ નહિ!" ભાગીરથીએ એક માતાએ પોતાની પુત્રી સમક્ષ ન દર્શાવવા જોઇએ તેવા પોતાના સંસારસુખવિષયક વિચારો કોઇ પણ પ્રકારના સંકોચવિના દર્શાવી દીધા; અને ત્યાર પછી પરિશિષ્ટ તરીકે જણાવ્યું કેઃ—"માણેકલાલને તેં ન બોલાવ્યા અને પતિપત્નીના એકાંત સુખરંગનો ભંગ ન કર્યો; એ એક રીતે સારૂંજ કર્યું: તારા પિતાની તે વેળાની સ્થિતિને જોઇને મને કાંઇક ભય થયો હતો, પણ હવે તેઓ ઠીક છે અને તેથી માણેકલાલને બોલાવવાની અધિક અગત્ય નથી. સવારમાં ડૉકટર આવશે એટલે રાતે થએલા ફેરફારની વાત તેમને જણાવીશું અને ઉપચારમાં ફેરફાર કરાવીશું."

"સવારમાં માણેકલાલ પણ આવશે અને ડોકટરને જે કાંઈ સમજાવવાનું હશે તે તેઓ જ સમજાવશે." ગુલાબે કહ્યું.

"ચાલો ત્યારે હવે આપણે પણ નિદ્રાદેવીની ઉપાસના કરીએ." ભાગીરથીએ સૂઇ જવાની સૂચના આપી.

"મારી આંખોમાંની ઊંઘ ઊડી ગઇ છે, એટલે તેને આવતાં વાર લાગશે. તું તારે સૂઇ જા; હું તો જરાવાર ઉપર અગાસીમાં જઇને બેસીશ અને ચંદ્રમંડિત નિશાની નૈસર્ગિક શોભાનું અવલોકન કરીશ." ગુલાબે એ ઉત્તર આપીને અગાસીમાં જવામાટે ત્યાંથી શીઘ્ર ગતિથી પ્રયાણ કર્યું.

ભાગીરથી પર્યંકશય્યામાં પડી; બે ચારવાર પાસાં બદલ્યાં અને બગાસાં પણ ખાધાં; છતાં તેનાં નયનોમાં નિદ્રાદેવીનું આગમન ન થયું. તે થોડીવાર સુધી એક પ્રકારના વિચારમાં તલ્લીન થઇ ગઈ, ત્યાર પછી શય્યામાં ઊઠીને બેઠી થઇ અને ત્યાર પછી તેણે એક દીર્ઘ ઉષ્ણ નિઃશ્વાસ નાખ્યો. એ નિઃશ્વાસ તેના હૃદયમાંની એક પ્રકારની વિશિષ્ટ નિરાશાને સ્પષ્ટતાથી વ્યક્ત કરતો હતો. અલ્પ સમય પછી તેના મુખમાંથી ધીમા સ્વરે નીચેના ઉદ્‌ગારો નીકળવા લાગ્યા;—

" નિશા છે શાંત સ્વામી ચંદ્રના સુખકર સમાગમથી;
પ્રફુલ્લા પૃથ્વિ છે ઋતુરાજ પ્રિયકરના શુભાગમથી;
વસંતે કોકિલાએ હર્ષની છે ભાવના પાળી;
ધરે અભિમાન પ્રેમીજન મદનના ગર્વને ગાળી;
નથી ભોગી ભ્રમર કોઇ જવાની જાય છે ચાલી;
મરૂં મુંઝાઇ રાતે જોઇને આ સેજડી ખાલી !"

" વિરહિણી વનિતાના આ હૃદયોદ્‌ગારોની સત્યતા આજે સંપૂર્ણ પ્રતીત થાય છે; ગુલાબના મુખથી માણેકલાલ તથા શારદાના પ્રેમદર્શનનો વૃત્તાંત સાંભળ્યા પછી મારૂં હૃદય પણ એ વિલાસની આશાના પ્રદેશમાં પ્રયાણ કરતું જાય છે ! પણ મનનું માગ્યું સુખ તત્કાળ કેવી રીતે મળી શકે ? લજ્જાને ત્યાગ્યા વિના આવી આંતરિક વેદના કેવી રીતે ટળી શકે ? શિરપર પતિની છાયા હોવા છતાં મારો વિધવા નારીનો અવતાર છે; જે સુખ પતિના સમાગમથી મળવું જોઇએ તે ન મળતું હોવાથી મારા માટે તો ખરેખર આ નરકરૂપ સંસાર છે; આ શુષ્ક જીવન ધગધગતો અંગાર છે ! ! "

ભાગીરથીનાં નેત્રોમાંથી અશ્રુની ધારા વહી નીકળી. તે ઓસીકાપર માથું નાખીને પડી રહી અને કેટલીકવાર પછી તેવી અવસ્થામાં જ નિદ્રાવશ થઇ ગઈ.

ગુલાબ અગાસીમાં જઇ પાળપર કોણી ટેકવી ગાલને હથેળી પર રાખીને પોતાના મનમાં ચંદ્રિકાવિભૂષિત નિશાનું અને નિશાનાથ ચંદ્રનું નિરીક્ષણ કરતી કહેવા લાગી;—"સ્રીને પુરુષની અને પુરુષને સ્રીની આવશ્યક્તા અનિવાર્ય હોવાથી બન્ને એકબીજા સાથે સદાને માટે લગ્નના બંધનથી બંધાય છે; પણ શું સર્વ સ્રીઓ અને સર્વ પુરૂષોનો સંસાર આ માણેકલાલ તથા શારદાના સંસાર જેવો જ સુખાવહ થાય છે ? મને આ પ્રેમપ્રતિમા અને સાધનસંપન્ન માણેકલાલ જેવો પતિ મળશે, અને મારો સંસાર પણ આવો જ સુધામય થશે? નિશ્ચિત કાંઇ પણ ન કહી શકાય; એ તો જેવાં ભાગ્ય હોય, તેવાં જ સુખ દુઃખ પ્રાપ્ત થાય; અવતાર સુધરી પણ જાય કે પછી જીવન બગડી પણ જાય! પિતાની પ્રકૃતિમાં સુધારો થતો જ નથી, એટલે કોણ જાણે મારા લગ્નનો સમય ક્યારે આવશે; કોણ જાણે આ શરીરનો ભોક્તા કયારે આવીને પ્રેમસુધાનું પાન કરાવશે! અત્યારે તો બીજાનાં વિલાસોને જોઇને અંતરમાં બળી મરવાનું છે; ઝાંઝવાના જળરૂપ ખોટી આશાના સમુદ્રમાં તરવાનું છે! પ્રભુ જાણે મારૂં મન માણેકલાલ તરફ આટલું બધું શા કારણથી આકર્ષાય છે! એને જોવાથી કે એના શરીરનો ગાડીમાં બેસતાં કોઇ વાર સ્પર્શ થવાથી મારા શરીરમાં એક પ્રકારનો કંપ અને હૃદયમાં એક પ્રકારની વિચિત્ર ભાવનાનો આવિર્ભાવ શા કારણથી થાય છે? આ ભેદ સમજી શકાતો નથી. પણ નહિ; આ મારો વ્યર્થ વિચાર છે, જેના હૃદયની અધીશ્વરી પવિત્ર શારદા છે, તેના પ્રેમપર હે વિકારવશ હૃદય, તારો શો અધિકાર છે? લંકામાં સુવર્ણ ઠેસે ઠેલાય છે, પણ તેનો લાભ ત્યાંના લોકોથી જ લેવાય છે! માણેકલાલ ભલે પ્રેમનો હોય ભંડાર કે કામદેવનો અવતાર; પણ તે શારદાના સુખમાટે છે, જો બીજી

કોઇ સ્ત્રી તેના પ્રેમની આશા રાખે, તો તે ધૂળ ચાટે છે! ભોગવ, ભોગવ, શારદા, તારાથી ભોગવાય તેટલું સુખ ભોગવી લે; પતિના સમાગમથી જીવનને ભોગવી લે! હે ઇશ્વર, જો આપે તો મને પણ આવો જ સુખમય સંસાર આપજે; નહિ તો આ જીવનસૂત્રને સત્વર જ કાપી નાખજે!"

અગાસીમાં જ આવા વિચારમાં તેણે સમસ્ત નિશા વીતાડી દીધી. ઉષા થઇ જવા પછી તે નીચે શયનગૃહમાં આવી અને માતાની અવસ્થાને જોઇને આશ્ચર્ય ચકિત થઇ ગઇ. પ્રેમદર્શનનું કેવું વિલક્ષણ પરિણામ!

પ્રકરણ ૪ થું.

વિકાર અને વિવેક

પ્રભાત થયો. સર્વ સ્નાન આદિ નિત્યકર્મથી મુક્ત થયાં. માણેકલાલ ન્યૂસપેપર વાંચતો લાયબ્રેરીમાં બેઠો હતો, એટલામાં શારદા, ભાગીરથી અને ગુલાબ ત્રણે સુંદરીઓ ત્યાં આવી લાગી અને તેઓ હજી તો ભાગ્યેજ બેઠી હશે એટલીવારમાં તો રસોઇયો ચાહેની કિટલી અને કપ્સ્ આદિ લઇને આવ્યો. યજમાન અને અતિથિ ચાહે પીવામાં નિમગ્ન થયાં. મોહનલાલની પ્રકૃતિ જો કે રાતે બગડી હતી, પણ પછીથી ગાઢ નિદ્રા આવતાં પ્રભાતમાં તે બગાડો ન દેખાયાથી ભાગીરથીએ તે વિશેની કશી પણ વાત અત્યારે કાઢી નહિ.

ચાહે પીને તેઓ ઊઠવાની તૈયારીમાં હતાં એટલામાં નોકરે આવીને જણાવ્યું કેઃ—" શેઠાણી, આપના નામનો એક તાર આ-

વ્યો છે." શારદાએ ઝટ ઊઠી લાયબ્રેરીના દરવાજાપર આવીને પટાવાળા પાસેથી સહી કરીને તાર લીધો અને આતુરતાથી તેનું વાંચન કર્યું. તેમાં આ પ્રમાણેના શબ્દો હતા;—

" મારા પતિ ભયંકર સ્થિતિમાં છે; બની શકે તો તમે અને માણેકલાલ તરત આવો. ઉત્તર તારથી આપો,—કપિંજલા. "

શારદા જેવી પાછી આવી કે, તરત માણેકલાલે પ્રશ્ન કર્યો;—" શારદા, તાર કોનો આવ્યો છે ? "

" લ્યો અને વાંચી જુઓ. " એમ કહીને શારદાએ તાર પતિના હાથમાં આપી દીધો.

" કપિંજલાનો પતિ આટલી બધી ભયંકર સ્થિતિમાં છે ? હજી તો એને અહીંથી ગયાને એક મહિનો પણ ભાગ્યેજ થયો હશે, એટલામાં બિચારાનો આવો કાળ આવી લાગ્યો ! જો એનું કાંઇ સારૂં માઠું થઇ જશે, તો બિચારી ભલી અને ભોળી કપિંજલાનો તો અવતારજ બગડી જશે. બાપડીએ અત્યાર સુધીમાં સંસારનું કાંઈ પણ વિશેષ સુખ જોયું નથી. ઇશ્વર એના પતિના જીવનસૂત્રને લંબાવે અને કપિંજલાનું કલ્યાણ કરે તો સારૂં. માણેકલાલે તાર વાંચીને એ પ્રમાણેના અનુકંપાદર્શક ઉદ્દગાર કાઢ્યા, અને તાર પાછો શારદાના હાથમાં આપીને પૂછ્યું કે:—" ત્યારે તારો હવે શો વિચાર છે ? "

" આપની ઇચ્છા વિના મારા વિચારનો શો ઉપયોગ થવાનો હતો ? " શારદાએ સર્વ ભાર પતિના શિરપર નાખી દીધો.

" મારી એવી ઇચ્છા છે કે આજે રાતેજ તું મેલમાં જા અને કપિંજલાને મળી આવ. એણે મને પણ બોલાવ્યો છે, પરંતુ મોહનલાલ શેઠ આપણા ઘરમાં આવીને રહ્યા છે અને એમની પ્રકૃતિ

પણ અસ્વસ્થ છે એટલે એમને એકલા મૂકીને મારાથી તો હાલ તરત આવી શકાય તેમ નથી. આ બધાં કારણો કપિંજલાને જણાવીશ એટલે મારા ન આવવામાટે કદાપિ તેના મનમાં દુઃખ થશે નહિ; કારણ કે, તે વિચારશીલ તથા સુજ્ઞ અબળા છે. હું આપણા લક્ષ્મણને તારી સાથે મોકલીશ એટલે રસ્તામાં તને કોઇ પણ જાતની અડચણ આવશે નહિ. કરાચી સુધી જવાનું છે, લાંબો અને કંટાળા ભરેલો પ્રવાસ છે એટલે માણસ તો સાથે જોઇએજ. સૂરત, વડોદરા કે અમદાવાદ સુધી જવાનું હોય, તો કદાચિત્ માણસ વગર પણ ચાલે." માણેકલાલે પોતાની ઇચ્છાનો સ્ફોટ કરી બતાવ્યો.

"એ તો ઠીક, પણ આપણા ઈન્દુને સાથે લઇ જવો કે કેમ?" શારદાએ બીજો સવાલ રજૂ કર્યો.

ઇન્દુ પણ એ વેળાએ પાસેજ બેઠો હતો એટલે તેને જોઈ થોડીક વેળા વિચારમાં વીતાડીને માણેકલાલે જવાબ આપ્યો કે;—

"ના, ઇન્દુને અત્યારે સાથે લઇ જવાનું કાંઇ પણ કારણ નથી. કારણ કે, ત્યાં વખતે શોકનો પ્રસંગ થઇ જાય એવો સંભવ હોવાથી બાળકની જોઇએ તેવી સંભાળ ન લેવાય, તો અવશ્ય એની પ્રકૃતિ બગડી જાય. એ તો મારી પાસે રહેશે અને મઝા કર્યા કરશે. તું જવાની છે અને વળી ઇન્દુ પણ ઘરમાં ન હોય, તો ઘર સ્મશાન જેવુંજ લાગે."

"મા, તમે ભલે જાઓ; હું મારા પિતાજી પાસે રહીશ અને એમને આનંદ આપ્યા કરીશ." ઇન્દુએ તેનો પિતામાં અધિક પ્રેમ હોવાથી પિતા પાસે રહેવાની પોતાની ઇચ્છા જણાવી દીધી.

માણેકલાલે તેને વ્હાલથી ખોળામાં બેસાડી ચુંબનથી તેના ગાલોને ભીંજાવી દીધા. ઇન્દુએ પણ પિતાને ચુંબનનો બદલો ચુંબ-

નથી વાળી આપ્યો. **શારદાએ** કહ્યું કે;—" આ ઇન્દુભાઇને તો અત્યારથીજ માતાની અગત્ય રહી નથી, પિતામાંજ બધો પ્રેમ જઈ ભરાયો છે. પણ જોજે ઈન્દુ, હું કરાચીથી પાછી આવીશ એટલે તને બોલાવવાનીજ નથી. હું તારી સાથે રીસાઇશ, સમજ્યો ? "

" તો હું તમને રડીને મનાવીશ. " એમ કહીને ઇન્દુ માતા પાસે દોડી આવ્યો અને હર્ષનાં અશ્રુ વર્ષાવતી માતા **શારદાએ** તેને છાતી સરસો ચાંપી સુઘોષમ ચુંબનથી પોતાના વાત્સલ્યને સંપૂર્ણતાથી પ્રકટ કર્યું.

થોડીવાર સુધી ત્યાં સ્તબ્ધતાનું સામ્રાજ્ય વ્યાપી ગયું.

" ત્યારે હું આજે અહીંથી નીકળવાનીછું, એવા આશયનો તાર કપિંજલાપર મોકલું ? " **શારદાએ** પ્રેમથી ઇન્દુના મસ્તકપર હાથ ફેરવતાં થોડીવાર રહીને પતિને વિનીત ભાવથી પૂછ્યું.

" હા, એવો તાર કરી દે કે, ' હું આજના મેલમાં સ્ટાર્ટ થાઉંછું અને તમો સ્ટેશનપર લેવાને આવજો, ' એથી કપિંજલાના હ્રદયમાં ધૈર્યનો આવિર્ભાવ થશે. " **માણેકલાલે** અનુમોદન આપ્યું.

શારદાએ તરત તાર લખીને નોકરને તાર ઑફિસમાં મોકલી દીધો. **ભાગીરથી** અને ગુલાબ પોતાના નિવાસસ્થાનમાં ચાલી ગઈ, ઇન્દુ બગીચામાં જઇને માળીને જૂદાં જૂદાં પુષ્પોનાં નામો પૂછવા લાગ્યો. **માણેકલાલ** લાયબ્રેરીમાંજ વર્ત્તમાનપત્ર વાંચતો બેસી રહ્યા અને **શારદાએ** પોતાના ખાનગી ઓરડામાં જઇને કબાટમાંથી જો- ઈતાં વસ્ત્ર આદિ કાઢી ટ્રંકમાં ભરવા માંડયાં અને નોકરને 'બેડીંગ' વગેરે બાંધવાની આજ્ઞા કરી દીધી. બપોરના જમવાનો વખત થવા પહેલાં તો **શારદાએ** પ્રવાસની સર્વ તૈયારી કરી લીધી અને **લક્ષ્મ- ણને** પોતા પાસે બોલાવ્યો.

એ લક્ષ્મણ એ ઘરમાંનો શારદાના સસરાના સમયનો લગભગ વીસ વર્ષનો અને ઘણોજ વફાદાર નોકર હતો. તે પોતે જાતનો ઘાટી હોવા છતાં અને તેની દેશભાષા મરાઠી હોવા છતાં ઘણાં વર્ષથી તે ગુજરાતીઓના સહવાસમાંજ રહેલો હોવાથી ગુજરાતી ભાષા એટલી બધી સારી અને શુદ્ધ બોલી શકતો હતો કે તેનું બોલવું સાંભળીને ભાગ્યેજ કોઇ તેને ઘાટી તરીકે ઓળખી શકે. તેણે આવતાંની સાથેજ પ્રશ્ન કર્યો કે;—"બાઇ સાહેબ, શી આજ્ઞા છે ?"

"આજ રાતના ગુજરાત મેલમાં આપણે કરાચી જવામાટે ઉપડવાનું છે, માટે તારે જે તૈયારી કરવાની હોય તે કરી રાખજે." શારદાએ સૂચના આપી.

"બાઇ સાહેબ, અમો નોકરોએ વળી તૈયારી તે શી કરવાની હતી ? બે ચાર કપડાં, એક બર્નૂસ અને પાણી પીવાનો લોટો એટલી ચીજો બાંધી લીધી એટલે થઈ ચૂકી અમારી તૈયારી. આટલી ચીજોપર તો અમે દુનિયાની મુસાફરી કરી આવીએ."

"પણ શિયાળો છે અને કરાચીમાં અહીં કરતાં ટાઢ ઘણીજ સખ્ત હોય છે, માટે બે ચાર ગરમ કપડાં સાથે જરૂર લેજે. તારી પાસે ગરમ કપડાં તો હશેજ." શારદાએ ભાર મૂકીને જણાવ્યું.

"હમણાંજ શેઠજીએ પોતાના બે કોટ આપ્યા છે તે સાથે લઇશ; અને એક જૂનો ઓવરકોટ પણ છે. હં—પણ શેઠજી પણ આવવાના છે કે ?" લક્ષ્મણે કહ્યું.

"ના; માત્ર આપણેજ જવાનાં છીએ." શારદાએ ઉત્તર આપ્યું.

"વારુજી !" કહીને લક્ષ્મણ ચાલ્યો ગયો અને પોતાની ઓરડીમાં જઇને દશ મિનિટમાંજ તેણે પોતાની બધી તૈયારી કરી લીધી.

દિવસ વીતતો ગયો અને **શારદા**ના પ્રયાણનો સમય વધારે અને વધારે પાસે આવતો ગયો. આજે પોતાની પ્રિયતમા **શારદા** કરાચીના લાંબા પ્રવાસે જવાની હોવાથી **માણેકલાલ** પોતાના નિત્યના નિયમ પ્રમાણે સાંઝે ફરવા ગયો નહિ અને પોતાની માતા જવાની હોવાથી નિત્ય સાત વાગતાંમાં સૂઇ જવાની ટેવ હોવા છતાં અલ્પ-વયસ્ક **ઇન્દુ** પણ જાગતો બેઠો હતો. વખત થતાં **માણેકલાલે** ગાડી જોડાવી અને તેમાં **માણેકલાલ**, **શારદા**, **ગુલાબ**, **ઈન્દુ** તથા **લક્ષ્મણ** વગેરે બેસીને સ્ટેશનપર જવાને તૈયાર થયાં; માત્ર **ભાગીરથીએ** " સુખ રૂપ પહોંચ્યાનો તરત તાર કરજો અને પાછાં વહેલાં વહેલાં પધારજો ! " એટલા શબ્દો ઉચ્ચારીને બંગલાના કમ્પાઉન્ડના દરવાજા સુધી ગાડી સાથે આવીને **શારદા**ની રજા લઈ લીધી. ગાડી કુલાબાના સ્ટેશનપર આવી અને **માણેકલાલે** એક સેકન્ડ ક્લાસની તથા એક થર્ડ કલાસની ટિકિટ લઇ **શારદા**ને લેડીઝ કમ્પાર્ટમેન્ટ તથા **લક્ષ્મણ**ને તેની પાસેના સર્વન્ટસ્ કમ્પાર્ટમેન્ટમાં બેસવાની ગોઠવણ કરી આપી. ટ્રેનના ડિપાર્ચરમાં હજી પંદર સોળ મિનિટનો અવકાશ હોવાથી **માણેકલાલે** **શારદા** તથા **લક્ષ્મણ**ને કેટલીક સૂચનાઓ આપીને જણાવ્યું કે;—" દૂરનો પ્રવાસ છે અને કરાચી સુધીમાં અમદાવાદ, ખાર્ચી અથવા મારવાડ જંકશન, સિંધ હયદરાબાદ તથા કોટડી એવી રીતે ચાર ઠેકાણે ગાડી બદલવી પડે છે, માટે સંભાળીને જજો અને પ્રથમ મારવાડ જંકશન અને પછી કરાચી પહોંચતાંની સાથેજ તાર કરી દેજો કે જેથી કાંઇ ચિંતા ન થાય. " આ સૂચના આપીને કાંઇક સ્મરણ થવાથી **માણેકલાલે** **શારદા**ને પૂછ્યું કે;—" તેં કાંઇ પૈસા સાથે લીધા છે કે ? "

" સો રૂપિયા લીધા છે. " પત્નીએ ઉત્તર આપ્યું.

" સો રૂપિયાથી શું થશે ? પચાસ પોણોસો રૂપિયા તો વળતી વેળાયે રેલભાડા અને રસ્તાના ખર્ચમાં ખપી જશે." માણેકલાલે કહ્યું.

" પણ જોઇશે, તો શું ત્યાં પૈસા નહિ મળી શકે ? અને એમ કરતાં અગત્ય પડશે, તો તારથી પણ મંગાવી શકાશે." શારદાએ જણાવ્યું.

" એ તો બધું ઠીક—અત્યારે વાદવિવાદ કરવાનો સમય નથી. લે, આ બસેં રૂપિયા છે, તે તારી પાસે રાખજે. મુસાફરીમાં સાથે પાંચ રૂપિયા વધારે હોય તો સારૂં. " એમ કહીને માણેકલાલે સો સોની બીજી બે નોટો શારદાને આપી.

ઘંટાનાદ થયો, હવે ટ્રેનના સ્ટાર્ટિંગને માત્ર પાંચ મિનિટનોજ વિલંબ હતો, શારદાએ પુનઃ એકવાર ઇન્દુને હૃદય સાથે ચાંપીને ચુંબન કર્યું અને નિર્દોષ બાળકે પણ તેવીજ પ્રેમચેષ્ટા કરી બતાવી. બીજી વારનો ઘંટાનાદ થયો, " ઇન્દુને સંભાળજે અને ઘડીવાર પણ વીલો મૂકશો નહિ ! " એટલા શબ્દો શારદાના મુખમાંથી નીકળી શક્યા અને ટ્રેન ચાલૂ થઈ ગઇ.

માણેકલાલ વગેરે પાછાં ઘેર આવ્યાં તે વેળાયે સાડા દશ કે પોણા અગિયાર વાગ્યાનો અમલ થયો હતો. ગુલાબ પોતાના શયન-ગૃહમાં ચાલી ગઇ અને માણેકલાલ ઈન્દુને લઇને પોતાના શયન-મંદિરમાં આવ્યો. ઇન્દુને તેના શય્યામાં સૂવાડીને માણેકલાલ પલંગપર પડયો. ઇન્દુ તો તત્કાળ નિદ્રાવશ થયો; પણ શારદા વિનાનું શયનમંદિર સ્મશાન તુલ્ય ભાસવાથી માણેકલાલપર નિદ્રાદેવીની અવકૃપા થતાં તેની નિશાનો જાગરણમાંજ અંત આવી ગયો. સમાન ઘટના એવી બની કે, નવયૌવના ગુલાબની અવશિષ્ટ રાત્રિ

પણ અનિદ્રામાંજ સમાપ્ત થઈ ગઇ. બીજે દિવસે સંધ્યાકાળે પણ માણેકલાલ બહાર ફરવાને ગયો નહિ, પણ શારદાના તારની વાટ જોઇને લાયબ્રેરીમાંજ બેસી રહ્યો. કારણ કે, બીજે દિવસે સાંઝે છ વાગે ટ્રેન મારવાડ જંકશનપર પહોંચે અને ત્યાંથી તરત તાર કરવામાં આવે, તો આઠ વાગ્યાની અંદર તે તાર માણેકલાલને મળવાનો સંભવ હતો. થયું પણ તેમજ; બરાબર રાતે આઠ વાગે તાર આવ્યો અને તેમાં શારદાએ મારવાડ જંકશને સુખરૂપ પહોંચ્યાનું જણાવ્યું હતું. એ તાર આવ્યા પછીજ તે જમવાને ઉઠયો.

ગૃહમાંનો નિત્યનો ક્રમ એવો હતો કે, રસોઇ તૈયાર થતાં માણેકલાલ તથા ઇન્દુને પીરસવામાટે ભોજનગૃહમાં શારદા પોતેજ હાજર રહેતી હતી; કારણ કે, પતિ તથા પુત્રને પોતેજ પોતાના હાથે થાળ પીરસી આપવા, એ સ્ત્રીનો એક પ્રકારનો સંસારમાંનો લ્હાવો છે, એવી તેની દૃઢ માન્યતા હતી. આજે શારદા ન હોવાથી તેનું એ કાર્ય ગુલાબે પોતાના માથાપર ઉપાડી લીધું. માણેકલાલ તથા ઈન્દુને પ્રેમથી જમાડયા પછી પોતાની માતાને બોલાવીને તેની સાથે તે જમવાને બેઠી. રોજ જમ્યા પછી માણેકલાલ થોડીવાર લાયબ્રેરીમાં બેસતો હતો, પણ ઇન્દુને સૂવાડવાનો હોવાથી આજે તે જમીને તરત ઇન્દુને લઇને ઉપર શયનગૃહમાંજ ચાલ્યો ગયો. ઈન્દુને સૂવાડી ચિરૂટ સળગાવી તે વિશાળ શયનાગારમાં ચહલકદમી કરતો હતો એટલામાં ઝટપટ જમી ગુલાબી રંગની સુશોભિત સાડી પહેરીને ચંચળ ગુલાબ ત્યાં આવી લાગી અને પૂછયું કે;—“ તમે પાન ખાધું કે નહિ ? ”

“ ના, નોકર તે લાવતાં ભૂલી ગયો હશે અથવા તો ભૂલથી વખતે લાયબ્રેરીમાંના ટેબલપર રાખી આવ્યો હશે; માટે તેને પાન

અહીં લાવવાનું જરા જણાવી દેજો એટલે તે લાવશે." **માણેકલાલે** ફરતાં ફરતાંજ જવાબ આપ્યો.

ગુલાબ કાંઇ પણ બોલ્યા વગર ત્યાંથી ચાલી ગઇ અને થોડીવારમાંજ પાનનો ચાંદીનો ડબ્બો લઇને પાછી ત્યાં આવી લાગી. કોચપર બેસીને તેણે લજ્જાલુતાથી પાનની પટ્ટી બનાવી અને તે તૈયાર થતાં **માણેકલાલને** આપતાં કહ્યું કે;—" લ્યો, અને જુઓ કે, મારાં **શારદા** બહેન જેવી પટ્ટી થઇ છે કે કેમ ? "

" ઓહ થૅંક્યૂ ! " કહી પટ્ટી લઇને **માણેકલાલે** મુખમાં પધરાવી. પટ્ટી મુખમાં જતાં તેણે પૂછ્યું કે;—" આજના પાનમાં એક સૌગંધિક પદાર્થની વિશેષતા હોય એમ જણાય છે. "

" એ તો એમાં મેં મારી પાસેની અંબર કસ્તૂરીની એક ઝીણી ગોળી નાખી છે, તેનો સ્વાદ આવતો હશે. " **ગુલાબે** ઢળેલી આંખો અને મૃદુ મંદ સ્વરથી ઉત્તર આપ્યું.

" કસ્તૂરીની એક ઝીણી ગોળીએ પણ તત્કાળ પોતાના ગુણનો પ્રકાશ કરી દીધો. કોઇ કવિએ સત્યજ કહ્યું છે કે;—" એમ કહીને **માણેકલાલે** નીચેના દોહરાનો ઉચ્ચાર કર્યો;—

" પ્રેમ છુપાવ્યો ના છુપે, વેગે કરે પ્રકાશ;
દાબી દૂબી નહિ રહે, કસ્તૂરીની વાસ ! "

" હું આપના જેવી તેમજ આપનાં ગૃહલક્ષ્મી **શારદા** બહેન જેવી વિદુષી ન હોવાથી કિન્તુ સાધારણ બુદ્ધિની અને સંસારના વ્યવહારથી સર્વથા અજ્ઞાત હોવાથી આવા પ્રકારના સંવાદોમાં ભાગ લેવાની મારી શક્તિ નથી અને તેથી જો હું મૌનનું અવલંબન કરી રહું, તો તે મારા અવિનયની મને ઉદારતાથી ક્ષમા આપશો,

એવી આશા છે. ” ગુલાબે વિદ્વત્તાપૂર્ણ પદ્ધતિથી પોતાના અજ્ઞાનનું દર્શન કરાવ્યું.

“ પુરુષો તો અભ્યાસ કરીને પંડિત થાય છે, પરંતુ પ્રમદાઓ તો જન્મે છે ત્યારથીજ નૈસર્ગિક પંડિતાઓ હોય છે. અર્થાત પ્રમદાના નૈસર્ગિક પાંડિત્યમાં જો અભ્યાસની વિશેષતા આવી મળે, તો પછી પુરુષની શક્તિ નથી કે, તે સ્ત્રીને વાદવિવાદમાં કદાપિ પરાજિત કરી શકે. ગુલાબ, તમારી બુદ્ધિ તેલા છે અને તેથી મને લાગે છે કે, તમે આગળ જતાં અવશ્ય એક દક્ષ અને ચતુર અબળા તરીકે જગતને પોતાનું દર્શન કરાવી શકશો. ” માણેકલાલે સ્વાભાવિક ઉદ્‌ગાર કાઢ્યા.

“ અભ્યાસ બે પ્રકારે થાય છે; એક વિદ્યાશાળામાં અને બીજો વિદ્વજ્જનોના સમાગમમાં આવવાથી. વિદ્યાશાળાનો તો, મેં સાધારણ અભ્યાસ ગૃહમાં કરવાથી, મને વિશેષ પરિચયજ થયો નથી અને વિદ્વજ્જનોના સમાગમનો તો પ્રથમથીજ અભાવ છે, એટલે મારી બુદ્ધિનો એટલી સીમાપર્યન્ત વિકાસ થાય, એ ઘટના મને તો વંધ્યાપુત્ર જેવીજ જણાય છે. ” ગુલાબે પોતાની સ્થિતિનું દર્શન કરાવ્યું અને વિષયને એમ કરીને આગળ લંબાવવાનો યત્ન આદર્યો કે જેથી એકાંતમાં માણેકલાલ સાથે બે ઘડી વાર્ત્તાલાપ કરવાનો અવસર મળી શકે; કારણ કે, માણેકલાલ સાથેના વાર્ત્તાલાપથી અને તેના મુખદર્શનથી પણ ગુલાબને એક પ્રકારનો અગમ્ય આનંદ થતો હતો.

“ જો તમને તમારા જેવોજ યોગ્ય અને બુદ્ધિશાળી પતિ મળશે, તો તો તમારી બુદ્ધિનો અવશ્ય વિકાસ થવાનોજ. તમારાં માતુશ્રી વિચારશીલ અને ચતુર અબળા છે એટલે તમને તેઓ કોઇ

અયોગ્ય, અવિદ્ય અને મૂર્ખ પતિ સાથે પરણાવીને તમારો અવતાર નહિજ બગાડે, એવો મારો દૃઢ નિશ્ચય છે. માટે તમારે કોઇ પણ પ્રકારની ચિંતા રાખવાનું કાંઈ પણ પ્રયોજન નથી. ” માણેકલાલે તેના હૃદયનું સમાધાન કરવાના ઉદ્દેશથી આ વાક્યો ઉચ્ચાર્યા.

એક કુમારિકા—આર્યકુમારિકા પોતાના લગ્ન આદિની વાર્ત્તા નીકળતાં હૃદયને તે વાર્ત્તા રુચિકર લાગવા છતાં પણ બાહ્ય લજ્જાને ધારણ કરે એ સર્વથા સ્વાભાવિક હોવાથી ગુલાબ પણ આ વાર્ત્તા નીકળતાં શર્માઇ ગઇ અને કોચપર નીચું જોઇનેજ બેસી રહી. એ ક્ષણેજ શયનમંદિરમાંના ફ્રેંચ કલૉકમાં ડંકો થયો અને ગુલાબે જોયું તો સાડા દશ વાગ્યા હતા.

“ વારૂ ત્યારે મહાશય, હું રજા લઇશ; કારણ કે, આપનો સૂવાનો સમય થવા આવ્યો છે એટલે આંખો ઘેરાતી હશે.” ગુલાબે એમ કહીને કોચપરથી ઉઠવાનો પ્રયત્ન કર્યો.

“ શારદા ગૃહમાં ન હોવાથી કાલની આખી રાત મેં જાગરણમાંજ વીતાડી છે અને આજે પણ ઉંઘ આવશે કે કેમ, એની શંકાજ છે. કવિજનો ગૃહિણી વિનાના ગૃહને જે કાન્તાર–અરણ્ય–ની ઉપમા આપે છે, તેની સત્યતાનો આ શારદાના બે દિવસના વિયોગથી મને સંપૂર્ણ સાક્ષાત્કાર થઈ ચૂક્યો છે ! ” માણેકલાલે પોતાના હૃદયની આંતરિક અવસ્થાનો પરિચય કરાવનાર ઉદ્દગાર કાઢ્યા.

“ ઊંઘ આવે કે ન આવે, પણ વિયોગના ચાર દિવસ વીતાડ્યા વિના કાંઇ છૂટકો થવાનો છે ? ઊંઘ તો ત્યાં શારદા બહેનને પણ નહિ આવતી હોય; પણ બિચારી શું કરે ? સંસારમાં હોઇએ ત્યાં સુધી સર્વ વ્યવહારો જાળવવાજ પડે છે. સારા માઠા પ્રસંગે

આપણે બીજાને ત્યાં ન જઇએ; તો પછી એવા પ્રસંગે આપણી બાળ લેવાને પણ કોણ આવે વારૂ ?" ગુલાબે આશ્વાસન આપ્યું.

"ગુલાબ, શારદાની ગેરહાજરીમાં આજે તમે મારી આટલી સંભાળ રાખી અને અહીં આવી મારો થોડો સમય વાર્ત્તાલાપના આનંદમાં વીતાડી દીધો, એમાટે હું તમારો ઉપકાર માનું છું." માણેકલાલે કૃતજ્ઞતા દર્શાવી.

"એમાં વળી ઉપકાર અને આભાર શાનો માનવાનો હતો ? એ તો સ્ત્રીઓનો ધર્મજ છે એને તે મેં બજાવ્યો એમાં વળી ઉપકાર તે શો થયો ? ખરા ઉપકારો તો અમારાપર તમારાજ છે." ગુલાબે શાલીનતા બતાવીને કહ્યું.

"સર્વ ઇશ્વરનોજ પ્રતાપ છે." માણેકલાલે શિષ્ટસંપ્રદાયનો ઉપયોગ કર્યો.

"પ્રણામ; ત્યારે હવે ઇશ્વરનું નામ લઇને નિદ્રાધીન થાઓ." એમ કહીને ગુલાબ કોચપરથી ઉઠીને દરવાજા ભણી ચાલતી થઈ ગઇ.

દરવાજાપરના મોતીના પડદાને ચીરી તે બહાર નીકળી અને દાદર પાસે પાછી અટકી ગઈ. તેનું મન તેને માણેકલાલના શયનમંદિર પ્રતિ આકર્ષતું હતું અને લજ્જા તથા મર્યાદા માતા પિતા પાસે જવાનો બોધ આપતી હતી. જે સ્થાનનો તેણે ત્યાગ કર્યો હતો ત્યાંજ તેનું હૃદય સંલગ્ન થએલું હોવાથી સોપાનપરંપરા સમક્ષ દેખાતી હોવા છતાં ઉતરવામાટે તેનાં ચરણો ઉપડી શકતાં નહોતાં તેણે પુનઃ શયનમંદિરમાં દૃષ્ટિપાત કર્યો. તે પોતે અંધકારમાં હોવાથી માણેકલાલને દેખાય તેમ નહોતું; પણ પારદર્શક મૌક્તિકપટમાંથી પ્રકાશમાં હવે કોચપર બેસી ધૂમ્રપાન કરવામાં પ્રવૃત્ત

ચએલા મનોહર માણેકલાલના દર્શનનો લાભ તેને તો સરળતાથી મળી શકતો હતો. તેણે એકવાર પુનઃ શયનમંદિરમાં જવાનો પણ વિચાર કર્યો; પરંતુ 'નિમિત્ત વિના જવાથી માણેકલાલના મનમાં સંશય આવશે અને તે મારા મનોભાવને જાણી જશે, તો મારા વિશે પોતાના હૃદયમાં શું ધારશે ?' એ વિવેકભાવનાએ તેને એ વિચારને વ્યવહારમાં મૂકતાં અટકાવી દીધી. તેણે પોતાના હૃદયને પ્રશ્ન કર્યો કે;—"એ માણેકલાલે શું કહ્યું ? ગૃહિણી વિનાનું ગૃહ કાન્તાર સમાન ભાસે છે ! તો શું એ કાન્તાર સમાન ગૃહને સ્વર્ગ સમાન બનાવવાની અન્ય કોઇ સુંદરીમાં સમર્થતા નહિજ હોય કે ? એ સર્વ સામર્થ્ય એકલી શારદામાંજ આવીને અટકી ગયું છે કે શું ? સ્ત્રીત્વ અને ગૃહિણીત્વ બધું એનામાંજ આવી સમાયું છે કે શું ? બિચારા માણેકલાલને હજી ખબર નથી કે, બીજી રમણીઓ તેને શારદા કરતાં હજાર ગણો વિશેષ આનંદ આપવાની શકિત ધરાવે છે !..............." જેવી રીતે વર્ષાકાલીન નદીનો વેગવાન્ પ્રવાહ પોતાના માર્ગમાં પાષાણોનો પ્રબળ અને દૃઢ રાશિ આવતાં કિંચિદ્ અટકી જાય છે અને અન્ય દિશામાં વળી જાય છે, તેવી રીતે અચાનક વિવેકભાવ ઉત્પન્ન થતાં ગુલાબના એ વિચારોનો પ્રવાહ આટલેથીજ અટકી ગયો. તે પોતાના હૃદયને દોષ આપતી કહેવા લાગી કે;—"અરે, પણ હું આ શું ઇચ્છુંછું ? વિશ્વમાં સર્વાંગસુંદર અને શારદા કરતાં રૂપ ગુણમાં હજાર ગણી ચઢિયાતી ભલેને અનંત અબળાઓ હોય, તોપણ તે માણેકલાલને શા ખપની ? માણેકલાલમાટે તો ઇન્દ્રની અપ્સરા રંભા, મેનકા કે ઉર્વશી એ સર્વ શારદાજ હોવી જોઇએ અને તે તેમ માને છે એટલા માટે તે અવશ્ય ધન્યવાદનેજ પાત્ર છે ! હે ચંચલ મન, તારી આશા જે

વસ્તુમાં બંધાઇ છે, તે વસ્તુ તારી નથી, પણ પરાઇ છે; માટે એની આશાને ત્યાગી દે અને નિરાશાને ધારણ કરી સ્વસ્થ થા–શાંત થઈ જા! આશામાં પરમ દુઃખ છે અને નિરાશામાંજ પરમ સુખ સમાયલું છે, એ તત્ત્વ શું તારા જાણવામાં નથી આવ્યું કે? ધૈર્ય ધાર; જો તારા ભાગ્યમાં સુખ લખાયલું હશે, તો ગાંડી ગુલાબ, તે અવશ્ય મળશેજ; અને દુઃખજ તારા માટે સૃજાયલું હશે, તો વિધાતાના લેખને મિથ્યા કરવાને કોણ સમર્થ છે વારૂ? ચાલ–અહીં હવે વિશેષ કાળ વીતશે, તો માતાના મનમાં વળી કોઇ નવીન કુશંકાનો સંચાર થશે. હાય–આ સ્ત્રીના અવતારમાં કેટલી બધી નિરાશાઓ અને ભીતિઓ સમાયલી છે, એની આજે મારા મસ્તિષ્કમાં યથાર્થ કલ્પના આવી શકે છે–સ્ત્રીના અવતાર જેવો અધમ બીજો કોઇ અવતારજ નથી!" વિકારના પ્રવાહને વિવેકના બંધથી અટકાવીને છેવટે ગુલાબે ત્યાંથી દૂર થવાના કાર્યમાં વિજય મેળવ્યો; પરંતુ ઊતરવા પૂર્વે પણ પાછો એકવાર તેણે શયનમંદિરમાં દૃષ્ટિપાત કર્યો અને દીર્ઘ નિઃશ્વાસ નાખ્યો.

તેણે જે વેળાયે પોતાના શયનગૃહમાં પ્રવેશ કર્યો, તે વેળાયે તેની માતા ભાગીરથી એક પુસ્તક વાંચતી શય્યામાં પડી હતી. ગુલાબને આવેલી જોઇને તેણે પૂછ્યું કે;––"કેમ ગુલાબ, જમ્યા પછી આટલી બધી વાર ક્યાં હતી?"

"જરા જીવ મુંઝાતો હતો, તેથી નીચે બગીચામાં બાંકડાપર બેઠી હતી. મા, અહીં કરતાં નીચે બગીચામાં હવા ઘણીજ સારી આવે છે. કાલે તું પણ જરા આવીને ત્યાં બેસજે એટલે આનંદ આવશે." ગુલાબે અક્ષરે અક્ષર અસત્ય ઉત્તર આપ્યું.

" વારૂ–સૂઇ:જા; પણ હવે પછી મને બોલાવ્યા વગર અડધી રાત સુધી એકલી બગીચામાં બેસીશ નહિ. દીકરીની જાતથી આવી છૂટ ન લેવાય, સમજી ? " ભાગીરથીએ નરમ ઠપકો આપ્યો.

ગુલાબ કાંઈ પણ જવાબ આપ્યા વગર બિછાનામાં પડી. ભાગીરથી પણ પુસ્તકને ટેબલપર મૂકી દીવો ઓલવીને નિદ્રાવશ થઈ ગઇ. ગત રાત્રિ પ્રમાણે ગુલાબે આજની નિશા પણ અખંડ જાગરણમાંજ વીતાડી દીધી. કોઇએ ખરૂંજ કહ્યું છે કે;—

" ગુલબદનકે હિજ્રમેં ક્મ્ .ખાબસે આતી હય નીંદ;
આંખ યે લગતી નહીં જબ આંખસે જાતી હય નીંદ;
પીટકર ચાંદીકો પ.ડ રહતે હયેં સોના હય કહાં ?;
જબ મહક આતી હય .જુલ્ફોંકી ઉચટ જાતી હય નીંદ ! "

ત્યારે હવે પ્રશ્ન એ અવશિષ્ટ રહ્યો કે, માણેકલાલની શી અવસ્થા હતી ? ગુલાબના આજના વર્ત્તન અને વાર્ત્તાલાપના યોગે તેના હૃદયને પણ અમુક અંશે વિકારનો સ્પર્શ તો થયોજ હતો, પરંતુ તેણે પણ કેટલેક અંશે વિવેક અને કેટલેક અંશે ભય–પ્રતિષ્ઠાના ભય-ના મિશ્ર બળથી પોતાના એ વિકારને લેશ માત્ર પણ ગુલાબ સમક્ષ વ્યક્ત થવા દીધો નહોતો. એ તો વિશ્વનો એક ત્રિકાલાબાધ્ય નિયમજ છે કે, મિ.જરાબ લાગવાથી સિતારનો તાર વાગવોજ જોઇએ અને સર્વાંગસુંદર નવયૌવના નારીના સહવાસમાં વિકારનો ઉદ્દ્ભવ થવોજ જોઇએ. " ઔરતપે જો શયદા નહીં; ઔરતસે વો પયદા નહીં ! " પ્રચંડ અગ્નિ સમક્ષ ઘૃતનું પાત્ર મૂકવામાં આવે અને તેમાંનું ઘૃત પીગળવા ન માંડે, એમ કદાપિ બન્યું પણ નથી અને બનવાનું પણ નથી. ઇન્દ્ર અને ચંદ્ર જેવા

દેવ, વિશ્વામિત્ર જેવા મહા પ્રચંડ તપસ્વી ઋષિવર્ય અને રેણુકા તથા દ્રૌપદી જેવી પ્રાતઃસ્મરણીયા સતી સુંદરીઓનાં મન પણ મદનના યોગે ભ્રષ્ટ થઇ ગયાનાં પ્રમાણો ઇતિહાસમાં વિદ્યમાન છે; તો પછી બિચારાં માણેકલાલ અને ગુલાબ જેવાં માનવશરીરોની શી કથા?

ઉભયનાં હૃદયમાં સમાન વિકારનો ઉદ્ભવ થવા છતાં અત્યારે તો તેમના તે વિકારપર વિવેકરાજે વિજય મેળવ્યો હતો. પણ વિવેકનો એ વિજય અખંડ રહી શક્યો ખરો કે? કિંવા જેમ એકવાર પરાજિત થએલો યોદ્ધા અવસર આવતાં પુનઃ પોતાના શત્રુપર આક્રમણ કરીને તેનાપર વિજય મેળવવાને ભાગ્યશાળી થાય છે; તેમ પરાજિત થએલા વિકારે પાછો ઉછાળો કરીને વિજેતા વિવેકરાજનો પરાભવ કરી નાખ્યો અને જગત્માં કન્દર્પવિકાર મહારાજાના નામનો ડંકો વગડાવ્યો? હવે પછીની ઘટનાઓ એ સર્વ પ્રશ્નોનું વાચકોને સવિસ્તર ઉત્તર આપશે. અત્યારે તો એટલું કહેવુંજ બસ છે કે;--

" છિપાયેસે છિપતા નહીં રાઝે ઉલ્ફત;
કોઇ દમમેં પર્દા ઉઠા ચાહતા હય ! "

પ્રકરણ ૫ મું.

સુધામાં હલાહલ

શારદાનો સુખરૂપ કરાચી પહોંચવાનો તાર આવી ગયો અને તેમાં 'કપિંજલાના પતિની સ્થિતિ અદ્યાપિ તેવીજ ભયંકર છે અને વિસ્તૃત પત્ર મોકલ્યું છે;' એમપણ જણાવવામાં આવ્યું હતું તાર આવ્યો તે વેળાયે માણેકલાલ સ્નાન કરીને ટુવાલથી ડીલ લૂછતો

ઊભો હતો એટલે તાર તેણે તેવીજ સ્થિતિમાં વાંચ્યો અને ત્યારપછી ધોતીયું, ગંજીફ્રાક અને ખમીસ પહેરીને તે નીચે લાયબ્રેરીમાં આવ્યો અને જોયું તો ગુલાબ ચાહે વગેરે ટેબલપર તૈયાર રાખીને તેના આવવાની વાટ જોતી બેઠી હતી. **ભાગીરથી** અદ્યાપિ આવી નહોતી. ગુલાબે કિટલીમાંથી ચાહે કપમાં રેડવા માંડી તે વેળાયે સમસ્ત નિશાના અખંડ જાગરણનું પરિણામ તેનાં નેત્રોમાં સ્પષ્ટ દેખાતું હતું. **માણેકલાલે** તેની આંખોમાંની લાલાશને જોઇને સવાલ કર્યો કે "ગુલાબ! આજે તમારી આંખો આટલી બધી લાલ થએલી કેમ દેખાય છે વારૂ ?"

" લાલાશ તો આપની આંખોમાં પણ એટલીજ જણાય છે." ગુલાબે તેજ લક્ષણ તેની આંખોમાં પણ હોવાનું જણાવ્યું.

" મારી આંખોમાં લાલાશ હોવાનું કારણ એ છે કે તમારા ગયા પછી સવારમાં ઠેઠ ચાર વાગ્યા સુધી મને ઊંઘ આવીજ નહિ; ત્યાર પછી થોડીક ઊંઘ આવી અને સાત વાગતાંમાં તો કાચી ઉંઘમાંથી જાગવું પડયું." **માણેકલાલે** ચાહેનો એક ઘુંટડો ભરીને ખુલાસો કર્યો.

" આપને તો ચાર વાગ્યા પછીયે થોડી ઊંઘ આવી પણ મારૂં તો અખંડ જાગરણમાંજ વાણું વાઇ ગયું એટલે મુઇ આંખો લાલ થાયજ તો. બિચારી કોમળ આંખોનો શો દોષ ?" ગુલાબે પોતામાટે ચાહેનો કપ તૈયાર કરતાં કરતાં નીચાં નયનોથી પોતા તરફનો પણ તેવોજ ખુલાસો આપ્યો.

એ ક્ષણેજ **ભાગીરથીએ** લાયબ્રેરીમાં પ્રવેશ કર્યો અને તેથી એ માર્મિક સંવાદ એટલેથીજ અટકી ગયો. ગુલાબે પોતામાટે તૈયાર કરેલો ચાહેનો કપ પોતાની માતાને આપ્યો

અને પોતામાટે બીજો કપ ભર્યો. ભાગીરથીએ ચાહ પીતાં પીતાં શારદા વિશેના સમાચાર પૂછ્યા અને અન્ય કેટલીક પ્રકીર્ણ ચર્ચા ચાલવા સાથે પ્રભાતની એ હોમટીપાર્ટીનો અંત આવી ગયો. મધ્યાન્હના ભોજન સમયે, ત્યાર પછી તાંબૂલ સેવનની વેળાયે અને રાત્રિના ભોજનકાળમાં તો એ દિવસે ગુલાબ માણેકલાલની સેવામાં ઉભે પગે હાજર રહી; પણ રાત્રિના ભોજન પછી આગલી રાત પ્રમાણે તે તાંબૂલ આપવામાટે તેની પાસે ગઇ નહિ. માણેકલાલે તેની અત્યંત માર્ગપ્રતીક્ષા કરી, પરંતુ તે ન જ આવી એટલે છેવટે પોતાના હાથેજ તેણે પાન બનાવીને ખાઇ લીધું એ પછી તે એક પુસ્તકના વાચનમાં નિમગ્ન થયો અને લગભગ બાર સાડાબાર વાગ્યા પછી વાંચતાં વાંચતાં જ, ગત રાત્રિનો ઉજાગરો હોવાથી, તેની આંખો મીચાઇ ગઇ અને તે ગાઢ નિદ્રાને આધીન થઇ ગયો.

* * * * *

માણેકલાલના શયનગૃહમાંના ક્લૉકમાં બે વાગ્યાના બે ટકોરા થયા. તે વાંચતાં વાંચતાં નિદ્રાવશ થએલો હોવાથી તેના ટેબલપરનો લૅમ્પ ઝળઝળાટ બળતો હતો અને તેથી શયનગૃહમાં સર્વત્ર પ્રકાશનો વિસ્તાર અબાધ્ય રહ્યો હતો. શયનમંદિરનાં દ્વાર પણ વાસ્યા વિનાનાંજ રહી ગયાં હતાં. નિર્દોષ બાળક ઈન્દુ પોતાના ન્હાના પલંગપરની મૃદુ શય્યામાં ગાઢ નિદ્રાનો આસ્વાદ લેતો પડયો હતો.

અચાનક એક શ્વેતવસ્ત્રપરિધાના પ્રમદાએ મંદ ચરણથી શયનમંદિરના દ્વારમાં પ્રવેશ કર્યો. પ્રથમ તેણે દ્વારોને વાસીને અંદરથી સાંકળ ચઢાવી અને ત્યાર પછી બંધ દ્વારને અઢેલી ઉભી રહીને



" ઉન્મત્ત મનને બહુજ મનાવું છું, પણ માનતુંજ નથી. "

પૃષ્ઠ ૬૩.

લક્ષ્મી આર્ટ, ભાયખળા, મુંબઈ.

દૂરથીજ તે દીપકના પ્રકાશમાં સ્પષ્ટ દેખાતા માણેકલાલના ચંદ્ર સમાન મનોહર મુખમંડળનું એક ધ્યાનથી નિરીક્ષણ કરવા લાગી. તેના મુખચંદ્રનું નિરીક્ષણ કરતી તે તરુણી વારંવાર નિઃશ્વાસ નાખ્યા કરતી હતી. અચાનક તેની છાતી શ્વાસથી ધકડવા લાગી અને તેના અવસાનનો અંત થતો દેખાયો. કેટલીક વાર સુધી એવી રીતે વિચારમગ્ન અવસ્થામાં રહ્યા પછી તે કંપિત ચરણથી આગળ વધી અને પલંગ પાસે આવીને પાછી અટકી ગઇ. તેની મનોરૂપ રણભૂમિમાં અનેક પ્રકારના પરસ્પર વિરુદ્ધ વિચારોના તુમુલ યુદ્ધનો આરંભ થયો. તે પોતાના મનને પૂછવા લાગી કે;—

"મારૂં આ સાહસ યોગ્ય છે ખરૂં કે? જો એમજ હોય તો પછી મારા મનમાં અત્યારે આટલી બધી ભીતિ શામાટે થાય છે અને ચરણો આગળ વધતાં શા કારણથી અટકી જાય છે? અહીં જો અત્યારે કોઇ આવી લાગે અને મને આવી ભયભીત અવસ્થામાં નિહાળે, તો તે મારા વિશે પોતાના મનમાં શું ધારે વારૂ? પરંતુ આ મનડું પણ પીટયું એવું તો ચંચળ અને નિર્લજ્જ છે કે, ભય ભીત પણ થાય છે અને આ મદનમૂર્ત્તિના અધરામૃતપાનમાટે અત્યંત આતુરતામય ઉત્કંઠા પણ બતાવ્યા કરે છે! ઉન્મત્ત મનને બહુ જ મનાવું છું, પણ માનતું જ નથી; મદોન્મત્ત થવાથી તે લજ્જા તથા વિવેકને પિછાનતું જ નથી! લોકો કહે છે કે, સ્ત્રી જો પરપુરુષના વિચાર માત્રને પણ પોતાના હૃદયમાં સ્થાન આપે કિંવા તેના શરીરને પરપુરુષનો સ્પર્શ માત્ર પણ થઇ જાય, તો પણ તે મહાપાપ છે અને એ વિચાર તથા એ સ્પર્શ માત્રથી જ સ્ત્રીના સતીત્વનો ભંગ થઇ જાય છે. તો શું હું અહીં પાપ કરવાને આવી

છું ? નહિ; કિન્તુ જે વસ્તુમાં મારું મન સંલગ્ન થએલું છે, તેને પ્રાપ્ત કરવાની આશાને જ માત્ર હું મારા હૃદયમાં ભરી લાવી છું ! હવે તે વસ્તુના નિકટમાં આવ્યા પછી પણ જો હું પોતાની આકાંક્ષાને તૃપ્ત કર્યા વિના જ પાછી જાઉં, તો પછી મારા જેવી મૂર્ખ બીજી કઇ અબળા હોઇ શકે વારૂ ? જો એમ જ થાય, તો પછી મેં જે આટલી સીમાપર્યન્તનું સાહસ કર્યું તેનું અંતિમ પરિણામ શું ? આટલી સીમાપર્યન્ત સાહસના પ્રદેશમાં આગળ વધી આવી છું તો હવે હું એમની એમ તો પાછી નથી જ જવાની; મારા મનોવિકારને હું એના અધરામૃતપાનથી આજે અવશ્ય શાંત કરવાની !..................”

તેણે ચાવી ફેરવીને વિલાયતી દીપકના પ્રકાશને પ્રથમ અત્યંત મંદ કરી નાખ્યો અને ત્યાર પછી ઈન્દુ કદાચિત્ જાગતો ન હોય એવી શંકાથી તેણે ઈન્દુના મુખ અને શરીરપર હાથ ફેરવીને તે ગાઢ નિદ્રામાં છે અને જાગી ઉઠે તેવો સંભવ નથી, એ વિશેનો પોતાનો નિશ્ચય કરી લીધો. એ પછી માણેકલાલના પલંગ પાસે આવી અત્યંત મૃદુતાથી તે તેની ઇસપર બેસી ગઇ અને તેની છાતી પરના પુસ્તકપર પડેલા હાથને પોતાના વક્ષઃસ્થળપર મૂકીને બીજા હાથથી પુસ્તકને ઊપાડીને લૅમ્પની બાજૂમાં ટેબલપર મૂકી દીધું. તેની આટલી ચેષ્ટાથી પણ માણેકલાલ જાગૃત ન થવાથી તેનો નિશ્ચય થયો કે, માણેકલાલ ગાઢ નિદ્રામાં હતો. સાહસના આરંભમાં સફળતા મળવાથી તે સફળતાએ તે તરુણીના હૃદયમાં સાહસના પ્રદેશમાં આગળ વધવાની પ્રેરણા કરી. અંતે ચંચળ મનને પોતાના અધિકારમાં ન રાખી શકવાથી તે રમણી પોતાના વદનને માણેક-

લાલના વદન પાસે લઇ ગઇ અને પ્રથમવાર તેના અધરામૃતના પાનથી પોતાના વિકારાધીન આત્માને સંતુષ્ટ કર્યો !

વિકારનો એ ધર્મ જ છે કે, જેમ જેમ સ્ત્રી કિંવા પુરુષનું મન એ વિકારના વિચારમાં વધારે અને વધારે તલ્લીન થતું જાય છે, તેમ તેમ તે સ્ત્રી કિંવા પુરુષના હૃદયમાં વિકારની વિશેષ અને વિશેષ પ્રબળતા થતી જાય છે. તેમાં પણ વળી સ્ત્રીનો સ્વભાવ પુરુષ કરતાં છગણો સાહસી હોવાથી અને તેનામાં કામવિકારનો આઠગણો અધિક નિવાસ હોવાથી સ્ત્રી પોતાની વિષયવાસનાને જીવનું જોખમ વેઠીને પણ વ્યવહારમાં યોજવાને અંધ બનીને તૈયાર થઇ જાય છે; તેના મનમાં એના ભાવિ ભયંકર પરિણામનો કશો વિચાર આવતો જ નથી. ગુલાબ, યૌવનમદમાતી અને કામાતુર ગુલાબ, ના સંબંધમાં આ નિયમ અક્ષરે અક્ષર સત્ય સિદ્ધ થયો હતો. " **कामांधो नैव पश्यति** " અર્થાત્ કામથી અંધ થએલી વ્યક્તિ બાર ગાઉમાં અંધારૂં જ દેખ્યા કરે છે, એવી જે એક કહેવતછે, તે પ્રમાણે અત્યારે કામાંધ કામિની ગુલાબને સર્વત્ર અંધકારનો પ્રસાર જ દેખાતો હતો. અત્યારે તેના આચાર, વિચાર, મુખમંડળ અને અંગચેષ્ટા આદિમાં વિલક્ષણ પરિવર્ત્તન થઇ ગયું હતુ અને તે પણ એટલી સીમા પર્યન્ત કે, જો કોઇ માર્મિક દૃષ્ટિથી જોનાર હોય તો તેના હૃદયનો ભાવ ત્વરિત તેના જાણવામાં આવી જાય. પરન્તુ ગુલાબનો પિતા રોગના યોગે શય્યાગત હોવાથી અને તેની માતાને ગમે તે કારણથી આ વિષયની વધારે પરવા ન હોવાથી નવયૌવના કુમારિકા ગુલાબને પોતાની ઇચ્છા પ્રમાણે સ્વચ્છંદતાથી વર્તવાનો અને પોતાની વિષયલાલસાને તૃપ્ત કરવાનો અત્યારે અત્યંત અનુકૂળ અને નિર્ભયતાયુક્ત અવસર આવી મળ્યો હતો. ગત રાત્રિયે માણેકલાલ

સાથે તેના શયનમંદિરમાં થએલા માર્મિક વાર્તાલાપ પછી આજની રાત તો તેને વળી આગળની રાત કરતાં પણ બહુજ વધારે દુઃખદાયિની થઇ પડી હતી. અંતે પ્રબળ મનોવિકાર સાધુવૃત્તિ વિવેકને પરાજયના શિખરપર ચઢાવવામાટે ગુલાબને તેની સુખશય્યામાંથી બળાત્કારે ઉઠાડી ચોટલો ઝાલીને માણેકલાલના શયનમંદિરમાં ઘસડી લાવ્યો.

ગુલાબની કસકસતી અને તંગ ચોળીરૂપ દુર્ગની દીવાલમાં છુપાયાલા ઉન્નત ઉરોભાગનો પોતાના ઉરોભાગને સ્પર્શ થવાથી અને તેના ચુંબનવડે પોતાનો કપોલભાગ આર્દ્ર થઇ જવાથી માણેકલાલ ઝબકીને નિદ્રામાંથી જાગૃત થયો અને ગુલાબને પોતાના પલંગપર બેઠેલી જોઇને આશ્ચર્યથી દિગ્મૂઢ જેવો બની ગયો. ભોજરાજાની રાજગણિકા વિલાસિનીએ કામવશ થઇને જેવી રીતે મધ્યનિશાના સમયમાં અભિસારિકારૂપે કવિકુલગુરુ કાલિદાસના શયનમંદિરમાં સંચાર કર્યો હતો, તેવી રીતે ગુલાબને પોતાના શયનમંદિરમાં આવેલી જોઇને માણેકલાલને તે ઐતિહાસિક ઘટનાનું સ્મરણ થઇ આવ્યું. પરંતું અહીં પ્રશ્ન માત્ર એટલોજ થાય છે કે, કાલિદાસે જે પ્રમાણે વિલાસિનીને યોગ્ય ઉપદેશ આપી તેના મનોવિકારનું નિવારણ કરી પોતાની ધર્મભગિની તરીકે પોતાના શયનમંદિરમાંથી વિદાય કરી હતી, અને વિકારપર અદ્ભુત વિજય મેળવ્યો હતો; તેવોજ વિજય માણેકલાલથી મેળવી શકાશે ખરોકે? તેના હૃદયની દઢતા કિંવા પરવશતાની પરીક્ષાનો કાળ વિદ્યમાન હોવાથી વિશેષ વિવેચનની આવશ્યકતા નથી. અસ્તુ; કેટલીકવારસુધી તો માણેકલાલના મુખમાંથી એક પણ શબ્દ બહાર નીકળી શક્યો નહિ. ત્યારપછી તેણે આશ્ચર્યચકિત ગંભીર મુદ્રા

અને ગંભીર સ્વરથી ગુલાબને પૂછ્યું કે; "આટલી મોડી રાતે તમે મારા શયનમંદિરમાં શા કારણથી અને શી ભાવનાથી આવ્યાં છો, તે કૃપા કરીને જણાવશો? શું તમારા પિતાશ્રીએ મને બોલાવ્યા છે? તેમની પ્રકૃતિમાં કાંઇ વધારે બગાડ તો નથી થઇ આવ્યો!" પ્રશ્ન પૂછતાં માણેકલાલે ચાવી ફેરવીને દીપકના પ્રકાશને પાછો કાંઇક વધારે કર્યો અને તેથી ગુલાબના મુખમંડળમાં થતાં પરિવર્તન આદિને તે સ્પષ્ટતાથી જોઇ શકયો.

માણેકલાલના ઉપર્યુકત પ્રશ્નને સાંભળતાંજ ગોરી ગુલાબના ગુલાબી ગાલોમાં કૃષ્ણતાની છટા વ્યાપી ગઇ અને તેનાં નેત્રોમાંથી અશ્રુની પ્રબળ ધારાનું વહન થવા લાગ્યું. થોડી વાર પછી તે પોતાના પાલવથી આંસુને લૂછી મંદ સ્વરથી બોલી કે; "માણેકલાલ! આપ પોતાને વિદ્વાન અને રસિક પુરુષના નામથી ઓળખાવો છો અને આટલી મોડી રાતે એક નવયૌવના નારીના પોતાના શયનમંદિરમાં થએલા આગમનના કારણને જાણી નથી શકતા, એ કેવળ મારા દુર્ભાગ્યનુંજ પરિણામ છે. એક લજજાલુ લલના આના કરતાં વિશેષ શું બોલી શકે વારૂ? આપના પ્રશ્નનું માત્ર એજ ઉતર છે કે, 'अरसिकेषु कवित्वनिवेदनं शिरसि मा लिख मा लिख मा लिख!') 'હે વિધાતા! અરસિક જનોપ્રતિ કવિત્વનિવેદનનો પ્રસંગ તું મારા ભાગ્યમાં કદાપિ લખીશ નહિ!"

એ એક જ વાકયનું માણેકલાલના હૃદયમાં ગુલાબે ઇચ્છેલું પરિણામ થઇ ગયું અને જેવા રીતે મેનકાના બુદ્ધિવાદે પ્રચંડ તપસ્વી ઋષિ વિશ્વામિત્રને યોગભ્રષ્ટ કરી નાખ્યો હતો, તેજ પ્રમાણે ગુલાબના માર્મિક વચનબાણે માણેકલાલના અખંડ શુદ્ધ જીવનને ખંડયુક્ત કિંવા છિદ્રાન્વિત કરી નાખ્યું.

* * * * * *

મહાકવિ શેક્સપીયર પોતાના 'હૅમ્લેટ' નાટકમાં એક સ્થળે લખે છે કેઃ—"Frailty, thy name is woman!' ('હે ચલબુદ્ધિ! તારૂં નામ જ લલના છે!') મિસિસ કાઉલી પણ એવો જ અભિપ્રાય દર્શાવે છે કેઃ—"" But what is woman? only one of Nature's agreeable blunders" ('સ્ત્રી પ્રકૃતિના અનેક મનોગમતા કિંવા સુંદર પ્રમાદોમાંનો એક પ્રમાદ નહિ તો બીજું શું છે વારૂ?'). ભારતીય નીતિવિશારદો પણ એવો જ અભિપ્રાય આપી ગયા છે કે, સ્ત્રીનું મન વિશ્વાસપાત્ર નથી; અને 'સ્ત્રી રહે તો આપથી અને જાય તો સગા બાપથી' ઇત્યાદિ કહેવતો તો સર્વના મુખમાં રમી રહેલી છે એટલે એ વિશે વિશેષ વિસ્તારથી વિવેચન કરવાની અગત્ય નથી. અર્થાત્ યોગીશ્વર મહાદેવ અને વિશ્વામિત્ર જેવા સંસારત્યાગી પ્રચંડ ઋષીશ્વરોનાં દૃઢ મનોને ચળાવવામાં પણ સુંદર સ્ત્રીના પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા નથી, તો માણેકલાલ જેવા એક સાધારણ અને અપરિપક્વ બુદ્ધિના તરુણ પુરુષના મનને ચળાવવામાં ગુલાબ જેવી નવયૌવના સુંદરીએ વિજય મેળવ્યો હોય તો તેમાં વિશેષ આશ્ચર્ય જેવું કાંઇ પણ નથી. હા, જો ગુલાબનો એ પ્રયત્ન સર્વથા નિષ્ફળ જ નીવડ્યો હોત, તો તે અવશ્ય આશ્ચર્યકારક ઘટના થએલી કહી શકાત.

પરંતુ અહીં પ્રશ્ન એ થાય છે કે, આજકાલની કેટલીક કુમારિકાઓ પણ પોતાની નૈસર્ગિક લજ્જાને ત્યાગીને મન્મથની ઉપાસનાના આવા નિર્લજ્જતામય માર્ગમાં ચાલવા માંડે છે અને તે પણ વળી કેવળ પોતાની જ ઇચ્છાથી, તેનું કારણ શું હોવું જોઇએ? નવયૌવના થવા છતાં પણ એક કે બીજા કારણથી પુત્રીઓને પરણાવવી નહિ અને કુમારિકા અવસ્થામાં જ રાખી મૂકવી, એનું જ એ અનિષ્ટ

પરિણામ છે. જે જાતિઓમાં બાળાઓને કેટલીક અનિષ્ટ સામાજિક રૂઢિના કારણથી યોગ્ય સમયે પતિસમાગમનો લાભ મળી શકતો નથી, તે જાતિની કુમારિકામાં આવી નિર્લજ્જતાનો સંચાર વિશેષ પ્રમાણમાં જોવામાં આવે છે, તેનું કારણ પણ એજ છે. કારણ કે, યોગ્ય સમયે નિઃસર્ગદેવતા પોતાના વેગને મુક્ત કર્યા વિના રહેતી નથી અને તેના વેગને બળાત્કારે કિંવા અન્યકારણવશાત્ અટકાવવાના જેટલા પ્રયત્ન કરવામાં આવ્યા છે, તે સર્વથા વ્યર્થ થયા છે, થાય છે અને થવાના. નવીન સુધારકો જે બાળલગ્નની સંસ્થાને અત્યંત હાનિકારક જણાવે છે અને સંમતિવયના ધારાને વ્યવહારમાં લાવવાના જીવસટોસટના પ્રયત્નો કરી રહ્યા છે; તેજ બાળલગ્ન વિશે માનવજાતિવિષયક વિજ્ઞાનના પ્રખ્યાત વિદ્વાન્ હૅવલૉક એલિસ પોતાના "Studies in the Psychology of Sex" નામક પ્રચંડ ગ્રંથના છઠ્ઠા ભાગમાં વેશ્યાવૃત્તિના પ્રકરણમાં જણાવે છે કે;— "Prostitution tends to arise, as Schurtz has pointed out, in every society in which early marriage is difficult and intercourse outside marriage is socially disapproved." (શર્ટ્ઝના અભિપ્રાય પ્રમાણે જે સમાજમાં બાળલગ્ન અશક્ય છે અને સમાજના નિયમ પ્રમાણે લગ્ન વિનાનો સ્ત્રીપુરુષનો સમાગમ નિંદ્ય મનાય છે, તે સમાજમાં અવશ્ય વ્યભિચાર ફાટી નીકળે છે.') બાળલગ્નમાં કેટલાક અપાયો રહેલા છે, એમ કદાચિત્ સ્વીકારી પણ લઇએ, તોપણ બાળલગ્નમાં ધર્મ, નીતિ અને અવ્યભિચાર આદિની જેટલી સુરક્ષિતતા છે, તેટલી તે પ્રૌઢલગ્નમાં નથી, એ તો બાળલગ્નના વિરોધીઓ પણ સ્વીકારશેજ. અર્થાત્ બાળલગ્નના પ્રચારક આપણા પૂર્વજો સર્વથા

બુદ્ધિહીન હતા, એમ બોલવું તે કેવળ આપણી પોતાની જ બુદ્ધિહીનતા, મૂર્ખતા અને અજ્ઞાનશીલતાને સિદ્ધ કરી બતાવે છે. અમુક પ્રકારના ધાર્મિક, નૈતિક અને સામાજિક લાભની શક્યતા વિના તો તેમણે બાળલગ્નને અનુમોદન નહિજ આપ્યું હોય. આજે આપણા સમાજની જે કાંઇ પણ વિશુદ્ધતા અને પવિત્રતા જળવાયલી છે, તે કેવળ બાળલગ્નના પ્રચાર અને સંમતિલગ્ન કિંવા પ્રીતલગ્નની રૂઢિના અભાવનું જ મધુર પરિણામ છે. અમારો અભિપ્રાય એવો છે કે, બાળલગ્નમાં જે હાનિકારક તત્ત્વો રહેલાં હોય તેમને નષ્ટ કરવાં, પણ બાળલગ્નનું નિકંદન તો ન જ કરવું—અર્થાત્ ઘોડીયામાં રમતાં બાળકોને ઢીંગલા ઢીંગલી પ્રમાણે પરણાવી દેવાં, એવો મારા વિધાનનો આશય નથી; કિન્તુ યુવક અને યુવતીની સંજ્ઞાને પ્રાપ્ત થવા પૂર્વેજ કોઇ પણ પ્રકારે બાળક અને બાળાઓનો લગ્નવિધિ થઇ જવો જ જોઇએ, નહિ તો ત્યારપછીના અનિષ્ટ પરિણામના ઉત્તરદાતા આપણે જ છીએ; અસ્તુ.

* * * * * *

લગભગ સાડાચાર વાગે ગુલાબે માણેકલાલના શયનમંદિરનો ત્યાગ કર્યો અને તે પોતાના શયનમંદિરમાં આવી. એ વેળાયે તેની માતા ઉષઃકાળની મધુર નિદ્રામાં પડેલી દેખાઇ અને તેથી મનમાં એક પ્રકારની નિશ્ચિન્તતા થતાં તે પણ નીરાંતે પોતાની શય્યામાં પડી અને તત્કાળ નિદ્રાવશ થઇ ગઇ.

ગુલાબ પ્રભાત થતાં નિદ્રામાંથી જાગૃત અવસ્થામાં આવી અને ખરેખર નિદ્રા અને જાગૃતિમાં જેટલો ભેદ રહેલો હોય છે, તેટલોજ ગઇ કાલની અને આજની ગુલાબમાં ભેદ થઇ ગયો હતો, એમ ક-

હેવામાં લેશ માત્ર પણ અતિશયોક્તિ થવાનો સંભવ નથી. સ્વપ્નયુક્ત નિદ્રાના અપવાદને બાદ કરીએ તો નિદ્રા સર્વથા શાંતિમયી અને વિકારહીન હોય છે; અને જાગૃતિ સંસારના અનેક પ્રકારના ચિન્તા, શોક અને હર્ષ આદિ વિકારોને ખેંચી લાવનારી હોવાથી વિકારયુક્ત મનાય છે. અર્થાત્ નિર્વિકાર કુમારિકાને નિર્વિકાર નિદ્રાની અને સવિકાર નવયૌવના કિંવા વિકારને આધીન થએલી કુમારિકાને જાગૃતિની ઉપમા આપીએ તો તે યોગ્ય જ કહેવાશે. અર્થાત્ આગલા દિવસની ગુલાબ અને આજની ગુલાબમાં ભેદ એટલોજ હતો કે, પોતાના જે સતીત્વ અને પાવિત્ર્યના સંરક્ષણમાટે પૂર્વકાળમાં આપણી અનંત આર્ય અબળાઓ જીવતીજ ચિતામાં બળીને પોતાના પરમપ્રિય પ્રાણની આહુતિ આપી કીર્ત્તિ તથા નામનાને અનંતકાળ પર્યન્ત આ અવનીતલમાં અમર રાખવાનો યત્ન આદરતી હતી; તેજ પોતાના પરમ પાવિત્ર્યનો–પોતાના દુર્લભ કૌમારવ્રતનો–કામવિલાસના ક્ષણભંગુર સુખની મિથ્યા લાલસામાં લપટાઇને ગુલાબે પોતાની ઇચ્છાથી જ ભોગ આપી દીધો હતો. તેની વિશુદ્ધતા અને પવિત્રતાનો ક્ષય થયો હતો અને તેથી તેનો અત્યાર સુધીનો સર્વથા નિર્ભય આત્મા ભયયુક્ત અને શંકાશીલ થયો હતો. તેના જીવનચારિત્ર્યમાં ગત નિશાએ એવો તો અનિવાર્ય કૃષ્ણકલંક લગાડી દીધો હતો કે, જેનું ત્રિલોકમાં પણ ક્ષાલન થવું અશક્ય હતું. તેણે પોતાનું એક એવું અમૂલ્ય રત્ન ખોઇ દીધું હતુ કે, અનંત અવતારોને ધારણ કરી લક્ષાવધિ વર્ષ પર્યન્ત ઉગ્ર તપશ્ચર્યાનો પ્રચંડ પરિશ્રમ કરવાથી પણ તે રત્નની પુનઃ પ્રાપ્તિની આશા આકાશપુષ્પ સમાન હતી. ખોવાયલી અન્ય સર્વ વસ્તુઓ પાછી મળી શકે છે, પણ નથી મળી શકતી માત્ર પવિત્રતા અને નિષ્કલંકતા!

એ નિયમનું ઉન્માદે તેને વિસ્મરણ કરાવી દીધું અને તેની પવિત્રતાની ભ્રષ્ટતાના યજ્ઞમાં આહુતિ અપાઈ ગઇ!

અને **માણેકલાલ**? **માણેકલાલ** પણ કાલનો બીજો હતો અને આજનો બીજો. ગઇ કાલનો **માણેકલાલ** તે પ્રણયશીલ, એક-પત્નીવ્રતધારી અને મનસાવાચાકર્મણા વિશુદ્ધ **માણેકલાલ** હતો; અને આજનો **માણેકલાલ** તે વિકારશીલ, વ્યભિચારી અને મનસા-વાચાકર્મણા અશુદ્ધ **માણેકલાલ** હતો. એટલો કાલના અને આ-જના **માણેકલાલમાં** ભેદ હતો. જેના માટે શારદાએ સદાને માટે પોતાના પિતૃગૃહનો ત્યાગ કર્યો હતો, જેના પ્રેમમાટે તે પોતાના પિતાના કોપ તથા તિરસ્કારને પાત્ર થઈ હતી, જેના સ્નેહને જ તે અગાધ સુખભંડાર તથા સંસારનો સાર માનતી હતી અને જેના વિશુદ્ધ વર્ત્તનમાં તેનો સંપૂર્ણ વિશ્વાસ હતો; તે **શારદાના** વિશ્વા-સનો અપવિત્ર મનોવિકારને વશ થઇ **માણેકલાલે** મહાનિર્દયતાથી ઘાત કરી નાખ્યો હતો. પોતાના ધર્મ અને વિવેકથી ચ્યુત થતાં પાપાલયની અધોગામિની નિઃસરણીના પ્રથમ સોપાનપર તેનાં ચરણો જઈ પડયાં અથવા તો વિવેકભ્રષ્ટના વિનિપાતનો આ આ-રંભ હતો. એમ કહેવામાં પણ કશો પ્રત્યવાય આવે તેમ નથી. ભોળી **શારદાને** પોતાની ગેરહાજરીમાં આવું ભયંકર પરિણામ થ-વાની કિંચિન્માત્ર પણ શંકા કે કલ્પના આવી હોત તો તે પોતાના પતિને એકલો મૂકીને કરાચી સુધીના દૂરના પ્રવાસે જાત ખરી કે? કદાપિ નહિ. પરન્તુ ભાવિને કોઇ પણ મિથ્યા કરી શકતું નથી, એનું આ પણ અનેક ઉદાહરણોમાંનું એક પ્રત્યક્ષ ઉદાહરણ છે. પત્ની પતિની અર્ધાંગના હોવાથી ભવિષ્યમાં પતિના આ પાપકર્મનું પરિ-

આમ બિચારી નિર્દોષ શારદાને પણ ભોગવવું પડયું; અને તે કેવી રીતે, એ આપણે આગળ જતાં જોઇશું.

*   *   *   *

લજ્જા અને મર્યાદાના પટનું છેદન થઇ જવાથી માણેકલાલ અને ગુલાબ પોતાના પ્રેમવ્યવસાયમાં આગળ અને આગળ વધતાં ગયાં. નિત્ય એક બીજાના સતત સમાગમમાં આવવાથી તેમની પરસ્પર વિશેષ અને વિશેષ સંલગ્નતા થતી ગઇ. જે શારદા વિના બે દિવસ પૂર્વે માણેકલાલને પોતાનું શયનમંદિર સ્મશાન સમાન ભાસતું હતું, તેજ શારદાના આગમનની કલ્પના હવે તેને કંટક સમાન દેખાવા લાગી. 'જો તે આવશે, તો મનોહારિણી અને મદનોન્મત્ત ગુલાબસાથેના વિલાસસુખનો અવસર હસ્તમાંથી ચાલ્યો જશે. એટલા માટે જો તે બે મહિના કરાચીમાં જ રહી જાય તો વધારે સારૂં!' આવા પ્રકારની ભાવનાઓએ તેના અંતઃકરણમાં સંચાર કરવા માંડયો. ગુલાબની પણ એવી જ મનીષા હતી કે, હાલ તરત શારદા પાછી મુંબઇ ન આવે, તો સારૂં; નહિ તો મારો સઘળો લ્હાવો લૂટાઇ જશે!' માત્ર નિર્દોષ અને નિર્વિકાર બાળક ઇન્દુ નિત્ય પોતાની વ્હાલી માતાનું સ્મરણ કર્યા કરતો હતો અને પોતાના પિતાને તથા ગુલાબ આદિને "મારાં માતાજી ક્યારે પધારશે?" ઇત્યાદિ પ્રશ્નો પૂછ્યા કરતો હતો. એક દિવસ તેના એવા પ્રશ્નના ઉત્તરમાં ગુલાબે જણાવ્યું કે:—"બેટા ઈન્દુ! હું તારી મા થાઉં તો તને ગમું ખરી કે નહિ?" એમ કહીને ગુલાબે તેના ગાલપર મીઠું ચુંબન પણ કર્યું.

"આવી રૂપાળી મા કોને ન ગમે વારૂ? પણ હા, જુઓ,

મારી શારદા ગા મને બેટા કહીને બોલાવતાં હતાં, એટલે મને તમે પણ જો આજની પેઠે બેટા કહીને બોલાવશો, તો હું પણ તમને મા કહીને બોલાવીશ." નિષ્કપટભાવની સાક્ષાત્ પ્રતિમા ઈન્દુએ સરળ ઉત્તર આપ્યું.

"વારૂ ત્યારે હવે હું તને રોજ બેટા કહીને જ બોલાવીશ અને તું મને મા કહીને બોલાવજે, હોં." ગુલાબે તેને એમ કહીને બીજી વાર વ્હાલથી ચુંબન કર્યું.

"કેમ ગુલાબ ! લગ્નની ઘટના અદ્યાપિ ભાવિના ગર્ભમાં છે અને અત્યારથી જ માતા થવાનું મન થાય છે કે ? અને તે પણ વળી ઈન્દુની મા, કેમ ?" પાછળ ઊભેલી ભાગીરથીએ પોતાની પુત્રીને ભયંકર પ્રશ્ન પૂછ્યો. તેના આ શબ્દો શ્રવણોમાં આવી અથડાતાં ગુલાબ શર્માઇ ગઇ અને તેથી નીચું જોઇને ભોંય કોતરવા લાગી.

ગુલાબ ઇન્દુ સાથે વિનોદ કરતી હતી તે વેળાયે તેની ચેષ્ટાને જોતી તેની માતા ભાગીરથી આવીને તેની પાછળ ઉભી રહી હતી, પણ એની ગુલાબને કશી શુદ્ધિ નહોતી. એ ક્ષણેજ માણેકલાલ પણ બહારથી આવી લાગ્યો અને તેને જોઇ કિંચિત્ સ્મિત કરીને ગુલાબ ત્યાંથી વીજળીના ઝબકારાની પેઠે અદૃશ્ય થઇ ગઇ. માણેકલાલના મુખમંડળમાં પણ સ્મિતની છટાનો અલક્ષ્ય આવિર્ભાવ થયો, પણ ભાગીરથી ત્યાં હાજર હોવાથી સ્મિતની એ છટાને તેણે વ્યક્ત થવા ન દીધી. છેલ્લા ત્રણ ચાર દિવસથી જ્યારે માણેકલાલની હાજરી હોય ત્યારના ગુલાબના વર્તનમાં

કેટલુંક પરિવર્ત્તન થએલું દેખાતું હતું. તે માણેકલાલને જોઇને ઘણીક વાર શર્માઇ જતી હતી અને વસ્ત્રસંકોચ આદિ ભાવો દર્શાવતી હતી. એ સર્વ ચેષ્ટાઓ જમાનાની ખાધેલી ભાગીરથીના ધ્યાનમાં તો હતીજ એને તેમાં વળી ગુલાબની આજની વિલક્ષણ ઉદ્દગારમયી તથા વિલક્ષણ ભાવમયી ઘટના તેના જોવામાં આવી. સ્ત્રીનું હૃદય શંકાશીલ તો હોય છે જ અને તેમાં પણ વળી ભાગીરથી જેવી ચાલાક ચપળાનું હૃદય આટલી અને આવી ચેષ્ટાઓને પ્રત્યક્ષ નિહાળવા છતાં શંકાશીલ ન થાય, એ કદાપિ સંભવે જ નહિ. ભાગીરથીના અંતઃકરણમાં પોતાની નવયૌવના પુત્રીના વર્ત્તન વિશે સંપૂર્ણ સંશયનો સંચાર થયો અને તેથી તેણે પોતાના મનમાં તેની સઘળી હીલચાલપર તેના જાણવામાં ન આવી શકે તેવા પ્રકારે બરાબર નજર રાખવાનો ગુપ્ત નિશ્ચય કરી લીધો. તે મનોગત કહેવા લાગી કે;—"ગુલાબ અને માણેકલાલ! તમે કદાચિત્ પ્રેમમુગ્ધ તો થયાં હશો જ; પરંતુ અદ્યાપિ આ સંસારના છળપ્રપંચોની કળાથી તમો બન્ને સર્વથા અજ્ઞાત છો. જો મારી ધારણા સફળ થશે, તો હું તમો બન્નેને શીખવીશ કે, છળપ્રપંચની બાજીથી દુનિયાદારીનો દાવ આવી રીતે જીતાય છે! અને નજરમાં નાખેલા શિકારને આવી ચાલાકીથી પોતાના જાળમાં ફસાવી શકાય છે!! તમો બન્ને હજી પૂરાં બાજીગર નથી અને તેથી જ તમારી પ્રેમચેષ્ટાઓ આટલી શીઘ્રતાથી મારા જાણવામાં આવી ગઈ; અને એ એક રીતે સારૂં જ થયું છે. જો તમે પૂરાં બાજીગર અને ચાલાક હોત, તો તમારો ભેદ અંત પર્યન્ત મારા જાણવામાં આવી શકત નહિ અને તેથી મારો જે ગુપ્ત મનોરથ છે, તેની સિદ્ધિનો સમય આટલો નિકટમાં આવત નહિ. હવે મારો મનોરથ સત્વર સિદ્ધ થવાનો જ

એ વિશે સંશય છે જ નહિ. આ ગુલાબ અને માણેકલાલનો પ્રેમ-સંબંધ નથી, પરંતુ ભાગીરથીના મનોરથની સિદ્ધિનો મંગલકારક આરંભ છે. બસ હવે માણેકલાલ ભાગીરથીનો શિકાર અને પાસા પોબાર-પુત્રીની આ લીલાથી ભયભીત થવાનું કાંઇ પણ કારણ નથી; કારણ કે,

"ભયભીત થાતાં તે જ જેને કપટનો પરિચય નથી;
આરંભ સારો હોય તો પરિણામનો કૈં ભય નથી!"

આવા પ્રકારના વિચાર કરતી ભાગીરથી પોતાના ઓરડામાં ચાલી ગઇ અને નિત્ય પ્રમાણે પોતાના કાર્યમાં જાણે કાંઇ પણ જાણતી જ ન હોય ને! તેવી રીતે પ્રવૃત્ત થઇ ગઇ. ગુલાબને તેણે કાંઇ પણ કહ્યું નહિ અને પોતાના સંશયનો તેને ભાસ થાય એવું પોતાના વર્ત્તનમાં લેશ માત્ર પણ પરિવર્ત્તન થવા દીધું નહિ.

પ્રકરણ ૬ ઠું.

કપિંજલાની કર્મકથા.

હવે જે કપિંજલાના બોલાવ્યાથી શારદા તત્કાળ કરાચી ગઇ હતી, જે કપિંજલાના સ્નેહે શારદાના હૃદયનું આટલી સીમા પર્યન્ત આકર્ષણ કર્યું હતું તે કપિંજલા અને તેના કૌટુંબિક જનો સાથે અમે વાચકોનો કિંચિત પરિચય કરાવીશું.

માણેકલાલ અને ગોવિન્દલાલની જ જ્ઞાતિનો મંગળદાસ નામનો એક ગૃહસ્થ મુંબઇના એક નામાંકિત સૉલિસિડરની ઑફિસમાં મેને-

જીંગ ક્લાર્ક હતો. તેને પગાર તો દોઢસો રૂપીયાનો જ મળતો હતો, પણ બીજી કેટલીક ખાનગી આવક હોવાથી ત્રણસેં ચારસેંની દર મહિને તેની કમાણી હતી. તે પોતે જેમ કૃપણ નહોતો તેમ ઉડાઉ પણ નહોતો અને તેથી સુખી જીવન વીતાડવા છતાં પણ બેંકમાં તેણે રૂપિયા દશ બાર હજાર અનામત તરીકે રાખ્યા હતા. તેને સુનંદા અને કપિંજલા નામની બે પુત્રીઓ હતી. સુનંદાને તેણે મુંબઇમાંજ પરણાવી હતી, પણ પરણ્યા પછી બે વર્ષમાંજ તેની સાસુ, તેના સસરા અને તેના પતિ, ત્રણેનો સ્વર્ગવાસ થઈ ગયો, તે વિધવા થઇ અને તે સાથે કુટુંબમાં બીજું કોઇ ન હોવાથી રૂપિયા દોઢ બે લાખની સસરાના સંપત્તિની સ્વતંત્ર સ્વામિની પણ થઇ હતી.

સુનંદાને માત્ર ગુજરાતી શિક્ષણ આપવામાં આવ્યું હતું; પણ કપિંજલામાં તેનાં માતાપિતાનો વિશેષ વાત્સલ્યભાવ હોવાથી તેને અંગ્રેજી ભણાવવામાં પણ તેમણે સારો પરિશ્રમ લીધો હતો. કપિંજલાએ મેટ્રીકની પરીક્ષા પસાર કરી અને ત્યાર પછી તેના લગ્નની વ્યવસ્થા થવાથી અભ્યાસમાં તેનાથી આગળ વધી શકાયું નહિ. મુંબઇમાં શારદા અને કપિંજલા અંગ્રેજી ફર્સ્ટ સ્ટેન્ડર્ડથી સ્કૂલમાં સાથે હતી તે મેટ્રીક્યુલેશનની પરીક્ષા સુધી સાથેજ ભણતી હતી. એથી તેમનો એટલો બધો ગાઢ સંબંધ અને મૈત્રીભાવ થઇ ગયો હતો કે એક બીજામાટે તેઓ પોતાના પ્રાણ આપવાને તૈયાર રહેતી હતી. કપિંજલાનો શારદાસાથે જેટલો સ્નેહસંબંધ હતો, તેટલો પોતાની માની જણી સગી બ્હેન સુનંદા સાથે પણ સ્નેહ નહોતો.

ઇ. સ. ૧૮૩૯ના ફેબ્રુઆરી માસની ૩ જી તારીખે અંગ્રેજ સરકારે સિંધના મીરો પાસેથી કરાચી બંદરનો કબ્જો લઇ લીધો અને ત્યાર પછી કરાચીને વ્યાપારના વિષયમાં મહત્ત્વ મળવાથી

કચ્છ, કાઠિયાવાડ તથા ગુજરાત આદિ દેશોના જે કેટલાક સાહસી લોકો ત્યાં જઇ વસવા લાગ્યા, તેમનામાંનો જ સૂરતનો નિવાસી હરજીવનદાસ પણ એક હતો. હરજીવનદાસ પોતાની વીસ વર્ષની અવસ્થામાં ઇ. સ. ૧૮૪૨માં કરાચી ગયો હતો. તે કાળમાં કરાચી એક ગામડા જેવું હતું, અને જમીન પાણીના મૂલ્યે અપાતી હતી; કારણ કે, એ ગામને સિંધની રાજધાની બનાવવાનો સરકારનો વિચાર હોવાથી સારા સારા લોકોને સરકાર તરફથી જેમ બને તેમ કરાચીમાં સ્થાયિ કરવાના જ પ્રયત્નો ચાલતા હતા. કરાચી આગળ જતાં હિન્દુસ્તાનના સારાંમાં સારાં બંદરોમાંનું એક થઇ પડશે અને વસતિ વધવા માંડશે તે વેળાયે જમીન સોનાના ભાવે વેચાશે, એ કલ્પનાનો ચાલાક હરજીવનદાસના મનમાં સંચાર થયો અને તેથી તેણે કેટલીક જમીન ખરીદવા માંડી. લગભગ બે ચાર વર્ષમાં એક લાખ વાર જેટલી જમીનનો તે માલિક થઇ ગયો. ઇ. સ. ૧૮૮૦માં તે પોતાના બે પુત્ર, એક પુત્રી અને પોતાની વિધવા આદિ કૌટુંબિક જનોને શોકસાગરમાં ડુબાવી ૫૮ વર્ષની અવસ્થા ભોગવી સ્વર્ગવાસી થયો, તે વેળાયે કરાચીના બંદરની મુંબઇ, કલકત્તા અને મદ્રાસ આદિ બંદરો સાથે સરખામણી થવા લાગી હતી, કરાચીને સિંધની રાજધાનીની પદવી પ્રાપ્ત થઇ હતી, મનુષ્યવસતિ બહુજ વધવા માંડી હતી અને પંજાબ તથા સિંધમાં ઉત્પન્ન થતી વસ્તુઓ કરાચીથીજ વ્હાણો તથા સ્ટીમરોમાં બીજા દેશોમાં જવા લાગ્યાથી કરાચીનો વ્યાપાર પણ ઘણો જ વધી ગયો હતો. એ સર્વ કારણોથી જમીનના ભાવોમાં વધારો થવાથી હરજીવનદાસની સ્થાવર મિલ્કત લાખોની અંકાતી હતી. પિતાના મરણ પછી બે ભાઇ જુદા થયા અને મિલ્કતના બે ભાગ પડયા. બે ભાઇમાંનો ન્હાનો ભાઇ મૂળજી કુચ્છંદી

અને ઉડાઉ નીકળ્યો અને તેણે કેટલીક મિલ્કત દુરાચારમાં અને દુર્વ્યસનમાં ઉડાવી દીધી, તો પણ ઈ. સ. ૧૮૯૬માં ચાળીશ વર્ષની અવસ્થામાં તેનો સ્વર્ગવાસ થયો તે વેળાયે દોઢ બે લાખની મિલ્કત પોતાના એકના એક પુત્રમાટે તે મૂકતો ગયો હતો. મૂળજીની વિધવા સુશીલ અને વિચારશીલ હોવાથી જે ભાડું વગેરે આવતું હતું તેમાંજ સંતોષ માનીને તેણે પોતાના પુત્રને બીજા કોઇ વ્યાપાર આદિના સાહસમાં પડવા ન દીધો. મૂળજીના એ પુત્રનું નામ પ્રાણલાલ અને એ જ કપિંજલાનો પતિ. કપિંજલા પરણીને કરાચી આવી હતી અને પતિના સમાગમમાં પોતાનો કાળ આનંદમાં વીતાડતી હતી; તેનો પતિ પણ સુશિક્ષિત અને વિનીત સ્વભાવનો હોવાથી તે પોતાના સદ્‌ભાગ્યની સીમા માનતી હતી. કપિંજલાના લગ્ન પછી તેની માતાએ મુંબઇમાં એક પુત્રને જન્મ આપ્યો અને ત્યાર પછી અલ્પ સમયમાં જ સૂતિકારોગનો ભોગ થઇને તે બિચારી સ્વર્ગમાં પ્રયાણ કરી ગઇ. પોતાના છ મહિનાના અર્ભક બંધુને કરાચીમાં લાવી તેને ઉછેરવાનું કાર્ય તેણે જ પોતાના માથાપર ઉપાડી લીધું. એવામાં તેનો પતિ માંદો પડયો અને તે માંદગી બહુ વધી જવાથી મરવાની અણીપર આવી લાગ્યો.

કપિંજલાની વિધવા ભગિની સુનંદા પણ આજે છ માસથી કોણ જાણે શા કારણવશાત્ કરાચીમાં આવીને રહી હતી. કરાચીમાં પ્રાણલાલનો જો કે આજ કાલની નવી ફેશન પ્રમાણે બંધાવેલો બંગલો ન હોતો, પરંતુ ગાડીખાતામાં તેની જે જગ્યા હતી તે જૂની ઢબની બાંધણીની હોવા છતાં વિશાળ અને બધી જાતની સગવડવાળી હતી. જગ્યા ખુલ્લી હોવાથી હવા અને ઉજાસની જરા પણ ખામી

નહોતી અને તેમાં બધો નવી ફેશનનો સામાન વસાવવામાં આવ્યો હતો. **માણેકલાલ** પ્રમાણે **પ્રાણલાલ** પણ વિદ્યાવિલાસી હોવાથી તેણે પણ એક ઓરડો ખાસ લાયબ્રેરીમાટે જ રાખ્યો હતો અને તે જોઇને **શારદાને** બહુજ આનંદ થયો. **પ્રાણલાલ** જેમ કપિંજલાનો પતિ હતો તેમ તે **શારદાનો** પિત્રાઇ થતો હતો અને એ વળી **શારદાના** કરાચીમાંના આગમનનું એક બીજું કારણ હતું. **સુનંદા** કરાચી બેક વર્ષ રહેવાના વિચારથી આવેલી હોવાથી પોતાનો કેટલોક સરસામાન અને ભટ તથા ઘાટી વગેરેને પણ મુંબઇથી સાથે લેતી આવી હતી. તેનો ભાડાની જુદી જગ્યા રાખીને રહેવાનો મનોભાવ હતો, પણ **પ્રાણુ**લાલ તથા તેની માતાએ આગ્રહ કરીને તેને ત્રણ ઓરડા કાઢી આપ્યા અને તેથી તે ત્યાંજ રહી. જો કે તે ખર્ચ બધો પોતાનો જ કરતી હતી; અને તેનું રસોડું પણ જુદુંજ હતું. પશ્ચિમાભિમુખ ખૂણાનો ઓરડો **સુનંદાનો** હતો અને તેની બાજૂનો આગળના ભાગમાંનો તથા એક પાછળનો મળીને બે ઓરડા **શારદાને** આપવામાં આવ્યા. કારણ કે, **પ્રાણલાલની** એ ઇમારતનો ઉપરનો બધો ભાગ ઘર તરીકે વપરાતો હતો. **શારદાનો** તાર મળ્યો ત્યારથીજ કપિંજલાએ તેના ઓરડામાં બધી જાતની વ્યવસ્થા કરી રાખેલી હોવાથી **શારદાએ** જ્યારે તે ઓરડામાં પ્રવેશ કર્યો ત્યારે જાણે તે પોતાના મુંબઇમાંના બંગલાના ખાનગી ઓરડામાંજ હોયની, એવો તેને ભાસ થવા લાગ્યો. તે સાંઝે છ વાગે ટ્રેનમાંથી કરાચી સિટિસ્ટેશનપર ઉતરી. કપિંજલા અને **સુનંદા** ગાડી લઇને સ્ટેશનપર સ્હામી આવી હતી. ઘેર આવ્યા પછી ૪૮ કલાકના અખંડ પ્રવાસથી કંટાળી અને અકળાઇ ગએલી **શારદાએ** સ્નાન કરીને વસ્ત્ર બદલી નાખ્યાં અને ચાહ તૈયાર હતી તે પીને જરા ટટાર થઇ. ત્યાર પછી જમવાનો વખત

થયો. જમીને તે પાછી પોતાના ઓરડામાં આવીને બેઠી. તે આવી ત્યારે પ્રાણલાલ નિદ્રાવશ હતો અને તેને નિદ્રામાંથી જગાડવાની કે તેની પાસે વધારે આવજાવ કરવાની ડૉકટરની મનાઈ હોવાથી અને એ વાર્ત્તા કપિંજલાના મુખથી પોતાના જાણવામાં આવવાથી શારદા પ્રાણલાલની પ્રકૃતિના સમાચાર પૂછવાને ઉપર ગઈ નહિ.

ઘરમાં ઇશ્વરની કૃપાથી સર્વ પ્રકારનાં સાધનોની વિપુલતા હોવાથી નોકર ચાકર હતાં, છતાં કપિંજલાની જૂના વિચારની સાસૂ રાંધવાનું કામ પોતે જ કરતી હતી અને તેથી કપિંજલાને પણ તે કાર્યમાં ભાગ લેવાની ફરજ પડવાથી ધીમે ધીમે હવે તેણે જ એ કાર્ય ઉપાડી લીધું હતું. કપિંજલાની સાસૂ વારંવાર કહેતી કેઃ— "ભલેને ઘરમાં પૈસા હોય તેથી શું થયું ? પૈસાદારનાં બૈરાં આજકાલ પગપર પગ ચઢાવીને બેસી રહે છે અને ઘરનું કામકાજ કરવામાં નીચાઇ માને છે, એથી કાં તો તેમનાં હાડકાં હરામનાં થઈ જાય છે અને શરીર ફૂલીને બેડોળ બની જાય છે; અને કાંતો 'નવરૂં માણસ નખ્ખોદ વાળે' એ કહેવત પ્રમાણે તેમનું નવરૂં મન કોઇ આડા વિચારમાં જ ઉતરી જાય છે. ભટને ભલે પચાસ રૂપિયાનો પગાર આપો, પણ આપણે આપણા પતિ અને પુત્રને જેવી લાગણીથી રાંધીને જમાડીએ, તેવી લાગણી ભટને ન હોય તે ન જ હોય ! સ્ત્રીનો શારીરિક વ્યાયામ તે ઘરનું કામકાજ છે. 'ફલાણી આવી છે ને ઢીકડી તેવી છે' એવાં પરનિન્દાત્મક ભાષણોમાં પોતાનો અમૂલ્ય સમય વીતાડવા કરતાં તો બટકબોલાં બૈરાં ઘંટી માંડીને દળવાના અને ઘરકામના વૈતરામાં ગુંથાયલાં રહે, એ જ ખરેખર વધારે સારૂં છે. એથી એક તો ખર્ચનો બચાવ થાય અને પોતાના મુખે બીજાની નિન્દા ન થવાથી પાપ અને પાતકમાંથી પણ કેટલેક

અંશે બચી શકાય, એ ખુલ્લું જ છે.” અસ્તુ. કપિંજલા ઘરનું ચોકુંપણું પોતાના ભાગે આવેલું કામકાજ આટોપીને પોતાના હૃદય-ની ચાર વાતો કરવાના ઉદ્દેશથી—હૃદયના ભારને ઓછો કરવાના હેતુથી-શારદા પાસે આવી. શારદા તેની વાટ જોતી જ બેઠી હતી એટલે તેમની વચ્ચે નીચે પ્રમાણેના સંભાષણનો આરંભ થયો;—

“શારદા, તને જો પ્રવાસનો પરિશ્રમ થયો હોય અને નિદ્રા આવતી હોય, તો સુખેથી સૂઇ જા. આપણે નીરાંતે વળી કાલે વાતો કરીશું. જો તેમ ન હોય અને બે કલાક તારાથી બેસી શકાય તો ઘણા દિવસે મળ્યાં છીએ તો ચાર વાતો કરીને જીવને સંતોષ આપીએ.” કપિંજલાએ ઓરડામાં આવી કોચપર બેઠેલી શારદાને અનુલક્ષીને ટેબલ પાસે ઉભાં રહીને જ એ પ્રમાણેનાં વાક્યો ઉચ્ચાર્યાં.

“કપિંજલા, મને ટ્રેનમાં ઉજાગરો કરવો પડયો નથી અને તેથી અત્યારમાં જ મારી આંખો કાંઇ ઊંઘથી ઘેરાતી નથી. નીરાંતે બેસ; હું તો પ્રવાસિની છું એટલે જેટલો મને તારા સમાગમ અને સંભાષણનો અધિક પ્રસંગ મળે, તેટલો મારે અધિક લાભ જ માન-વાનો છે. પણ તારા પતિને રોગ શો છે, અને ડૉકટરનો શો અ-ભિપ્રાય છે?” શારદાએ વિવેક દર્શાવીને વાર્ત્તાલાપનું મંગળાચરણ કર્યું.

“બહેન, આજથી ચાર મહિના પહેલા એ પોતાના બે ચાર મિત્રો અને મારા કાકાજીના બે છોકરા સાથે અહીંથી છ માઇલ પર આવેલા મંગાપીરના નામથી ઓળખાતા સ્થાનમાં ફરવામાટે ગયા હતા અને ત્યાં એક રાત રહી બે વાર તેમની સાથે ભોજન કરી બીજે દિવસે સાંઝે ઘેર આવ્યા હતા. ઘેર આવીને એક કલાક પછી એમણે એક બે ઉલ્ટીઓ કરી અને પછી જે શય્યામાં પડયા તે હજી

સુધી ઉઠવા પામ્યા જ નથી. એમનું કહેવું એમ છે કે, 'બિછાનામાં પડયો રહું છું ત્યાં સુધી કાંઇક ઠીક રહે છે; પણ ઉઠીને બેઠો થાઉં છું એટલે છાતીમાં મુંઝારો થાય છે અને એવાં તો ચક્કર આવે છે કે લાચારીએ પાછું સૂઇ જ જવું પડે છે.' અનેક વૈદ્ય, હકીમ અને ડૉકટરો બદલ્યા, પણ કશો ફેરફાર થતો જ નથી. હમણાં કરાચીના સરકારી હૉસ્પિટલના મોટા ડૉકટર—સિવિલ સર્જન્-નો ઇલાજ ચાલે છે અને તેનો એવો અભિપ્રાય છે કે, એમના પેટમાં એવો કોઇ ઝેરી પદાર્થ ગએલો છે કે જે ધીમે ધીમે મનુષ્યના શરીરને કોતરી છેવટે તેને મરણ-નો માર્ગ બતાવી દે છે. બહેન, મારી સાસૂના એ એકના એક લાડકવાયા પુત્ર છે અને મારા તો એ પ્રાણ જ છે એટલે અમો બધાના જીવ મુઠ્ઠીમાં છે અને કોણ જાણે શું થશે એ વિચાર અને ચિંતાથી અમને ખાનપાન અને નિદ્રા હરામ થઇ પડ્યાં છે." કપિંજલાએ પોતાનો વૃત્તાંત કહી સંભળાવ્યો.

"તું ન કહે, તોપણ તારી એ ચિંતાનાં ચિન્હો તારા શરીરમાં પણ દેખાઇ આવે છે. તારૂં મુંબઇમાંનું પુષ્ટ શરીર અડધું પણ રહ્યું નથી, ગુલાબી ગાલ ફીકા પડી ગયા છે, વિશાળ નેત્રો ઊંડાં ઉતરી ગયાં છે અને એક સમયની તારી વાચાળતામાં પણ અતિશય મંદ-તાનો આવિર્ભાવ થયો છે. એ સર્વ બાબ્જા કશાનું નહિ, પણ એ હૃદય-દાહક ગુપ્ત ચિંતાનું જ દુ:ખદ પરિણામ છે. અસ્તુ. પણ હું તને એમ પૂછવા માગું છું કે, એ પહેલાં પ્રાણલાલની તબીયતમાં કાંઇ પણ બગાડો હતો ખરો કે?" શારદાએ અનુકંપા દર્શાવીને મુદ્દાનો સવાલ પૂછ્યો.

"કોઇ દિવસ નખમાં પણ રોગ નહોતો. હું પરણીને આવી ત્યારથી એ સમય સુધી કોઈ વાર એમનું માથું દુખ્યું હોય કે એક

દિવસ તાવ આવ્યો હોય, એવું પણ મને સાંભરતું નથી." કપિંજલાએ જવાબ આપ્યો.

"ઠીક; ત્યારે મારો બીજો સવાલ એ છે કે, તારા કાકાજીના છોકરા કેવી ચાલચલગતના છે, પૈસે ટકે સુખી છે કે કેમ અને તારા પતિ સાથે તેમનો કેવોક બનાવ છે ?" શારદાએ એક ડિટેક્ટિવ પ્રમાણે પૃચ્છા કરવા માંડી.

કપિંજલા થોડી વાર સુધી તો દિગ્મૂઢતાથી શારદાના મુખને જોઇ રહી અને વિચારમાં નિમગ્ન થઇ ગઇ. પછી જાણે કાંઇ યાદ આવ્યું હોય તેવો ભાવ દર્શાવીને તે કહેવા લાગી કે;—"મારા કાકાજીની હયાતી સુધી તો પૈસા ટકા સંબંધી એમની હાલત અમારા કરતાં પણ ઘણી જ સારી હતી. પણ એ બન્ને ભાઇઓ જ્યારથી સમજમાં આવ્યા ત્યારથી જ તેમનાં લક્ષણો એવાં તો ચમકવા માંડયાં હતાં કે મારા કાકાજીને વારંવાર એવો ભય થયા કરતો કે, રખેને એ છોકરા પોતાના બાપદાદાની આબરૂપર પાણી ફેરવનારા પાકે. વૃદ્ધ કાકાજીનું એ અનુમાન સત્ય સિદ્ધ થયું. તેમના ગુજરી જવા પછી બન્ને ભાઇઓએ જુગાર, રેસ, રંડીબાજી અને એવાંજ એક બે બીજાં અપલક્ષણોમાં પોતાપાસે જે કાંઇ રોકડ રકમ હતી તે ગુમાવી દીધી, જે કેટલીક સ્થાવર મિલ્કત છે તે પણ બીજાઓને ત્યાં મૉર્ટગેજ છે અને ધંધોધાપો ન હોવાથી માત્ર ભાડાપર ગુજરાન ચાલે છે. બાયડીઓ અને દીકરીઓના દાગીના સુદ્ધાં પણ વેચાઇ ગયા છે. ગયા વર્ષમાં એમનામાંના મોટા ભાઇનાં દીકરા અને દીકરીનાં લગ્ન હતાં, તે વેળાએ રૂપિયા દશ હજારની રકમ અમે ઉછીની આપી છે; પણ હજી તે મળી નથી અને મળશે કે કેમ એનો નિશ્ચય પણ નથી."

શારદા શ્રવણ અને મનન એ ઉભય કાર્યોમાં મનને સંલગ્ન કરીને બેઠેલી હોવાથી કપિંજલાએ ઉત્તર પૂરૂં કર્યું, તોપણ શારદાનું મન તો મનનમાં જ નિમગ્ન રહેવાથી તત્કાળ તે કાંઇ પણ બોલી નહિ. કેટલીક વાર પછી પોતાની વિચારનિદ્રામાંથી જાગૃત થઇને તેણે પૂછ્યું કે:—" વારૂ; પણ જ્યારથી પ્રાણલાલ શય્યામાં પડયા છે, ત્યારથી તેઓ અહીં આવે જાય છે ખરા કે? તેમજ કોઇવાર તને કે તારાં સાસૂને કોઇ પ્રકારની સલાહ એમણે આપી છે કે કેમ?"

" તેઓ કોઇવાર રોજ તો કોઇવાર એકાંતરે એમની પ્રકૃતિ જોવાના નિમિત્તથી અહીં આવે છે અને ચાર પાંચ દિવસ પહેલાં જ તેમણે મારાં સાસૂજીને એવી સલાહ આપી હતી કે, ' પ્રાણલાલના જીવનનો હવે વિશ્વાસ રાખવો યોગ્ય નથી અને તેથી જો તે જીવતાં જ પોતાની સંપત્તિની વ્યવસ્થા કરી જાય અને ટ્રસ્ટ નીમી જાય તો વધારે સારૂં;' પણ મારાં સાસૂજીએ કશું પણ ઉત્તર આપ્યું નહિ. વળી બહારથી એમ પણ અમારા સાંભળવામાં આવ્યું છે કે, જો મારા પતિ ટ્રસ્ટ નીમે તો એમનો પોતાનો ટ્રસ્ટી થવાનો વિચાર છે, બલ્કે ટ્રસ્ટ નીમવામાટેનો અને તેમાં પોતાનાં નામો નાખવામાટેનો મારા પતિને આગ્રહ કરવાનો વિચાર પણ તેઓ ચલાવી રહ્યા છે. ' કપિંજલાએ શારદાના પ્રશ્નનું સવિસ્તર ઉત્તર આપ્યું.

" અને એમનાં ઘરમાંનાં બૈરાં કોઇવાર અહીં આવવાનો પરિશ્રમ લે છે ખરાં કે ? " શારદાએ તરત બીજો સવાલ રજૂ કર્યો.

" પહેલાં તો તેઓ આવતાં ન હોતાં; એટલું જ નહિ, પણ અમારી સાથે કાંઇક છુપો વૈરભાવ પણ રાખતાં હતાં; પણ જ્યારથી અમે દશ હજાર રૂપિયા ધીર્યા, ત્યારથી તેમનો અહીં આવવા

જવાનો નવીન સંબંધ આરંભાયો અને હમણાં હમણાં તેઓ અહીં વારંવાર આવવા લાગ્યાં છે. " કપિંજલાએ જવાબ આપ્યો.

" એમનાં ઘરનાં બૈરાં સભ્ય અને સરળ સ્વભાવનાં છે ખરાં કે ? " શારદાએ પ્રશ્ન કરીને ઉત્તર સાંભળવાની આતુરતા બતાવી.

" તેમની વાણીમાં તો સભ્યતા અને મિઠાશની જરા પણ કચાશ નથી; હવે તમનો આંતરિક સ્વભાવ સરળ છે કે કેમ, એ જાણી શકાયું નથી અને મારાથી તે જાણી શકાય તેમ છે પણ નહિ." કપિંજલાએ સરળ ભાવથી જણાવ્યું.

" કપિંજલા, તારાં આ ઉત્તરોથી તારા પતિના રોગના નિદાનની કેટલીક કલ્પના હું કરી શકી છું; પણ હાલ તરત હું તે મારું અનુમાન તને જણાવવા ઇચ્છતી નથી; કારણ કે, મારે હજી એ વિષયમાં કાંઇક વિશેષ શોધ ચલાવવાનો છે. હું ઇચ્છું છું કે, મારા એ અનુમાનને ઇશ્વર અસત્ય ઠરાવે; કારણ કે, જો મારું અનુમાન સત્ય સિદ્ધ થશે, તો એમજ ધારજે કે, તારા શિરપર ભયંકર સંકટોનું વાદળ ઝઝૂમી રહ્યું છે. પણ હતાશ થઇશ નહિ, ઇશ્વરની કૃપા હશે તો આપણે સંકટનાં એ વાદળને વિખેરી નાખવાના કાર્યમાં વિજય મેળવીશું. " શારદાએ ભયનું દર્શન કરાવીને કપિંજલાને યોગ્ય આશ્વાસન આપ્યું.

" પણ તું તો પાંચ પંદર દિવસમાં ચાલતી થઇશ અને તારા ગયા પછી જો એ વાદળ ટૂટી પડશે, તો ? " કપિંજલાએ ગભરાટ બતાવ્યો.

" શાંત થા: મને તપાસ કરવા દે. જો સ્થિતિ ભયંકર દેખાશે, તો હું અહીં લાંબા વખતનેમાટે રહી જઇશ, એટલું જ નહિ, પણ મારા ઇન્દુને અને તેના પિતાને પણ અહીં બોલાવીશ, કે જેથી તેમની

પણ આપણને આપણા કાર્યમાં યોગ્ય સહાયતા મળી શકે. તારે હવે એ વિશે જરા પણ ચિંતા રાખવી નહિ. નિર્દોષ જીવોનો સહાયક ઇશ્વર છે, એ તત્ત્વને કદાપિ ભૂલી જઇશ નહિ. હું તને મૈત્રિણી નહિ, પણ ભગિની જ માનું છું અને તેથી તારૂં તનમનધનથી કલ્યાણ કરવું, એ મારો પરમ ધર્મ છે.” શારદાએ કપિંજલાના હૃદયને શાંત કરવાનો પરિપૂર્ણ પ્રયત્ન કર્યો.

“ઇશ્વરની જેવી ઇચ્છા હશે, તેમ થશે. જો મારા ભાગ્યમાં સુખ નહિ જ લખાયલું હોય તો તે ક્યાંથી મળવાનું હતું?” એમ કહીને કપિંજલાએ એક દીર્ઘ નિઃશ્વાસ નાખ્યો, એટલું જ નહિ, પણ હૃદયમાં ચિંતાનો ભાર અસહ્ય થએલો હોવાથી તે અશ્રુના રૂપે નેત્રદ્વારમાંથી વેગવપૂંક બહાર નીકળવા માંડયો.

શારદાએ તત્કાળ તેને છાની રાખવાનો પ્રયત્ન ન કર્યો; કારણ કે, જે મનુષ્યના હૃદયમાં દુઃખ અને ચિંતાનો ભાર અસહ્ય થાય છે તે કાં તો કોઈ વાર અચાનક મરણને વશ થાય છે અને કાં તો ઉન્મત્ત બની જાય છે; પણ જો તેનાં નેત્રોમાંથી પ્રવાહ પ્રબળતાથી વહી નીકળે અને તેને રોકવામાં ન આવે, તો એ ભય ટળી જાય છે, એટલુંજ નહિ, પણ તેના હૃદયની વેદનામાં પણ ઘણોજ ઘટાડો થઇ જાય છે; આ નિયમ શારદાના જાણવામાં હોવાથી તેને તેણે પેટ ભરીને રડવા દીધી. જ્યારે તેના રુદનનો વેગ કંઇક ન્યૂન થયો, ત્યાર પછી તેને પોતાની પાસે બેસાડી તેના ગાલને ચુંબનથી ભીંજવીને શારદા કહેવા લાગી કેઃ—

“ગાંડી, આમ રડવાથી ને આંસૂ વર્ષાવવાથી શું થવાનું છે? રડવાથી કાંઇ સંકટ ટળી જતું નથી. સંકટને ટાળવામાટે તો પ્રબળ પ્રયત્ન અને દીર્ઘ ઉદ્યોગની જ આવશ્યકતા છે. ઇશ્વરમાં વિ-

શ્વાસ રાખ, હિંમત ન હાર અને રડવા કૂટવાના ધંધાને છોડી દે. આમ રડવા કૂટવામાં જ કીમતી વખત વીતી જશે, તો જે પ્રયત્ન આપણે કરવાનો છે તે કરી શકાશે નહિ અને દુશ્મનો પોતાના દાવમાં ફાવશે. આપણે અબળાઓ શું કરી શકીશું, એમ કદાપિ ધારીશ નહિ. પૂર્વકાળમાં આપણી ભરતભૂમિની અબળાઓ કેવા કેવા પરાક્રમો કરીને જગતને આશ્ચર્યચકિત કરી ગઈ છે, એનું સ્મરણ કરીને આત્મશ્રદ્ધાનો કદાપિ ત્યાગ ન કરીશ. જો આપણો પ્રયત્ન યોગ્ય હશે, તો પરમાત્મા અવશ્ય આપણો સહાયક થવાનોજ, એ વિશે મારા મનમાં લેશ માત્ર પણ શંકા નથી.” શારદાએ તેના હૃદયમાં નવીન અવસાનને લાવવાની પોતાથી બનતી ચેષ્ટા કરી.

શારદાનો આ વાક્પ્રયોગ સફળ થયો, કપિંજલાએ સાડીના પાલવની આંસૂ લૂછી નાખ્યાં અને પછી શારદાને કહ્યું કેઃ—“બહેન, તું અહીં વખતસર આવી એ બહુજ સારૂં થયું. મને તો કોઇ દિશા જ સૂઝતી નહોતી. તારૂં આગમન એજ ઈશ્વરની સહાયતાનું પ્રથમ ચિન્હ છે, એમજ મને જણાય છે. વારૂ ત્યારે હવે તું સૂઇ જા અને હું પણ જાઉં છું. કારણ કે, બાર વાગ્યા સુધી એમની પાસે મારાં સાસૂજી બેસે છે અને રાતે બારથી સવાર સુધી મારે એમની સારવારમાટે એમની પાસે હાજર રહેવું પડે છે. સાડા અગિયાર થઇ ગયા છે એટલે મારે હવે જવું જઇએ.”

“આનંદથી જા અને પ્રભુતુલ્ય પતિની અંતઃકરણપૂર્વક અને અનુરાગથી સેવા કરીને કૃતાર્થ થા!” શારદાએ તેને જવાની આજ્ઞા આપી.

કપિંજલા ગઇ અને શારદા દ્વાર બંધ કરીને શય્યામાં પડી.

શય્યામાં પડીને શારદાએ નિદ્રાવશ થવાનો પ્રયત્ન કર્યો, પણ તેનું મસ્તિષ્ક કપિંજલાનો વૃત્તાંત સાંભળી અનેક પ્રકારના તર્કવિતર્કના પ્રદેશમાં ભ્રમણ કરવા મંડી ગયેલું હોવાથી તત્કાળ તેનાં નયનોમાં નિદ્રાનું આગમન થઇ શક્યું નહિ. તે પોતાના મનમાં વિચાર કરતી કહેવા લાગી કે:—

" ચાંડાળોએ ચાલાકી બરાબર વાપરી છે અને દાવ એવો માંડયો છે કે જો કોઇ અલૌકિક વિઘ્ન આવીને તેમને બાધા ન કરે, તો તેઓ એ દાવમાં ફાવીજ જાય, એવો સોળેસોળ આના સંભવ છે. કપિંજલાના કાકાજીના બન્ને દીકરા-એના કહેવાતા જેઠ-એ કારસ્થાની મંડળના અગ્રેસરો હોવા જોઇએ, એમાં તો જાણે શંકા છે જ નહિ. પણ તેમની સાથે બીજા કયા પાપાત્માઓ શામેલ હશે, એ હજી મારે જાણવાનું છે. આ કાવત્રામાં કપિંજલાની બન્ને જેઠાણીઓ પણ ભાગ લેનારી હશે કે કેમ, એ અદ્યાપિ અનિશ્ચિત છે અને એનો પત્તો પણ મેળવવાનો છે. અફસોસ! પોતાના ક્ષણભંગુર સ્વાર્થની સિદ્ધિમાટે આજકાલના માનવદેહધારી પિશાચો કોઇ પણ પ્રકારનાં પાપકર્મો કરતાં અચકાતા નથી અને વળી ખૂબી એ કે, એવા પાપીઓને વિજય મળતો જાય છે અને ધર્માત્માઓ પરાજિત થઇને ઘણીકવાર વગર મોતે અને અકાળે મરી જાય છે! જો કે છેવટે તો પાપીઓના પણ ભૂંડા હાલ જ થાય છે, પણ કૂતરૂં રોટલાને દેખે છે અને લાકડીને દેખતું નથી તેવોજ તેમનો સ્વભાવ હોવાથી તેઓ લેશ માત્ર પણ સંકોચ વિના પાપકર્મ કરતાંજ જાય છે. પણ અત્યારે એ તત્ત્વજ્ઞાનવિષયક વિચારમાં નિમગ્ન થવાનો સમય નથી; અત્યારે તો પાપીઓના પાપકર્મનો પત્તોજ મેળવવાનો છે; બુદ્ધિનો કેવળ વિચારમાં નહિ, પણ પ્રત્યક્ષ વ્યવહારમાં ઉપયોગ કર-

વાનો છે. હે પરમ પવિત્ર પરમાત્મન્, તું મારો સહાયક થજે અને પાપીઓનો પરાજય કરજે ! ”

એતો આપણે જાણી આવ્યા છીએ કે, કપિંજલાની ભગિની સુનંદાનો ઓરડો શારદાના ઓરડાની બાજૂમાં જ હતો. એ બે ઓરડાની વચ્ચે એક દરવાજો હતો અને દરવાજાની ઉપરનું વેન્ટીલેટર ખુલ્લું હતું. અત્યાર સુધી વેન્ટીલેટરમાંથી સુનંદાના ઓરડામાં અંધકાર જેવોજ મંદ પ્રકાશ દેખાતો હતો, પણ કપિંજલાના જવા પછી ત્યાં સંપૂર્ણ પ્રકાશનો વિસ્તાર થએલો દેખાવા લાગ્યો, અને તેથી શારદાએ અનુમાન કર્યું કે સુનંદા જાગૃત થયેલી હોવી જોઇએ અને તેણે કોઇ કારણથી લૅમ્પની લાઇટ્ ફુલ કરેલી હોવી જોઇએ. તેનું એ અનુમાન સત્ય હતું.

શારદાએ સહજ સ્વભાવથી તે વચલા દરવાજા પાસે પડેલી કુરસીપર ચઢીને વેન્ટીલેટરમાંથી જોયું તો સુનંદા દીપકને પૂર્ણ પ્રકાશિત કરીને પાછળના સરિયામ રસ્તાપરની બારી ઉઘાડી માર્ગમાં દૃષ્ટિપાત કરતી ઉભી હતી. સુનંદાએ કરાચીના શિયાળાની સખ્ત ટાઢ હોવા છતાં પારદર્શક શરબતી મલમલનો સફેદ સાલ્લો જ પહેર્યો હતો અને માથાપર માત્ર ગરમ રૂમાલ બાંધી લીધો હતો. વચલો દરવાજો તેની પીઠ પાછળ હોવાથી તે શારદાની તેને જોવાની ચેષ્ટાને જોઇ શકે તેમ ન્હોતું. શારદા કુરસીપરથી ઉતરીને પાછી કોચપર બેઠી, અડધો પોણો કલાક થઇ ગયો, છતાં સુનંદાના ઓરડમાંના દીપકનો પ્રકાશ જેવોને તેવો જ રહ્યો. સુનંદા જો કે હજી બારીમાં જ ઉભી હતી, પણ આ વખતે તેના ઓરડાનું બારણું ખુલ્લું જોવામાં આવ્યું અને તેથી તે બારણું ઉઘાડીને પાછી બારીમાં જઇને ઉભેલી હોવી જોઇએ, એવી શારદાએ કલ્પના કરી.

પણ આટલી મોડા રાતે બારણું આમ ઉઘાડી નાખવાનું કારણ શું? એવા પ્રશ્નનો **શારદાના** મનમાં સહજ ઉદ્દ્ભવ થયો. આટલી વાર સુધી **શારદાના** ઓરડામાં પણ દીપકનો સંપૂર્ણ પ્રકાશ હતો, પણ હવે તેણે એક પ્રકારના વિશિષ્ટ ઉદ્દેશથી તે પ્રકાશને મંદ કરી નાખ્યો અને પાછી કુરસીપર ઉભી રહીને તે **સુનંદાના** ઓરડામાંની લીલાનું અવલોકન કરવા લાગી.

કલૉકમાં દોઢ વાગ્યો, પણ કાંઇ નવીન દૃશ્ય દેખાયું નહિ. સુનંદા હવે બારીમાં ઉભા રહેવાને બદલે ઘડીકમાં બારણાં પાસે આવતી હતી, ઘડીકમાં બારી પાસે જતી હતી અને ઘડીકમાં ટેબલ-પર પડેલા ઊઘાડેલા પુસ્તકમાં દૃષ્ટિને સ્થિર કરીને તેમાંની પાંચ પંદર લીટીઓનું વાંચન કરતી હતી. પોણા બે વાગ્યા એટલે તેણે ધીમા સ્વરથી એવો ઉદ્દ્ગાર પણ કાઢ્યો કે;—"હજી એનું નાટક પૂરું ન થયું અને વખતસર આવવાનો એને અવકાશ ન મળ્યો? એ તો મોજથી નાટક જોતો હશે, પણ મારો અહીં જીવ જાય છે, એની એ મોજીલાને શી પરવા?" આમાંના કેટલાક શબ્દો **શારદાએ** સાંભળ્યા અને કેટલાક શબ્દો પૂરા ન પણ સંભળાયા. કલૉકમાં બે ટકોરા થયા અને ત્યાર પછી પાંચ મિનિટે જે એક વિલક્ષણ દૃશ્ય **શારદાના** જોવામાં આવ્યું તેથી તે ધર્મભીરુ અબળા, પવિત્ર આર્યનારી આશ્ચર્ય અને ભયથી દિઙ્મૂઢ થઇ ગઇ; તે જાણે કુરસી સુદ્ધાં જમીન-પર પછડાઇ પડશે, એવી તેને ભીતિ થવા લાગી.

એવું એ ભયાનક દૃશ્ય શું હતું વારૂ?

પ્રકરણ ૭ મું.

ભયંકર દૃશ્ય.

મધ્યરાત્રિના સમયને એક કલાક થઈ ગયો હતા. કરાચી કે-ન્ટોન્મેટ–સદર–માંથી સિટી તરફ આવતી સડકપર સિટીની દિશામાં ઉતાવળે પગલે એક પુરુષ ચાલ્યો જતા જોવામાં આવતા હતા. એ પુરુષની મુખાકૃતિ સુંદર અને કાયા ગૌરવર્ણ હતી; તેમજ તેનાં ચ-પળ નેત્રાની ચંચળતાનું ધ્યાનપૂર્વક અવલોકન કરતાં સહજમાં જ અનુમાન કરી શકાતું હતું કે, એ પુરુષ અવશ્ય બુદ્ધિમાન્ અને વાક્પટુ હોવા જોઇએ. તેનું કદ પણ નહિ બહુ ઊંચુ કે નહિ બહુ નીચું એટલે કે મધ્યમસરનું હતું. તેના મસ્તકપરના ફ્રેંચ ફૅશનના વાળથી તેના સૌન્દર્યમાં વર્ત્તમાનકાળની દૃષ્ટિ એક પ્રકારના વિશિષ્ટ ભાવને નિહાળી શકતી હતી; પરંતુ આશ્ચર્ય માત્ર એટલું જ કે, તેના મુખપ્રદેશમાં મૂછોના સર્વથા અભાવ દેખાતા હતા.

એ પુરુષે રેશમી કિનારનું ધોતિયું, ગંજીફ્રાક, શર્ટ, વેસ્ટ અને પારસી ફૅશનના કોટ ઇત્યાદિ ચાલતા જમાનાને અનુસરતાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં અને માથાપર બૅંગલોર કૅપ તથા પગમાં બોરસ્ટૅાકનાં બ્રાઉન્ શૂઝ પહેરેલાં હતાં. શિયાળાની ઋતુ ચાલતી હતી અને તેમાં વળી કરાચીમાં છેલ્લા બે દિવસથી એવી તો સખ્ત ટાઢ પડતી હતી કે, આવા વખતમાં ભાગ્યે જ કોઇ મનુષ્ય ઘરમાંથી બહાર નીકળ-વાની હિંમત કરી શકે. અર્થાત ટાઢથી પોતાના શરીરનું સંરક્ષણ

કરવામાટે એ પુરુષે એક કીંમતી ઓવરકોટ પણ પહેરેલો હતો અને ઓવરકોટની કૅપથી માથા અને કાન વગેરેનો ભાગ ઢાંકી દીધો હતો. બન્ને હાથ ઓવરકોટના ખિસ્સામાં રાખી કડકડતી ટાઢથી ધ્રૂજતો તે બની શકે તેટલી ઉતાવળથી પંથને કાપવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. સદરમાંથી તે સ્મૉલકૉઝિસ્ કોર્ટ સુધી આવી પહોંચ્યો ત્યાં સુધી તેને રસ્તામાં કોઈ પણ માણુસ કે ભાડાની ગાડી મળી જ નહિ. સ્મૉલકૉઝિસ્ કોર્ટ પાસે તે આવ્યો ત્યારે નાટકમાંથી કોઇને ત્યાં લઇ આવેલી એક ભાડાની ખાલી ગાડી તેના જોવામાં આવી. ગાડી હાંકનાર પઠાણ હતો, એટલે તેને એ પુરુષે સવાલ કર્યો કેઃ—
"પઠાન, આતા હય ?"

"કિધર જાયગા ?" ગાડીવાળા પઠાણે સવાલ કર્યો.

"ગારીખાતા." પુરુષે જવાબ આપ્યો.

"આઠ આના લેગા." ગાડીવાળાએ ભાવ કહી સંભળાવ્યો.

સ્મૉલકૉઝિસ્ કોર્ટથી ગાડીખાતું કાંઇ એટલું બધું દૂર નહોતું એટલે ત્યાં જવાનું ગાડીભાડું ચાર આના કરતાં તો વધારે ન જ હોય; પણ વખત જોઇને ભાડાની ગાડીવાળા અડાવીને વધારે ભાડું લે છે, એ તે સારી રીતે જાણતો હોવાથી તેણે વધારે આનાકાની ન કરતાં ગાડીમાં ઝોકાવ્યું અને તે લગભગ સાત મિનિટમાં પોતાના ધારેલા સ્થળે આવી પહોંચ્યો. જે ઘરમાં તે જવાનો હતો તે ઘરથી થોડા અંતરપર તેણે ગાડી ઉભી રખાવી, ગાડીવાળાને આઠ આના આપ્યા અને પછી આગળ ચાલવા માંડ્યું. ગાડીવાળાને પૈસા આપતી વખતે ઓવરકોટના ખીસ્સામાંથી બહાર કાઢેલા તેના જમણા હાથની આંગળીમાંની વીંટીના હીરાનો ચમકાટ દેખાયો અને વેસ્ટપર

છાતીના ભાગમાં ઘડિયાલની ગોલ્ડન ચેનનો પણ પ્રકાશ થયો. તેમાં એ સર્વ સાધનોને જોઇને તે સાધારણ રીતે સારી સ્થિતિનો પુરુષ હોવો જોઇએ, એવી કેટલેક અંશે કલ્પના કરી શકાતી હતી. તે એક વિશિષ્ટ ગૃહની સ્હામે કેટલેક દૂર થોડીવાર ઉભો રહ્યો, આસપાસ ઉપર નીચે દૃષ્ટિપાત કર્યો અને કોઇ નથી એવો નિશ્ચય થતાં તે ગૃહના આંગણામાં તેણે પ્રવેશ કર્યો. ઓરડાનાં દ્વાર ખુલ્લાં હતાં અને એક રમણીને તે પોતાની માર્ગપ્રતીક્ષા કરતી દ્વારમાં ઉભેલી જોઈ શક્યો. તે પ્રમદા તેને આદરસહિત ઓરડામાં લઈ ગઇ અને કોચપર બેસાડી બારણાં બંધ કરીને પાછી આવી પોતે પણ તે પુરુષની પાસે કોચપર બેસી ગઇ. એ સ્ત્રી.પુરુષ પોતાની આ મુલાકાતને બિલ્કુલ છુપી અને કોઇના જાણવામાં ન આવી શકે તેવી ધારતાં હતાં, પણ તેમનો એ વ્યાપાર એક વિશિષ્ટ વ્યક્તિની દૃષ્ટિનો વિષય થયો હતો, એનું તેમને લેશ માત્ર પણ ભાન નહોતું.

એ ઓરડામાંના એક ખૂણામાં લોઢાનો એક વિશાળ પલંગ ગોઠવેલો હતો, રસ્તાપર પડતી બે બારીઓની વચ્ચે સીસમનું ઉત્તમ નકસીવાળું સુશોભિત રાઇટીંગ ટેબલ જોવામાં આવતું હતું, અને તેની જોડાજોડ ગોઠવેલા ઓકના બુકસ્ટેંડપર કેટલાંક ગુજરાતી પુસ્તકો ઓરડાની શોભામાં વધારો કરી રહ્યાં હતાં. ટેબલની બીજી બાજૂએ એક ઇજી ચેર પડી હતી. મધ્ય ભાગમાં માર્બલનું રાઉન્ડ ટેબલ અને તેની આસપાસ મહોગની-સીસમ-પૉલિશની બેન્ટવુડની પાંચ કુરસીઓ અને પાસેના બીજા ઓરડામાં જવામાટેના બંધ દરવાજાને લાગીને લેધરની ગાદીવાળો કોચ ગોઠવેલો હતો. માર્બલના ટેબલપર મૂકેલા લૅમ્પનો પ્રકાશ ઓરડામાં વિસ્તરી રહ્યો હતો. ભોંયપર તુર્કસ્તાનની બનાવટનો એક ગાલીચો પાથરેલો હતો અને દ્વારના ઉંબરા પાસે

પગ લૂછવામાટેની કાથાની એક જાળીવાળી ગાદી પણ મૂકેલી હતી. આ સર્વ વ્યવસ્થા એ ઓરડાની સ્વામિનીની ધનાઢ્યતાનો જોનારને તત્કાળ પ્રત્યક્ષ પરિચય કરાવતી હતી.

બારણાં બંધ કરી તે પુરુષની સાથે બેસતાં જ તે રમણીએ છણકો કરીને કહ્યું કે:—"બિચારી સ્ત્રી જોઇએ તો પુરુષના પ્રેમમાટે પોતાના પ્રાણની પણ આહુતિ આપી દે, તોય પુરુષોને તેની જરાય લાગણી હોતી નથી, બાર વાગ્યાની હું તમારી વાટ જોઇને બારીમાં ઉભી છું, ત્યારે તમે ઠેઠ બે સવા બે વાગે આવ્યા. મને તો હવે એવી શંકા થયા કરે છે કે, કોઇ બીજે સ્થળે તો આંખ નથી લડીને! આજકાલના પુરુષોનો ભાગ્યેજ વિશ્વાસ કરી શકાય!"

"આ તારો સંશય બિલ્કુલ ખોટો છે. તું જાણે તો છે જ કે, આજે મારે નાટકમાં જવાનું હતું અને નાટક કાંઇ બાર વાગે સમાપ્ત થતું નથી. નાટકમાંથી નીકળીને તરત જ હું અહીં આવી લાગત; પણ ઝટ ગાડી ન મળવાથી કોઇ ખાલી ગાડીની વાટ જોતો હું અડધો કલાક નાટકના દરવાજા પાસેજ ઉભો રહ્યો, છતાં ગાડી ન મળી એટલે ચાલતો જ અહીં આવ્યો અને તેથી સહજ મારા આવવામાં વિલંબ થઇ ગયો. છતાં હું મારા અપરાધની ક્ષમા માગું છું; તું મારા પ્રેમમાટે પોતાના સગાં વહાલાંના સંબંધને અને આબરૂ ઇજ્જતને પણ ત્યાગવાને તૈયાર થઇ છે અને હું બીજી કોઇ સુંદરીના સ્નેહનો ભોક્તા થાઉં એમ કદાપિ બની શકે ખરૂં કે?" અજ્ઞાત આગંતુકે તે સુંદરીના સંતાપને શાંત કરવાના ઉદ્દેશથી અક્ષરે અક્ષર અસત્યનું અવલંબન કરીને કહ્યું; કારણ કે, કરાચીમાંની જે નાટક મંડળીનું નાટક જોવાની તે વાત કરતો હતો તે જમીલાની નાટક મંડળી નેપિયર રોડપરના રૂબી થીએટરમાં પોતાનાં નાટકો

ભજવતી હતી અને એ પુરુષ તો સદરમાંથી એટલે કે બીજી દિશા- માંથી આવ્યો હતો એ તો આપણે જાણીજ ચૂક્યા છીએ, એટલા- માટે એના અસત્ય ભાષણના અધિક પ્રમાણની આવશ્યક્તા નથી. ખરી વાત તો એ હતી કે, સદરમાં તેની એક બીજી પ્રિયતમા રહેતી હતી અને તેના ઘરમાંથીજ તે એક વાગ્યા પછી ઉઠીને આ સ્થળે આવ્યો હતો.

'વાહ, નાટક જોઇને નાટકનાં ભાષણો તો આવાંજ મોઢે કરી રાખવાં જોઇએ કે, પ્રસંગ આવતાં ભોળી અને પ્રેમઘેલી ભામા ઓને ભમાવવાના કાર્યમાં તેમનો તત્કાળ ઉપયોગ કરી શકાય." યુવતીએ કટાક્ષ કર્યો.

" આ વિનોદ અને રીસામણાં મનામણાં તો થયાં કરે છે અને હવે પછી પણ થયાં કરશે; પરંતુ આજે તને હું એક ગંભીર વિષ- યની વાત જણાવવા માગું છું અને તે સાથે તારો અભિપ્રાય પણ જાણવા માગું છું કે, આવી રીતે ચોરી છુપીથી જીવનું જોખમ વેઠીને મારે અહીં હજી કેટલાક દિવસ આવવું અને આમને આમ કેટલાક દિવસ ચલાવવું ? આટલી મોડી રાતે એકલા આવી રીતે અહીં આવવામાં મને મારા પ્રાણનો પણ ભય થયા કરે છે." આ- ગંતુક પુરુષે નવીન શંકાભરેલી વાર્ત્તા સંભળાવીને તે સુંદરીના કોમળ હૃદયને ભયભીત બનાવી દીધું.

" પ્રાણનો ભય વળી શાનો ? તમારા આજના બોલવાના આશયને હું બરાબર સમજી શકતી નથી. " સુંદરીએ બેપરવા- ઈથી કહ્યું. "

" પ્રિયે, આ વાર્ત્તા જેવા તેવા ભયની નથી. મારો એક શત્રુ રાતે પિસ્ટલ લઇને મારો જીવ લેવામાટે મારી પાછળ પાછળ ફર્યા કરે

છે. ગઇ કાલે રાતે પણ સદરમાં તે ત્રણવાર મારા જોવામાં આવ્યો હતો. આજે હું નાટક જોવાને નીકળ્યો, તે પણ અહીં આવવું હતું એટલા માટે જ અર્થાત્ જ્યાં સુધી એ આ દુનિયામાં જીવતો છે, ત્યાં સુધી આ કરાચી શહેરમાં રહેવામાં મારી સલામતી નથી, એ વિશે મારો દૃઢ નિશ્ચય થઇ ગયો છે " એમ બોલીને તે પુરુષે એક દીર્ઘ નિઃશ્વાસ નાખ્યો.

" પણ તેની તમારી સથે આટલી બધી દુશ્મની થવાનું કાંઇ કારણ ? " તે સ્ત્રીએ આતુરતા અને ભયદર્શક મુદ્રાથી પૂછ્યું.

" તેના મનમાં કોઇએ એવો વ્હેમ ઠસાવી દીધો છે કે, તેની સ્રીસાથે મારો આડો વ્યવહાર છે અને એ કારણથી જ તે મારા પર આટલો બધો છેડાઇ ગયો છે. એ જાતનો મકરાણી છે અને મકરાણીઓ એવા તો જુનૂની અને ખૂંખાર હોય છે કે એ પોતાના વિચારને લાગ ફાવતાં જરૂર અમલમાં મૂકવાનો જ. આ કારણથી મારો તો એવોજ વિચાર થાય છે કે, આપણે આ કરાચી અને તારા મુંબઇને છોડીને કોઇ દૂરના દેશમાં ચાલ્યાં જવું અને ત્યા અમન ચમન કરીને આનંદમાં દિવસો વીતાડવા. તારી પાસે તારા મરનાર ધણીની જે મિલ્કત છે, તે આપણા જીવનકાળને સુખમાં વીતાડવામાટે બસ છે. જ્યાં દિવસ અને રાત મનમાં મરણની શંકા રહ્યા કરતી હોય, ત્યા નિશ્ચિન્તતાથી વિહાર પણ શો કરી શકાય અને તને તને સંપૂર્ણ આનંદ પણ કેવી રીતે આપી શકાય વારૂ ? આના કરતાં પરદેશમાં રહીને પરમ વિલાસમાં મગ્ન રહેવું એ વધારે સારૂં નથી કે શું ? " પુરુષે ભયના ગંભીર કારણનું દિગ્દર્શન કરાવીને કહ્યું.

એ સાંભળીને રમણી ખડખડ કરતી હસી પડી અને બેપરવા-ઇથી જ કહેવા લાગી કે;—" તમે આવા બીકણ હશો એ તો મેં આજે જ જાણ્યું. ભગિની, પુત્રી કે પત્ની સ્વચ્છંદતાથી વર્તે, તો બંધુ, પિતા કે પતિ તે સ્ત્રીને કિંવા તેના પ્રેમીને તલ્વાર તથા તમં-ચાથી મારી નાખતા હતા, એ પુરાણો કાળ ક્યારનોય વહી ગયો છે. આજે તો અંગ્રેજોનું રાજ્ય હોવાથી સ્ત્રી કહે ને સ્ત્રી કરે તે જ પૂર્વ દિશા મનાય છે. પરતંત્રતાની પીડા નષ્ટ થઇને સ્ત્રીઓને હવે પૂરેપૂરી સ્વતંત્રતા મળી છે. એક તો હથિયારો રાખવાનો કાયદો જ નથી અને વળી અંગ્રેજી શિક્ષણે પુરુષોને એટલા બધા બાયલા અને બીકણ બનાવી દીધા છે કે, તેઓ ખૂન કરે એ તો સ્વપ્નમાં પણ સાચું ન મનાય. કદાચિત્ ધારો કે, તેની સ્ત્રીએ પોતાની ઇચ્છાથી જ તમને પોતાના યૌવનવનના માળી બનાવ્યા હોય, તો તેના પિતા, બંધુ કે પતિ તમારા સ્હામે આંગળી પણ ચીંધી શકે તેમ નથી. જો તે ભય બતાવતો હોય, તો કરો કાલે સરકારમાં અરજી અને લેવડાવો તેનો જામિન એટલે બધું શાંત! વોય, વોય—આમાં તે શી મોટી વાત કરી ! "

" આજકાલના કેટલાક પિતા, બંધુ કે પતિ પોતાની વ્યભિચારિણી પુત્રી, ભગિની કે પત્ની અને તેમના પ્રિયકરો સ્હામે આંગળી નહિ ચીંધી શકતા હોય, પણ જો તેઓ મરણિયા થાય છે, તો આવી રીતે તમંચો ચીંધી શકે છે." એક ભયંકર દેખાતા પુરુષે ઉઘાડી બારીમાંથી એક કૂદકા સાથે સુનંદાના ઓરડામાં પ્રવેશ કરી ત્યાંથી જ પિસ્ટલ તાકીને મંદ અને ગંભીર વાણીથી એકાએક આ શબ્દો ઉચ્ચાર્યા.

એ બીજા નવીન આવેલા પુરુષે એક લાંબો અને કાળા-ટ્રામના



“ કમીના, કમજાત, બદમાશ ! તું હિંદુ નથી, પણ શયતાન છે. ”

પૃ ૬૦

ડ્રાઇવરોના જેવો--ઓવરકોટ પહેરેલો હોવાથી તેનાં અંદરનાં વસ્ત્રો જોઇ શકાતાં નહોતાં. માથા પર તેણે ગળીના રંગનો રંગેલો ફેંટો બાંધેલો હતો અને તેનું સમસ્ત મુખમંડળ દાઢી મૂછોના વાળવડે ઢંકાઇ ગએલું હોવાથી તેની સુંદરતા કે અસુંદરતાની કશી પણ કલ્પના કરી શકાતી નહોતી. પગમાં તેણે રબ્બરના શૂજ પહેરેલા હતા એટલે તે બારીમાંથી ઓરડામાં કૂદી આવ્યો ત્યાં સુધીની તેના હીલચાલનો અવાજ સાંભળવામાં આવી શકયો નહોતો. તેના શરીરમાં હૃદયગત કોપાગ્નિનું એટલું બધું પરિણામ થયું હતું કે, તેનાં નેત્રોમાંથી આગની ચિંગારીઓ નીકળતી હતી અને તેની ચામડી લાલચોળ થઇ ગઇ હતી. પ્રત્યક્ષ કાળના સ્વરૂપને આમ નેત્રો સમક્ષ આવી ઉભેલું જોઇને તે તરુણ અને તરુણી એવાં તો ગભરાઇ ગયાં કે તત્કાળ તેમનાં મુખમાંથી એક પણ શબ્દ નીકળી શકયો નહિ. ગભરાટનો અતિરેક થવાથી નિઃસ્તબ્ધતા ધારીને તેઓ એક બીજાના મોઢા સ્હામું જોઇ રહ્યાં. અંતે મૌનનો ભંગ કરીને તે નવીન આવેલા દાઢીવાળા મર્દે તે પ્રથમના આવેલા પુરુષને ઉદ્દેશીને કહ્યું કે;—

"કમીના, કમજાત, બદમાશ ! તું હિંદુ નથી, પણ શયતાન છે. તેં હિંદુના નામને સદાને માટે કલંકિત કર્યું છે અને વ્યભિચારને સ્વીકારી પોતાના ભાગ્યમાં અવિચલ નરકનો નિવાસ લખાવી લીધો છે. વ્યભિચારિણી પુત્રી, ભગિની અને પત્ની તથા તેમના યારોને એક પળ માત્રમાં સંહારી નાખનારા પિતા, બંધુ અને પતિનો આ સંસારમાંથી હજી સર્વથા નાશ તો નથી જ થયો. પૃથ્વી અદ્યાપિ શૌર્યહીન થઇ નથી ! જો; મારા જેવા વિરલ પુરુષો અદ્યાપિ અસ્તિત્વ ધરાવે છે. આ પળે અને આ ક્ષણે જ જો કે આ તારા પાપી

શરીરની શી દશા થાય છે ! ઘણા દિવસથી હુ જે પ્રસંગને મેળવવામાટે તારી પાછળનો પાછળ તારા પડછાયા પ્રમાણે ભટક્યા કરતો હતો, તે પ્રસંગ આજે અચાનક મારા હાથમાં આવી ગયો છે. આજે તું મારા હાથમાં સપડાયો એથી હુ જાણી શકું છું કે, પાપીને શિક્ષા કરવાની પાક પરવરદિગારની આજે પૂર્ણ ઇચ્છા થઇ ચૂકી છે ! અને બાઇ સાહેબ !" એમ કહીને તે તેની પ્રિયકરાને સંબોધીને બોલ્યો કે,—" અંગ્રેજી શિક્ષણે ધર્મ અને સ્વદેશાભિમાનની લાગણી વગરના પામર જીવોને જ બાયલા બનાવ્યા હશે, પરંતુ ધર્મ અને પ્રતિષ્ઠા આગળ જેઓ પોતાના પ્રાણને તુચ્છ અને તૃણ સમાન જાણે છે, તેઓ અંગ્રેજી શિક્ષણથી કોઇ કાળે પણ બાયલા કે કાયર થતા જ નથી." પાછો તે પેલા પુરુષને ઉદ્દેશીને બોલ્યો કે;—" ચાલ, નીચ ! પાપનો પશ્ચાત્તાપ કર અને મરવાને તૈયાર થા !"

જીવનની આશા જેવી આ જગતમાં બીજી એક પણ આશા નથી. જો જીવ બચતો હોય, તો મનુષ્ય બીજી બધી વસ્તુઓને ત્યાગવાને તૈયાર થઇ જાય છે; એ નિયમ પ્રમાણે જ્યારે તે પ્રથમ પુરુષે પોતાના જીવનનાશની ઘટિકાને આવેલી જોઈ, એટલે તત્કાળ થોડીવારને માટે તેનો ગભરાટ દૂર થઇ ગયો અને તે કંપાયમાન શરીર તથા કંપાયમાન સ્વરથી કહેવા લાગ્યો કે;—" ભાઈ, મેં તમારી સ્ત્રીસાથે કશો પણ અયોગ્ય વ્યવહાર કર્યોજ નથી; છતાં ધારો કે, તેવું કાંઇપણ કાર્ય થયું હોય, તો તેમાટે મારા કરતાં તમારી પોતાની સ્ત્રીજ વધારે દોષપાત્ર હોવી જોઇએ; કારણ કે સ્ત્રીની ઇચ્છા વિના આવાં કાર્યો થઈ શકતાંજ નથી."

"ધારી લે કે આ અનાચારનું પ્રથમ મંગળાચરણ મારી સ્ત્રીના હાથેજ થયું હોય અને દોષપાત્ર તેજ હોય; તોપણ તેથી તારા શિરપરનો દોષ કાંઇ ઓછો થઇ શકતો નથી. પ્રથમ ચોરી કરનાર તો ચોરજ હોય છે પરંતુ તેનો માલ વેચાતો રાખીને જે તેના ચોરીના કામમાં ઉત્તેજન આપે છે, તે વળી ચોર કરતાં પણ વિશેષ અપરાધી ગણાય છે અને ઇન્સાફની અદાલતમાં ચોર કરતાં તેનેજ વધારે ભયંકર શિક્ષા અપાય છે, એ વાત તારા જાણવામાં છે ખરી કે નહિ? માટે હવે આજે તારે જીવવાની આશા તો નજ રાખવી. સરકારે હથિયારનો કાયદો કરેલો છે, પણ જેઓ પોતાના પ્રાણની દરકાર નથી રાખતા તેઓ ગમે ત્યાંથી હથિયાર મેળવીને તેનો પોતાની ઇચ્છા પ્રમાણે ઉપયોગ કરી શકે છે; એ વાતને આ તારી નવી રાંડ ભૂલી ગઈ હોય એમ લાગે છે. પણ મારા હાથમાંનો આ તમંચો મારા એ બોલવાની સત્યતાને પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ કરી બતાવે છે!" તે દાઢીવાળા જવાને બહુજ જોશમાં આવી મોઢાને લાલપીળું બનાવી હોઠ ચાવી તથા દાંત કચકચાવીને એ પ્રમાણેનું ભાષણ કરી સંભળાવ્યું.

"ભાઈ, તમારી સ્ત્રીના ભાગ્યમાં કલંકિની થવાનો લેખ લખાયલો હશે તેથી તે કદાચિત્ કલંકિની થઇ હશે, પણ હવે તમે વિના કારણ આ મનુષ્યની હત્યા કરીને પાતકી શામાટે થાઓ છો? વળી આ ખૂન કરવાથી તમે પોતે પણ જીવતા નથી રહી શકવાના, એ વાતને પણ કેમ ભૂલી જાઓ છો? જે કરશે તે ભરશે; એની સાથે તમારે શા લેવા દેવા? જરા વિચાર કરો અને શાંત થઈ અહીંથી ચાલ્યા જાઓ, એમાં જ તમારી શોભા છે." રમણીએ તે ખૂનપર આવેલા પુરુષને સમજાવીને પોતાના ઘરમાંથી બલાને કાઢવાનો પ્રયત્ન કર્યો.

"એની સાથે મારે શા લેવા દેવા? દુરાચારિણી, જેવી તું છે તેવી બધી ઓરતોને બનાવવા માગે છે કે શું? આ હરામખોરે મારી બીબીને બગાડવાથી અમારાં બધાંનાં નાક કપાઇ ગયાં છે, લોકો અમને ધિક્કારે છે, આંગળીઓ ચીંધે છે, અમારી નિંદા કરે છે, તાના મારે છે અને અમારે નીચું જોઇને ચાલવું પડે છે. આવું અપકીર્તિમય જીવન વીતાડવા કરતાં શત્રુનો સંહાર કરી કીર્તિયુક્ત મરણના શરણમાં જવું, એ એક લાખ દરજ્જે વધારે સારૂં છે, અને તેથીજ આ નીચને અને મારી જારિણી નારીને મારી હું પોતે પણ મરવાનો નિશ્ચય કરીનેજ અહીં આવ્યો છું." તે અન્ધારી પુરુષે ધિક્કારપૂર્વક પોતાના મનનો ઉદ્દેશ કહી સંભળાવ્યો.

"ત્યારે એનો જીવ લેવાને બદલે એ વૈરનો બીજી રીતે બદલો વાળી લેવાનો બીજો કોઇ ઉપાય છે જ નહિ કે શું?" રમણીએ નિરાશ હૃદયથી સવાલ કર્યો.

"એક ઉપાય છે અને તે એ કે, મને આ મારી બેઇજ્જતીના બદલામાં રૂપિયા ત્રણ હજારની રકમ મળવી જોઇએ; કારણ કે, મારી એ વ્યભિચારિણી સ્ત્રીને તલાક આપીને હું ઘરમાંથી કાઢી મૂકું, તો પછી બીજી બાયડી લાવવામાટે જે પૈસા જોઇએ તે મારી પાસે નથી. જો બીજી બાયડીને લાવવાનું સાધન મને મળી જાય તો પછી મારે ખુન કરી ફાંસીને લાકડે લટકવાની જરા પણ અગત્ય નથી. હું ચારે તરફથી નિરાશ થઇ ગયો છું અને તેથીજ છેવટે આ છેલ્લા પાટલાપર આવી ગયો છું!" તે પુરુષે પોતાના જોશમાંથી એક ડિગ્રીનો પાવર ઓછો કર્યો.

"જો જીવન ત્રણ હજાર રૂપિયામાં ખરીદી શકાતું હોય તો એ કીમત કાંઇ મોંઘી નથી. માટે મારી સલાહ છે કે એને ત્રણ હ-

જાર રૂપિયા આપો અને આ ભયમાંથી સદાને માટે મુક્ત થઇ જાઓ. જીવતા હશો તો એવા ત્રણ હજાર રૂપિયા ત્રણસેં વાર કમાશો. માણુસ પૈસાને બનાવે છે, કાંઇ પૈસો માણુસને ઉત્પન્ન કરતો નથી." રમણીએ પોતાના પ્રિયકરને ત્રણ હજાર રૂપિયા આપવાનો અંતઃકરણ પૂર્વક ઉપદેશ આપ્યો.

"હું સારી રીતે જાણું છું કે, જીવન જેવી અમૂલ્ય વસ્તુની આ કીમત વધારે નથી, પણ અફસોસ કે, અત્યારે ત્રણ હજાર રૂપિયાને બદલે ત્રણસો રૂપિયા આપવાની પણ મારી પાસે જોગવાઈ નથી. જો તું મારાપર દયા કરીને અત્યારે એટલી રકમ આપે, તો એ ચાર મહિનામાં હુ તે વ્યાજ સુદ્ધાં તને પાછી આપીશ. જો તેમ નહિ બને, તો પછી મારા ભાગ્યમાં આના હાથે મરવાનું તો સૃજાયલું જ છે; એ મારો પ્રાણ લેશે, બીજું શું કરશે?" રમણીના પ્રિયકરે નિરાશાનું દર્શન કરાવ્યું.

"પણ મારી પાસેથી પણ અત્યારે અને આ ક્ષણે જ ત્રણ હજાર રૂપિયાની રકમ ક્યાંથી અને કેમ કરીને નીકળી શકે વારૂ? આ પારકા પરદેશમાં કાંઇ નાણુાંની તીજોરીઓ ભરી રાખી છે? જો બે દિવસ પછી જોઇએ, તો હુ વળી સગવડ કરી આપું." રમણીએ બે કારણથી પોતાની ઉદારતા બતાવી. એક તો એ કે, પોતાના પ્રિયકરનું ખૂન ન થાય અને બીજું કારણ એ કે, પોતાના ઘરમાં એ ખૂન ન થવાથી પોતાની અપ્રતિષ્ઠા થવાનો સંભવ ટળી જાય.

"ઠીક છે, જો બે દિવસ પછી પણ મને રૂપિયા મળવાની આશા હોય, તો વિનાકારણ આ ખૂનામરકી કરવાનો મારો પણ વિચાર નથી. બે દિવસ પછી હુ પાછો મળીશ અને એ રૂપિયા

આપી દેશે, તો મારી દુશ્મનીનો છેડો આવી જશે." તે ખૂનીએ ખૂનમાંથી પાણીમાં બદલાઇને કહ્યું.

"પણ ફરીથી અહીં ન આવશો. હું આમને રૂપિયા આપીશ અને એ તમને આપી દેશે." રમણીએ પ્રાર્થના કરી.

"બહુ સારૂં ત્યારે સલામ." એટલું કહીને તે દાઢીવાળો મકરાણી જે બારીવાટે આવ્યો હતો તેજ બારીની વાટે પાછો કૂદીને બહાર નીકળ્યો અને સર્વત્ર વિસ્તરેલા અંધકારમાં અદૃશ્ય થઇ ગયો.

આ એક નાટકમાંના દેખાવ જેવા દેખાવમાં લગભગ દોઢ એ કલાકનો વખત વીતી ગયો અને થોડીવારમાં ઘડિયાલમાં ચારના ટંકોરા સંભળાયા. રમણીએ પોતાના પ્રિયકરને કહ્યું કે;—"એક તો તમે મોડા આવ્યા, તેમાં વળી આ વિઘ્ન આવ્યું અને ઉષાનો સમય થઇ ગયો. આજે આપણને જોઇએ તેવો અને તેટલો આનંદનો અવસર મળીજ ન શક્યો. એટલું પણ વળી સારૂં થયું કે, એ પીટયો સમજીને કાંઇ પણ ધામધૂમ કર્યા વગર ચાલ્યો ગયો અને પીડા આટલેથી જ પતી ગઇ. નહિ તો તમારો જીવ જવા સાથે મારો પણ ફજેતો થવાથી ઝેર ખાઇને મરવાનો વખત આવી લાગત. હવે આવું કાંઇ પગલું ભરો, તો જોઈ વિચારીને જ ભરજો. પ્રીતિ કરવી તો જાત સાથેજ કરવી, સમજ્યા ?"

"તારા વિઘ્નનો તો અત્યારે પરિહાર થયો છે, પણ જ્યાં સુધી એની રકમ એને અપાશે નહિ, ત્યાં સુધી મારા માથાપર તો મરણનો ભય ડેમોક્લિસની તલ્વાર પ્રમાણે ઝઝૂમી રહ્યો છે, એનો તારે વિચાર કરવાનો છે." તેના પ્રિયકરે પાછી રૂપિયાની વાત ઉચ્ચારી.

" એ તો બધી વ્યવસ્થા થઇ રહેશે પણ હું એ પુછવા માગું છું કે, તમારા કહેવા પ્રમાણે એ જાતનો મકરાણી છે અને ગુજરાતી ભાષા તો એ એક હિન્દુને પણ શર્માવે તેવી સ્પષ્ટ અને શુદ્ધ બોલી શકે છે એનું શું કારણ વારૂ ? " રમણીએ પોતાની એક શંકાનો સ્ફોટ કર્યો.

તે પુરુષ કાંઇક ગુંચવાડામાં પડી ગયો હોય એમ દેખાયું. પણ તરત તેણે વિચાર કરીને જવાબ આપ્યો કે;—" એનો જન્મ કરાચીમાં થએલો છે અને બાલ્યાવસ્થાથી જ એ આપણા ગુજરાતીઓના સહવાસમાં ઉછરીને મોટો થયો છે તેથી જ એ આપણી ગુજરાતી ભાષા આટલી બધી સ્પષ્ટ અને શુદ્ધ બોલી શકે છે. અભ્યાસથી બધું થઇ શકે છે એટલે એમાં નવાઇ જેવું કાંઇ પણ નથી. "

અરુણોદયનો સમય પાસે આવતો હોવાથી તેઓ મળેલા પ્રસંગનો લાભ લેવામાટે હાસ્ય વિનોદ, અને એવી જ શૃંગારની અન્ય ચેષ્ટાઓમાં નિમગ્ન થયાં—પળ પૂર્વે અનુભવેલા ભયંકર પ્રસંગને આનંદ અને હર્ષમાં પડીને સર્વથા ભૂલી જ ગયાં !

* * * * *

ત્યારે એ રમણી, તેનો પ્રિયકર અને તે પ્રિયકરનો પ્રાણઘાતક શત્રુ આદિ કોણ હતાં વારૂ ? રમણી તે જેને વેન્ટીલેટરમાંથી પોતાના ઓરડામાં ગુપ્ત રહીને શારદા જોતી ઉભી હતી તે કપિંજલાની ભગિની વિધવા સુનંદા જ હતી અને જે ઘટના બની હતી તે તેના જ ઓરડામાં. તેના પ્રિયકર તથા પેલા બીજા ખૂની મર્દને શારદા ઓળખતી નહોતી, એટલે અત્યારે અમારાથી પણ તેની

ઓળખાણુ આપી શકાય તેમ નથી. શારદાએ એ ઓરડામાં ભજવાયલા સમસ્ત નાટકનું આદિથી અંત પર્યન્ત અવલોકન કર્યું અને તેના મનમાં વિશ્વની વિલક્ષણુતા વિષે અનેક પ્રકારના વિચારો ઉદ્દ્ભવવા લાગ્યા. આજની એ ઘટનામાં તેને જે એક વિશિષ્ટ વિલક્ષણુતા દેખાઇ તે એ હતી કે, મકરાણી શુદ્ધ ગુજરાતી ભાષા બોલતો હતો, ખૂનપર ચઢેલો માણસ એકદમ પૈસાની વાતપર આવીને ઠંડોગાર થઇ ગયો અને કોઇ પણ જાતની રકઝક કે આનાકાની વગર બે દિવસનો વાયદો કબૂલીને તરત ચાલ્યો ગયો. એટલુંજ નહિ, પણુ તે પોતે આટલા બધા જોશ અને જુનૂનમાં આવેલો હોવા છતાં વાતચીત કરતી વેળાયે ધીમા અને આસપાસ કોઇના સાંભળવામાં ન આવી શકે તેવા દબાયલા અવાજથી બોલવાની પ્રથમથી અંત પર્યન્ત તેણે ઘણી જ સંભાળ રાખી હતી અને તેની એ કળા સારી રીતે શારદાના જાણવામાં આવી ગઇ હતી. એ સર્વ કારણોથી શારદાના મનમાં અનેક પ્રકારના સંશયોનો સંચાર થવા લાગ્યો. સુનંદા અને તેના પ્રિયકરની શૃંગારચેષ્ટાનો આરંભ થતાં લજ્જાવતી આર્ય લલના શારદા કુરસીપરથી ઉતરીને કોચપર બેસી ગઇ હતી અને સુનંદાપર મનમાં ને મનમાં ધિક્કાર વર્ષાવતી હતી. એટલામાં કપિંજલા ત્યાં આવી અને શારદાના ઓરડામાં બારીમાંથી ડોકિયું કરી ' શારદા, જાગે છે કે? ' એવો તેણે પડકારો કર્યો. શારદાએ તરત ઉઠીને દરવાજો ઉઘાડયો અને નાકપર આંગળી મૂકી તેને ઓરડામાં લાવી બહુજ ધીમા સ્વરથી કાનમાં કહ્યું;—

" તારી બહેનના ઓરડામાં બે વાગ્યાથી એક પુરુષ આવ્યો છે તેને જો અને ઓળખતી હોય તો ઓળખી લે. બીજા જે અવનવા બનાવો આજે રાતના બાર વાગ્યાથી અત્યાર સુધીમાં તારી બહેનના

ઓરડામાં બન્યા છે. તેનો સર્વ વૃત્તાંત હું પછીથી નીરાંતે તને કહી સંભળાવીશ ”

કપિંજલાએ એક પરપુરુષના હસ્તે પોતાની ભગિનીના પવિત્ર વૈધવ્યનો વધ થતો પોતાનાં નેત્રોથી પ્રત્યક્ષ જોયો અને તે અપવિત્ર દૃશ્યને જોઇને તેનાં વિશુદ્ધ નયનોએ અશ્રુની ધારા વર્ષાવી. થોડીવાર સુધી હૃદયમાં એક પ્રકારનો અસહ્ય આઘાત થવાથી તેનાથી કાંઇપણ બોલી શકાયું નહિ; થોડી વાર પછી તે શાંત થઇને બોલી કે;—“ શારદા, એ પુરુષ બીજો કોઇ નહિ, પણ મારા કાકાજીનો ન્હાનો પુત્ર, મારો જેઠ, દામોદર છે. હાય એણે અમારા કુટુંબને પણ અપવિત્ર કર્યું ! ”

કપિંજલા આખી રાત રુગ્ણ પતિની સેવામાં વીતાડી શૌચકાર્યથી મુક્ત થઇ દંતધાવન અને સ્નાન કરવામાટે નીચે ઉતરી હતી અને સહજ સ્વભાવે તેણે શારદાને બોલાવી, તો તેમાંથી અચાનક આટલો બધો અને તે પણ વળી મહાભયંકર ભેદ તેના જાણવામાં આવ્યો. શારદાએ ત્યાર પછી સંક્ષેપમાં પોતે જોએલા દૃશ્યનો વૃત્તાંત તેને કહી સંભળાવ્યો અને તે સાંભળી બિચારી ભલી કપિંજલાની મૂર્છાગત થવા જેવી અવસ્થા થઇ ગઈ. શારદાએ કપિંજલાને આશ્વાસન આપીને કહ્યું કે;—“ એ દુષ્ટ પુરુષનો તારી ભાગિનીને આવી રીતે ભ્રષ્ટ કરીને સંપુષ્ટમાં લેવાનો આના કરતાં પણ બીજો કોઇ ભયંકર અને અત્યંત ગુપ્ત ઉદ્દેશ હોવો જોઇએ અને તેનો એ ઉદ્દેશ કદાચિત્ તારામાટે વિઘાતક ન થઇ પડે એટલા માટે એ ભેદનો આપણે ગમે તે પ્રયત્ને પણ પત્તો મેળવવો જ જોઇએ. જોઇએ કે હવે ઇશ્વર આપણને આપણા કાર્યમાં કેટલી અને કેવીક સહાયતા આપે છે તે.”

પ્રકરણ ૮ મું.

મંત્રણા

પ્રભાતમાં ચાહ નાસ્તો લીધા પછી શારદાએ કપિંજલાને બોલાવીને કહ્યું કે;–"કપિંજલા, ઉપર કોઇ એવો ઓરડો છે ખરો કે જેમાં બેસીને આપણે વાતચીત કરીએ, તો આસપાસ કયાંય તેનો ધ્વનિ ન જાય? કારણ કે, મારે અત્યારે તારી સાથે અને તારાં સાસુજી સાથે એક બહુજ અગત્યનો વાર્તાલાપ કરવાનો છે."

"છેક ઉપરના ભાગમાં અગાસી અને એક ન્હાની બંગલી છે અને ઉન્હાળામાં રાતે અમે ત્યાંજ સૂઈએ છીએ. એ બંગલી અને અગાસીમાં જવાના દાદરનાં બારણાંને અંદરથી વાસી દેવામાં આવે, તો ઉપર કોઇપણ આવી શકે તેમ નથી અને આપણી વાતચીત સાંભળી શકે તેમ નથી." કપિંજલાએ ઉત્તર આપ્યું.

"તો આ ક્ષણે જ ઉપર જા અને તારાં સાસૂજીને પણ ત્યાં બોલાવ. હું હમણાંજ આવું છું." શારદાએ આજ્ઞા કરી.

કપિંજલાએ બંગલીમાં જઇને કુરસીઓ, કોચ તથા પલંગ આદિ સામાનપર ઉડેલી ધૂળને ઝાટકી નાખી, પોતાની સાસૂને ત્યાં બોલાવી અને થોડીવારમાં શારદા પણ આવી. નીચેનાં દાદરનાં બારણાં વાસી દેવામાં આવ્યાં.

કપિંજલા પલંગને અઢેલીને ઊભી રહી, તેની સાસૂ કોચપર બેઠી હતી અને શારદા એક કુરસીપર બેઠી. શારદાએ નીચે પ્રમાણે પોતાના ભાષણનું મંગળાચરણ કર્યું;-

"રતનબાઇ, તમે મારી કપિંજલાનાં સાસૂજી છો એટલે હું

તમને મારાં માતુશ્રી પ્રમાણે અને પ્રાણલાલને બંધુ સમાન માનું છું અને તેથી તમો સર્વનું કલ્યાણ ઇચ્છવું અને કલ્યાણ કરવું એ મારો પરમ ધર્મ છે. આજે મારે વિચારમાટે જે વિષય તમારા સમક્ષ રજૂ કરવાનો છે, તે મહા ગંભીર અને કેટલેક અંશે હૃદયમાં ભયાનક આઘાત કરનાર હોવાથી મારી એ પ્રાર્થના છે કે, હૃદયને દૃઢ રાખીને મારા સૂચવેલા માર્ગનો શાંતિથી વિચાર કરજો અને સત્વરજ અમુક પ્રકારના અંતિમ નિશ્ચયપર આવી જજો: નહિ તો અત્યારની ભૂલનું મરણ પર્યન્ત તમો સર્વને મહાદુઃખદાયક પરિણામ ભોગવવું પડશે. કારણ કે, સમય બહુજ કોમળ અને કટાકટીનો છે."

"શારદા બહેન, જે કાંઇ પણ જણાવવાનું હોય તે સંકોચ વિના જણાવો. હું મારાથી બનતાં સુધી અવશ્ય તમારા મંત્રનો વિચાર કરી તે પ્રમાણે વર્ત્તવાનો પ્રયત્ન કરીશ." કપિંજલાની સાસૂ રતનબાઇએ કહ્યું.

"શારદા, મારાં સાસૂજી પોતાની સગી મા પણ દીકરીમાં જેટલો સ્નેહભાવ નહિ રાખતી હોય, તેટલો બધો સ્નેહ મારામાં રાખે છે; એથી તારે એમની આગળ અંતર ખોલીને બોલવામાં કોઇપણ પ્રકારનો સંકોચ રાખવો નહિ." કપિંજલાએ પોતાની સાસૂની સ્તુતિનાં ગાન ગાયાં.

"અને એટલા માટે જ મેં આજે એકાંતમાં બોલાવીને એમને મારા વિચારો જણાવવાનું સાહસ કર્યું છે." એમ કહીને શારદાએ પોતાના વિષયપર આવીને કહેવા માંડ્યું કે;–"રતનબાઇ, પ્રાણલાલભાઇનો રોગ એવા પ્રકારનો છે કે, તેમના જીવનનો કયારે અંત થઇ જશે, એનો નિશ્ચય નથી. ધારો કે, અચાનક એવોજ કાંઇ

અશુભ પ્રકાર બની જાય, તો એ મહાદુઃખની સાથે બીજું પણ જે એક અસહ્ય સંકટ તમારા શિરપર આવવાનો સંભવ છે, એની તમને કલ્પના છે ખરી કે?"

"પુત્રનું મરણ થાય અને તરુણ તથા આશાભરેલી પુત્રવધૂ રંડાય એનાથી વિશેષ બીજું સંકટ શું હોઇ શકે વારુ?" આ શબ્દો ઉચ્ચારતાં રતનબાઇની આંખોમાં ઝળઝળિયાં ભરાઈ આવ્યાં. કપિંજલાની આંખોમાંથી પણ બે ચાર આંસૂ ખરી પડયાં. શારદાએ તેમના શોક કરતાં સમયને વિશેષ મૂલ્યવાન્ માનીને આગળ વધીને કહ્યું કે;" રતનબાઇ, તમો વિધવા હોવાથી તમારૂં સત્ય ધન તે તમારો પુત્ર છે; અને તમારો બધો આધાર એનાપરજ છે, એટલે પુત્રમરણના શોક જેવો બીજો શોક તમારામાટે તો નજ હોય એ સ્વાભાવિક છે. તેમજ મારી કપિંજલા આવી ભરજવાનીમાં રંડાય અને વિધવા થાય એ પણ કાંઇ જેવા તેવા ખેદનો વિષય નથી. છતાં પણ ભાવિને કોઇ મિથ્યા કરી શકતું નથી અને કોઇની પાછળ કોઇ મરી શકતું નથી. જો અમુક પ્રકારની વ્યવસ્થા કર્યા વિનાજ પ્રાણલાલભાઇનો અંત થશે, તો એમને પુત્રસંતાન ન હોવાથી અને આ મિલ્કત વડિલોપાર્જિત હોવાથી તમારા જેઠના દીકરા સીધી રીતે કે પછી કોર્ટમાં લડીને આ મિલ્કતના માલેક થશે, તમો સાસૂ વહૂને નોકર પ્રમાણે અમુક ખર્ચ જોગો પગાર મળશે અને તમારૂ અત્યારનું સ્વતંત્ર જીવન પરતંત્ર અને જીવતાં મુઆ જેવું થઇ જશે. પાંચ પૈસા ધર્મદાનમાં આપવાની સત્તા પણ તમારી રહેશે નહિ. આવા બનાવો ઘણા બની ગયા છે અને બિચારી કેટલીક નિરાધાર થએલી નારીઓ પોતાની સંપત્તિને બીજાના હાથે અયોગ્ય વિલાસોમાં લૂટાતી જોવા છતાં અન્ન અન્ન કરીને

છેવટે મરણને શરણ થઇ છે. રોગનું સ્વરૂપ ભયંકર થવા પછી તેને મટાડવાનો ઉપાય કરવા કરતાં રોગને આવતોજ અટકાવી દેવો એ વધારે સારૂં છે. આગ લાગે તે વેળાએ કૂવો ખોદવાથી કશો પણ લાભ થઇ શકતો નથી, એનો અત્યારે તમો સાસૂ વહૂએ બરાબર વિચાર કરવાનો છે.”

રતનબાઇ અને કપિંજલા બન્ને શારદાની આ સૂચના સાંભળીને કેટલીક વાર સુધી ગંભીર વિચારમાં પડી ગઇ. કપિંજલા પોતાની સાસૂના મોઢા તરફ જોઇ રહી અને ત્યાર પછી સાસૂએ વહૂના આશયને જાણીને કહ્યું કે;—“શારદા બહેન, તમારી આ સૂચના અક્ષરે અક્ષર ખરી છે. હવે મને દીવા જેવું જણાય છે કે, જો મારા પ્રાણલાલના પ્રાણ શરીરને ત્યાગી જશે, તો પાછળ અમો સાસૂ વહૂની એટલી બધી દુર્દશા થશે કે જેની અત્યારે કદાચિત્ કોઇ કલ્પના પણ ન કરી શકે; કારણ કે, મારા જેઠના દીકરા અમને જંપીને બેસવા કે રોટલો પણ ખાવા દે, એટલી પણ ઉદારતા તેમનામાં નથી. પણ હવે એ સંકટને ટાળવાનો ઉપાય શો કરવો, એ એક મોટામાં મોટો સવાલ છે.”

“જો તમારામાં હિંમત હોય, તો એનો ઉપાય પણ મારી પાસે તૈયાર છે; અને તે એ કે, તમારા જેઠ અને તમારા પતિ પોતાના પિતાની મિલ્કતના ભાગ પાડીને જૂદા થએલા હોવાથી જો હવે પ્રાણલાલભાઇ પુત્રહીન હોવાથી આપણી જ જ્ઞાતિના કોઇ બાળકને આપણા ધર્મશાસ્ત્રના નિયમ પ્રમાણે દત્તક પુત્ર તરીકે સ્વીકારી લે અને તે પુત્ર વયમાં આવે ત્યાં સુધી મિલ્કતની સર્વ પ્રકારની વ્યવસ્થાનો અધિકાર તમો સાસૂવહૂ તથા એકાદ બે બીજા યોગ્ય પુરુષોના હાથમાં મૃત્યુપત્ર કરીને આપી જાય, તો પછી તમારા જેઠ-

ના દીકરા કે બીજા કોઇનું કાંઇ પણ ચાલી શકે તેમ નથી અને તેમનાથી તમારૂં કાંઇ પણ વાંકું કરી શકાય તેમ નથી." શારદાએ ઉપાય બતાવ્યો.

"ઉપાય તો યોગ્ય છે, એની કોઇથી પણ ના પાડી શકાય તેમ નથી. પણ અહીં કરાચીમાં આપણી ન્યાતનાં ગણ્યાં ગાંઠયાં ઘર છે, કેટલાકોને તો પુત્ર છે જ નહિ અને જે બે ચાર કુટુંબો પુત્ર પુત્રીવાળાં છે તેમનામાંનાં એક બે કુટુંબો સાથે કપિંજલાના સસરાના વખતથી જ અમારો બનાવ નથી અને બીજાં કુટુંબો એવાં સાધનસંપન્ન અને અભિમાની છે કે તેઓ પોતાના પુત્રને બીજા કોઇને ત્યાં દત્તક આપે કે ન આપે, એ કાંઇ નક્કી કહી શકાય નહિ. દત્તક તો લઇએ, પણ મૂળ દત્તક લેવામાટે બાળક જોઇએ તે ક્યાંથી લાવવો?" રતનબાઇએ મુશ્કેલીનું ભાન કરાવ્યું.

શારદા વિચારમાં પડી ગઇ અને થોડી વાર સુધી કપિંજલાના મુખને તાકીને જોઇ રહી. થોડી વાર પછી અચાનક જાણે કોઇ માર્ગ મળી આવ્યો હોયની! તેવી રીતે તે બોલી ઊઠી કે;—"પણ આ મારી કપિંજલાનો અર્ભક બન્ધુ તો તમારા ઘરમાં જ છે, એટલે એને જ જો દત્તક કરી લેવામાં આવે, તો શો વાંધો છે?"

"વાંધો તો કશો પણ નથી, પણ એક તો એમાટે મારા પિતાની અનુમતિ લેવી જોઇએ; અને વળી મારા પિતાનો એજ એક પુત્ર હોવાથી તેઓ એવિશેની અનુમતિ આપશે કે કેમ એ પણ શંકાસ્પદ છે. એટલુંજ નહિ, પણ એ વ્યવસ્થા કરવામાં કેટલોક સમય પણ વીતી જવાનો સંભવ છે." કપિંજલાએ પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

"એથી પણ વિશેષ વિચાર કરવા યોગ્ય વિષય એ છે કે, કપિંજલાનો બંધુ અત્યંત અલ્પવયસ્ક છે અને વળી માતા વિનાનો છે. ન કરે નારાયણ અને કદાચિત્ એ કુસુમ વિકસિત થવા પૂર્વેજ કરમાઇ જાય, તો પાછી વળી, આપણે જે સંકટમાંથી છૂટવામાટે આ બધી ભાંજઘડ કરી રહ્યાં છીએ, તેજ સંકટની ઘટિકા આવીને આપણા સમક્ષ પ્રાપ્ત થાય! શારદાબ્હેન, આ મારો સંશય ખરો છે કે ખોટો? મારો તો એવો અભિપ્રાય છે કે, જો દત્તક લેવો જ હોય, તો તે ઓછામાં ઓછો પણ પાંચ વર્ષથી ઉપરના વયનો હોવો જોઇએ; અને જો વળી તેથી પણ વિશેષ વયનો મળે તો તો ઘણુંજ સારૂં." રતનબાઇએ પોતાનો વિચાર દર્શાવ્યો.

શારદા બહુજ ગંભીર અને ગહન વિચારમાં નિમગ્ન થઇ ગઈ અને તે એટલે સુધી કે, પોતે કપિંજલા અને તેની સાસૂ સાથે વાર્ત્તાલાપ કરતી બેઠી છે, એનું પણ તેને વિશેષ ભાન રહ્યું નહિ. તે પોતાના મનમાં કહેવા લાગી કે;—"હવે શું કરવું? મુંબઇ હોત, તો ગમે તે ઉપાય કરી શકાત; પણ ક્યાં મુંબઇ અને ક્યાં કરાચી! વળી એ પણ સાથે નથી કે તરત કાંઇ સલાહ લઈ શકાય. આ પ્રાણલાલ ક્યારે પ્રાણને ત્યાગી દેશે, એનો કશો પણ નિશ્ચય નથી; એટલા માટે આ કાર્ય જો આજે થતું હોય, તો આવતી કાલપર મુલતવી રાખવા જેવું છે નહિ, અને વ્યવસ્થા તો કોઇ પણ પ્રકારની નથી. કપિંજલાએ મને બહુ મોડી બોલાવી અને આ કલ્પના પણ છેક છેલ્લી ઘડીયે મારા મસ્તિષ્કમાં આવી." કેટલીકવાર પછી તેણે રતનબાઇ અને કપિંજલાને ઉદ્દેશીને કહ્યું કે;—"હવે માત્ર એકજ ઉપાય છે અને તે એ કે, જો તમો સાસૂ વહૂ બન્નેની ઇચ્છા હોય, તો

હું મારા પતિને અને પુત્રને અહીં બોલાવું અને તમને કોઇ જાતનો વાંધો ન હોય તો મારા પુત્ર ઇન્દુને પ્રાણલાલનો દત્તક પુત્ર બનાવું. જો કે, અમારા ઘરમાં કોઇ જાતની ન્યૂનતા નથી, ઇશ્વરે જે જોઇએ તે સુખનાં સર્વ સાધનો આપ્યાં છે અને ઇન્દુ અમો બન્નેને પ્રાણ કરતાં પણ વધારે વ્હાલો છે; છતાં જો તમારૂં કલ્યાણ થતું હોય, તો મારા એ લાડકવાયાને ખુશીથી હું તમારો કરીશ; મારા પતિને સમજાવીશ અને તમને સંકટમાંથી બચાવીશ. હવે એ વ્યવસ્થામાં પણ ઓછામાં ઓછો એક અઠવાડિયાનો કાળ તો જશે જ, એટલે એટલા વખત સુધી ઇશ્વર પ્રાણલાલભાઇને ક્ષેમકુશળતામાં રાખે, તો તો આપણી બધી ઇચ્છા પાર પડી જાય. આ કાર્ય 'અત્યારેજ અથવા તો કદાપિ નહિ' જેવું છે, માટે જે વિચાર થતો હોય તે સત્વર જણાવો કે જેથી સમયનો ઉપયોગ કરી શકાય. એક પળ પણ અત્યારે લાખ રૂપિયાની જાય છે!"

"ધન્ય છે, શારદા બહેન, તમારી ઉદારતા અને ધીરતાને! જો આમ થતું હોય, તો પછી બીજી વ્યવસ્થાની આવશ્યકતાજ શી છે વારૂ? આ વ્યવસ્થા મને કબૂલ મંજૂર છે." રતનબાઇએ શારદાને ધન્યવાદ આપવા સાથે પોતાની સંમતિ દર્શાવી.

"શારદા, તારો ઇન્દુ મારો થાય અને મને મા કહીને બોલાવે એવાં મારાં ભાગ્ય ક્યાંથી? આના કરતાં વધારે સારી બીજી કોઇ વ્યવસ્થા હોઇ શકે જ નહિ." કપિંજલાએ પણ હર્ષ સહિત અનુમતિ આપી દીધી.

"આપણે તો આ બધું નક્કી કર્યું છે, પણ એમાં હવે વાંધો એટલો જ રહ્યો છે કે, ઇન્દુને અમારે ત્યાં દત્તક તરીકે આપવાની

તમારા પતિની અને તેને દત્તક તરીકે લેવામાટે મારા પ્રાણલાલની સંમતિ મળવી જોઇએ. જો તે મળી જાય તો પછી કોઇ પણ પ્રકારનો વાંધો રહે તેમ નથી.” રતનબાઇએ એક નવીન વાર્તા ઉત્પન્ન કરી.

“મારા પ્રાણનાથ એવા તો પરોપકારી અને દયાળુ છે કે, બીજાના કલ્યાણમાટે પોતાના પ્રાણ આપવા પડે તો તે પણ આપવાને તૈયાર થઇ જાય; તેમજ વળી તેઓ મારી પ્રાર્થનાનો કદાપિ અનાદર નહિ જ કરે, એવો મારો મારા પતિમાં દૃઢ વિશ્વાસ છે એટલામાટે તેમની અનુમતિ વિશે કશી પણ ચિંતા રાખવાની નથી. અર્થાત્ પ્રશ્ન એટલો જ અવશિષ્ટ રહે છે કે, પ્રાણલાલભાઇની સંમતિ મળવી જોઇએ.” શારદાએ એક વિઘ્નનું તો નિરાકરણ કરી નાખ્યું.

“ત્યારે ચાલો અત્યારે જ આપણે સર્વ પ્રાણલાલ પાસે જઇને આ વાત કાઢીએ અને બની શકે તો તેની સંમતિ મેળવીને તમારા પતિ તથા પુત્રને અહીં બોલાવવાની ગોઠવણ કરીએ.” રતનબાઇએ કહ્યું.

“મારો પણ એજ અભિપ્રાય છે. પણ સંભાળજો અને એ વાત પ્રાણલાલભાઇ આગળ એવી રીતે કાઢજો કે તેમના હૃદયમાં કશો પણ આઘાત ન થાય અને આવતી કાલે આવનારૂં સંકટ આજે જ આવી ન જાય! તેમના જીવનની આશા નથી એટલામાટે આમ કરવામાં આવે છે, એ પ્રમાણે ખુલ્લું તેમને જણાવશો નહિ; કિન્તુ સાધારણ રૂપમાં જ એ વિષયને તેમની આગળ રજૂ કરજો. આપે મારા કરતાં ચાર ચોમાસાં વધારે જોયાં છે એટલે

મારે આપને વધારે કાંઇ ભલામણ આપવાની અગત્ય નથી.” શારદાએ યોગ્ય સૂચના આપી દીધી.

“ત્યારે શું તમો અમારી સાથે પ્રાણલાલપાસે નહિ આવો?” રતનબાઇએ પૂછ્યું.

“હું પોતે ન આવું તે જ વધારે સારૂં છે. કપિંજલાને તેમની પાસે હાજર રાખજો, એટલે થયું.” શારદાએ ઉત્તર આપ્યું.

સભાનું વિસર્જન કરીને ત્રણે અબળાઓએ બંગલીમાંથી નીચે આવવામાટે નિઃસરણીપરથી નીચે ઉતરવા માંડયું.

* * * * *

રતનબાઇ અને કપિંજલા–સાસૂ વહૂ–એ જે વેળાયે પ્રાણલાલના ઓરડામાં પ્રવેશ કર્યો, તે વેળાયે પ્રાણલાલ અત્યંત અસ્વસ્થ હતો. આજે પ્રભાતથી તેની બેચેનીમાં એકાએક પાછો વધારો થવા માંડયો હતો. તેની આવી અવસ્થાને જોઇને રતનબાઇએ તરત પોતાની ધારેલી વાર્ત્તાનો સ્ફોટ કર્યો નહિ અને ડૉકટરના આવવાનો સમય થએલો હોવાથી સાસૂ વહૂ બન્ને આતુર નયનોથી ડૉકટરના આગમનની માર્ગપ્રતીક્ષા કરવા લાગી. લગભગ પંદર મિનિટમાં ડૉકટર આવી લાગ્યો અને તેણે પ્રાણલાલની પ્રકૃતિ જોઇને પોતાના મુખમંડળમાં નિરાશાનાં ચિન્હો દેખાડયાં. ડૉકટર ઓરડામાં ગયો તે વેળાયે શારદા નીચે ડૉકટરના જવાના માર્ગમાં આવીને ઉભી રહી. ડૉકટર પાછો ફર્યો એટલે શારદાએ સભ્યતાથી તેને અંગ્રેજીમાં પૂછ્યું કે;–“ડૉકટર, પ્રાણલાલની પ્રકૃતિ કેમ છે અને એ સારા થશે કે કેમ એ વિશે આપનો શો અભિપ્રાય છે? કોઇ પણ બાબત છુપાવવાની અગત્ય નથી; કારણ કે, મોતને કોઈ પણ અટકાવી શકતું

નથી. જો એમના જીવનની આશા ન જ હોય, તો પછી અમે જે બીજી કેટલીક ખાનગી વ્યવસ્થા કરવાની છે તે કરી નાખીએ."

"બાઇ, મારાથી બનતા ઉપચારો કરવામાં મેં કશી પણ ક્યાશ રાખી નથી અને હજી પણ એક બે ઇલાજ અજમાવવાની મારી ઇચ્છા છે; પણ જો ખરૂં જ બોલાવો, તો આ કેસમાં મને કાંઈ પણ વધારે દમ જેવું દેખાતું નથી. જો દર્દીની આવી હાલત ચાલૂ રહેશે, તો હું નથી ધારતો કે પંદર દિવસથી વધારે વખત એ કાઢી શકે. એટલામાટે મારી તો આપને એ જ સલાહ છે કે, જે વ્યવસ્થા કરવાની હોય તે ઉતાવળથી કરી નાખો. પછી ધારો કે, કદાચિત્ એ રોગી બચી પણ જાય, તોય વ્યવસ્થા કરી રાખવાથી કાંઇ નુકસાન તો નથી જ. પણ જો એ ન બચે અને એના બચવાના ખોટા ભરોંસે રહીને કાંઇ ગોઠવણ પણ ન કરવામાં આવે, તો તેથી હાનિ થવાનો સંભવ તો પ્રત્યક્ષ છે. ઑલરાઇટ્ ત્યારે હવે હું રજા લઇશ; કારણ કે, પ્રાણુલાલમાટે એક ખાસ દવા ખરીદવાને મારે સદરમાં ડ્રગિસ્ટ અને કેમિસ્ટની દુકાને જવાનું છે. એક કલાકમાં એ દવા આવી જશે." ડૉકટરે અત્યંત સભ્યતાથી પોતાનો સત્ય અભિપ્રાય જણાવી દીધો.

"વેરીવેલ–તમને ખોટી કર્યા તેની ક્ષમા કરશો." શારદાએ ચાલૂ જમાનાના નિયમ પ્રમાણે સભ્યતાનું દર્શન કરાવ્યું.

"નેવર માઇન્ડ!" એટલું બોલીને ડૉકટર ચાલ્યો ગયો.

ડૉકટરે જતી વેળાયે પ્રાણુલાલને તેનામાટે ખાસ લાવવામાં આવેલી એક નવીન ઔષધિનો એક ડૉઝ પાયો હતો અને તેના યોગે ડૉકટરના જવા પછી પંદર વીસ મિનિટે તેના શરીરમાં કાંઇક

હોશિયારી આવ્યાનાં ચિન્હો દેખાયાં. તેની છાતીમાંનો મુંઝારો અને ધડકો એ દવાથી કાંઇક ઓછો થયો, તેણે પાસે બેઠેલી પોતાની માતા અને પત્નીને જોયાં અને તેની આંખોમાં પાણી આવી ગયાં. માતાએ તેના મસ્તક અને શરીરપર હાથ ફેરવીને પ્રથમ તેને આશ્વાસન આપ્યું અને પછી ધીમે ધીમે દત્તક લેવા વિશેની વાત તેના કાને નાખી દીધી. તે સાંભળીને પ્રાણલાલે નિરાશાસૂચક મુદ્રા કરીને કહ્યું કેઃ—"ત્યારે મા, શું હવે મારી જિંદગીના દિવસો પૂરા થયા છે? હજી હું જીવતો છું તો દત્તક લેવાની શી અગત્ય છે? જો હું મરી જવાનો હોઉં, તો પછી ડૉકટર અને તમો બધાં 'કાંઇ ધાસ્તી જેવું નથી, થોડા દિવસમાં સારૂં થઇ જશે' એમ બોલી ખોટી આશાઓ આપીને મને ઠગો છો શામાટે? એક દિવસે સૌને મરવાનું તો છે જ, એટલે મરવાથી હું ડરતો નથી. જો મારા જીવનની આશા ન હોય, તો ઔષધોપચાર બંધ કરો, મને ઇશ્વરભજન કરવા દો અને તમે તમને ગમતી સર્વ વ્યવસ્થા કરી લ્યો. મારી તેમાટે જરા પણ ના નથી."

મરણશય્યામાં પડેલા એકના એક પુત્રના મુખમાંથી નીકળેલા આ ઉદ્‌ગારો સાંભળીને માતા રતનબાઇનું હૃદય વિદીર્ણ થઇ ગયું અને કપિંજલાના કોમળ અંતઃકરણમાં પણ પતિની આ દશાને જોઇને એવો તો ભયંકર આઘાત થયો કે તે પોતાના અશ્રુના પ્રવાહને નેત્રામાંથી બળપૂર્વક નીકળતો અટકાવી શકી નહિ. છતાં તેણે એટલી દક્ષતા બતાવી કે તે ક્ષણેજ ઓરડામાંથી બહાર ચાલી ગઇ અને ત્યાં જઇને ડૂસકાં ભરી ભરીને રડવા લાગી. કેટલીકવાર પછી ખૂબ રડવાથી જ્યારે તેના હૃદયમાંના શોકનો ભાર ઓછો થયો ત્યારે

આંખો લૂછીને પાછી તે ઓરડામાં આવી. જો કે તેણે આંખોમાંનાં આંસૂ લૂછી નાખ્યાં હતાં, છતાં તેની આંખોમાં રુદન અને અશ્રુ-વર્ષણનાં ચિન્હો સ્પષ્ટ દેખાતાં હતાં. પ્રાણલાલનો પોતાની પત્નીમાં અત્યંત સ્નેહ હોવાથી અને તે પત્નીના ભાવ તથા સ્વભાવને સારી રીતે જાણતો હોવાથી કપિંજલાને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે:-"પ્રિયે, આ પ્રસંગ રુદન અને અશ્રુવર્ષણના વ્યવસાયમાં સમયને વ્યર્થ નષ્ટ કરી દેવાનો નથી. આ સંસાર આવો જ છે; સમસ્ત સંસાર જ જ્યાં ક્ષણભંગુર અને અશાશ્વત છે તો તે માટે આટલો બધો શોક શાનો? અમર આત્માનો કદાપિ નાશ થતો નથી, એ આપણા ધર્મનો સિદ્ધાંત છે અને તેને જો તું સત્ય માનતી હોય, તો શોક કરવાનું કાંઇ પણ પ્રયોજન નથી. વળી જ્યાં સુધી કંઠમાં પ્રાણ આવીને અટક્યા હોય, ત્યાં સુધી પણ જીવનની આશા હોય છે, તો હજી તો તેના કરતાં હું સારી સ્થિતિમા છું, એટલે આટલી નિરાશાને ન ધાર. કલ્યાણી, જો તું મારી કલ્યાણેચ્છુ હોય, તો આ જન્મમાં મારૂં કલ્યાણ ઇચ્છીને મારા આત્માને અવિચલ શાંતિ આપવામાટે પરમાત્માની પ્રાર્થના કર. મિથ્યા મોહને ત્યાગી દે!"

"પરમાત્માનાં ચરણોમાં મારી એ પ્રાર્થના છે કે, ઇશ્વર મારૂં આયુષ્ય આપને આપે અને આપનું જીવનસૂત્ર લંબાય! આપ દીર્ઘાયુ થાઓ અને હું મારાં સૌભાગ્યચિન્હો સહિત આ સંસારને ત્યાગી જાઉં, તો મારા જેવી ભાગ્યવતી બીજી કોણ હોઇ શકે?" કપિંજલાએ અંતઃકરણ પૂર્વક એક પવિત્ર આર્યઅબળાને સર્વ પ્રકારે શોભાવે તેવા જ ઉચિત ઉદ્દગારો કાઢ્યા.

"ત્યારે તારો આ દત્તક લેવાના વિષયમાં છેલ્લો અભિપ્રાય

શો છે વારૂ ? ” રતનબાઇએ વજ્રની છાતી કરીને મુદ્દાનો સવાલ કર્યો.

“ તમે કહો કે ન કહો, છતાં હું સારી રીતે જાણું છું કે, હવે મારા જીવનની આશા નથી અને તેટલામાટે હું તમારી ઇચ્છાને હવે કોઇ પણ રીતે આડે આવવા માગતો નથી. તમને જે યોગ્ય લાગે તે કરો, મારી પૂર્ણ સંમતિ છે અને જો આ શરીર અસ્તિત્વમાં હશે, તો હું પોતે જ સર્વ વિધિ કરી સરકારની સાક્ષીથી દત્તકવિધાન કરીશ. પણ કોના પુત્રને દત્તક લેવાની ધારણા છે ? ” પ્રાણલાલે સંમતિ આપીને સવાલ કર્યો.

“ મુંબઇથી આવેલી તારી સ્ત્રીની સખી શારદા બહેનના પુત્રને ! ” રતનબાઇએ જવાબ આપ્યો.

“ પોતાની સખીના લાભને જાળવવામાટે કોટિપતિની પુત્રી અને લક્ષાધીશની પત્ની શારદા પોતાના એકના એક પુત્રને દત્તક તરીકે આપવાને તૈયાર થઇ છે ! આશ્ચર્ય ! દેવી ! દેવી ! ” પ્રાણલાલે અત્યંત આશ્ચર્ય દર્શાવ્યું.

“ માત્ર તારી સંમતિનો જ વિલંબ હતો. ” રતનબાઇએ કહ્યું. ”

“ હવે વિલંબ શાનો ? કારણ કે, મારી સંમતિ તો હું આપી જ ચૂકયો છું. ” પ્રાણલાલે પુનઃ પોતાના વચનને દૃઢાવ્યું.

આજે ઘરમાં અમુક પ્રસંગ હોવાથી બ્રાહ્મણોને ભોજનમાટે બોલાવેલા હોવાથી રસોઇ કરવાનું કામ બે બ્રાહ્મણોને સોંપાયું હતું, અને તેથી જ સાસૂ વહૂને સવારના ભાગમાં આ સર્વ વાર્ત્તાલાપ કરવાનો આટલો અવકાશ મળી શકયો હતો. સાસૂ વહૂ બન્ને ઉપરથી ઉતરીને નીચે આવી. શારદા પોતાના ઓરડામાં એક

પુસ્તક વાંચતી, પણ ખરી રીતે તેમના આવવાની વાટ જોતી જ બેઠી હતી. તેમના આવતાંની સાથે જ તેણે પૂછ્યું કે;—" કેમ શું થયું ?"

" આપણી ધારણા પ્રમાણે જ સર્વ થઇ ગયું; સંમતિ મળી ગઇ." રતનબાઇએ શોકમિશ્રિત હર્ષ દર્શાવીને કહ્યું.

" બહુ સારૂં—હવે આ વાતને ચોળીને ચીકણી કરશો નહિ; જાણે કાંઇ જાણતાં જ નથી, એવી રીતે વર્ત્યા કરજો. આ વાતને છુપી રાખવાનું એક ખાસ કારણ છે કે જે પછીથી તમારા જાણવામાં કદાચિત્ આવશે. ઇન્દુ અને તેના પિતા તેમજ મુંબઇના સૉલિસિટર અહીં આવી જાય, ધર્મ અને ન્યાય પુરઃસર દત્તકવિધાન થઇ જાય અને ત્યાર પછી જ આ વાર્ત્તાનો પ્રકાશ થાય, તો તે વધારે સારૂં; કારણ કે, નહિ તો કદાચિત્ કોઇ આપણો હિતશત્રુ આપણા કાર્યમાં વિઘ્ન લાવવાનો યત્ન કરશે અને તેથી આપણો પ્રયત્ન અધિક પરિશ્રમવાળો થઇ પડશે. હા; બાજી એક વ્યવસ્થા તમારે એ પણ કરવાની છે કે, આજ પછી પ્રાણલાલભાઇની પ્રકૃતિ જોવાના અને કુશળસમાચાર પૂછવાના નિમિત્તથી આવનાર બહારના લોકોને ભાઇપાસે જવા ન દેવા; અહીં નીચેના મુલાકાતના ઓરડામાં બેસાડવા, તેમનો આદરસત્કાર કરવો અને સભ્યતાથી એમ જ જણાવવું કે, ડૉકટરે એમની પાસે કોઇને પણ જવા દેવાની અને વાતચીત કરવાની સાફ ના પાડી છે; કારણ કે, વધારે બોલવાથી એમની પ્રકૃતિમાં બગાડો થાય છે!" શારદાએ કેટલીક નવીન સૂચનાઓ આપી.

" એમ કરવાનું કાંઇ કારણ ?" રતનબાઇએ શંકાશીલ દૃષ્ટિથી પૂછ્યું.

"કારણ એ જ કે, ધારો કે આપણે કરવા ધારેલી વ્યવસ્થાની વાર્તા કોઇ રીતે પ્રસંગ આવ્યા પહેલાં જ પ્રકાશમાં આવી જાય, તો જેઓ પોતાના સ્વાર્થને જ સિદ્ધ કરવા ઇચ્છે છે તેઓ સ્વાર્થની હાનિ થતી જોઇ ને કાંઇ બીજું ત્રીજું કરવાને તૈયાર ન થઇ જાય, એની શી ખાત્રી ? તેમજ પ્રાણલાલભાઇના ખાન-પાનની વસ્તુઓ પણ તમો બન્નેમાંથી જ એકના હાથે તૈયાર થવી જોઇએ. દવા પણ કાલથી મારો ઘાટી લક્ષ્મણ જ લઇ આવશે." શારદાએ થોડોક ખુલાસો કર્યો.

"ત્યારે હવે મુંબઇ તાર ક્યારે કરશો ?" રતનબાઇએ પૂછ્યું.

"અત્યારે જ. આવાં કાર્યોમાં વિલંબ તે વળી કરાતો હશે?" એમ કહીને શારદાએ લક્ષ્મણને બોલાવી ટ્રંકમાંથી તારનાં કોરાં ફોર્મ કાઢી આપવાનું કહ્યું; કારણ કે, શારદા તારનાં ફૉર્મ, નોટ પેપર્સ, ઇન્વેલાપ્સ, કાર્ડ્સ, અને પોસ્ટલ સ્ટૅમ્પ્સ, આદિ બધાં સાધનો પ્રવાસમાં હોય તે વેળાયે પોતાની ટ્રંકમાં તૈયાર જ રાખતી હતી. લક્ષ્મણે તરત ટ્રંક ઉઘાડીને ફૉર્મ કાઢી આપ્યાં, અને શારદા લખવાને બેઠી. બે ત્રણ ફૉર્મ લખી લખીને તેણે ફાડી નાખ્યાં અને ત્યાર પછીનું ફૉર્મ પોતાની ઇચ્છા પ્રમાણે લખાતાં તે લક્ષ્મણના હાથમાં આપીને કહ્યું કે:—"પાંચેક રૂપિયા સાથે લેતો જા અને તાર ઑફિસમાં જઇને આ તાર કરી આવ." "વારૂ જી" કહીને ઝટ કપડાં પહેરી રૂપિયા લઇને લક્ષ્મણ તાર ઑફિસમાં જવાને ચાલતો થયો.

બ્રાહ્મણો ભોજનમાટે આવી લાગ્યા હતા એટલે સાસૂવહૂ બન્ને તેમને બેસાડવા વગેરેની વ્યવસ્થા કરવાને ચાલી ગઇ અને હજી પોતાનો ભોજન લેવાનો સમય ન થએલો હોવાથી સમયને

વીતાડવામાટે **શારદા** વળી પાછી એક પુસ્તકના વાચનમાં તલ્લીન થઇ ગઇ.

*   *   *   *   *

એક તરફ **શારદા**, રતનબાઇ અને કપિંજલા પોતાના ભાવિ સંકટને ટાળવામાટેના ઉપર્યુક્ત પ્રયત્નમાં લીન હતી, તે જ વેળાયે બીજા કેટલાક પાપાત્મા, સ્વાર્થપરાયણ, છળપ્રપંચનિષ્ણાત અને કેવળ અસત્ય તથા અધર્મના માર્ગમાં ચાલીને જ યેનકેન પ્રકારેણ પોતાની આજીવિકાનાં સાધનો પ્રાપ્ત કરી યથેચ્છ અમન ચમન ઉડાવનાર પુરુષપિશાચો **પ્રાણલાલ**, તેની સંપત્તિ અને રતનબાઇ તથા કપિંજલા આદિની ભવિષ્યમાં બીજી જ દશા કેવી રીતે થાય, એ વિશેના બીજા જ પ્રકારના વિચારો ચલાવી પોતાના તે વિઘાતક વિચારોને વ્યવહારમાં યોજવા વિશેની નાનાવિધ કલ્પનાઓમાં નિમગ્ન થએલા હતા. એ પુરુષપિશાચોનો પણ આપણી વાર્ત્તામાંની અમુક ઘટનાઓ સાથે નિકટનો સંબંધ હોવાથી તેમની ચેષ્ટાઓનું પણ આપણે અવલોકન તો કરવું જ જોઇએ. પણ એ અવલોકન આપણાથી રાત્રિના અંધકારાવૃત્ત સમયમાં કરી શકાશે; કારણ કે, સ્મશાનવાસી પિશાચ અને ડાકિનીઓના વિલાસમાટે જેમ નિશાકાળ જ વિશેષ અનુકૂળ હોય છે, તેવી રીતે સંસારમાંના એ નિશાચરોની અમુક ચેષ્ટાઓ પણ નિશાના સમયમાં જ તેમના સત્ય સ્વરૂપમાં દૃષ્ટિગોચર થઇ શકે છે. દિવસે તેમનું લોફરપણું જેન્ટલમેનપણાના પડદામાં છુપાયલું હોવાથી બરાબર નજરે પડી શકતું નથી. અત્યારે હજી મધ્યાન્હ થએલો હોવાથી લાચારીએ રાત્રિ થતાં સુધી આપણે થોભવું જ જોઇએ. પણ કાળને જતાં વિલંબ લાગતો નથી; મધ્યાન્હ વીત્યો, તૃતીય પ્રહર થયો અને

ચતુર્થ પ્રહરના અંત સાથે સાયંકાળ આવ્યો. સૂર્યનારાયણે અસ્તાચલમાં વિશ્રાંતિમાટે પ્રયાણ કર્યું અને તત્કાળ નિશાદેવીનું આગમન થયું. ચાલો ત્યારે આપણે હવે એક અન્ય સ્થાનમાં જઇએ અને નિશાચરોની મર્કટચેષ્ટાનો સાક્ષાત્કાર કરી એક પ્રકારનો નવીન અનુભવ મેળવીએ. સુધા અને હલાહલમય સંસારનો ત્યાં આપણને યોગ્ય અને પરિપૂર્ણ પરિચય થવાનો સંભવ છે કે, જે પરિચય અગાધ ધન આપતાં પણ કેટલાકોને ભાગ્યે જ થઇ શકે છે.

પ્રકરણ ૯ મું.

શરીફ બદમાશોની ટોળી

નિશાનો બહુધા એક પ્રહર જેટલો સમય વીતી ગયો હતો. કરાચીમાંના નેપીયર રોડથી સરકારી બગીચા તરફ જવાના રસ્તાપર આપણી વાર્ત્તામાંની આ ઘટનાઓના સમયમાં, આજે જેટલાં મકાનો જોવામાં આવે છે, તેટલાં મકાનો બંધાયાં નહોતાં અને તેમાં પણ રામસ્વામીના ગાડીખાતાથી સરકારી બગીચા સુધીનો ભાગ તો એટલો બધો જનશૂન્ય અને ઉજ્જડ હતો કે, સમી સાંઝે જ જો કોઇ ત્યાં કોઇનું ખૂન કરી નાખે, તો પણ તેનો કશો પત્તો મળી શકે નહિ. એ જ ભાગમાં એક વાડી હતી અને તેના કેન્દ્રમાં એક ઝૂપડા જેવું મકાન હતું. એ મકાન બહારથી તો જોનારને ઝૂપડા જેવું જણાતું હતું, પણ તેના અંદરના ભાગમાંની વસ્તુવ્યવસ્થાને જોતાં કાંઇક બંગલાની છટા અનુભવાતી હતી. જમીનપર મોટો ગાલીચો પાથરેલો

હતો, ભીંતોની અડોઅડ ત્રણ તરફ હારબંધ કોચ ગોઠવેલા હતા અને એક તરફ ખુણામાંના સાદા ટેબલપર મૂકેલો લૅમ્પ અત્યારે ઓરડામાં પ્રકાશનો વિસ્તાર કરી રહ્યો હતો. પાસેના એક બીજા એથી ન્હાના ઓરડામાં ખાનપાનની વસ્તુઓ રાખેલી હતી અને એક ઓરડો તેમાં નળ વગેરે હોવાથી મોરી અને સ્નાનગૃહ તરીકે વપરાતો હતો. અત્યારે મોટા ઓરડામાં માત્ર ખમીસ, ઇજાર અને જાકીટ પહેરીને ત્રણ મનુષ્યો પાનાં રમતા બેઠા હતા અને શરદીને ટાળવામાટે ઓરડામાં એક મોટી સગડી બાળીને રાખવામાં આવી હતી. પીસફોટની બે ત્રણ બાજીઓ તેઓ રમ્યા હશે એટલામાં જૂદી જૂદી જાતના બીજા ત્રણ ચાર પુરુષો આવી લાગ્યા અને તેથી તેમણે રમવાનો પોતાનો વ્યવસાય બંધ કરી દીધો. એ નવા આવેલા ચાર પુરુષો તેમનાં વસ્ત્રોથી અનુક્રમે સિંધી, કચ્છી, કાઠિયાવાડી અને પંજાબી જેવા દેખાતા હતા. તેમણે પણ કોટ આદિ વસ્ત્રો ઉતારીને ખીંટીએ ટાંગી દીધાં અને ત્યાં આગળથીજ બેઠેલા પોતાના મિત્રોના જેવો અવતાર કરીને કોચોને અઢેલી ગાલીચાપર બેસી ગયા. એ સર્વ મહાશયો બહારથી સોળે સોળ આના ઉજળા દેખાતા જૅન્ટલમેન હતા, પણ અંદરના ગુણ જોયા હોય તો એમને લોફર અથવા વેગેબૉન્ડ કહેવામાં એક જરા જેટલો પણ વાંધો આવે તેમ નહોતું. એમણે આ નિર્જન સ્થાનમાંના મકાનને 'ધિ કૉસ્મો પોલીટન કલબ ઑફ કરાચી' એવું નામ આપ્યું હતું, પણ ખરી રીતે તે 'ધિ જેન્ટલમેન લોફર્સ કલબ ઑફ કરાચી' અથવા તો 'અન્જૂમને શરીફ બદમાશ કરાચી' એવા કોઇ વિશેષ અન્વર્થક અને ઉત્તમ (?) નામને ધારણ કરવાની યોગ્યતા ધરાવતું હતું, એમ કહેવામાં કોઇ પણ પ્રકારનો પ્રત્યવાય આવે તેમ નથી. એ

ક્લબના મેમ્બરો જૂદી જૂદી જાતિ, જૂદા જૂદા ધર્મ અને જૂદા જૂદા દેશના હતા, છતાં તેઓ મુંબઇ અને કરાચીના લાંબા વખતના વતની હોવાથી ઓછા કે વધતા પ્રમાણમાં ગુજરાતીઓના સહવાસમાં આવતાં ગુજરાતી ભાષા :સાધારણત: સારી રીતે બોલી શકતા હતા. એ ક્લબના કેટલાક મેમ્બરો તો અંગ્રેજી ભાષાના પણ સારા જ્ઞાતા હતા એટલું જ નહિ, પણ વકીલ, અને સૉલિસિટરની ડિગ્રીઓ ધરાવનારા પણ હતા. અઠવાડિયામાં બે વાર તેઓ રાતને વખતે ક્લબના આ મકાનમાં પોતાનાં કરેલાં કામોનો એક બીજાને રિપોર્ટ આપવામાટે અને નવાં કામોની સ્કીમ રચવામાટે એકઠા થતા હતા અને 'એક પંથ દો કાજ' વાળી કહેવત પ્રમાણે તે સમયે ખાનપાન અને રમત ગમતનો પણ આસ્વાદ લેતા હતા. ચોરી, જુગાર, દગાબાજી, ઠગબાજી, સોનેરી ટોળીની બધી કળાઓ અને છેવટે જો અગત્ય હોય તો ખૂન આદિનો પણ એમના માનવંતા ધંધામાં સમાવેશ થતો હતો. કારણકે, મુંબઇમાંની સોનેરી ટોળીના ટાંટિયા ત્યાંની પોલીસે તોડી નાખ્યા પછી તેના કેટલાક નામાંકિત મેમ્બરો બેકાર થઇને જૂદે જૂદે સ્થળે વિખરાઈ ગયા હતા અને તેમાંના ત્રણ ચાર મહાપુરુષોને પ્રાપ્ત કરવાનું ભાગ્ય કરાચી નગરને પ્રાપ્ત થયું હતું:—

" દેતા નહીં હય માલ જબ કે હમકો ઝુલ જલાલ;
તો કિસ લિયે હમ નેકી–બદીકા રખેં ખ્યાલ;
ચોરી ફરેબો ખૂંસે કરેં સબકો પાયમાલ;
ગયરોંકા હર તરહ કરેં કબ્જે.મેં અપને માલ;

જિસ્કી મદદસે દહરમેં હમ શાદકામ હયેં,

શયતાન ભી વો હો તો હમ ઉસ્કે ગુલામ હયેં ! ”

એ જ પ્રત્યેક સભાસદના હૃદયનો પ્રધાન આશય હતો; અને ‘મુખ-મેં રામ બગલ મેં છુરી’ એ એ ‘ ઑનરેબલ સોસાયટી’નો મુદ્રાલેખ હતો. અસત્ય તેમનું ધર્મતત્ત્વ અને પ્રપંચપરાયણતા તેમની નીતિ હતી. પોતાના મંડળના રહસ્યનો પ્રકાશ ન થાય એટલા-માટે એ મકાન જાળવનારા નોકરને પણ તેઓ પોતાના ધંધા-માંથી મળતા નફાનો અમુક ભાગ આપતા હતા અને માસિક પગાર તરીકે જે વીસ રૂપિયાની રકમ તેને મળતી હતી તે તો જૂદી જ. તે નોકર પોતાની સ્ત્રી અને એક તરુણ પુત્રી સાથે એ જંગલમાંના મકાનમાં રહેતો હતો; અને એ મહાશયોની ઉદારતાથી અમન ચમન ઉડાવતો હતો. કારણ કે, તેની પચાસ વર્ષની ઉમ્મર અને ઓછી આવડતના કારણથી બાજી નોકરીમાં તેને દશ રૂપિયાનો પગાર પણ મળી શકે એવી આશા ન હોતી. પગારના વીસ રૂપિયા તો તેના ઘરમાં જ પડયા રહેતા હતા, કારણ કે, કલબના મેમ્બરોની મેજબાનીમાટે આવતી ચીજોપર જ તેનો અને તેના કુટુંબનો ગુજારો ચાલી જતો હતો અને ભાડું તો આપવું પડતું ન હોતું જ.

એ ચાર જણના આવતાં જ પાનાની રમતનો અંત આવ્યો અને એક મેમ્બરે નોકરને બૂમ મારીને કહ્યું કે;—“ અરે દેવજી-ભાઇ, જરા વિલાયતી ગંગાજળ અને ગ્લાસ લાવજો ને; આજે જરા શરદીથી માથું ભારી ભારી જેવું લાગે છે. ”

દેવજીભાઇએ તરત સાત આઠ ગ્લાસ, બ્રાન્ડી અને વ્હિસ્કીની મળીને બે ખોલેલી બાટલીઓ, ચાર પાંચ સોડાની બાટલીઓ અને એક વૉટરજગ વગેરે સર્વ સામગ્રી લાવીને ત્યાં હાજર કરી દીધી. હવે વાદ એ ઉપસ્થિત થયો કે, બ્રાન્ડી સારી કે વ્હિસ્કી ? બ્રાન્ડીના પીનારાઓએ બ્રાન્ડીની ગંગાજળ સાથે સરખામણી કરી અને વ્હિસ્કીના વિલાસીઓએ બ્રાન્ડીને ગટરના પાણી સાથે સરખાવીને વ્હિસ્કીને સુધાના બીજા અવતાર તરીકે ઓળખાવી. બ્રાન્ડીના ઉપાસક એક દક્ષિણી વિપ્ર બ્રાન્ડીની નિંદા સાંભળીને બોલી ઉઠયા કે;—

"ભાઇઓ, બ્રાન્ડીની નિંદા કરવામાં આપની મોટામાં મોટી ભૂલ થાય છે; કારણ કે, અમારામાં થઇ ગએલા મહાત્મા પણ આ બ્રાન્ડીની મુક્ત કંઠે પ્રશંસા કરી ગયા છે. જેના સારાપણા વિશે એવા સંત મહાત્માનાં સારાં સર્ટિફિકેટ મળી શકતાં હોય, તે વસ્તુની નિન્દા કરવી એ ખરેખર નાસ્તિકતાનું જ લક્ષણ કહી શકાય. સાંભળો સંત તુકારામનાં વચનો આ પ્રમાણે છે;—" એમ કહીને તેણે નીચે આપેલા અભંગોનો રાગડો તાણીને ઉચ્ચાર કરવા માંડયો;—

"તુકા મ્હણે હરી, પાણ્યા પેક્ષા ચાહે બરી;
તુકા મ્હણે હરી, ચાહે પેક્ષા કૉફી બરી;
તુકા મ્હણે હરિહરા, કૉફી પેક્ષા કોકો બરા !
તુકા મ્હણે હરી, બેવડયા પેક્ષા વ્હિસ્કીબરી;
તુકા મ્હણે હરી, વ્હિસ્કી પેક્ષા બ્રાન્ડી બરી !"

બીજો કોઇ દક્ષિણી સભામાં હતો નહિ, એટલે એ વામનરાવનું મૂલચ્છેદિ પાંડિત્ય તાળીઓના ગગડાટ વચ્ચે પસાર થઇ ગયું; કારણ કે, તુકારામ મહારાજ કયા સમયમાં થઇ ગયા, તેઓ કેવા અનન્ય ઇશ્વરભક્ત હતા, તેમના કાળમાં હિન્દુસ્તાનમાં વ્હિસ્કી અને બ્રાન્ડીનું આગમન થયું હતું કે કેમ અને કદાચિત્ થયું હોય તો પણ તેઓ આવા નિંદ્ય પદાર્થની આવી પ્રશંસા કરે ખરા ? ઇત્યાદિ શંકાદર્શક પ્રશ્ન પૂછનાર કોઇ પણ હતું નહિ. કેટલાક દુરાચારી લોકો પોતાના દુર્ગુણને સદ્ગુણ તરીકે ઓળખાવવામાટે ભૂતકાળમાં થઇ ગએલા સદ્ગુણપ્રતિમારૂપ મહાપુરુષોનાં વાક્યોને વિકૃત કરી તેમનો પ્રમાણ તરીકે કેવો દુરુપયોગ કરે છે, એનું આ એક જીવતું જાગતું ઉદાહરણ જ કહી શકાય.

બ્રાન્ડી પીનારાની સંખ્યા ચારની અને વ્હિસ્કી પીનારાની સંખ્યા ત્રણની હોવાથી ત્રણ વિરુદ્ધ ચાર મતે બ્રાન્ડીની ઉત્તમતા સિદ્ધ થઇ ચૂકી. ચાર જણે બ્રાન્ડીની બાટલીનું અડધા કલાકમાં તળિયું દેખાડી દીધું અને ત્રણ જણે વ્હિસ્કીની બાટલીને પણ તેટલાજ પ્રમાણમાં ઇન્સાફ આપ્યો. એ પછી નાસ્તો આવ્યો અને તેમના હાથ તેનાપર ફરવા લાગ્યા. ઉદરપૂજાનો વિધિ ચાલતો હતો એટલામાં પંજાબી લુણીધારામે યાદ દેવડાવી કે;—" પણ આજે આપણા માનવંતા મિત્રો મિસ્ટર દામોદરદાસ અને મિસ્ટર ન્હાનાલાલ ગોસ્વામી હજી કેમ દેખાયા નહિ.? તેમની હાજરીની તો આજે ખાસ અગત્ય હતી; કારણ કે હમણાં જે કાર્ય આપણા હાથમાં છે તેના મુખ્ય નાયક અને ઉપનાયક તો તે જ છે. આ સભામાં તેઓ પોતાની રેગ્યુલર હાજરી આપતા નથી એ બહુજ અફસોસની વાત

છે. આપણા હિન્દુસ્તાનીઓને પંક્ચ્યુઅલિટી, અને રેગ્યુલરિટીની કલ્પના માત્ર પણ નથી."

એ ક્ષણે જ "કોણ આવે છે?" એવો બહારથી દેવજીભાઇનો અવાજ સંભળાયો, અને તે સાથે તરત જ 'એ તો અમે છીએ' અને 'કોણ દામોદરભાઈ અને ન્હાનાલાલભાઇ કે?' 'જી હા!' વગેરે સવાલ જવાબ પણ સંભળાયા. દામોદરદાસ અને ન્હાનાલાલ ગોસ્વામીએ તત્કાળ પોતાના મંડળના મિત્રોને પોતાના દર્શનનો લાભ આપ્યો. આપણી વાર્તા સાથે એ બે મહાપુરુષોનો અધિક સંબંધ હોવાથી એમનો કાંઇક વિસ્તારથી પરિચય આપવો પડશે. દામોદરદાસનો સુનંદાના ઓરડામાં તે આવ્યો હતો તે વેળાયે કપિંજલાના મુખથી આપણને પરિચય થયો છે એટલે તેના વિશે એટલું જણાવવું બસ થશે કે તે પણ આ શરીફ બદમાશોની કલબનો એક અગ્રેસર મેમ્બર અને પ્રેસીડંટ હતો. ન્હાનાલાલ મૂળ સૂરતનો નિવાસી કાયસ્થ જાતિનો ગૃહસ્થ હતો. સૂરતમાં દીવાળું ફૂંકી તળિયાઝાટક થઇ તે કરાચીમાં આવ્યો હતો અને ત્યાં એક ગુજરાતી સોલિસિટરની ઑફિસમાં કલાર્ક તરીકે ત્રીસ રૂપિયાના પગારથી નોકરીમાં જોડાયો હતો. દગાબાજી, ઠગબાજી, વાક્ચાતુર્ય અને ખોટા દસ્તાવેજ બનાવવાની કળામાં કુશળ હોવાથી ત્રણ ચાર વર્ષમાંજ તે સૉલિસિટરની પહેડીનો મેનેજિંગ કલાર્ક થઇ ગયો અને સારા પૈસા પેદા કરવા લાગ્યો. તે પ્રભાતમાં અને રાત્રે મળીને લગભગ ચાર પાંચ કલાક જેટલો કાળ સેવા પૂજામાં વીતાડતો હોવાથી અને દેખાવમાં પણ હવેલીવાળા મહારાજ ગોકળીઆ ગુસાંઇ-ગોસ્વામી-જેવો હોવાથી લોકો તેને 'ન્હાનાલાલ ગોસ્વામી'ના નામથી

ઓળખતા હતા. તે હમેશા પગમાં શૂઝ, લાંબાં મોજાં, રેશમી કિનારનું ધોતીયું, ગરમ અંગરખું, માથાપર સૂરતી કાયથા બેઠી પાઘડી, નાસિકાની સમાન રેષામાં આવતી વાળની કલમો અને વૈષ્ણવ સંપ્રદાયના ટ્રેડમાર્કરૂપ તિલકમંડિત ભાલપ્રદેશ તથા હાથમાં રૂપાની મૂઠવાળી લાકડી અને ઠુમક ચાલ, એવા અવતાર અને દેખાવમાં રહેતો હોવાથી કેટલાક વકીલો અને તેમના ક્લાર્કો તે પોતે નવી ફૅશનના ઉપાસક હોવાથી એને 'લર્નેડ ફૂલ' અથવા 'હૉરિબલ ઑર્થોડોક્સ' આદિ નામોથી પણ ઓળખતા હતા. એણે ત્રણ ચાર વર્ષથી કરાચીમાં ગાડી ખાતામાં ચૌદ પંદર હજારની કીમતનું એક ઘર ખરીદી લીધું હતું અને આ શરીફ બદમાશોના મંડળમાં પણ તે લગભગ બે વર્ષથી જોડાયો હતો. તેની સ્ત્રીનો સ્વર્ગવાસ થયો હતો અને તેની વીસ વર્ષના વયની એક પરણેલી પુત્રી પોતાનાં સાસરિયાંમાં સુખી હતી. છતાં ન્હાનાલાલભાઇની ધનતૃષ્ણાની ગતિ જરા પણ મંદ પડી નહોતી. ઘરમાં તે પુરુષ નોકરને બનતાં સુધી રાખતો નહોતો. રાંધનારી બ્રાહ્મણી પણ વિધવા અને ઘરનું બાજું કામકાજ કરનારી પણ કોઇ બીજી જાતિની વિધવા, એવી રીતે તેના મંદિરમાં નિરાધાર વિધવાઓને જ આશ્રય મળતો હતો; અને ખૂબી તો એ કે એક વિધવા ગઇ કે બીજી વિધવા તૈયાર જ રહેતી હતી. લોકો આશ્ચર્યચકિત થતા હતા કે, 'આને આટલી બધી વિધવાઓ એક પછી એક કયાંથી અને કેમ કરીને મળી આવે છે?' પણ એ ભેદ તે છેવટ સુધી એક ભેદ જ રહ્યો હતો. આપણી વાર્ત્તાના સમયમાં એ ન્હાનાલાલની અવસ્થા પચાસ વર્ષની સીમાને ઓળંગીને 'વન'માં પેઠી હતી એટલે કે અત્યારે તે બાવન ત્રેપન વર્ષના વયનો હતો. એના નવા ખરીદેલા ઘરને કરાચીના કેટલાક ચીબાવલા લોકો 'વિ-

ધવાવિલાસમંદિર 'ના નામથી પણ ઓળખતા હતા. હમણાં બે ત્રણ મહિનાથી લુહાણા જ્ઞાતિની ધારા નામની ત્રીસ બત્રીસ વર્ષના વયની દેખાવડી અને હૃષ્ટ પુષ્ટ એક વિધવાએ તેના સદનમાં આશ્રય લીધો હતો અને કરાચીમાં કચ્છી તથા હાલાઇ લુહાણાઓની જ્ઞાતિ મોટી તથા લાગવગવાળી હોવાથી એ વિષેની કરાચીમાં ઘણી જ ચર્ચા ચાલી રહી હતી. પણ નિર્લજ્જ ન્હાનાલાલ પોતાની ચાકરડી તરીકે જ તેને ઓળખાવતો હતો અને લોકનિન્દાની જરા પણ પરવા રાખતો નહોતો.

દામોદરદાસ આપણે તેને સદરમાંથી સુનંદાના ઓરડામાં જે પોશાકમાં આવેલો જોયો હતો તેજ પોશાકમાં અત્યારે અહીં આવ્યો હતો અને ન્હાનાલાલ ગોસ્વામી, ઉપર તેના હમેશના જે અવતારનું વર્ણન આપવામાં આવ્યું છે તેજ અવતારમાં અત્યારે દેખાતો હતો. દરેક મોસમમાં તેનો પોશાક ગરમ કે સૂતરાઉ–એક જ ફૅશનનો રહેતો હતો. સૂર્યનારાયણનો રંગ પ્રભાત અને સંધ્યા ઉભય કાળમાં એકસરખો જ હોય છે; તે પ્રમાણે ન્હાનાલાલભાઇ પણ પોશાકના સંબંધમાં તો એકરંગી જ રહેતા હતા. તેમના અન્ય વિષયના રંગો હવે પછી દેખાશે.

દામોદરદાસને ખાવાપીવાનું બધું ચાલતું હોવાથી તેણે નાસ્તા પાણીને ઇન્સાફ આપવા બેઠેલા પોતાના મિત્રમંડળના આમંત્રણને માન આપી એકાદ બે પૅગ બ્રાન્ડીના ચઢાવીને ઉદરપૂજા પણ કરી. ન્હાનાલાલ તેમના એ કાર્યની સમાપ્તિ થાય ત્યાં સુધી શાંતિ તથા મૌનને ધારણ કરીને ઇજીચેરમાં પડી રહ્યો. ભોજનની સમાપ્તિ પછી પાન આવ્યાં, સોપારી આવી અને એલચી પણ આવી, ન્હાનાલાલે

એ ત્રણ વસ્તુઓને મેળવી કાથા ચૂના સાથે એમનું ભક્ષણ કર્યું અને રક્તને થૂકીને બહાર કાઢવાનો વ્યવસાય આરંભ્યો. બીજાઓના મુખમાની સિગાર તથા સિગારેટમાંથી ધૂમાડાના ગોટ નીકળવા માંડયા અને તે સાથે આજની સભાના કાર્યક્રમનો આરંભ થયો.

"કેમ મિસ્ટર શિવજીભાઇ, પેલો તમારો જે મિત્ર ત્રાંબામાંથી સોનું બનાવવાની કળા શીખવાની બહુજ આતુરતા ધરાવનાર છે, તેને હવે ક્યારે લાવશો અને તેની ઇચ્છા પૂરી કરી તેની લક્ષ્મીને આપણા ઘરમાં ક્યારે પધરાવશો ? આવાં કામોમાં ઢીલ થવા દેવી એ સારૂં નથી." પંજાબી લુણીધારામે કચ્છી શિવજીભાઇને સવાલ કર્યો.

"આવતા અઠવાડિયામાં તેને મંગાપીર લઇ જઇને આપણા બનાવટી ખાકી બાવા સાથે મેળવવાનો અને શિકારને શીશામાં ઊતારવાનો બધો ઘાટ ઘડી રાખ્યો છે. જો પાસા બરાબર પડી જાય, તો રૂપિયા સાત આઠ હજારનો તડાકો પડે, એમાં જરા પણ શક નથી." શિવજીભાઇએ જવાબ આપ્યો.

"અને પેલા સાઠ વર્ષના વાંઢા ભાટિયાને સોળ વર્ષની સુંદરી સાથે લગ્ન કરવાની ઇચ્છા થઈ આવી છે, તેની ઇચ્છાને તૃપ્ત કરવાની કાંઇ વ્યવસ્થા કરી કે કેમ, મિસ્ટર લાલજીભાઇ ?" ત્રિભુવનદાસ વઢવાણિયાએ લાલજીભાઇને પૂછ્યું,

"એક ભાટિયાની તેર વર્ષની કન્યા છે, પણ તે માગે છે રૂપિઆ તેર હજાર અને બુઢ્ઢાજી કુલ પંદર હજારમાં તો લગ્ન આટોપીને ઘર માંડી બેસવા માગે છે. હવે જો તેર હજાર કન્યાના બાપને આપીએ, તો પછી આપણા હાથમાં તો રહે વાસરિયાં! એટલા-

માટે આપણે એક બીજેજ ઘાટ ઘડવાની ગોઠવણ કરી છે કે જેથી પંદર હજારમાંથી બાર હજાર થાય આપણા બાપના અને ત્રણ હજારમાં બુઢ્ઢાના વિવાહ તથા વરઘોડો બન્ને થઇ જાય !" લાલજીભાઇએ જવાબ આપ્યો.

"એ ગોઠવણ શી છે તે સભાસદોને કહી સંભળાવશો ?" ત્રિભુવનદાસે પ્રાર્થના કરી.

"મોટા આનંદથી અને ઘણીજ ખુશીથી." એમ કહીને લાલજીભાઇએ પોતાનો ગોઠવણનો આ પ્રમાણે સ્ફોટ કરવા માંડયો; –"હાલમાં અહીં કરાચીમાં સત્તર અઢાર વર્ષની એક વાઘરણ આવી છે. એ રાંડ વાઘરણ એવી તો રૂપાળી છે કે, જ્યારે રસ્તામાં પહેલીવાર ગાઇને ભીખ માગતી તે મારા જોવામાં આવી, ત્યારે એકવાર તો મારૂં પોતાનું જ તેને બાયડી કરીને ઘરમાં રાખવાનું મન થઇ ગયું; પણ જેમ તેમ મનને સમજાવીને કાબૂમાં રાખ્યું કે, 'વાઘરણ સાથે સંબંધ ન થાય.!' એ વાઘરણને પછીથી સમજાવી, એક બે વાર બેવડો પીવડાવી, મીઠાઇ મલીદા ખવડાવી, નવો સાલ્લો કમખો પહેરાવીને મારી એક ઓળખીતી મુસલ્માન રાંડને ઘેર રાખી છે. હવે કોઇને એનાં બનાવટી ભાટિયા માબાપ બનાવીશું, પાંચ પંદરસો તેમના હાથમાં પકડાવીશું. વાઘરણને ભાટિયાણી બનાવી બુઢ્ઢા સાથે પરણાવીશું અને એ સાટાથી જે લાભ થશે તે વ્હેંચી લઇને મોજમજા ઉડાવીશું,"

"શાબાશ, શાબાશ !" બધાએ તાળીઓ વગાડીને એક સ્વરથી પોકાર કર્યો.

એ વિષય પૂરો થતાં એક રેલૂમલ્લ નામના સિંધી સભાસદે ઉઠી

ખીંટીપરના પોતાના કોટના ખીસામાંથી નોટોનું એક બન્ડલ કાઢી સર્વની વચ્ચે શતરંજીપર મૂકીને કહ્યું કે;–" પેલા જુગારના શૉકીન પૈસાદારને ખોટા પાસાના પ્રતાપે આજે મેં જે સોળ હાથનો લાંબો ચૅાશ્રાળ ઓઢાવ્યો છે, તે ઉદ્યોગનું ફળ અહીં તમારી આગળ મૂકવામાં આવ્યું છે. આ નોટો રૂપિઆ આઠ હજારની છે. હવે એના ભાગ પાડીને વ્હેંચી આપો."

એ મંડળનો કાયદો એવો હતો કે, જે મેમ્બર શિકાર શોધી લાવ્યો હોય, તેની પાસેથી જે કાંઇ નાણાં આવે, તેના ચ્હાડા ત્રણ ભાગ પાડી એક ભાગ તેને પોતાને આપવો, બે ભાગ બધા મેમ્બરોએ સરખે ભાગે વ્હેંચી લેવા અને અડધો ભાગ રીજર્વ્ડ ફંડમાં રાખી તેમાંથી કલબના અને બીજા એવા ખર્ચો ચલાવવા એટલે એ કાયદા પ્રમાણે તરત એ રકમની વ્હેંચણી થઇ ગઇ અને પાછું કામ આગળ ચાલ્યું.

સિંધી ડૉકટર આસૂદામલ્લે દામોદરદાસને ઉદ્દેશીને સવાલ કર્યો કે;– " વેલ મિસ્ટર દામોદરદાસ, તમારી પેલી વિધવા શેઠાણી પાસેથી નાણાંનો પહેલો હફતો કયારે આવવાનો છે?"

" આવતી કાલે કે પરમ દિવસે રૂપિયા ત્રણ હજાર આવશે." દામોદરે જવાબ આપ્યો.

" તમે તો એને લક્ષાધીશની વિધવા તરીકે ઓળખાવો છો અને પહેલા હફતાના ફક્ત ત્રણ હજાર રૂપિયાજ આવશે?" વિધવાનું નામ સાંભળી ગદગદિયાં થતાં મિસ્ટર ન્હાનાલાલ ગોસ્વામીએ સંભાષણમાં પ્રથમવાર ભાગ લઇને પોતા તરફનો પ્રશ્ન ગંભીરતાથી રજૂ કર્યો.

"ન્હાનાલાલભાઇ, એ વિધવા લક્ષાધીશ છે ખરી, પણ એની બધી મિલ્કત મુંબઇમાં છે અને અહીં તે પોતાની બહેનના ઘરમાં રહે છે, એટલે એની પાસેથી એને પ્રેમમાં લપટાવીને ધીમે ધીમેજ નાણું કઢાવી શકાશે. જો અત્યારે જ મોટી ફાળ ભરવા જઇએ, તો કદાચિત્ શિકાર હાથમાંથી છટકી જાય એવો ભય રહ્યા કરે છે. આ શિકાર એવો છે કે જો ઊંદરની પેઠે ફૂંકીને ફોલી ખાઇએ તો બધી મિલ્કત આવી જાય અને બટકું ભરીએ, તો એક રાતી પાઇ પણ હાથમાં ન આવે. અરે એ ત્રણ હજારમાટે પણ અમારે કાલ રાત્રે એક ભયંકર નાટક ભજવવું પડયું હતું. પૂછો આ વાલજીભાઇને!" દામોદરદાસે પોતા તરફનો ખુલાસો કર્યો.

વાલજીભાઇએ દામોદરદાસના કથનને ટેકો આપી પોતે બનાવટી દાઢી અને નાટકવાળા પાસેથી માગી આણેલી રિવૉલ્વરના યોગે મકરાણીનો વેશ કેવી ચાલાકીથી ભજવી બતાવ્યો હતો એ વિશેનો વૃત્તાંત વિસ્તારથી કહી સંભળાવ્યો અને તે સાંભળીને સર્વેએ દામોદરદાસને તેની દક્ષતામાટે અંતઃકરણ પૂર્વક ધન્યવાદ આપ્યો. આ બાબત પૂરી થતાં પુનઃ ડૉકટર આસૂદામલ્લે દામોદરદાસને પોતાની ખસખસી દાઢીપર હાથ ફેરવીને પૂછ્યું કેઃ—"વારૂ મિસ્ટર દામોદરદાસ, તમારા કાકાના છોકરાની તબીયત કેમ છે અને હવે કાકાની મિલ્કત તમારા હાથમાં ક્યારે આવવાની છે? ખરેખર આ તડાકો ઘણોજ સારો અને મોટો પડવાનો છે કે જેથી આપણાં બધાનાં પેટ બરાબર ભરાશે."

"ડૉક્ટર સાહેબ, તમે આપેલા સ્લોપૉઇજનની એટલી બધી સારી અસર થઇ છે કે તે દિવસે આપણે કરેલી મંગાપીરની પાર્ટી-

માંથી પાછો ફર્યા પછી એ બિચારો બિછાનામાંથી ઉઠયો જ નથી અને જે વખત જાય છે તે એના મોતને અને મારા ભાગ્યોદયને પાસેજ લાવતો જાય છે." દામોદરદાસે જવાબ આપીને પોતાનો હર્ષ પણ વ્યક્ત કરી દીધો.

"મિસ્ટર દામોદરદાસ, હું અભિમાન નથી કરતો, પણ એ સ્લોપૉઇઝન મારા વર્ષોના અભ્યાસનું પરિણામ છે. એ પૉઇઝન એવા પ્રકારનું છે કે, જો એના મરી ગયા પછી મડદાને કાપીને ગમે તેવી ડૉકટરી પરીક્ષા કરવામાં આવે અને પૉઇઝનની કાંઈ પણ નિશાની મળે, તો હું મારું માથું કપાવવાને તૈયાર છું. હું આશા રાખું છું કે, આ મેહનતનો મને તમારૂ કામ થઇ ગયા પછી લાયક બદલો મળશે જ!" ડૉકટર આસૂદામલ્લે પોતાના લાભની વાત આગળ મૂકી દીધી.

"આપને આવી અલૌકિક વિદ્યાકળાનો બદલો મારા તરફથી ન મળે, એમ કદાપિ બની શકે ખરૂં કે? આપને હું સારી રીતે સંતોષ આપીશ. એ વિશે જરા પણ ચિંતા રાખશો નહિ." એ પ્રમાણે ડૉકટરને આશ્વાસન આપી તેણે ન્હાનાલાલને પૂછ્યું કેઃ—
"મિસ્ટર ન્હાનાલાલ, વિલ્—મૃત્યુપત્ર—આપે લખીને તૈયાર કરી રાખ્યું છે કે?"

"આજે આઠ દિવસથી મૃત્યુપત્ર લખાઇને તૈયાર છે; માત્ર તેના પર બે સાક્ષીઓ અને વિલ કરનારની સહી થાય એટલીજ વાર છે." ન્હાનાલાલે ઉત્તર આપ્યું.

"આવતી કાલે આપણે એ વિલ લઇને પ્રાણલાલ પાસે જવાનું છે અને ત્યાં જેમ બને તેમ ધર્મિષ્ટતા તથા નિસ્પૃહતાનો ડોળ બતાવીને તેને સહી કરવામાટે લલચાવવાનો છે. પંદર આના

તો મારી ખાત્રી છે કે, તે આપણા બનાવેલા આ વિલપર પોતાની સહી તરત કરી આપશે. પણ વાદને ખાતર માનો કે, જો તે સહી ન કરી આપે, તો પછી શો ઇલાજ કરવો ?" દામોદરે શંકા દર્શાવી.

"મિસ્ટર દામોદરદાસ, પ્રાણલાલના હસ્તાક્ષરનો એકાદ છેલ્લો નમૂનો આપની પાસે છે ખરો કે નહિ ?" ન્હાનાલાલે સામો સવાલ કર્યો.

"તે મળી શકશે." દામોદરે ઉત્તર આપ્યું.

"તો થયું. જો એ રાજી ખુશીથી સહી નહિ કરી આપે, તો એ સાક્ષીઓની સહી લઇને તેની સહી ખોટી બનાવીશું અને આખું ખોટું વિલ ઉભું કરીશું. એવાં તો સેંકડો કામ આ અનુભવી હાથોએ કરી નાખ્યાં છે, એટલે એનો જરા પણ વિચાર કરવો નહિ. માત્ર આ જોખમ ભરેલી મેહનતનો તેવો જ યોગ્ય બદલો મળવો જોઇએ." ન્હાનાલાલે છેવટે બદલાની વાતપર આવીને પૂર્ણ વિરામ લીધો.

"પણ મિસ્ટર ગોસ્વામી, આપની પાછળ કોઇ રડનાર કૂટનાર કે ખાનાર પીનાર તો છે નહિ; ને પૈસામાટે તમે પ્રાણ આપો છો તે શા કારણથી વારૂ ? શું મરી જશો ત્યારે પૈસા ઠાઠડીમાં બાંધીને સાથે લેતા જશો ?" લાલજીએ હસીને ન્હાનાલાલને પૂછ્યું.

"ભાઇ, પૈસા ભેગા કર્યા હોય, તો મુઆ પછી પણ આબરૂ મળે છે અને મડદું જરા પોઝીશન સાથે સ્મશાનમાં બળે છે. કોઇ રડનાર કૂટનાર નહિ હોય, તો ધર્મશાળા અને દેવમંદિર બંધાવીશું એટલે અત્યારનાં આ કર્મો ઢંકાઇ જશે અને મુઆ પછી આપણે મહાન્ ધર્માત્માઓની પંક્તિમાં આવીશું." મિસ્ટર ગોસ્વામીએ યથાર્થ નિર્ણયકારક ઉત્તર સંભળાવ્યું.

એ પછી દામોદરદાસે સર્વ સભાસદોને ઉદ્દેશીને એક પ્રાર્થના કરી કેઃ—"ભાઇઓ, વિધવા સુનંદા પાસેથી જે કાંઈ નાણાં આવશે, તેમાંથી તો આપણા મંડળના નિયમ પ્રમાણે તમારા બે ભાગ તમને મળશે; પણ મારા કાકાના દીકરાની મિલ્કત તે મારા વારસાની મિલ્કત હોવાથી તેને આ મંડળનો નિયમ લાગૂ પડી શકતો નથી. છતાં હું મારી ખુશીથી સારી રકમ આપવાને વચનથી બંધાઉં છું, તો આશા છે કે, એટલાથીજ તમો ભાઇઓ સંતોષ માનશો. વળી એ પણ તમો જાણો જ છો કે એ મિલ્કત અમો બે ભાઇ હોવાથી બે ભાગમાં વ્હેંચાઇ જવાની છે. મારા વિશે પાછળથી આપના મનમાં નઠારો ભાવ ઉત્પન્ન ન થાય અને આપણા મંડળમાં કુસંપનો કીડો ન પેસી શકે, એટલામાટે વખતસર આ ખુલાસો કરવાનું મેં વ્યાજબી ધાર્યું છે."

"તમે ખુશીથી જે આપશો તેટલાથીજ અમો સંતોષ માનીશું." ઉદાર સભાસદોએ પોતાની ઉદારતાનો પરિચય કરાવ્યો.

"આ ઉદારતામાટે હું તમો સર્વ વ્યવસાયબંધુઓનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું." દામોદરદાસે પોતાની કૃતજ્ઞતાનું શબ્દોદ્વારા દર્શન કરાવ્યું.

આજના કાર્યની સમાપ્તિ થઇ તે વળાયે લગભગ એક વાગવા આવ્યો હતો. કેટલાક સભાસદો ઘેર જવામાટે કપડાં પહેરીને નીકળ્યા અને ત્રણ ચારેક મવાલી ભાઇઓએ ત્યાંજ રાત વીતાડવાનો નિશ્ચય કરીને ઓવર કોટ પહેરી કાનપર ગરમ રૂમાલ બાંધીને કોચપરજ લંબાવી દીધું. ન્હાનાલાલ ગોસ્વામી અને દામોદરદાસ ઘેર જનારામાંના હતા, એટલે તેઓ રવાના થઇ ગયા હતા.

આજે જે એક વિશિષ્ટ ઘટના બની તે એ હતી કે, એ કલબના નોકર દેવજીભાઇની જવાન દીકરી જ્યારે પણ આવી મીટીંગો થાય ત્યારે એ મકાનથી જૂદા એક ઝૂપડામાં જઇને સુઇ રહેતી હતી અને તેની મા પોતાના ધણીને મદદ કરવામાટે તેની પાસે હાજર રહેતી હતી; પણ આજે તેની માને અચાનક તાવ આવી ગએલો હોવાથી પોતાના પિતાને મદદ આપવામાટે તેને જ પાસેના ઓરડામાં હાજર રહેવું પડયું હતું અને તેથી આજની મીટીંગમાં ચાલેલા સંવાદો અક્ષરે અક્ષર તેના સાંભળવામાં આવ્યા હતા. એ બધી વિલક્ષણ વ્યક્તિઓને જોઇને અને તેમના ભયંકર વિચારોને જાણીને ધર્મભીરુ અને કોમળ હૃદયની બાળા અકારણ શોકમાં નિમગ્ન થઇ ગઇ. તેમાં પણ પ્રાણલાલને ઝેર અપાયાની વાત જાણવામાં આવતાં તેના મનમાં એક પ્રકારની ચટપટી લાગી ગઇ અને તેણે પોતાના મનમાં એક પ્રકારનો નિશ્ચય કરીને બીજે દિવસે પોતાની માતાના મુખથી એ પ્રાણલાલ કોણ છે, તેનો દામોદરદાસ સાથે શો સંબંધ છે, તેના કુટુંબમાં કેટલાં માણસો છે અને તે ક્યાં રહે છે ઇત્યાદિ સર્વ વૃત્તાંત જાણી લીધો. માતાએ સહજ સ્વભાવે એ બધી બીના દીકરીને જણાવી દીધી; કારણ કે, પોતાની પુત્રીને આ સાધારણ વાર્ત્તા કહેવામાં તેને કોઇ પણ પ્રકારનો પ્રત્યવાય જણાયો નહિ. પણ એનું પરિણામ મહાવિલક્ષણ થયું.

પ્રકરણ ૧૦ મું.

સત્યનિષ્ઠ સુલોચના

ગત પ્રકરણમાં વર્ણવેલી ઘટનાને બીજે દિવસે મધ્યાન્હ સમયે શારદા માણેકલાલપર પોતે મોકલેલા તારનો હજી તારથી જવાબ ન આવેલો હોવાથી ભોજન કરીને પોતાના ઓરડામાં એ વિશેનો વિચાર કરતી કોચપર પડી હતી અને કપિંજલા પણ પાંચ મિનિટ પહેલાં તેની પાસે આવીને બેઠી હતી. હજી તો તેમનો વાર્ત્તાલાપ પણ થયો ન હોતો એટલામાં દરવાજાપર ખાઇને ચલમ પીવામાટે બેઠેલા લક્ષ્મણે આવીને ખબર આપી કેઃ—" કપિંજલા બહેન, એક બાઇ આવી છે અને તે આપને કોઇ જરૂરના કામમાટે મળવા માગે છે, તેને બોલાવું ? "

" એ બાઇ વળી કોણ હશે ? " એમ કહીને કપિંજલા ઉઠીને ઓરડાના ઉંબરાપર આવી અને ત્યાંથીજ ઓટલાપર ઊભેલી તે આગંતુક અબળા તેના જોવામાં આવી. 'આવો, બહેન ! ' કહીને કપિંજલાએ તેને આવકાર આપ્યો અને તે અબળા ઓરડામાં આવીને જમીનપર બેસવા લાગી, પણ શારદા તથા કપિંજલાના આગ્રહથી સંકોચાતી અને શર્માતી છેવટે એક કુરસીપર બેસી ગઈ.

એ અબળાનું વય સત્તર અઢાર વર્ષની લગભગમાં હતું. એના શરીરનો વર્ણ જો કે શ્યામ હતો, પરંતુ શરીરનો બાંધો, ઘાટ, મનોહર મુખાકૃતિ અને લજ્જાવનત વિશાળ નેત્રો આદિની તેનામાં એવી તો આકર્ષકતા ભરેલી હતી કે, કેટલીક ધોળા રંગની પણ

કંઇક બેડોળ આકારની અબળાઓ કરતાં એ શ્યામ પણ સલૂણી સુંદરીને જોતાં રસિક જનોનાં હૃદય તત્કાળ મોહમુગ્ધ થાય, એમાં આશ્ચર્ય જેવું કાંઇપણ ન હોતું. તેણે આપણી જૂની રીત પ્રમાણેની ભરતની ચોલી અને કાળો સાલ્લો એ બેજ વસ્ત્ર પહેર્યા હતાં અને અલંકારનું તેના શરીરપર નામ માત્ર પણ જોવામાં આવતું નહોતું, છતાં પણ તેની ભવ્ય અને દિવ્ય મુખમુદ્રા એક પ્રકારના અલૌકિક પ્રભાવનો વિસ્તાર કરી રહી હતી. એને જોતાંજ **શારદા** તથા કપિંજલાના મનમાં એનાવિશે કેટલેક અંશે સારા અભિપ્રાયો બંધાયા. એ તરુણ અબળા બીજી કોઇ નહિ, પણ ગત પ્રકરણમાં શરીફ બદમાશોની કલબના રખેવાલ **દેવજીની** દીકરીનો જે કિંચિદ્ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે **દેવજીની** દીકરીજ હતી, અને એનું નામ **સુલોચના** હતું.

સુલોચના કપિંજલાને, તેનો તેની સાથે કોઇ પણ પ્રકારનો પરિચય ન હોવા છતાં, અત્યારે મળવામાટે અચાનક શા કારણથી આવી હશે વારૂ ? એ પ્રશ્નનું તેના કપિંજલા તથા **શારદા** સાથેના વાર્ત્તાલાપ દ્વારા કદાચિત્ આપણને ઉત્તર મળી શકશે, અને એટલામાટે તેના ભિન્ન ઉલ્લેખની આવશ્યકતા નથી.

“બાઇ, તમારૂં નામ ?” **શારદાએ** વાર્ત્તાલાપનું મંગલાચરણ કર્યું.

“મારૂં નામ **સુલોચના**.” આગંતુક અબળાએ પ્રશ્નનું ઉત્તર આપ્યું.

“શી જ્ઞાતિનાં છો અને મૂળ ક્યાંનાં નિવાસી છો ?” કપિંજલાએ પૂછ્યું.

"હું રાજપૂત જ્ઞાતિની છું અને મારો દેશ કચ્છ છે." સુલોચનાએ ઉત્તર દીધું.

"તમારા હાથ, કાન અને નાકમાં સૌભાગ્યનાં ચિન્હો નથી દેખાતાં તેનું શું કારણ છે વારૂ?" કપિંજલાએ તેને અલંકારહીના જોઇને ઉત્સુકતાથી પૂછયું.

"કારણ કે, મારા સૌભાગ્યનો લોપ થયો છે; હું વિધવા છું." સુલોચનાએ ગંભીરતાથી એ શબ્દોનો ઉચ્ચાર કર્યો.

"પુરુષહીન સ્ત્રીનું જીવન સ્ત્રીને કેવું અને કેટલું બધું ભારરૂપ થઇ પડે છે, એનો અનુભવ તો વિધવા સ્ત્રીનેજ હોઇ શકે. તારુણ્યના વસંતકાળમાં વૈધવ્યની પ્રાપ્તિ થવી, એના જેવું સ્ત્રીમાટે બીજું એક પણ દારુણ દુઃખ નથી. રાત દિવસ નિરાશાથી દુઃખ, પીડા અને મનોવેદનામાં જ પોતાનો કાળ વીતાડતી કુલીન આર્યવિધાવાઓની હૃદયદ્રાવક સ્થિતિનો વિચાર કરતાં હૃદયના ચૂરેચૂરા થઇ જાય છે." શારદાએ અનુકંપાદર્શક ઉદ્ગાર કાઢયા.

એ સ્થિતિ–વૈધવ્ય દશા—તરુણી કપિંજલાને પણ અલ્પ સમયમાંજ પ્રાપ્ત થવાનો સોળેસોળ આના સંભવ હોવાથી શારદાના આ ઉદ્ગારોએ તેના કોમળ હૃદયમાં એક પ્રકારનો અજ્ઞેય અને વિલક્ષણ આઘાત કર્યો અને તેથી ઉદ્ભવેલી હૃદયગત વ્યથાનાં ચિન્હો તેના મલિન મુખમંડળમાં સ્પષ્ટ દેખાવા લાગ્યાં. શારદા તેની મનોવ્યથાને જાણી ગઇ અને પોતાના મનમાં એ ઉદ્ગારો કાઢવામાટે ગુપ્ત પશ્ચાત્તાપ કરવા લાગી.

"પણ તમારી રાજપૂત જ્ઞાતિમાં તો વિધવા સ્ત્રી પુનર્લગ્ન કરી શકે છે, ખરૂં કે નહિ?" શારદાએ વિષયાંતર કરવાના ઉદ્દેશથી કહ્યું.

"જી હા–જે રાજપૂત રમણીઓ એક કાળમાં પોતાના મૃત પતિના શબ સાથે જીવતી જ ચિતાપર ચઢી બળી મરવામાં પોતાનું ગૌરવ માનતી હતી, તેજ રાજપૂત રમાઓ આજે પુનર્લગ્ન કરે છે અરે એટલુંજ નહિ, પણ છૂટા છેડા કરીને ધણી જીવતાં છતાં પણ બીજા ધણીની ધણીયાણી થાય છે. એ રાજપૂત જાતિની અધોગતિ નહિ, તો બીજું શું વારૂ? અમારી જ્ઞાતિમાં પુનર્લગ્ન રૂઢ હોવા છતાં મારો પુનર્લગ્ન કરી એક ભવમાંથી બે ભવ કરવાનો લેશ માત્ર પણ મનોભાવ નથી." સુલોચનાએ કહ્યું.

"જ્ઞાતિની રૂઢિ જે વિષયની આજ્ઞા આપે છે, તેનો યોગ્ય લાભ ન લેવાનું કાંઇ પ્રયોજન?" શારદાએ વળી પાછો પ્રશ્ન કર્યો.

"પ્રયોજન એજ કે, વિધાતાના લેખને કોઇ પણ મિથ્યા કરી શકતું નથી સૌભાગ્ય અખંડ રહે કે વૈધવ્ય પ્રાપ્ત થાય, એનો આધાર સ્ત્રીના સદ્દભાગ્ય કિંવા દુર્ભાગ્યપરજ રહેલો હોય છે. એટલામાટે જો દુર્ભાગ્યના યોગે સ્ત્રી વિધવા થાય, તો પછી યથાશાસ્ત્ર વૈધવ્યધર્મનું મરણ પર્યન્ત પાલન કરવું, એમાં જ સ્ત્રીની મહત્તા સમાયલી છે: કારણ કે, મૃદુતા, કોમલતા અને સ્નેહાર્દ્રતામાં પુરુષો કોઇ કાળે પણ સ્ત્રીની સમાનતા કરી શકતા નથી, એમ જે કહેવામાં આવે છે તે સ્નેહની મહત્તાનું દર્શન સ્ત્રીના એકનિષ્ઠ વૈધવ્યપાલનમાંજ દષ્ટિગોચર થાય છે. જીવિત પતિમાં પ્રેમ રાખવો, એ કાંઈ અશક્ય વાર્ત્તા નથી; પરંતુ મૃત પતિના પ્રેમમાં જ તન્મય રહીને ક્ષણિક વિકારસુખને તુચ્છ માની અચલ બ્રહ્મચર્યને પાળવામાં જ કાંઇક અશકયતા રહેલી છે અને તે અશકયતાને શક્ય કરી બતાવવામાં સદા સર્વદા અગ્રભાગે હોવાથીજ કુલીન આર્ય અબળાઓ

સમસ્ત સૃષ્ટિના સ્ત્રીસમાજમાં સર્વથી અધિક આદર અને પૂજ્ય ભાવને પાત્ર થઇ ચૂકી છે. જો શારીરિક વિકારલાલસાની તૃપ્તિમાટે આપણે વ્યભિચાર કિંવા સ્વચ્છંદ વિહાર કરીએ, તો પછી આપણામાં અને પશુનારીમાં ભેદ શો રહ્યો વારૂ! માનવી અબળાની મહત્તા અને પ્રતિષ્ઠા એમાં ક્યાં સચવાઈ?" સુલોચનાએ વૈધવ્યવ્રતપાલનની મહત્તા વર્ણવી સંભળાવી.

"તમારાં માતા પિતા હયાત છે કે?" કપિંજલાએ પૂછ્યું.

"તેઓ હયાત છે, કરાચીમાં જ છે અને મારાં સાસરિયાંમાં કોઇ ન હોવાથી હું તેમની સાથેજ રહું છું." સુલોચનાએ જવાબ આપ્યો.

"તમારા પિતા શો વ્યવસાય કરે છે?" શારદાએ પૂછ્યું.

"વીસ રૂપિયાના પગારની એક સાધારણ નોકરી!" ઉત્તર મળ્યું.

"એટલામાં પૂરૂં થાય છે?" કપિંજલાએ સવાલ કર્યો.

"દાળ રોટલો મળે છે અને વખત વીતી જાય છે?" જવાબ મળ્યો.

સુલોચનાના આ છેલ્લા જવાબોથી કપિંજલાના મનમાં એક એવી કલ્પના આવી કે, 'એ બિચારી વિધવા, ઉચ્ચ ભાવનાવાળી અને ગરીબ માબાપની દીકરી હોવાથી કદાચિત્ કોઇ નોકરીમાટે આવી હશે;' આ કલ્પનાથી તેણે પૂછ્યું કે;—"ત્યારે સુલોચના બહેન, આપ ભણેલાં છો ખરાં કે?

"હું પાંચમા ધોરણમાં પાસ થઇ હતી અને અગિયારમે વર્ષે મારાં લગ્ન થવાથી મારે અભ્યાસ છોડી દેવો પડયો. ત્યાર પછી બે વર્ષમાં જ મારા પતિનો સ્વર્ગવાસ થયો એટલે છેલ્લા ચાર પાંચ વર્ષનો કાળ મેં સારા સારા ગ્રંથો વાંચવામાં જ વીતાડયો છે અને તેથી મારા હૃદયમાં ધર્મભાવના અને શાંતિની દિવસે દિવસે વિશેષ અને વિશેષ જાગૃતિ થતી જતી હોયની ! એવો મને ભાસ થયા કરે છે." સુલોચનાએ ખુલાસો કર્યો.

"એ તો આપના સંભાષણથી જ જણાઇ આવે છે. ઠીક; પણ આજે અમારી આ પર્ણકુટીને પવિત્ર કરવાનો પરિશ્રમ શા કારણથી લીધો છે તે જણાવશો ?" કપિંજલાએ ખરા મુદાપર આવીને પૂછયું.

આટલી વેળા પર્યન્ત શારદા અને કપિંજલા પ્રશ્નકારિણી હતી અને સુલોચના ઉત્તરદાત્રી હતી; પણ હવે શારદા તથા કપિંજલા ઉત્તરદાત્રી અને સુલોચના પૃચ્છકા થવાનો પ્રસંગ આવી લાગ્યો. સુલોચનાએ પોતાના કાર્યનો આરંભ કરતાં પૂછયું કે; "ક્ષમા કરજો; હું તમો મહાશયાઓને ઓળખતી નથી અને તેથી મારે એક વિચિત્ર પ્રશ્ન પૂછવો પડે છે. આપ બન્નેમાંથી પ્રાણલાલ શેઠનાં પત્ની કોણ વારૂ ?"

"હું !" કપિંજલાએ શર્માઇને ઉત્તર આપ્યું.

"કપિંજલા આપનું જ નામ ?" સુલોચનાએ બીજો પ્રશ્ન કર્યો.

"જી હા—મારૂં જ નામ કપિંજલા !" ઉત્તર મળ્યું.

"ત્યારે આ બાઇ કોણ છે ? કારણ કે, મારે તમારી જોડે એક બહુજ ખાનગી અને વિલક્ષણ ભેદભરેલી ભયંકર વાર્ત્તા કરવાની છે અને તે વાર્ત્તા એવી છે કે, જીવ જતાં પણ બહાર જવી ન જોઇએ, નહિ તો તેથી મારા જીવન અને તમારા સર્વ સુખનો નાશ થવાનો સંભવ છે. આ બાઇને જરા બહાર મોકલી શકશો, અથવા તેમ ન કરો તો કોઇ બીજા ખાનગી ઓરડામાં ચાલશો ?" સુલોચનાએ ભયાનક યાચના કરી.

"એ મારી મોટી બહેન છે અને મારૂં નિરંતર અનન્ય કલ્યાણ ઇચ્છનારી છે એટલે એના દેખતાં ગમે તેવી ગુપ્ત વાર્ત્તા કરવામાં કોઇ પણ જાતનો વાંધો નથી." કપિંજલાએ એ શબ્દો તો ઉચ્ચાર્યા, પણ સુલોચનાના શબ્દો સાંભળીને તેના મનમાં એક જાતનો ધાસ્કો તો પડી જ ગયો.

"વારૂ; પણ આ આજૂબાજૂના ઓરડામાં કોઇ હોય તો આપણી વાતચીત તેના સાંભળવામાં આવી શકે ખરી કે ?" સુલોચનાએ વચ્ચેના દ્વારને જોઇને કહ્યું.

"કદાચિત્ સંભળાય, પણ અત્યારે આ બાજૂના ઓરડામાં કોઇ છે નહિ, એટલે એની બીતિ રાખવી વ્યર્થ છે." સુનંદા બહાર ગએલી હોવાથી શારદાએ એ વિશેની નિશ્ચિન્તતા રાખવાનું જણાવ્યું.

"ત્યારે દ્વાર જરા બંધ કરો અને હું જે ભયાનક સમાચાર લાવી છું તે પ્રાષાણનું હૃદય કરીને દૃઢતાથી સાંભળો." સુલોચનાએ અંતિમ સૂચના આપી.

કપિંજલાએ ઉઠીને ઓરડાનાં દ્વાર અંદરથી સાંકળવડે વાસી લીધાં અને તે પાછી આતુરતા અને ભયભીતતાથી તેની વાર્તા સાંભળવામાટે પોતાના પૂર્વ સ્થાનમાં બેઠી.

"દામોદર નામનો તમારા કાકાજીનો કોઈ દીકરો છે ખરો કે?" સુલોચનાએ કપિંજલાને સંબોધીને મુદ્દાનો પ્રથમ પ્રશ્ન પૂછ્યો.

"જી હા છે;" કપિંજલાએ કહ્યું.

"તે તમારા પતિ પ્રાણુલાલભાઇને કેટલાક દિવસ પૂર્વે મંગાપીર એક પાર્ટીમાં લઇ ગયો હતો?" સુલોચના પૃચ્છામાં આગળ વધી.

"હા, લઇ ગયો હતો;" કપિંજલાએ ક્ષણે ક્ષણે વિશેષ અને વિશેષ આશ્ચર્યમાં પડીને કહ્યું.

"એ પાર્ટીમાં દામોદર સાથે બીજા કેટલા અને કયા કયા પુરુષો હતા, એ તમો જાણો છો ખરા કે?" સુલોચનાએ તેને વિચારનો અવકાશ ન આપ્યો.

"ના, એ વિશે હું કાંઇ પણ જાણુતી નથી." કપિંજલાએ અજ્ઞાન દર્શાવ્યું.

"ઠીક; પણ મંગાપીરથી આવ્યા પછી તરત જ તમારા પતિ શય્યાવશ થયા છે અને હવે અત્યારે તેમના જીવનની અત્યંત અલ્પ આશા છે, એમ જે મારા સાંભળવામાં આવ્યું છે તે સત્ય છે કે અસત્ય?" સુલોચનાએ ગંભીરતા અને અનુકંપાદર્શક ભાવથી એ પ્રશ્ન રજૂ કર્યો.

"એ વાર્ત્તા સત્ય છે!" કપિંજલાએ નિરાશાસૂચક સ્વરથી ઉત્તર આપ્યું.

"કપિંજલા બહેન, મંગાપીરની પાર્ટી વખતે તમારા સૌભાગ્યહેતુ પ્રાણલાલને મંદતાથી પ્રાણઘાતક પરિણામ નિપજાવનાર વિષમ વિષ આપવામાં આવ્યું છે અને તે એટલામાટે કે જો તમારા પતિનો પરલોકવાસ થઇ જાય, તો તમારી સર્વ સંપત્તિ દામોદર અને તેના બંધુના અધિકારમાં આવે. એ વિષના પરિણામનો અવધિ નિકટમાં આવી લાગેલો હોવાથી કદાચિત્ પ્રાણલાલના નિધન પછી તમે કોઇ પ્રકારનો વાંધો ઊઠાવો અને કોર્ટમાં લડતાં સમય તથા ધનનો ભોગ આપવો પડે, તે પ્રસંગ ન આવે એટલામાટે તે દુષ્ટે પોતાની ઇચ્છા પ્રમાણેનું એક મૃત્યુપત્ર પણ વકીલના હાથે લખાવીને તૈયાર કરાવ્યું છે અને તેપર તમારા પતિના હસ્તાક્ષર કરાવી લેવામાટે વકીલના કલાર્ક અને બીજા બે ત્રણ સાક્ષીઓને લઇને તે આજે સાંઝ સુધીમાં કે કાલે અહીં આવવાનો છે. તેના સર્વ મિત્રો પ્રપંચવિદ્યામાં એવા તો પ્રવીણ છે કે, જો પ્રાણલાલ સહી નહિ કરી આપે, તો છેવટે તેમની ખોટી–બનાવટી–સહી કરીને પણ તેઓ કોર્ટમાં એ મૃત્યુપત્ર રજીસ્ટર્ડ કરાવી લેવાનો વિચાર ચલાવી રહ્યા છે. અર્થાત્ તેઓ તમને અને તમારાં સાસૂને સુખે બેસીને રોટલો ખાવા દે, એ કદાપિ બની શકે તેમ નથી; કારણ કે મનુષ્યત્વ, દયા અને અનુકંપા એ શબ્દો તેમના શબ્દકોષમાં છેજ નહિ. જો પોતાથી બની શકે તો પોતામાં જેટલી શક્તિ હોય તેટલી શક્તિનો કોઇ પણ નિર્દોષને સંકટમાંથી બચાવવાના કાર્યમાં ઉપયોગ કરવો, એવી ધર્મની આજ્ઞા હોવાથી મેં આપણો પરસ્પર લેશ માત્ર પણ પરિચય ન હોવા છતાં અહીં આવી આ વાર્તા તમને જણાવીને મારો ધર્મ બજાવ્યો છે. હવે એ આપત્તિને કેવી રીતે ટાળવી અને પાપી જનોનો પરાજય કેવી રીતે કરવો એમાટેના ઉપાય યોજવાનું કાર્ય તમારી બુદ્ધિનું

છે; કારણ કે, મારાથી હવે વિશેષ કાંઇ પણ કરી શકાય તેમ નથી.” સુલોચનાએ જે સૂચના આપવાની હતી અને જે વાર્ત્તા જણાવવાની હતી તેનો સ્પષ્ટ શબ્દોમાં સ્ફોટ કરી દીધો.

કપિંજલા સુલોચનાના મુખથી આ વાર્ત્તા સાંભળીને વિશિષ્ટ અર્થસૂચક ભાવથી શારદા સ્હામું તીવ્ર દૃષ્ટિથી જોઇ રહી અને કાંઇ બોલવાનો વિચાર કરતી હતી એટલામાં શારદાએ તેને મૌન ધારવાનો ગુપ્ત સંકેત કરીને સુલોચનાને પૂછયું કે;–“પણ બ્હેન, આ બધી બાબત તમારા જાણવામાં કેવી રીતે આવી, તે જો અડચણ ન હોય તો કૃપા કરીને જણાવશો ?”

“કરાચીના એ બધા શરીફ બદમાશોએ સરકારી બગીચા પાસેના નિર્જન પ્રદેશમાંની એક વાડી અને તેમાંનો બંગલો ભાડે રાખ્યાં છે, ત્યાં ચાર આઠ દિવસે તેઓ રાતની વખતે એકઠા થાય છે, મદિરાપાન અને માંસાહારનો પ્રકાર ચલાવે છે અને ત્યાર પછી પોતપોતાના કાર્યક્રમનો વૃત્તાંત એક બીજાને કહી સંભળાવે છે. દગાબાજી, ઠગબાજી, ચોરી, લૂટ અને બનાવટ કરીને તેમ જ લોકોનાં ગળાં રેંસીને પણ પૈસા પેદા કરવા અને મોજમજા ઉડાવવી એ જ એ મંડળના સભાસદોનો વ્યવસાય છે. મારા પિતા એ વાડી અને બંગલાના રખેવાલ છે અને અમે બધાં ત્યાં જ રહીએ છીએ. ગઇ કાલે રાતે તેઓ એકઠા થયા હતા અને દામોદર તથા તેના બીજા મિત્રોએ આ વાર્ત્તાનો ઉલ્લેખ કર્યો હતો. મારા પિતા સાથે તેમના ખાનપાનની વ્યવસ્થા કરતી વેળાયે હું પણ પાસેના ઓરડામાં હાજર હોવાથી અને વચ્ચેનો દરવાજો ખુલ્લો હોવાથી તેમનો સંવાદ અક્ષરે અક્ષર મારા સાંભળવામાં આવ્યો. દામોદરે તો માત્ર પ્રાણલાલ શેઠના નામનો જ ઉચ્ચાર કર્યો હતો એટલે મારી માતાને

પૂછતાં તેણે તમારૂં નામ આપ્યું અને તમારા કુટુંબનો અન્ય પરિચય પણ આપ્યો. એ પછી મેં અહીં આવવાનો નિશ્ચય કર્યો." સુલોચનાએ ઇત્થંભૂત વૃત્તાંત કહી સંભળાવ્યો.

"તમારી માતાનું નામ?" કપિંજલાએ પૂછ્યું.

"વાલબાઇ;" સુલોચનાએ કહ્યું.

"દેવજીભાઇનાં પત્ની તો નહિ?" કપિંજલાએ સ્મરણ કરીને કહ્યું.

"જી; દેવજીભાઇ મારા પિતા થાય!" સુલોચના બોલી.

"એમ? ત્યારે તો તમારાં માતુશ્રી અમારા કુટુંબનાં બધાં માણસોને ઓળખતાં હોય, એમાં નવાઇ જેવું કાંઇ પણ નથી; કારણ કે, મારાં સાસૂજી સાથે તેમનો ઘણોજ સારો પરિચય છે. આગળ તો વાલબાઇ ઘણી વાર આવતાં હતાં; હમણાં ત્રણ ચાર મહિનાથી જ આવ્યાં નથી." કપિંજલાએ કહ્યું.

"તેનું કારણ એ છે કે, અમો મા દીકરી ચારેક મહિના પહેલાં દેશમાં ગયાં હતાં, અમને કરાચીમાં આવ્યાને પંદર સત્તર દિવસ થયા, અને ત્યારથી મારી માની તબીયત નાદુરુસ્ત જ રહ્યા કરે છે એટલે બિચારીથી કયાંય બહાર નીકળી શકાતું નથી." સુલોચનાએ તેની માતાના અનાગમનનું કારણ દર્શાવ્યું.

"ત્યારે જે આ ભયંકર વૃત્તાંત તમે અમને જણાવ્યો, તે તમારાં માતુશ્રીના જાણવામાં છે ખરો કે નહિ?" શારદાએ વિશિષ્ટ ઉદ્દેશથી પૂછ્યું.

"ના, જરા પણ નહિ; એ બિચારી ઇશ્વરનું માણસ છે અને આજકાલ દુનિયામાં થવા માંડેલાં કાળાં ધોળાંનું એને કાંઇ પણ

ભાન નથી. વળી આ વાત તો એના જાણુવામાં આવી જ નથી.” સુલોચનાએ કપટરહિત ઉત્તર આપ્યું.

“તમારા પિતા એ બદમાશોના મંડળના એક નોકર છે અને આ બધાંનો તેમની કૃપા તથા ઉદારતાથી જ નિર્વાહ ચાલે છે, છતાં તમે પોતાના અન્નદાતાઓના લાભને વિસારી ખાસ આ વૃત્તાંત જણાવવામાટે પરિશ્રમ વેઠીને અમારી પાસે આવ્યાં એ તો એક મહાઆશ્ચર્ય જ કહેવાય!” શારદાએ વિલક્ષણ ઉદ્‌ગાર કાઢ્યો.

“કારણ કે, અમારા અન્નદાતાઓ પાપના પૂજારી છે અને હું ધર્મની ઉપાસક છું; તેઓ શયતાનના શાગિર્દ છે અને હું ઇશ્વરને ભજનારી છું; તેઓ કઠિન હૃદયના પુરુષ છે અને હું કોમળ હૃદયની નારી છું!” સુલોચના બોલી.

“સુલોચના બહેન, તમારો આજે અમારાપર એટલો બધો આભાર થયો છે કે, જેનો બદલો અમારાથી કદાપિ વાળી શકાય તેમ નથી. આ જગત્‌માં કેટલાક દુર્જનો બીજાં ભલાં માણસો સાથે અકારણ શત્રુભાવ રાખીને તેમના અકલ્યાણને જ ઇચ્છનારા હોય છે; તેજ પ્રમાણે કેટલાક જીવો એવા પણ હોય છે કે, જેઓ અન્યનું અકારણ કલ્યાણ કરવામાં જ પોતાના અલભ્ય માનવ જીવનની સાર્થકતા થએલી માને છે. એ જીવો દેવકોટિમાંના હોય છે અને તમે તેમનામાંના જ એક પવિત્ર જીવ છો, એ નિર્વિવાદ છે. આશા છે કે, આવી જ અમારા પ્રતિ શુભ ભાવના અને પ્રીતિ રાખીને અમને વારંવાર ઉપયુક્ત માહિતી આપતાં રહેશો. તમારી સૂચનાને શિરે ધારણ કરીને હવે અમે ચેતતાં જ ચાલીશું.” કપિંજલાએ યોગ્ય શબ્દો દ્વારા પોતાના અંતરમાંની કૃતજ્ઞતાનું દર્શન કરાવ્યું.

"મારા જેવી એક દીન અબળા પ્રતિ આટલી બધી લીનતા દર્શાવવાનું કે આભાર માનવાનું કાંઇ પણ પ્રયોજન નથી. મારી તો પરમેશ્વરનાં ચરણોમાં એજ પ્રાર્થના છે કે, તે આપના પતિને ઉદ્દંડ આયુષ્ય આપે અને દુર્જનોની સર્વ અશુભ આશાઓ અફળ થઇને ધૂળમાં મળી જાય કે જેથી આ આપત્તિનો સંભવ જ ટળી જાય!" સુલોચનાએ નમ્રતા સાથે શુભ ધારણાનો પ્રકાશ કર્યો.

"તથાસ્તુ!" કપિંજલાએ કહ્યું.

"વારૂ ત્યારે હવે હું રજા લઇશ; જો અને અગત્ય પડશે તો સેવામાં ઉપસ્થિત થઇશ!" સુલોચનાએ એમ કહીને ઉઠવાનો પ્રયત્ન કર્યો.

"થોડીક વાર તો બેસો; હું જરા ચાહ કરી લાવું!" કપિંજલાએ આગ્રહપૂર્વક કહ્યું.

જો કે સુલોચનાને ચાહ ફોકી લેવાની વધારે ટેવ નહોતી, છતાં કપિંજલાને માઠું ન લાગે એટલામાટે તે બેઠી. દશ મિનિટમાં કપિંજલા ચાહ કરીને લઇ આવી અને તે પછી જ્યારે સુલોચના જવામાટે ઉઠી, ત્યારે તેણે પાંચ રૂપિયાની એક નોટ તેના હાથમાં આપીને કહ્યું કે;–"સુલોચના બહેન, આ તમારી પાસે રાખો અને જો અહીં આવવાની અગત્ય પડે, તો એનો ગાડીભાડામાં ઉપયોગ કરજો. કારણ કે, તમારૂં ઘર અહીંથી બહુ દૂર હોવાથી અમારા કામમાટે ઠેઠ ત્યાંથી અહીં સુધી ટાંટિયા તોડતાં આવો તે સારૂં નહિ."

"બહેન, અમે તો મેહનતૂ માણસ, એટલે ગાડીમાં બેસવું અમને ન શોભે. હું અહીં કોઇ પણ પ્રકારના સ્વાર્થને હૃદયમાં ધારણ કરીને આવી નથી. મારો અધિકાર માત્ર કર્મમાં જ છે; ફળની આશા હું રાખતી જ નથી. આપની આ ઉદારતામાટે હું આપનો

આભાર માનું છું, પણ મારી એ વસ્તુંને સ્વીકારવાની ઇચ્છા ન હોવાથી મારી એ જ પ્રાર્થના છે કે, કૃપા કરીને આગ્રહ કરશો નહિ. જો આપ સંકટમુક્ત થશો, તો આપના આનંદમાં ભાગ લેવાના ઇશ્વરની કૃપાથી અનેક પ્રસંગો આવ્યા કરશે. ઇશ્વર તમો સર્વને સુખી રાખે !" એમ કહી કપિંજલા અને શારદાને સાંકેતિક પ્રણામ કરી તેમને વિશેષ બોલવાનો અવકાશ મળે, તે પૂર્વે તો એ દેવી-તુલ્ય વિધવા સુલોચના ત્યાંથી ચાલતી થઇ ગઇ.

તેના ગયા પછી કપિંજલાએ શારદાને ઉદ્દેશીને કહ્યું કે;—શારદા, તેં તે દિવસે મારા કાકાજીના દીકરાને એમની પાસે ન જવા દેવાની સૂચના આપી હતી, તે શા કારણથી વારૂ ? તારા મનમાં કાંઇ સંશય આવ્યો હતો કે શું ? મારી કલ્પના પ્રમાણે તારા મનમાં તેવો કાંઇ પણ સંશય આવેલો હોવો જ જોઇએ."

"આ તારી કલ્પના સત્ય છે અને આજે દુર્ભાગ્યવશાત્ મારો તે સંશય સત્ય સિદ્ધ થયો છે, એ અત્યંત ખેદનો વિષય છે. અત્યાર સુધી પ્રાણલાલના જીવનની જે અલ્પસ્વલ્પ મિથ્યા આશા હતી, તેનો પણ નાશ થયો છે; કારણ કે, આજે વિષપ્રયોગના ભેદનો સ્પષ્ટ પ્રકાશ થઇ ગયો છે !" શારદાએ મહાશોક દર્શાવ્યો.

"થઇ ચૂક્યું; મારૂં સૌભાગ્ય હવે અલ્પકાલીન છે અને શાશ્વત વૈધવ્ય મારામાટે નિર્માણ થઇ ચૂકયું છે !" કપિંજલા એ શબ્દોના ઉચ્ચાર સાથે હતાશ થઇને રડવા લાગી.

"વળી પાછું રડવા માંડયું, ગાંડી ? હવે જે કાંઇ હાથમાંથી ચાલ્યું ગયું છે તેમાટે શોક કરીને રડવાનો સમય નથી, પણ જે કાંઇ બાકી રહ્યું છે તેને સંભાળવાનો અને જે સંકટની ભીતિ છે તેને આવતું અટકાવવાનો સમય છે. નહિ તો આનું પરિણામ એ

થશે કે, જે કાંઇ બાકી છે તે પણ બાકી ન રહેતાં સદાને માટે હાથમાંથી ચાલ્યું જશે." શારદાએ જરા કઠિનતાથી ઉપદેશ આપ્યો.

કપિંજલા મોહનિદ્રામાંથી જાગૃત થઇ અને શારદાની ક્ષમા માગીને કહેવા લાગી કે;–"શારદા, એ પીટયા કાળાં કર્મના કરનારા જો આજે સુલોચનાના કહ્યા પ્રમાણે આવી લાગે, તો આપણે તેમને શો જવાબ આપવો અને તેમને અહીંથી કેવી રીતે ટાળવા ?"

"તારે તેઓ આવે ત્યારે કાંઇ પણ બોલવું નહિ; અને તેઓ તારા જેઠ હોવાથી તારાથી તેમની સાથે વધારે બોલાય તેમ પણ નથી. રતનબાઇને ઓરડામાં બેસાડી રાખીને એમ જ કહેવું કે તેઓ બહાર ગયાં છે અને પછી મારે જે કાંઇ બોલવાનું હશે, તે તેમની સાથે બોલીશ. જીવ જતાં પણ હું તેમની પ્રાણલાલ સાથે મુલાકાત થવા દેવાની નથી. હું અહીં કરાચીમાં તારા ઘરમાં બેઠી છું ત્યાં સુધી તારે કોઈ પણ બાબતની ચિંતા રાખવી નહિ." શારદાએ અત્યંત દૃઢતાપૂર્વક આશ્વાસન આપીને કપિંજલાના બળતા હૃદયને શાંત કરવાનો પ્રયત્ન કર્યો.

"પણ માણેકલાલ તરફથી આપણા તારનો જવાબ આવ્યો છે ?" કપિંજલાએ આતુરતાથી પૂછ્યું.

"ના, હજી આવ્યો નથી; પણ જે વખત જાય છે તેમાં આવવો જોઇએ." શારદાએ કહ્યું.

"જવાબ મોકલવામાં તેમણે આટલો વિલંબ શા કારણથી કર્યો હશે વારુ ?" કપિંજલાએ પુનઃ અધીરતા બતાવી.

"કદાચિત્ તેઓ મુંબઇમાં નહિ હોય !" શારદાએ જણાવ્યું.

"મુંબઇમાં નહિ હોય તો કયાં ગયા હશે ?" કપિંજલાએ પાછો પ્રશ્ન રજૂ કર્યો.

"કેટલીકવાર તેઓ પૂનાની રેસમાં જાય છે એટલે ત્યાં ગયા હોય કે પછી અમારે ત્યાં આવેલાં જંગબારનાં અતિથિઓને સૂરત પહોંચાડવા ગયા હોય. તેમના જવાનું એ બે સ્થાન વિના ત્રીજું સ્થાન નથી અને ત્યાં તેઓ કાંઇ એકાદ દિવસ કરતાં વધારે રોકાય તેમ નથી, એટલે આવતી કાલ સુધીમાં તો જવાબ આવવો જ જોઇએ." શારદાએ શાંતિથી તેને સમાધાનકારક ઉત્તર આપ્યું.

આ વાર્ત્તાલાપ ચાલતો હતો એટલામાં પ્રાણલાલે બોલાવ્યાથી કપિંજલા ચાલી ગઇ. શારદાએ કપિંજલાને તો ઉપર્યુક્ત સમાધાનકારક ઉત્તરો આપ્યાં, પણ તેના પોતાના મનમાં પણ માણેકલાલ તરફથી તારનો જવાબ તરત ન મળ્યો એ વિશેની કાંઇ જેવીતેવી અધીરતા નહોતી. તેના મનમાં પણ ચિંતાનો ઉદ્ભવ થઇ ચૂકયો હતો; કારણ કે, કપિંજલા અને તેની સાસૂની સંકટમુક્તિનો સર્વ આધાર માણેકલાલ અને ઇન્દુના આગમન ઉપર જ રહેલો હતો. જો તેઓ વખતસર ન આવી લાગે, અને પ્રાણલાલનો પરલોકવાસ થઇ જાય, તો શત્રુઓનો વિજય નિર્વિવાદ હતો. તેણે તત્કાળ એક બીજો તાર લખ્યો અને લક્ષ્મણને પાછો તે મોકલવામાટે ટેલીગ્રાફ ઑફિસમાં દોડાવ્યો. તાર મોકલ્યા પછી તે, જો દામોદર વગેરે આવે તો તેમને કેવી રીતે પાછા વાળવા અને સીધી રીતે ન જાય તો છેવટે આડા ઉપાયોને પણ કેવી યુક્તિથી અમલમાં લાવવા, એ

વિશેની પોતાના મનમાં યોજના કરવા લાગી. તે આવી રીતે વિચારમાં મગ્ન હતી એટલામાં કપિંજલા પાછી ગભરાયલી અને દોડતી ત્યાં આવી લાગી અને બોલી કે;–"શારદા, જરા ચાલ અને જો; એમનાં ચિન્હો કાંઇ સારાં જણાતાં નથી. મારી સાથે વાત કરતાં કરતાં બેભાન થઈ ગયા અને હવે તો કાંઇ બોલતા જ નથી." શારદાએ એક નોકરને ડૉકટરને તરત બોલાવી લાવવાને દોડાવ્યો અને પછી તે પોતે કપિંજલાની સાથે ઉપર પ્રાણુલાલના શયનગૃહમાં ગઇ. ત્યાં રતનબાઇ એક કુરસીપર પ્રાણુલાલની છાતીપર માથું મૂકી રડતી બેઠી હતી અને એક ચાકરડી દરવાજામાં માથું નીચું કરીને ઉભી હતી. શારદાએ રતનબાઇને જરા દૂર બેસાડીને જોયું તો પ્રાણુલાલની દશા અવશ્ય ભયોત્પાદક જેવી જ તેના જોવામાં આવી. તે સર્વ અબળાઓ ડૉકટરના આગમનની અત્યંત અધીરતા અને આતુરતાથી માર્ગપ્રતીક્ષા કરવા લાગી. પોણો કલાક પછી ડૉકટર આવી લાગ્યો; પણ તેણે અભિપ્રાય શો આપ્યો? એ જ કે, "સ્થિતિ મહાભયંકર છે; હવે પ્રાણુલાલ ચાર દિવસ ભાગ્યે જ કાઢી શકશે!"

પ્રકરણ ૧૧ મું.

અબળાનું સાહસ!

માણેકલાલ જેમ જેમ નવયૌવના ગુલાબના સમાગમમાં આવતો ગયો, તેમ તેમ તેનું ચિત્ત શારદાના સ્નેહમાંથી નીકળીને તેના સ્નેહમાં વધારે અને વધારે સલંગ્ન થતું ગયું. શારદા અને ગુલાબ વચ્ચે માણેકલાલને જે એક મોટામાં મોટો ભેદ દેખાયો તે એ હતો કે, ગમેતેવા એકાંત પ્રસંગમાં પણ શારદા પોતાની કુલીનતા અને સ્ત્રીત્વની શોભારૂપ લજ્જાનો એટલી સીમાપર્યન્ત ત્યાગ કરતી ન હોતી કે જેથી તે અમુક અંશે પણ 'નિર્લજ્જતા' ના દોષને પાત્ર થઇ શકે, અને ગુલાબ એકાંત પ્રસંગમાં વેશ્યા સમાન નિર્લજ્જતાનો પરિચય કરાવતી હતી. જેવી રીતે ટેટના ખોટા હીરા વીજળીની લાઇટના યોગે સાચા હીરા કરતાં પણ સારો ચળકાટ આપતા હોવાથી કેટલાક ભોળા લોકો સાચા હીરાને બદલે એ પરાવલંબિ ચમકાટવાળા હીરાને જ વધારે પસંદ કરે છે; તે પ્રમાણે હાલ તરત તો વિકારવશ માણેકલાલને શારદાની સલજ્જતા કરતાં ગુલાબની એ નિર્લજ્જતા જ અધિક આકર્ષક અને મોહક જણાવા લાગી હતી. રૂપજીવી સુંદર વેશ્યાઓમાં વિલાસી પુરુષોને લોભાવવાનો અને રંજિત કરવાનો જે એક અદ્વિતીય અને વિશિષ્ટ ગુણ રહેલો હોય છે, તે વિશિષ્ટ ગુણનો સ્વાભાવિક રીતે જ ગુલાબમાં સંપૂર્ણ નિવાસ હોવાથી વિલાસપ્રિય માણેકલાલ તેનામાં દિવસે દિવસે વિશેષ અને વિશેષ પ્રમાણમાં લુબ્ધ થતો જાય એ સર્વથા સ્વાભાવિક જ હતું.

માનવસ્વભાવનો કહો કિંવા વિશ્વસ્વભાવનો કહો, પણ એ એક નિયમ જ છે કે, જે વસ્તુ તેના પોતાના અધિકારની હોય છે અને અમુક વસ્તુ આપણી પોતાની હોવાથી આપણે ઇચ્છીશું ત્યારે તત્કાળ તેનો ઉપભોગ લઇ શકાશે, એવો જે વસ્તુના ઉપભોગ વિશે તેનો સંતોષાત્મક નિશ્ચય હોય છે, તે વસ્તુના ઉપભોગ વિશેની તેની આતુરતા સ્વાભાવિક જ મંદ થઇ ગએલી હોય છે અથવા તો કાળના વહન સાથે મંદ થતી જાય છે. પરંતુ ભાગ્ય-યોગે પોતાના અધિકારમાંની ન હોય તેવી કોઇ વસ્તુના ઉપભોગનો અચાનક પ્રસંગ પ્રાપ્ત થાય તો તે વસ્તુનો ક્યારે અને કઇ ઘટિકામાં વિયોગ થઈ જશે એનો નિશ્ચય ન હોવાથી તેનો લેવાય તેટલો રસ લૂટી લેવામાટે મનુષ્યનું મન એટલું બધું તો આતુર અને અધીર બની જાય છે કે, તેમાં અત્યંત લીન થવાથી પોતાની લજ્જા અને પ્રતિષ્ઠાના ભાનને પણ તે ભૂલી જાય છે. જેવી રીતે દુષ્કાળપીડિત બુભુક્ષિતો પ્રાપ્ત થએલા અન્નનો અકરાંતિયા થઇને આહાર કરવા માંડે છે, તેવોજ કેટલેક અંશે પરસ્ત્રી અને પરપુરુષના નિષિદ્ધ પ્રેમ-વિલાસનો પ્રકાર ચાલતો હોય છે. અસ્તુ.

એ નિયમ માણેકલાલ અને ગુલાબના સંબંધમાં અક્ષરે અક્ષર સિદ્ધ થએલો દેખાતો હતો. બન્નેના હૃદયમાં 'કદાચિત્ મોહનલાલની અચાનક સૂરત જવાની ઇચ્છા થશે અથવા તો કરાચીથી શારદા પાછી આવી લાગશે, તો આવો પ્રસંગ પાછો ભાગ્યેજ મળી શકશે; માટે મળેલા પ્રસંગનો બની શકે તેટલા અધિક પ્રમાણમાં લાભ લઇ લેવો જોઇએ !' એવો ખટકો રહેતો હોવાથી તેઓ દિવસે કે રાતે જ્યારે પણ પ્રસંગ મળે, ત્યારે તે સમયનો પરસ્પર સહવાસ અને

પ્રેમવિલાસમાંજ વ્યય કરતાં હતાં. કેટલીકવાર તો સર્વથા અસત્ય નિમિત્ત બતાવીને માણેકલાલ ચોવીસે કલાક ઘરમાં જ પડયો રહેતો અને ઈન્દુ વિઘ્નરૂપ ન થાય એટલામાટે તેને એકલો નોકર સાથે જ ગાડીમાં ફરવામાટે મોકલી દેતો હતો.

નિઃસર્ગનો એવો એક નિયમ છે કે, કુમારિકા જ્યારે નવયૌવના થાય છે, ત્યારે તેનામાં અંગની શોભાને વધારનારાં યૌવનચિન્હો અવશ્ય પ્રકટી નીકળે છે; છતાં પણ જ્યાં સુધી કુમારિકાના શરીરને પુરુષનો સ્પર્શ થએલો નથી હોતો ત્યાં સુધીનાં ચિન્હો અને તે પુરુષના સમાગમમાં આવ્યા પછીનાં તેનાં શારીરિક ચિન્હોમાં એટલો બધો ભેદ રહેલો હોય છે કે, એ ભેદને કોઇ પણ અનુભવમંડિત પ્રમદા કે પુરુષનાં નેત્રો તત્કાળ ઓળખી શકે છે. ત્યારે અહીં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, ગુલાબની માતા ભાગીરથી પોતાની પુત્રીના શરીરમાંના એ ચિન્હભેદને ઓળખી શકી હતી કે નહિ? ભાગીરથી જેવી ચાલાક ચપળાનાં ચપળ નેત્રો પોતાની જ પુત્રીના એ ચિન્હપરિવર્ત્તનને ઓળખી નહોતાં શક્યાં એમ કહીએ, તો તો તે ભાગીરથીની યોગ્યતાનું એક પ્રકારે મહાભયંકર અપમાન કર્યું જ કહેવાય; એથી અર્થાત્ સિદ્ધ થયું કે, તે પોતાની દુહિતાની વિચિત્ર ચેષ્ટાને સારી રીતે જાણતી હતી. તો પછી પોતાની કુમારિકા પુત્રીને એ કલંકદાયક માર્ગમાંથી પરાવૃત્ત કરવાનો કિંવા માણેકલાલના ગૃહને, પોતાની પ્રતિષ્ઠા જાળવવામાટે, ત્યાગી જવાનો તેણે કશો પણ પ્રયત્ન કેમ ન કર્યો વારુ? આ પ્રશ્ન અવશ્ય વિચારણીય છે. પરંતુ એનું ઉત્તર અત્યારે આપી શકાય તેમ નથી; કારણ કે, તેથી રસનો ભંગ થવાનો સંભવ છે. વાચકો વાર્ત્તાના વાંચનમાં જેમ જેમ ધૈર્યથી

આગળ વધતાં જશે, તેમ તેમ સર્વ રહસ્યોનો તેમની દૃષ્ટિ સમક્ષ સ્ફોટ થતો જશે. અત્યારે માત્ર એટલું જ જણાવવું સંપૂર્ણ થશે કે, ગુલાબ દિવસનો વિશેષ ભાગ માણેકલાલ સાથે લાયબ્રેરીમાં કિંવા બહાર ફરવા જવામાં વીતાડતી હતી અને કોઇ કોઇવાર રાતના દશ વાગ્યાથી પ્રભાતના છ વાગ્યા પર્યંત પોતાના શયનમંદિરમાંથી અદૃશ્ય રહેતી હતી; છતાં ભાગીરથી તરફથી તેને ઠપકાના બે સાધારણ બોલ સાંભળવાનો પણ પ્રસંગ પ્રાપ્ત થયો નહોતો. કામાંધ મનુષ્યને, તેમની ચેષ્ટાને આખું ગામ જોતું હોવા છતાં, બાર ગાઉમાં અંધકાર જ છવાયલો દેખાય છે; એવો નિયમ હોવાથી માણેકલાલ અને ગુલાબ ભાગીરથીના એ મૌનાવલંબનને અજ્ઞાન ધારતાં હતાં અને તેને સાવ ભોળી જાણીને પોતાના વ્યવસાયમાં તેઓ અધિક નિર્ભયતાથી વધારે અને વધારે આગળ વધતાં જતાં હતાં. ગુલાબને માટે તો અત્યારે માણેકલાલ વિના બીજું આકર્ષણ હતું જ નહિ એટલે તે સર્વથા માણેકલાલમય થઇ જાય એમાં વિશેષ આશ્ચર્ય ન કહેવાય; પરંતુ માણેકલાલ પણ એટલી હદ સુધી ગુલાબમય થઇ ગયો હતો કે, કેટલીકવાર તો ચોવીસ કલાકમાં માત્ર એકવાર પણ તેના હૃદયમાં શારદાનું સ્મરણ થતું હતું કે કેમ, એની શંકાજ હતી.

મુંબઇમાંના શારદાના સદનમાં તેની ગેરહાજરીમાં આવા પ્રકારનું નાટક ભજવાતું હતું એવામાં અચાનક શારદાનો કરાચીથી 'ઇન્દુને લઇને એકદમ કરાચી આવો' એવા આશયનો તાર આવ્યો અને તેમાં પ્રાણલાલની સ્થિતિનું સંક્ષેપમાં દર્શન કરાવીને સૉલિસિટરને લાવવાની પણ સૂચના કરેલી હતી. જે વેળાયે આ તાર આવ્યો તે વેળાયે માણેકલાલ પોતાની લાયબ્રેરીમાં ગુલાબ-

સાથે વિનોદાલાપ કરતો બેઠો હતો અને ઇન્દુ ઉપર શયનમંદિરમાં પાસેના બંગલામાંનાં પાડોશીનાં બે છોકરાં આવ્યાં હતાં તેમની સાથે રમતો હતો. તાર વાંચીને માણેકલાલ ગંભીર વિચારમાં પડી ગયો, એટલુંજ નહિ, પણ તેના મુખમંડળમાં કિંચિત્ શોકની છટા પણ દૃષ્ટિગોચર થવા લાગી. તેના મૌનને જોઇને ગુલાબ પણ પ્રથમ તો વિચારમાં પડી ગઈ, પણ પછી આતુરતાને ન દબાવી શકવાથી મૌનનો ભંગ કરી તેણે માણેકલાલને પૂછ્યું કે;–"તાર કોનો આવ્યો છે અને તેમાં એવું શું લખ્યું છે કે, જેથી તમે એકાએક આમ ગંભીર વિચારમાં પડી ગયા?"

"કરાચીથી શારદાનો તાર આવ્યો છે. મને તે ઈન્દુ તથા એક સારા સૉલીસિટરને લઇને કરાચી આવવાનું લખે છે; કારણ કે, તેની મૈત્રિણી કપિંજલાનો પતિ પ્રાણલાલ મરવાની અણીપર હોવાથી વિલ્ કરવાનું છે." માણેકલાલે તારને પાછો ઇન્વેલપમાં નાખી તે ઇન્વેલપને ટેબલપર મૂકીને જવાબ આપ્યો.

"કદાચિત્ વિલ્ કરવાનું હોય અને ત્યાં કોઇ સારો સૉલિસિટર ન હોય તો અહીંથી સૉલિસિટરને મોકલી આપો. એ કાર્ય-માટે ખાસ ઇન્દુની અને તમારી શી અગત્ય છે, એ હું સમજી શકતી નથી." ગુલાબે થોડોક વાંધો બતાવ્યો.

"શારદા લખે છે કે, ત્યાં પ્રાણુલાલના પિત્રાઇઓ કાંઇ કાવત્રું કરે એવો ભય છે અને તેથી જ તેણે ખાસ મને આવવાનું ભાર દઈને લખ્યું છે." માણેકલાલે ખુલાસો કર્યો.

"ત્યારે શું તમારે જવું જ પડશે?" ગુલાબે આતુરતાથી પૂછ્યું.

ગુલાબનો એ સવાલ તો જો કે બહુજ ટૂંકો હતો, પરંતુ જેવી રીતે પાણિનિનાં લઘુ સૂત્રોમાં વ્યાકરણ વિષયક વિશાળ ભાવાર્થ સમાયલો હોય છે; તેવી રીતે ગુલાબના એ લઘુ પ્રશ્નમાં, 'જો તમે ત્યાં જશો, તો મારાથી તમારો વિયોગ કેવી રીતે સહી શકાશે? આવો અવસર વારંવાર કયાંથી હાથ આવશે?:માટે ન જાઓ, તો સારૂં!' એવા પ્રકારના કેટલાક માર્મિક અને વિશાળ ભાવાર્થો સમાયલા હતા અને તેના પ્રશ્નનો એ આશય તત્કાળ માણેકલાલના જાણવામાં આવી ગયો. માણેકલાલે પણ એવીજ માર્મિકતાથી ઉત્તર આપ્યું કે;–"ગુલાબ, હું એ વિશેના જ વિચારમાં પડયો છું કે, શારદાના આવાહનને માન આપી હાલ તરત કરાચી જવું કે ન જવું? અદ્યાપિ હું કશાય નિર્ણયપર આવી શકયો નથી."

"મારા વિચાર પ્રમાણે તો તમારે ત્યાં જવાની કશી પણ અગત્ય નથી; કારણ કે, જો કાંઇ કાવત્રું થવાનો ભય હશે, તો તે ભયને કાંઇ તમે ટાળી શકવાના નથી; વળી કાવત્રું કરનાર કરાચીના નિવાસી હશે અને તમે ત્યાંના લોકોથી બિલ્કુલ અજાણ્યા છો, એટલે મને તો વળી એવો પણ સંશય આવે છે કે, તમને પ્રાણલાલના મદદગાર તરીકે આવેલા જોઇ પોતાના કાર્યમાં વિઘ્નરૂપ જાણીને તેના તે પિત્રાઇઓ ક્યાંક તમારૂં કાટલું કાઢવાને પણ તૈયાર થઇ જાય, તો શી દશા થાય? હાલ તરત તો કાગળ લખીને ખુલાસો મંગાવો અને તેનો જવાબ આવ્યા પછી જરૂર જણાય તો જવાનો વિચાર કરજો. શારદા બહેને એકદમ તમને બોલાવ્યા, એ તેમની ધૃષ્ટતા જ કહી શકાય!" ગુલાબે માણેકલાલના મનમાંથી ત્યાં જવા વિશેના વિચારને કાઢી નાખવાના ઉદ્દેશથી કહ્યું.

માણેકલાલ પુનઃ થોડીવાર વિચારમાં મગ્ન રહીને પછી કહેવા લાગ્યો કેઃ—"ગુલાબ, મને એકદમ બોલાવવામાં **શારદા**ની ધૃષ્ટતા હોવી જોઇએ, એમ માનવામાં તારી ભૂલ થાય છે. **શારદા**ના સ્વભાવ તથા હૃદયને હું સારી રીતે જાણું છું અને તેથી એટલું તો મારે કહેવું જ જોઇએ કે, તેણે ઇન્દુને સાથે લઇને તાર કરી બોલાવ્યો હશે, તે ખાસ કારણ વિના તો નહિજ બોલાવ્યો હોય! **શારદા** એટલી બધી મંદબુદ્ધિની નથી કે મને તથા પોતાના સુકોમળ બાળક ઇન્દુને સબળ કારણ વિના વ્યર્થ પરિશ્રમ આપવાને તૈયાર થઇ જાય! કાગળ લખીને ખુલાસો મંગાવતાં દશ દિવસ વીતી જાય અને તે વચ્ચે કાંઈ વિપરીત થાય, તો? એક તરફથી તારા વિયોગની કલ્પના અસહ્ય જણાય છે અને બીજી તરફથી **શારદા**ની પ્રાર્થનાનું અપમાન કરતાં પણ મન અચકાય છે!!"

માણેકલાલના મુખમાંથી **શારદા** વિષયક તેના હૃદયમાં વસી રહેલા માન અને ઉચ્ચ અભિપ્રાયને દર્શાવનારા ઉદ્ગારો નીકળેલા સાંભળીને ગુલાબના હૃદયમાં એક પ્રકારની અસૂયાનો સંચાર થયો અને તેની અત્યંત મંદ છટા તેના મુખમંડળમાં પણ દેખાઈ; પરંતુ **માણેકલાલ** અત્યારે અન્ય વિચારમાં નિમગ્ન હોવાથી એ છટાને જોઇ શક્યો નહિ; અને ગુલાબે એક નિઃશ્વાસ નાખ્યો, તે પણ તેના જોવા કે જાણવામાં ન આવી શક્યો. ગુલાબે પોતાના હૃદયમાં થએલા આઘાતને હૃદયમાં જ છુપાવીને આનંદદર્શક મુદ્રાથી સૂચના કરી કે;—"દેવીની આજ્ઞાને દેવીના અનન્ય ઉપાસકે તત્કાળ મસ્તકે ધારણ કરવીજ જોઇએ. પણ સૉલિસિટરસાથે સલાહ મસ્લત કર્યા પછી જશો કે તે પહેલાં? ગમે તેમ પણ આજે ને આજે તો જવાય તેમ

નથીજ. ગમે તેટલી ઉતાવળ કરશો. તો પણ બે દિવસ તો નીકળવાના જ; માટે શાંત થાઓ અને આટલી બધી ચિંતા ન કરો."

"ખરેખર આ કલ્પના મારા મસ્તિષ્કમાં આવી જ ન હોતી. કેટલીક વાર સ્ત્રીઓની બુદ્ધિ પુરુષોની બુદ્ધિ કરતાં વિશેષ આશ્ચર્ય-કારક કાર્ય કરી બતાવે છે, એમ જે કેટલાક વિદ્વાનો કહે છે તે કાંઇ અસત્ય તો નથીજ. આ નિમિત્ત અવશ્ય એવું સબળ છે કે એના યોગે ગમનના કાર્યમાં સહજ બે દિવસનો વિલંબ કરી શકાશે. તારનો જવાબ આવતી કાલે આપીશું." માણેકલાલે યોગ્ય સૂચના-માટે પ્રશંસાપૂર્વક ગુલાબનો આભાર માની પોતાના આનંદને વ્યક્ત કરી બતાવ્યો.

* * * * *

બીજે દિવસે મધ્યાન્હભોજન કરીને માણેકલાલ પોતાના દીર્ઘ પરિચિત અને પ્રતિષ્ઠિત મંગલદાસ સૉલિસિટરની ઑફિસમાં જવાને તૈયાર થયો. ભાગીરથીએ એ વેળાયે આવીને માણેકલાલને કહ્યું કે:—"માણેકલાલભાઇ, જો તમને હરકત ન હોય, તો ગુલાબને પણ સાથે લેતા જાઓ અને વળતી વખતે બે ચાર સાલ્લા લેવાના છે, તે ભૂલેશ્વરના બજારમાંથી તેને તે પસંદ કરે તેવા અપાવજો; હું પૈસા આપું છું."

"ગુલાબને સાથે લઇ જવામાં મને કાંઇ પણ વાંધો નથી; પણ મારે સૉલિસિટરની ઑફિસમાં જેટલી વાર રોકાવું પડશે તેટલી વાર ગુલાબને ગાડીમાં બેસી રહેવું પડશે; એટલે કે, આવતાં કદાચિત્ વાર થઇ જશે." માણેકલાલે અનુમતિ દર્શાવી.

"તેની ચિંતા નહિ; કારણ કે, **ગુલાબનું અહીં** ખાસ એવું કાંઇ કામ નથી કે જે વાર થવાથી અટકી પડે." **ભાગીરથીએ** જણાવ્યું.

"ભલે ત્યારે ગુલાબને મોકલો; હું થોડીવાર ખોટી થાઉં છું." એમ કહીને **માણેકલાલ** લાયબ્રેરીમાં પેપર વાંચતો કુરસીમાં પડી ગુલાબની વાટ જોવા લાગ્યો.

પણ તેને વધારેવાર વાટ જોવી પડી નહિ; કારણ કે, **ગુલાબ** તૈયાર થઇને જ બેઠી હતી એટલે **ભાગીરથીની** સૂચના મળતાં તે ક્ષણેજ લાયબ્રેરીમાં આવી લાગી અને **માણેકલાલને** ઉદ્દેશીને તેણે કહ્યું કેઃ—"કેમ ત્યારે ચાલશો ? હું તૈયાર છું. મારા માટે ખોટી થવાની કે વધારે વાર રોકાઇ રહેવાની અગત્ય નથી."

"ચાલો ત્યારે !" એ પ્રમાણે નો જવાબ આપી પેપરને હાથમાં લઇ બીજા હાથમાં લાકડી ઉપાડી **માણેકલાલ** લાયબ્રેરીમાંથી બહાર નીકળ્યો.

ગાડી તૈયાર હતી. ગુલાબ અને **માણેકલાલ** ગાડીમાં બેઠાં અને ગાડી કોર્ટમાં જવાને પ્રયાણ કરી ગઇ.

* * * * * *

ગાડી બંગલાના કૉમ્પાઉન્ડમાંથી બહાર નીકળ્યા પછી **ગુલાબે** **માણેકલાલના** હાથને પોતાના હાથમાં લઇ પોતાની છાતીપર રાખીને પ્રેમાતુર નયન અને સ્નેહપૂર્ણ વચનથી કહ્યું કે;—"પ્રિયતમ, કદાચિત આજ કાલમાં તમે કરાચી ચાલ્યા જશો, તો પાછળ મારી શી અને કેવી દુર્દશા થશે, એનો તમે કાંઇ પણ વિચાર કર્યો છે ખરો

કે ? મારાથી તમારો એક પળ માત્રનો વિયોગ પણ હવે સહી શકાય તેમ નથી."

"ગુલાબ, મારી ગાંડી ગુલાબ, આ તું શું બોલે છે? આ કારણથી જ પ્રથમ હું તારા પ્રેમને સ્વીકારતાં અચકાતો હતો. માની લે કે, અત્યારે હું કરાચી ન જાઉં, તો આ વિયોગનો પ્રસંગ હાલ તરત ટળી જાય; પરંતુ તે થોડા દિવસને માટેજ; કારણ કે, કાલે ઊઠીને તારા પિતાની સૂરત જવાની ઇચ્છા થાય, તો તારે પણ તેમની સાથે જવું જ પડવાનું અને તે વેળાએ વિયોગ તો થવાનો જ. તેમજ જો શારદા અહીં આવી જાય, તો તેથી પણ આપણા આ વિલાસસુખમાં બાધા આવવાનીજ. પરિસ્થિતિ જ્યારે આવી છે, તો પછી આ વિયોગને એટલું બધું મહત્ત્વ આપવાનું કાંઇપણ કારણ નથી; તું પરસ્ત્રી છે અને હું પરપુરુષ છું એ વાર્ત્તાને આપણ બન્ને-માંથી કોઇએ પણ ભૂલી જવી ન જોઇએ. પરસ્ત્રી અને પરપુરુના ગુપ્ત પ્રેમવિલાસમાં નિરંતર પ્રતિષ્ઠા તથા વિયોગનો ભય મૂર્ત્તિમાન્ વસતો હોવાથીજ કેટલાક કોવિદો કહી ગયા છે કે, '**परस्त्रीषु वृथा सुखम्!**' વળી શારદાના મનમાં કશો સંશય ન આવે, એની પણ મારે ખાસ સંભાળ રાખવાની છે. તારે પણ આવા પ્રસંગે પોતાના મનપર કાબૂ રાખતાં શીખવું જોઇએ; કારણ કે, હજી તો તારે પરણીને તારા હકદાર ધણીનો સંસાર માંડવાનો છે!" માણેકલાલે ઉપદેશ આપ્યો.

"વારૂ ત્યારે જો હું તમારી સાથે કરાચી આવું તો ?" ગુલાબે માણેકલાલને સ્વપ્નમાં પણ જેની કલ્પના ન આવી શકે એવા પ્રકા-રનો વિલક્ષણ પ્રશ્ન પૂછ્યો.

"મારી સાથે તું કરાચી આવવા માગે છે? ખરેખર ગુલાબ, હવે તારા સાહસની સીમા થાય છે! પ્રથમ તો તારાં માતા પિતા તને મારી સાથે કરાચી સુધી મોકલે એ સર્વથા અશક્ય છે; વળી તારા પિતા માંદા હોવાથી તારે તેમની સેવામાટે અને માતાને સહાયક થવામાટે અહીંજ રહેવું જોઇએ; કારણ કે, એ તારૂં કર્ત્તવ્ય છે. તારી માતાપાસેથી જવામાટેની રજા માગવાનું જરા પણ સાહસ ન કરીશ; કારણ કે, એથી રજા તો નહિ જ મળે, પણ સ્હામો તેના મનમાં જો કાંઇ સંશય આવશે, તો આપણા સમાગમસુખનો ચાર દિવસ પછી આવનારો અંત આજે જ આવી જશે." માણેકલાલે અત્યંત સાહસ ન કરવાની સૂચના આપતાં જણાવ્યું.

"મારી માતા મને રજા નહિ આપે, એવી મારી ધારણા નથી; પછી તમારો મને પોતા સાથે ન લઈ જવાનો જ મનોભાવ હોય, તો મારાથી કાંઇ બળાત્કારે તો આવી શકાય તેમ નથીજ; કારણ કે, હું કાંઇ તમારી પરણેતર નથી કે મારૂં બળ ચાલી શકે." ગુલાબે માર્મિક વચનોના આઘાતનો આરંભ કર્યો.

"ગુલાબ, આ બાબતમાં માઠું લગાડવા જેવું નથી. આપણી સ્થિતિ એવી છે કે, ગોળ છુપાવીને ખાવામાં જ મજા છે. આપણે ઘડીભર એમ પણ માની લઇએ કે, તારી માતા તને કરાચી જવાની રજા આપશે; પણ પ્રશ્ન એ છે કે, તારા ત્યાં આવવાથી લાભ શો મળશે? અહીં આપણું પોતાનું ઘર છે અને દરેક રીતે આપણે સ્વતંત્ર છીએ; અને કરાચીમાં પારકે ઘેર જઇને રહેવાનુ છે; ત્યાં સ્ત્રીઓનો સમૂહ મોટો છે તેમજ ગૃહનો સ્વામી પોતે અસ્વસ્થ છે,

એટલે એથી થશે એમ કે જો તું ત્યાં આવીશ, તો તારે રહેવું પડશે ભૈરાંસાથે અને હું પડીશ મારા કામમાં એટલે પછી આપણને ત્યાં વાત કરવાનો પ્રસંગ પણ ભાગ્યેજ મળી શકશે. અહીં તો તારી માતાના સહવાસમાં તારો સમય વીતી જશે, પણ ત્યાં સમય વીતાડવો પણ મુશ્કેલ થઇ પડશે. ખરી હાલત આવી છે, પછી તો જેવો તારો મનોભાવ. આટલું છતાં પણ જો તારી ત્યાં આવવાની જ ઇચ્છા હોય અને તારી માતા ખુશીથી રજા આપે એમ હોય, તો લઇ જવામાટે મારી ના નથી. સો બસોનો ખર્ચ વધારે થાય તેથી હું કાંઈ ડરતો નથી. " માણેકલાલે આગળ પાછળની બધી બાબતોનો સામટો વિચાર કરીને તેને ન લઇ જવામાટેનાં યોગ્ય કારણો પ્રદર્શિત કર્યાં.

"ઠીક છે, આ વિશેનો હું વિચાર કરીશ અને રાતે તમને છેલ્લો જવાબ આપીશ. પણ હા; જો તમારૂં જવાનું થાય, તો ક્યારેક જવાનું થશે?" ગુલાબે કહ્યું.

"બહુધા આવતી કાલે રાતે અથવા મોડામાં મોડું પરમ દિવસે રાતે ગુજરાત મેલમાં." માણેકલાલે જવાબ આપ્યો.

આટલી વાતચીત થઇ તે વેળાયે ગાડી કોટમાંના ફ્લોરલ ફાઉન્ટેન પાસે આવી પહોંચી, એટલે કોચમૅને પૂછ્યું કે;--"શેઠ સાહેબ, ગાડી કેણીપા લેવાની છે!"

"રાજાબાઇ ટાવરની સ્હામે મંગળદાસ સૉલિસિટરની ઑફિસમાં જવાનું છે." માણેકલાલે કહ્યું.

ગાડીવાળો સૉલિસિટરની ઑફિસથી પરિચિત હોવાથી તરત તેણે ગાડીને આગળ ચલાવી અને બે ત્રણ સેકંડનો રસ્તો બાકી હોવાથી

ગુલાબને વિશેષ વાર્ત્તાલાપનો હાલ તરત સમય મળી શક્યો નહિ. યૂનિવર્સિટી હૉલ અથવા રાજાબાઇ ટાવરના ગાર્ડનના મોટા-રાજમાર્ગપર પડતા દરવાજાની બરાબર સ્હામેના મકાનમાં જ પહેલે માળે મંગળદાસની ઑફિસ હોવાથી ગાડીવાળાએ ત્યાં ગાડી ઉભી રાખી અને નીચે ઉતરી ગાડીનો દરવાજો ખોલીને શેઠના ઉતરવાની વાટ જોતો તે ઉભો રહ્યો. માણેકલાલ ગુલાબને બેસવાનું કહીને ઉતર્યો, અને દાદરપર ચઢવા પહેલાં સૉલિસિટરોનાં નીચેના ભાગમાં જ તેઓ ઑફિસમાં છે કે બહાર ગએલા છે, એ બતાવનારાં ' ઇન ' અને 'આઉટ' અક્ષરથી મંડિત સરકણા કકડાવાળાં પાટિયાં લગાડેલાં હોય છે, તેમાં તેણે જોયું કે, મંગળદાસ ઑફિસમાં છે કે નહિ. નીચેના પાટિયાએ મોઢું ન છતાં અક્ષરોદ્વારા ઉત્તર આપ્યું કે;- 'Mangaldas in' (મંગળદાસ ઑફિસમાં છે); અને તે વાંચીને માણેકલાલે નિઃસરણીપર ચઢવાનો આરંભ કર્યો.

ગુલાબને ગાડીમાં હવે કરાચી જવું કે ન જવું, એ વિશેનો શાંતિ અને એકાગ્રતાથી વિચાર કરવાનો વિપુલ સમય મળવાથી તેણે પોતાને મળેલા એ સમયનો એ કાર્યમાંજ વ્યય કરવા માંડયો. તે પોતાના મનમાં વિચારવા લાગી કે,—" માણેકલાલનાં વચનો બહુ અંશે તો સત્ય છે; કરાચીમાં અહીંના જેવા એકાંતવાસ અને યથેચ્છ વિલાસનો લાભ મળવો અશક્ય છે, એમાં તો જાણે કોઇ પણ પ્રકારનો સંશય છેજ નહિ. માત્ર એટલો લાભ મળી શકશે કે, કરાચી નગર નજરે જોવાશે અને માણેકલાલના દર્શન તથા વાર્ત્તાલાપના યોગે હૃદયને કાંઇક સંતોષ થશે. પરંતુ નિર્લજ્જ પ્રેમ ગુપ્ત રહી શકતો નથી, એ લોકોક્તિ જો સત્ય હોય, તો તો મારી પ્રેમ-

ચેષ્ટા શારદાના જાણવામાં આવી જાય અને તેમ થાય, તો તેનું પરિણામ એજ થાય કે, માણેકલાલના ગૃહમાં સદાને માટે ક્લેશનો સંચાર થઇ જાય ! મારા પ્રમાદની શિક્ષા માણેકલાલને ભોગવવી પડે ! કારણ કે, એક સદાચારિણી અને સહનશીલા સ્ત્રી પતિની ક્રૂરતા, નિર્દયતા, નિષ્ઠુરતા, દરદ્રિતા, તેમજ દરિદ્રતાજન્ય ક્ષુધા અને પિપાસા આદિની વેદનાને એક શબ્દનો પણ ઉચ્ચાર કર્યા વિના મૂક મુખથી સહન કરે છે; પણ જો પોતાના દેખતાં પોતાનો પતિ અન્ય અબળામાં સ્નેહ રાખતો હોય, તો એજ એક એવી અસહ્ય વેદના છે કે જે ગમે તેવી સહનશીલા સ્ત્રીથી પણ ભાગ્યેજ સહન કરી શકાય છે. અત્યારે માણેકલાલ અવિવાહિત અથવા વિધુર હોત, તો મારો ભાગ્યોદય થવામાં એક પળ માત્રનો પણ વિલંબ થાત નહિ ! શારદા જીવતી છે અને હું કુમારિકા છું એટલે માણેકલાલના કહ્યા પ્રમાણે વિયોગ તો છેવટે થવાનો જ ! પણ શું એ આવનારા વિયોગને કોઇપણ ઉપાયે આવતો અટકાવી ન શકાય ? મનુષ્ય ધારે, તો એવું કયું કાર્ય છે કે જે સર્વથા ન જ થાય ? ભલે અત્યારે કરાચી જવાય કે ન જવાય અને સૂરત જવું પડે તો ભલે માણેકલાલનો થોડા વખતને માટે વિયોગ થાય; પણ હું હવે બીજા કોઇ પુરુષ સાથે તો પરણવાની નથી તે નથી જ ! પરણીશ, તો માણેકલાલ સાથે જ પરણીશ; જેના પ્રેમયજ્ઞમાં મેં મારા અત્યંત પવિત્ર કુમારિકાવ્રતનું નિર્દયતાથી બલિદાન આપ્યું છે, તેની જ હું ધર્મપત્ની થવાની; જે સ્થાનમાં મારા કૌમારનું ખંડન થયું છે, તે સ્થાન-તે જ ગૃહ-ની સ્વામિની થઇશ, ત્યારે જ મારી મહત્ત્વાકાંક્ષા પૂર્ણ થશે. અન્યથા મારી હૃદયજ્વાળાની શાંતિ અશક્ય છે ! ત્યારે માણેકલાલના થનારા વિયોગને અટકાવવામાટે અને એની ગૃહસ્વામિની થવામાટે મારે

શા ઉપાયો યોજવા ?ઓહ–મસ્તિષ્કમાં એ વિશેની કલ્પનાનો સંચાર થતાં મારા અંગનાં રોમાંચ ખડાં થઇ જાય છે ! મારૂં શાંત હૃદય અત્યારે અશાંતિનાસમુદ્રમાં ગોથાં ખાય છે ! આજે મારામનમાં ભયંકર વિચારોની અધિકતા કેમ થતી જાય છે ? સમજી શકાતું નથી. પ્રત્યક્ષ ભય કરતાં ભયંકર કલ્પનાઓ જ કેટલીક વાર વિશેષ ભયંકર અને ડરામણી થઇ પડે છે, એનો આજે મને સાક્ષાત્કાર થાય છે ! મારા મનમાં અદ્યાપિ કોઇ પણ પાપમૂલક કલ્પનાનો સંચાર નથી થયો, છતાં એ વિશેના વિચારોએ મારા મનમાં એટલો બધો ખળભળાટ ઉપજાવી દીધો છે કે, હવે પછી શું કરવું અને શું નહિ, એનું મને જરા પણ ભાન રહ્યું નથી. અત્યારે ભાવિ આકાંક્ષાસિદ્ધિની કલ્પના વિના મારા અંતઃકરણમાં અન્ય કોઇ પણ વિષયનું અસ્તિત્વ નથી!” થોડી વાર પછી કિંચિદ્ વિવેકથી પોતાના પ્રબળ વિકારમય ભાવોને શાંત કરીને તે પુનઃ મનોગત કહેવા લાગી કે, “ગમે તેમ થાય અને ગમે તેટલી અડચણો આવે, તોપણ જે ભાવિ નિર્માણ થયું હોય છે, તે તો થવાનું જ. વ્યર્થ આટલી બધી ચિંતા શામાટે કરવી જોઇએ ? ખરેખર જો વિધાતાએ મને માણેકલાલની અર્ધાંગના બનાવવાનો જ નિર્ધાર કર્યો હશે, તો યત્ન નહિ કરૂં, તોપણ ભાગ્યદેવી પોતાની મેળે જ મને એની ગૃહસ્વામિનીના પદે ચઢાવશે !”

માનવી સ્વભાવનો એ એક ધર્મ જ છે કે, જ્યારે તે અનેક પ્રકારના તર્ક વિતર્ક અને કલ્પના તથા જલ્પના કરી કરીને થાકે છે ત્યારે છેવટે પોતાના સર્વ મનોરથોને ભાગ્યના અધિકારમાં આપી દે છે; કારણ કે, એથી તેના હૃદયને કિંચિત્ સંતોષ અને શાંતિનો સ્પર્શલાભ મળી શકે છે. ગુલાબને પણ જ્યારે પોતાના મનોરથની

સિદ્ધિનો કોઈ પણ તાત્કાલિક ઉપાય ન દેખાયો, એટલે અંતે હારીને તેણે પોતાની આશાની સફળતાનો સમગ્ર ભાર ભાગ્યદેવીના શિરપર નાખી દીધો. છતાં એથી એમ ધારી લેવાનું નથી કે,એથી તેના હૃદયની ક્ષુબ્ધતાનો સર્વથા લોપ થઇ ગયો અને તેના ચંચળ મનને શાશ્વત શાંતિનો સાક્ષાત્કાર થયો; કારણ કે, ભાગ્યદેવીને વચ્ચે લાવવા છતાંપણ તેના મુખમંડળમાં જે એક પ્રકારની નિરાશામૂલક ગંભીરતા અને મલિનતાની છટાનો આવિર્ભાવ થયો હતો, તેનો અદ્યાપિ લોપ થઇ શકયો નહોતો. પોતાની ભાવનાને સિદ્ધ કરવાનું જો કોઈ પણ સાધન મળી જાય, તો ભાગ્યદેવીના અધિકારને પોતાના હાથમાં લઇ તે સાધનનો ઉપયોગ કરવામાટે તેનું મન તત્પર હતું. મન પ્રમાથિ, બલવત્ અને દૃઢ હોવાથી સાધારણતઃ તેનો નિગ્રહ અશક્ય મનાય છે; અને તેમાં પણ વળી સ્ત્રીનું મન વિવેકશૂન્ય અને અત્યંત ચપળ હોવાથી જે વેળાયે તે પોતાના સત્ય સ્વભાવને વ્યક્ત કરવા માંડે છે, ત્યારે તેની ગતિનો અવરોધ વર્ષાકાલીન સરિતાના પ્રવાહની ગતિના અવરોધ સમાન સર્વથા અશક્ય અને અસંભવનીયજ થઇ પડે છે. અત્યારે ગુલાબના મનની ગતિપણ એવા જ પ્રકારની હતી.

ચાલો ત્યારે હવે મદોમત્ત ગુલાબને તેના એ વિલક્ષણ મનોરાજ્યમાં વિહરવા દઇને આપણે માણેકલાલની પાછળ સૉલિસિટર મંગળદાસની ઑફિસમાં જઇએ અને ત્યાંના કાર્યક્રમનું કાંઇક અવલોકન કરીએ; કારણ કે, આપણી વાર્તામાં એ સૉલિસિટર પણ એક અગત્યની અને કેટલેક અંશે અગ્રભાગે વિરાજનારી વ્યક્તિ છે, અને તેથી એનો પણ અમારે અમારા વાચકોને યોગ્ય પરિચય કરાવવો જ જોઇએ.

પ્રકરણ ૧૨ મું.

સૉલિસિટર મંગળદાસ

જે વેળાયે માણેકલાલે સૉલિસિટર મંગળદાસના પ્રાઇવેટ રૂમમાં પ્રવેશ કર્યો, તે વેળાયે મંગળદાસ એક બ્રીફ વાંચવાના કાર્યમાં નિમગ્ન હોવાથી માણેકલાલના આગમનથી તે અજ્ઞાન જ રહ્યો; અને માણેકલાલે પણ તેની એકાગ્રતાનો ભંગ ન કર્યો; કિંતુ તે ધીમેથી સ્હામેની એક કુરસીપર બેસી ગયો. એ બાર ફીટની લંબાઇ અને બાર ફીટની પહોળાઇના રૂમમાં દરવાજાની સ્હામે ટેબલ અને સૉલિસિટર સાહેબની કુરસી અને તેમની સ્હામી બાજૂએ ક્લાયંટ વગેરેના બેસવામાટે પાંચ છ કુરસીઓ ગોઠવેલી હતી તેમ જ કૅશ તથા કામનાં કીમતી કાગળોને જાળવવામાટે ગોદરેજની એક મોટી તીજોરી પણ ત્યાં જોવામાં આવતી હતી. ટેબલપર હોલ્ડર્સ, ઇન્ક-સ્ટૅન્ડ, નાઇફ, પેપરકટર, બ્લૉટિંગ્સ, પેન્સિલ્સ, પેન્સ્ટૅન્ડ, વૉટર-પૉટ, ગમ્ અને એવાં જ અન્ય લખવાનાં સાધનો ગોઠવેલાં હતાં અને પ્યૂનને બોલાવવામાટેનો કૉલબેલ પણ ટેબલપર તૈયાર હતો. એ ઉપરાંત ટેબલપર કોર્ટના કામનાં કાગળિયાંના પણ થોકડે થોકડા પડયા હતા; કારણ કે, 'ઑનેસ્ટી ઇજ઼ ધિ બેસ્ટ પૉલીસી' એ જ મંગળદાસ સૉલિસિટરનો મુદ્રાલેખ હોવાથી લોકોનો તેનામાં અત્યંત વિશ્વાસ હતો અને તેથી તેને ત્યાં એટલા બધા કેસિસ આવતા હતા કે ઘણીકવાર એકલા હાથે એટલાં બધાં કામોને પહોંચી વળવાનું કાર્ય અશક્ય હોવાથી કેટલાંક કેસિસ લેવાની તે ના પણ પાડતો હતો

અને જો કલાયંટ બહુ જ દબાણ કરે, તો તે કેસિસ પોતાની ખાત્રીના કોઇ બીજા સૉલિસિટરને તે આપતો હતો.

મંગળદાસ મૂળ સૂરતનો નિવાસી અને માણેકલાલનો જ્ઞાતિબંધુ હતો. અત્યારે તેનું વય તેંત્રીસ ચોત્રીસથી વિશેષ નહોતું અને જેવો તે હૃદયનો નિષ્કપટ તથા શુદ્ધ હતો, તેવું જ તેના શરીરનું બાહ્ય સૌન્દર્ય પણ એવું તો મનોહર અને આકર્ષક હતું કે, તેને જોતાંની સાથે જ જોનારના મનમાં એક પ્રકારનો ઉત્તમ પ્રભાવ પડી જતો હતો. અત્યારે તે કોટ ઉતારી ખુલ્લે માથે કેવળ પૅન્ટ્, શર્ટ અને બ્રેસિસ્ સાથે જ બ્રીફ વાંચવામાં નિમગ્ન થયો હતો અને અલંકાર તરીકે જમણા હાથની આંગળીમાં હીરાની એક વીંટી અને આંખોપર રોલ્ડ ગોલ્ડની ફ્રેમના ચશ્મા વિના અન્ય કોઇ પણ વસ્તુ તેના શરીરપર જોવામાં આવતી નહોતી. કેટલીક વાર પછી નોકર અથવા પ્યુનને બોલાવાને કૉલબેલ વગાડવામાટે તેણે માથું ઉંચું કર્યું અને તે વેળાયે અચાનક માણેકલાલપર તેની નજર પડવાથી બ્રીફને છોડી દઇને તેને પૂછ્યું કે;–"કેમ મિસ્ટર માણેકલાલ, તમે અચાનક અહીં કયાંથી, અને કયારના આવ્યા છો ?"

"મને આવ્યાને દશ મિનિટનો ટાઇમ થયો હશે, પણ તમે કામમાં હતા એટલે તમારી એકાગ્રતામાં ખંડ નાખવાનું મને યોગ્ય ન જણાયું અને તેથી હું ગુપચુપ બેસી રહ્યો. હું અત્યારે એક બહુ જ અગત્યના કાર્યમાટે તમારી પાસે આવ્યો છું અને તેથી કદાચિત્ મારે તમારો અડધા કલાક જેટલો ટાઇમ્ લેવો પડશે. જો કોઇ પણ પ્રકારની અડચણ ન હોય તો મારા આવવાનું કારણ કહી સંભળાવું." માણેકલાલે ઉત્તર આપ્યું.

મંગળદાસે કૉલબેલ વગાડીને પ્યૂનને બોલાવ્યો અને તેને આજ્ઞા આપી કે;–"ભટને બે કપ સારી ચાહે બનાવી લાવવાનું કહો અને બે ગ્લાસ પાણી પણ મોકલી આપો." પ્યૂનના ગયા પછી તેણે માણેકલાલને ઉત્તર આપ્યું કે;–" આ એક એવો અટપટો કેસ આવ્યો છે કે, એની મુદ્દત આજથી વીસ દિવસ પછીની હોવા છતાં અત્યારથી જ એ વિશેની તૈયારીમાં ધ્યાન આપવું પડે છે. બીજા તરતના કેસો છે તેમની એટલી ચિંતા નથી કે જેટલી ચિંતા આ કેસની છે. અસ્તુ; તમારે જે કાંઈ કહેવાનું હોય તે સંકોચ વિના કહો; અડધા કલાકને બદલે એક કલાક જશે, તો પણ વાંધો નથી; કારણ કે, આપણો સૉલિસિટર અને કલાયંટનો સંબંધ નહિ, પણ મિત્ર તરીકેનો સંબંધ છે અને મિત્રનો સર્વ પ્રકારે સત્કાર કરવો એ મિત્રનો ધર્મ છે."

" હું તમારી આ સારી લાગણી અને ઉદારતામાટે તમારો અંત;કરણ પૂર્વક આભાર માનું છું." એમ કહીને માણેકલાલે જણાવ્યું કે;–"હું અત્યારે એ કામમાટે આવ્યો છું કે, કરાચીમાં અમારો એક ધનાઢ્ય સંબંધી અત્યારે એટલો બધો માંદો છે કે, તેની સંસારયાત્રાની કયારે અને કઇ ઘડીએ સમાપ્તિ થશે, એ વિશેનો ડૉકટરો પણ કશો નિશ્ચય કરાવી શકતા નથી અને તેથી તેનો મૃત્યુ-પત્ર કરીને પોતાની સંપત્તિની યોગ્ય વ્યવસ્થા કરવાનો મનોભાવ હોવાથી શારદાએ અહીંથી સૉલિસિટરને લઇને તત્કાળ કરાચી આવ-વામાટેનો અર્જન્ટ તાર કર્યો છે. અર્થાત્ હું તમને કરાચી લઇ જવામાટે જ અત્યારે અહીં આવ્યો છું."

" ઓહ–આઇ સી, ત્યારે મિસિસ માણેકલાલ અત્યારે કરા-

ચીમાં છે કે? હું-પણ આપણો ઇન્દુ ક્યાં છે; હું ધારૂં છું કે, તે પણ પોતાનાં મધર સાથે કરાચી ગયો હશે; મેં ઘણા દિવસથી ઇન્દુને જોયો નથી; છે તો આનંદમાં ને?" સૉલિસિટરે વચ્ચે બીજો જ વિષય કાઢ્યો.

"ના, તે પોતાની મધર સાથે કરાચી ગયો નથી, પણ અહીં જ છે અને આનંદમાં છે." એ પ્રમાણેનું ઉત્તર આપીને માણેકલાલે મૂળ વિષયપર આવીને કહ્યું કે;-"પણ મારી વાતનો તમે જવાબ ન આપ્યો."

"હું એનોજ વિચાર કરૂં છું; અહીં કેટલાંક એવાં અગત્યનાં કામો છે કે, હાલ તરત મારાથી મુંબઇ છોડી શકાશે કે કેમ, એનો મારાથી નિશ્ચય કરી શકાતો નથી. શું વિલ કરી શકે એવો કોઇ સૉલિસિટર કરાચી જેવા શહેરમાં નહિ હોય? અહીંથી જ સૉલિસિટરને બોલાવવાની અને મોટા ખર્ચમાં ઉતરવાની એટલી બધી શી આવશ્યકતા છે, તે હું સમજી શકતો નથી." મંગળદાસે વાતને ટાળવાનો પ્રયત્ન કરીને કહ્યું.

"મિસ્ટર મંગળદાસ, શારદાએ અર્જન્ટ તાર દીર્ઘ વિચાર વિના તો નહિ જ કર્યો હોય; ત્યાંની સ્થિતિ જરા વિલક્ષણ છે. જે પુરુષ મરણશય્યામાં છે તેને ઔરસ સંતતિ નથી અને તેથી તેના અન્ય સંબંધિજનોદ્વારા કાંઇ કાવત્રું રચાય તેવો ભય તેના હૃદયમાં રહ્યા કરે છે. અર્થાત્ કરાચીમાં કોઇ વિશ્વાસપાત્ર સૉલિસિટર તેના ધ્યાનમાં નહિ આવ્યો હોય તેથી જ તેણે અહીંથી મને સૉલિસિટર સાથે બોલાવવાની વ્યવસ્થા કરી હશે, એવું સાધારણ અનુમાન

કરી શકાય છે. વિસ્તૃત પત્ર આવ્યું નથી એટલે હું વિશેષ નિશ્ચયાત્મક કાંઇ પણ કહી શકતો નથી, પણ એટલું માત્ર કહી શકું છું કે, ત્યાં જવા વિના તો છૂટકો થવાનો નથી જ." માણેકલાલે પોતાથી કરી શકાય તેટલો ખુલાસો કરી સંભળાવ્યો.

"ઑલરાઇટ્—જો એમ જ હોય અને હું કોઇ બીજા સારા સૉલિસિટરને તમારી સાથે મોકલું તો ?" મંગળદાસે બે ત્રણ મિનિટ જેટલો ટાઇમ વિચારમાં વીતાડયા પછી ચશ્માને ઉતારી ટેબલપર રાખતાં એ વાક્ય ઉચ્ચાર્યું.

"આ વિષયમાં બીજો સૉલિસિટર તમારા જેવું કાર્ય કરી શકશે કે નહિ, એ વિશે મારા મનમાં પ્રબળ શંકા રહ્યા કરે છે. મારો આગ્રહ છે કે ગમે તેમ કરીને પણ તમે પોતે જ મારી સાથે આવો." માણેકલાલે વાંધો બતાવીને આગ્રહ કર્યો.

એ ક્ષણે જ ભટ્ટ પાણીના ગ્લાસ અને ચાહના કપ લઇને આવ્યો અને તેથી વાર્ત્તાલાપમાં કાંઇક ખાંચો પડયો. ચાહ પી લીધા પછી માણેકલાલે તરત પાછો એ પ્રશ્ન રજૂ કર્યો કે—"મિસ્ટર મંગળદાસ ! મામલો કટાકટીનો છે; તાર ગઇ કાલનો આવ્યો છે અને તેથી આજે મારે તેનો યોગ્ય જવાબ આપવો જ જોઇએ; કારણ કે, નહિ તો તેમની ચિંતામાં વધારો થશે અને તેઓ નિરાશ થઇ જશે. માટે આનો શો જવાબ આપવો તે કૃપા કરીને જણાવશો?"

"તમારા આટલા બધા આગ્રહનો મારાથી અનાદર પણ કરી શકાતો નથી અને અહીંનો પણ મનમાં બહુ જ વિચાર થયા કરે છે. શો જવાબ આપું ?" એમ કહીને મંગળદાસ વળી પાછો વિચારમાં નિમગ્ન થઇ ગયો.

"જો મારૂં વચન રાખવું હોય, તો જે સાધારણ કામો હોય તે બીજા સૉલિસિટરને સોંપો અને બહુ જ અગત્યના બે ચાર દિવસમાં જે કેસો આવતા હોય તે પોસ્ટપોન કરાવવાની વ્યવસ્થા કરો, એટલે પછી ચિંતાનું કારણ રહેશે નહિ." માણેકલાલે પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

"એમ જ કરવું પડશે; પણ ત્યાંથી આવતાં કેટલાક દિવસ થશે વારૂ?" મંગળદાસે નવીન પ્રશ્ન પૂછ્યો.

"જતાં અને આવતાં પ્રવાસમાં પાંચેક દિવસ જશે અને ચાર પાંચ દિવસ ત્યાં રહેવાના ગણીએ, તોપણ દશ દિવસમાં તો અવશ્ય આપણે પાછા મુંબઇમાં આવી લાગીશું. મારાથી પણ ત્યાં વધારે દિવસ રહેવાય તેમ નથી." માણેકલાલે ઉત્તર આપ્યું.

"ખરી વાત છે; રેસને દિવસે તો પૂનામાં તમારી હાજરી હોવી જ જોઇએ; એટલે કરાચીમાં વધારે દિવસ ન રહેવાય, એ સ્વાભાવિક જ છે." મંગળદાસે મીઠી મશ્કરી કરી અને ત્યાર પછી કહ્યું કે;—"ત્યારે આપણે અહીંથી ક્યારે સ્ટાર્ટ થઇશું?"

"જો તમારી તૈયારી હોય તો આજ રાતના ગુજરાત મેલમાં જ ઉપડીએ; વિલંબ કરવાનું કાંઇ પણ કારણ નથી. મને તૈયારી કરતાં વાર લાગવાની નથી." માણેકલાલે ઉત્તર આપ્યું.

"મારે અહીંની વ્યવસ્થાનું કાર્ય બીજા સૉલિસિટરને સોંપતાં એક દિવસનો ભોગ તો આપવો જ પડશે; એટલે આપણે આવતી કાલે રાતે ગુજરાત મેલમાં સ્ટાર્ટ થઇશું. માટે તમે પણ નીરાંતે જે તૈયારી કરવાની હોય તે કરજો; અત્યંત ઉતાવળ કરવાની આવશ્યક્તા નથી." સૉલિસિટરે છેવટે કરાચી જવાના વિષયમાં પોતાનું સંપૂર્ણ અનુમોદન આપી દીધું.

"વારુ–ત્યારે અત્યારે જ શારદાને આ વિષેનો હું તાર કરી દઉં છું અને ફર્સ્ટ ક્લાસનો એક કમ્પાર્ટમેન્ટ રીજર્વ્ડ કરાવી રાખું છું; કારણકે, મારી સાથે મારો ઈન્દુ અને એક સર્વન્ટ પણ આવશે; તેમ જ કદાચિત્ એક બીજી લેડી પણ આવે એવો સંભવ છે, પણ તે વિશેનો અદ્યાપિ નિશ્ચય નથી. તમે પોતાના સર્વન્ટને સાથે લેવાના છો કે કેમ ?" માણેકલાલે જે અન્ય લેડીની વાત કહી તે અન્ય લેડી ગુલાબ જ હતી; અર્થાત્ જો તે સાથે આવે તો અચાનક તેને જોઇને ચાલાક સૉલિસિટરના મનમાં શંકાનો સંચાર ન થાય એટલા- માટે તેણે પાણી પહેલાં પાળ બાંધી લેવાનો જ આ પ્રયત્ન કર્યો હતો.

"મિસ્ટર માણેકલાલ ! ફર્સ્ટ ક્લાસ કમ્પાર્ટમેન્ટ રીજર્વ્ડ કરા- વીને વિના કારણ પૈસાની હોળી કરવાની કશી પણ અગત્ય નથી. હું તમે અને ઈન્દુ; તેમ જ જો તમે કહો છો તે લેડી આવવાનાં હોય તો તે મળી ચાર જણ સેકન્ડ ક્લાસમાં આનંદથી પ્રવાસ કરી શકીશું અને આપણા બે સર્વન્ટ્સ થર્ડ ક્લાસમાં અથવા સર્વન્ટ્સ કમ્પાર્ટમેન્ટમાં બેસી શકશે. મારા અભિપ્રાય પ્રમાણે તો સેકન્ડ ક્લાસ કમ્પાર્ટમેન્ટ પણ રીજર્વ્ડ કરાવવાની અગત્ય નથી. જો આ- પણે ચાર જણ હોઇશું, તો રાતની વેળાયે આપણા કમ્પાર્ટમેન્ટમાં બીજા કોઇથી આવી શકાશે નહિ. તો પછી અકારણ વધારે પૈસા શામાટે ભરવા ?" મંગળદાસે પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

"જો તમારી એવી જ ઇચ્છા છે, તો ભલે આપણે સેકન્ડ ક્લાસમાં પ્રવાસ કરીશું, પણ કમ્પાર્ટમેન્ટ રીજર્વ્ડ તો કરાવીશું જ; કારણ કે, માર્ગમાં આખા બે દિવસ અને બે રાત જેટલો સમય વીતાડવાનો હોવાથી દિવસની વેળાયે બીજા પ્રવાસીઓ આવીને કંટાળો આપે એ સારું નહિ." માણેકલાલે કહ્યું.

"વેરી વેલ–એમ યોગ્ય જણાય તો એમ કરજો. હું આવતી કાલે રાતે તમને કુલાબા સ્ટેશનપર ગુજરાત મેલના ટાઇમે આવી મળીશ; તમારે મને બોલાવવામાટે અહીં આવવાનો ખાસ પરિશ્રમ લેવાની આવશ્યકતા નથી." મંગળદાસે કહ્યું.

"બહુ સારૂં; પણ તમે તમારાં કપડાં અને બેડિંગથી વિશેષ બીજું કાંઇ પણ સાથે લેવાની ખટપટ કરશો નહિ; કારણ કે, પ્રવાસમાં જોઇતી અન્ય સર્વ વસ્તુઓ હું સાથે લઇશ." એમ કહીને માણેકલાલે તારનો ફૅાર્મ મંગાવી ત્યાંજ શારદાપરનો તાર લખી નાખ્યો, અને મંગળદાસના પ્યૂનદ્વારાજ તે તાર તારઑફિસમાં મોકલી દીધો. તારમાં એટલા શબ્દો લખ્યા હતા કે;–"starting tomorrow with Indu and solicitor Mangaldas. અર્થાત્ 'હું આવતી કાલે ઇન્દુ તથા સૉલિસિટર મંગળદાસ સાથે અહીંથી નીકળીશ." આ પ્રમાણે એ કાર્યની સમાપ્તિ થતાં માણેકલાલ જવામાટે ઉઠયો, મંગળદાસ તેને વળાવવામાટે દાદરા સુધી આવ્યો અને ત્યાં શેકહૅન્ડ–હસ્ત ધૂનન–કરીને બન્ને મિત્રો એક બીજાથી છૂટા પડયા. મંગળદાસ પાછો પોતાના રૂમમાં ચાલ્યો ગયો અને માણેકલાલ પોતાની ગાડીમાં આવી પહોંચ્યો.

* * * * *

માણેકલાલના ગયા પછી તરતજ સૉલિસિટર મંગળદાસે પોતાના મૅનેજિંગ કલાર્કને બોલાવીને આવતી કાલે અગત્યના એક કામમાટે પોતાના કરાચી જવાના વિષયનો સ્ફોટ કરીને પોતાની દશથી પંદર દિવસની ગેરહાજરીમાં તેણે જે વ્યવસ્થા રાખવી જોઇએ તે યોગ્યતાથી રાખવાની સૂચના આપી દીધી અને પોતાના મિત્ર એક

પારસી સૉલિસિટરને બોલાવવામાટે એક ચિઠ્ઠી આપીને પ્યૂનને મોકલી દીધો. એ પારસી સૉલિસિટર પણ મંગળદાસની સાથે જ સૉલિસિટરની પરીક્ષામાં પાસ થયો હતો, પણ તેની પ્રૅક્ટિસ મંગળદાસ કરતાં બહુજ ઓછી હોવાથી અને તેનો સ્વભાવ બહુજ સરળ તથા શર્મીળ હોવાથી મંગળદાસ વારંવાર પોતાને ત્યાં આવતા કેટલાક ક્લાયંટોને તેની પાસે મોકલીને તેને પોતાથી બનતી સહાયતા આપ્યા કરતો હતો; કારણ કે, મંગળદાસને ત્યાં એટલા બધા ગ્રાહકો આવતા હતા કે, તે સર્વનું કામ તેનાથી કરી શકાય તેમ હતું જ નહિ; તો પછી બીજાને જે લાભ થાય તે પોતાના એક સારા મિત્રનેજ શામાટે ન અપાવવો એવોજ તેનો ઉદ્દેશ હતો. એ પારસી સૉલિસિટરનું નામ જહાંગીર પીયર્સન્ હતું અને સૉલિસિટર હોવા સાથે તે સાહિત્યનો પણ સારો જ્ઞાતા અને વિલાસી હતો. તેણે એક બે નાટકો પણ લખ્યાં હતાં, પણ તેનામાં ન્યૂનતા એટલીજ હતી કે, તે શુદ્ધ ગુજરાતી ભાષા લખી શકતો નહોતો.

મંગળદાસની ચિઠ્ઠી મળતાં જ જહાંગીર તત્કાળ મંગળદાસની ઑફિસમાં આવી પહોંચ્યો, કારણ કે, તેની ઑફિસ પણ હમમસ્ટ્રીટમાં હોવાથી વધારે ચાલવું પડે તેમ નહોતું તેમજ ગાડીની પણ આવશ્યકતા નહોતી. મંગળદાસે તેને બોલાવવાનું કારણ જણાવીને જે કેસ સોંપવાના હતા તે દસ્તાવેજ સાથે સોંપી દીધા અને પોતાની ગેરહાજરીમાં દરરોજ પોતાની ઑફિસમાં એક બે વાર આવી જવાની ભલામણ સાથે અમુક કેસો પોસ્ટપોન કરાવવાની પણ સૂચના આપી દીધી. જહાંગીરે તેના એ કાર્યનો આનંદથી સ્વીકાર કરી લીધો અને તેથી મંગળદાસના શિરપરનો કેટલોક ભાગ તો આજેજ ઓછો થઇ ગયો, એટલે અગત્યના બે ત્રણ કેસ તૈયાર

કરવાના હતા, તેના કાગળો તેણે ઘેર મોકલી દીધા. કારણ કે, રાતે અને બીજા દિવસની સાંઝ સુધીમાં એ કેસ તૈયાર કર્યા વિના તેનો છૂટકો જ નહોતો. કેટલાકોની એવી કલ્પના હોય છે કે, વકીલ, બૅરિસ્ટર અને સૉલિસિટરો તો કુરસીપર નીરાંતે બેઠા બેઠાજ હજારો રૂપિયા કમાય છે; પણ ખરેખર તેમની એ કલ્પના ભૂલભરેલી છે; કારણ કે, જે કલાયંટના પૈસા હલાલ કરીને ખાનાર સૉલિસિટર હોય છે, તેવા સત્યશીલ સૉલિસિટરનાં મસ્તિષ્કને એ ધંધામાં એટલો બધો પરિશ્રમ વેઠવો પડે છે કે તેના યોગે ઘણીકવાર તેમના આયુષ્યનો અવધિ પણ ટૂંકો થઇ જાય છે. શારીરિક પરિશ્રમ કરતાં માનસિક પરિશ્રમ કિંવા અમુક પ્રકારની ચિન્તા અને સતત મનનશીલતાનું શરીરમાં એવું તો અનિષ્ટ પરિણામ થાય છે કે, એ વ્યવસાયમાં પડેલા પુરુષોનું આરોગ્ય ભાગ્યેજ દૃઢ અને સંતોષકારક જોવામાં આવે છે. ઉત્તમ લેખકો અને કવિજનોની પણ એજ અવસ્થા હોય છે; પરંતુ શારીરિક આરોગ્યમાટે તેઓ પોતાના માનસિક આનંદને આપનારા વ્યવસાયને ત્યાગતા નથી અને આનંદ વિનાના શુષ્ક જીવનને મરણ કરતાં પણ અધમ માને છે, એ તેમની એક પ્રકારની આત્મશ્રદ્ધા જ કહી શકાય અને તેના યોગેજ તેઓ અનારોગ્ય છતાં પોતાના જીવનને ટકાવી શકે છે. જો તેમનામાં આવી અચલ આત્મશ્રદ્ધાનો અભાવ હોત, તો આજે વિશ્વને જે અગાધ સાહિત્યનો લાભ મળી શકયો છે, તે કદાપિ મળી શકત નહિ. અસ્તુઃ જહાંગીરના ગયા પછી મંગળદાસ પણ બહુ કાર્યથી કંટાળી ગએલો હોવાથી ઘેર મોકલવાના કાગળો પ્યૂનને આપીને પોતે કેનેડીસીફેસ તરફ ફરવાને ચાલ્યો ગયો.

* * * * *

માણેકલાલે પોતાના ગાડીવાળાને બૅક્‌બેપર થઇને ગાડીને ભૂલેશ્વર–લાલ બાવાની હવેલી પાસે લઇ જવાનો હુકમ આપી દીધો. તે ગાડીમાં બેઠો અને ગાડી ચાલવા લાગી. ગુલાબે માણેકલાલને જે સર્વથી પ્રથમ પ્રશ્ન કર્યો તે એ હતો કે;—“ સૉલિસિટર સાહેબે આવવાની અનુમતિ આપી કે કેમ ! ”

“ હા, અનુમતિ આપી છે અને તેઓ અવશ્ય મારી સાથે કરાચી આવશે. ” માણેકલાલે ઉત્તર આપ્યું.

“ હું ધારૂં છું કે, કદાચિત્ તેઓ કરાચી આવશે, તો પણ બેચાર દિવસ તો અવશ્ય અહીં કાઢી નાખશે, કેમ ખરૂં કે નહિ ! ” ગુલાબે હૃદ-યના જૂદાજ આશયથી પૂછ્યું.

“ જી નહિ; તમારી એ ધારણા યથાર્થ નથી. આવતી કાલેજ તેઓ આવવાના છે અને ‘અમે આવતી કાલે કરાચી આવવામાટે અહીંથી રવાના થઇશું,’ એવા આશયનો શારદાને મેં તાર પણ કરી દીધો છે. ” માણેકલાલે ગુલાબના હૃદયમાં ભયંકર આઘાત કરનારૂં ઉત્તર સંભળાવ્યું.

“ આવતી કાલે ? મેલ કેટલા વાગે ઉપડે છે ? ” ગુલાબે પૂછ્યું.

“ રાતે નવ ને પાંત્રીસ મિનિટે કુલાબા ટર્મીનસથી ગુજરાત મેલ ઉપડે છે અને સવારમાં લગભગ આઠ વાગે અમદાવાદ પહોંચે છે. ” માણેકલાલે સવાલ જેટલોજ જવાબ આપ્યો.

ગુલાબે રાજાબાઇ ટાવરમાં જોયું તો બરાબર પાંચ વાગ્યા હતા; કારણ કે, ગાડી ઍંડરસ્ટૅંડ પાસે થોડીવારને માટે ઉભી રાખ-વામાં આવી હતી અને ત્યાંથી રાજાબાઇ ટાવરનું ઘડિયાળ સ્પષ્ટ જોવામાં આવતું હતું. ટાઇમ જોઇને તે બોલી કે,–“ અત્યારથી

આપણો સમાગમ માત્ર સાડા અઠ્ઠાવીસ કલાકનો જ છે, એમજ આપણે જાણવાનું છે; કારણ કે, હું તમારી સાથે કરાચી આવીશ કે નહિ, એનો અદ્યાપિ કશો નિશ્ચય કરવામાં આવ્યો નથી.” એમ કહીને તેણે નિઃશ્વાસ નાખી નીચેના એક પુરાતન કવિના દોહરાનો ઉચ્ચાર કર્યો;—

“ જો મયઁ અયસા જાનતી, પ્રીત કિયે દુખ હોય;
નગર ઢંઢેરા ફેરતી, પ્રીત ન કીજે કોય ? ”

તેના આ ઉદ્ગારને સાંભળી માણેકલાલના હૃદયમાં પણ ગુલાબના વિયોગની કલ્પના કંટક સમાન ખૂંચવા લાગી; પરંતુ શારદાની આજ્ઞાને માન આપ્યાવિના છૂટકો થાય એમ ન હોવાથી તેણે પોતાના એ દુઃખને હૃદયમાંજ શમાવી દીધું અને કરાચી જવાના પોતાના નિશ્ચયને જરા પણ ચળવા દીધો નહિ. એ પછી ગાડી ભૂલેશ્વરના લત્તામાં આવી પહોંચી ત્યાં સુધી બન્નેએ મૌનવ્રતનો સ્વીકાર કરી લીધો. માણેકલાલ હમેશા ચૂડાવાળાની દુકાનપરથીજ શારદામાટે સાલ્લા અને સૂતરાઉ કાપડ વગેરે ખરીદતો હોવાથી ગાડીવાળાએ તેની દુકાન આગળજ ગાડીને લાવીને ઊભી રાખી. માણેકલાલના કહેવાથી દુકાનદાર જૂદી જૂદી જાતના કેટલાક સાલ્લા બતાવવામાટે ગાડીમાંજ લાવ્યો અને તેમાંથી ચાર સાલ્લા પસંદ કરી ગુલાબે રાખી તેની કીમતના રૂપિયા આપવા માંડયા, પણ માણેકલાલે દુકાનદારને તે સાલ્લાના રૂપિયા પોતાના ખાતે લખવાનું કહીને કોચમૅનને ઘરભણી ચાલવાની આજ્ઞા આપી દીધી. ઘેર આવ્યા પછી માણેકલાલે પોતાના અનુચરોને પોતાના પ્રવાસમાટેની તૈયારી કરવાનું કહી દીધું અને જે નોકરને સાથે લઇ જવાનો હતો તેને પણ તૈયાર

થવાનું કહી દીધું. લક્ષ્મણ તો શારદા સાથે ગએલોજ હતો અને મંગળદાસનો નોકર પણ સાથે આવવાનો હતો એટલે વધારે નોકરોને લઇ જવાની અગત્ય નહોતી. એક રાત આડી હતી તેનો ગુલાબ અને માણેકલાલે યોગ્ય લાભ લીધો અને પ્રભાતમાં ચાહ પીધા પછી પ્રવાસમાટેની સર્વ તૈયારી થઇ રહેતાં માણેકલાલ ગાડી જોડાવીને કુલાબા સ્ટેશન પર જઇ સ્ટેશન માસ્તર સાથે મળીને સેકન્ડ કલાસનો કમ્પાર્ટમેન્ટ રિઝર્વ્ડ કરાવી આવ્યો. દિવસને જતાં શી વાર ! સૂર્યનો અસ્ત થયો અને ગુલાબે ઇન્દુને સર્વથી પ્રથમ જમાડી ડ્રેસ પહેરાવીને તૈયાર કરી દીધો. સાડા સાત વાગ્યામાં માણેકલાલ પણ દહિભાત ખાઇને જવામાટે નિવૃત્ત થયો. ગાડી જોડેલી તૈયાર હતી એટલે માણેકલાલ, ગુલાબ, ઇન્દુ અને નોકર ગાડીમાં બેઠાં અને કુલાબા તરફ ચાલતાં થયાં. સામાન આગળથીજ ભાડાની ગાડીમાં એક બીજા નોકર સાથે મોકલી આપવામાં આવ્યો હતો. એઓ પોણા નવ વાગે સ્ટેશનપર આવી પહોંચ્યાં અને નવ ને પાંચ મિનિટે મંગળદાસ પણ પોતાના નોકર સાથે આવી લાગ્યો. મંગળદાસ હાજર હોવાથી ગુલાબથી કાંઇ વિશેષ માર્મિક વાર્ત્તાલાપ કરી શકાયો નહિ, ટ્રેન ઉપડી અને ગુલાબ વિયોગજન્ય અશ્રુ વર્ષાવતી પાછી બંગલામાં આવી; કારણકે, દીર્ઘ વિચાર પછી કરાચી જવાનો વિચાર તેણે માંડી વાળ્યો હતો.

એ આખી રાત ગુલાબે જાગરણમાં અને પોતાની માતા સાથેના વાર્ત્તાલાપમાંજ વીતાડી દીધી. નવયૌવનાને પ્રિયતમના વિયોગમાં નિદ્રા ક્યાંથી અને કેમ કરીને આવે વારૂ ?

* * * * *

ગુજરાત મેલે ગ્રાન્ટરોડનું સ્ટેશન છોડયા પછી માણેકલાલે ઇન્દુને ઉપરના બર્થપર એક પાથરણાને સૂવાડી દીધો અને ત્યાર પછી પોતામાટે પણ બિછાનું તૈયાર કરી રાખ્યું. મંગળદાસ પોતાના બેડીંગના બંધોને છોડતો માણેકલાલને પૂછવા લાગ્યો કે;–"મિસ્ટર માણેકલાલ! તમે ગઇ કાલે કોઇ લેડીના આવવાની વાત કહેતા હતા, તે લેડી ન આવ્યાં કે શું?"

"હમણાં સ્ટેશનપર જે કુમારિકા આવ્યાં હતાં તે જ આવવાનાં હતાં, પણ એમના પિતાશ્રી વધારે માંદા થવાથી છેલ્લી ઘડીએ એમણે પોતાનો તે વિચાર માંડી વાળ્યો." માણેકલાલે ઉત્તર આપ્યું.

"એ કુમારિકા કોણ છે અને એની સાથે તમારો પરિચય ક્યાં અને કેવી રીતે થયો?" મંગળદાસે બીજો પ્રશ્ન પૂછ્યો.

એના ઉત્તરમાં માણેકલાલે ગુલાબના પિતાના તેના પોતાના પિતા સાથેના સંબંધનો સમસ્ત વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાભળીને મંગળદાસે પોતાના અભિપ્રાયને વ્યક્ત કરતાં જણાવ્યું કે:– "માણેકલાલભાઇ! આ કુમારિકા તે કોઇ સાધારણ કુમારિકા નથી; પણ મહાવિલક્ષણ કુમારિકા છે. એનાં પ્રફુલ્લ ગાત્રોને જોતાં વિજ્ઞાનશાસ્ત્રની દૃષ્ટિથી વિચાર કરીએ, તો એના સત્ય કૌમારવ્રતની અખંડતા વિષે અવશ્ય શંકા ઉત્પન્ન થાય છે; અને એનાં નેત્રોમાં એક પ્રકારની વિચિત્ર ચપળતા દેખાય છે. એ તમારા ગૃહમાં અત્યારે અતિથિ તરીકે તમારા સતત સહવાસમાં આવતી હોવાથી એના ચારિત્ર્યને તમે કદાચિત્ વિશેષ પ્રમાણમાં જાણતા હશો, તો પણ મારો તમને એક મિત્ર તરીકે એ જ ઉપદેશ છે કે, એનાથી ચેતતા રહેજો અને પોતાને બચાવીને ચાલજો. નહિ તો કોઇવાર પ્રતિષ્ઠામાં

કલંક લાગી જવાનો સમય આવી લાગશે અને મહા પશ્ચાત્તાપ થશે. પછી તો જેવો તમારો વિચાર.”

મંગળદાસના આ અભિપ્રાયને સાંભળી માણેકલાલ પોતાના મનમાં તો એવો ઝંખવાણો પડી ગયો કે વાઢો તો લોહીનો એક છાંટો પણ ન નીકળે; છતાં પોતાની અજ્ઞાનતા અને નિર્દોષતાને બતાવવામાટે તે કાંઇક દબાતા સ્વરથી બોલ્યો કે;–“ હશે જે કરશે તે ભરશે, એનું આપણે શું? આપણો કયાં એની સાથે જન્મારાનો સંબંધ છે કે ચિંતા કરવી પડે! અતિથિ છે એટલે મહિના પંદર દિવસમાં ચાલ્યાં જશે; એટલામાટે આપણે કોઇ જોડે શામાટે બગાડવું ? ”

મંગળદાસે વિશેષ ચર્ચા ચલાવવાનું અયોગ્ય ધારીને મૌનને સ્વીકારી લીધું અને ત્યાર પછી થોડી વારમાંજ તે નિદ્રાધીન થઇ ગયો. માણેકલાલ પડયો પડયો મનમાં વિચાર કરવા લાગ્યો કે;– “આજ સુધી મંગળદાસને હું બહુજ સરળ અને ભોળા સ્વભાવનો ધારતો હતો, પણ આ તો મહાચપળ અને ચાણકય બુદ્ધિનો પુરુષ જણાય છે! જેની સાથે એક ક્ષણ માત્રનો પણ પરિચય ન હોય તેવી એક સર્વથા અજ્ઞાત અબળાના આચરણને એક વેળાના નિરીક્ષણથી જાણી લેવું, એ કાંઇ જેવી તેવી દક્ષતા તો નજ કહેવાય. પણ હા ધારાશાસ્ત્રીઓનો નિરંતર ન્યાયમંદિરસાથે સંબંધ હોવાથી ત્યાં ભિન્ન ભિન્ન સ્વભાવ અને ભિન્ન ભિન્ન વિશિષ્ટ ચિહ્નોવાળી અનેક વ્યકિતઓ એમના જોવામાં આવ્યા કરે છે અને તેમનાં ચારિત્ર્યો પણ એમના જાણવામાં આવ્યા કરે છે, એટલે નિત્યના અભ્યાસથી જો ધારાશાસ્ત્રીઓને માનવીના બાહ્ય દર્શનથી તેના

આંતરિક સ્વભાવને જાણી લેવાની વિદ્યા પ્રાપ્ત થાય તો તેમાં અત્યંત આશ્ચર્ય પામવા જેવું કાંઇ પણ નથી. પરંતુ મંગળદાસના આજના અભિપ્રાયથી એટલું શિક્ષણ તો અવશ્ય લેવું જ જોઇએ કે, શારદાસાથે કરાચીથી પાછા આવ્યા પછી ; ગુલાબને વધારે દિવસ મારે ત્યાં રહેવા ન જ દેવી; નહિ તો સ્ત્રીની ચેષ્ટા સ્ત્રીના જાણવામાં તરત આવી જાય છે, એ નિયમ પ્રમાણે શારદાના મનમાં જો જરાપણ સંશયનો સંચાર થશે, તો મારૂં સર્વ સંસારસુખ ધૂળમાં મળી જશે. ગુલાબે કરાચી આવવાનો વિચાર માંડી વાળ્યો, એ પણ મારાં સદ્ભાગ્ય–ઇશ્વરેજ આ મહા કૃપા કરી. હવે તો વિચારીને જ ડગલાં ભરવાં પડશે !" આવા પ્રકારના મનોવિચારમાં કેટલીક વાર સુધી નિમગ્ન રહ્યા પછી દિવસે વિશ્રામ લીધેલો ન હોવાથી માણેકલાલ પણ મંગળદાસ પ્રમાણે નિદ્રાધીન થઇ ગયો. અમદાવાદથી શારદાને તેણે બીજો તાર કર્યો કે;–"અમે આવતી કાલે સાંઝે કરાચી પહોંચીશું." તેમના કરાચી સુધીના પ્રવાસમાં બીજો કાંઇ જાણવાજોગ બનાવ બન્યો નહિ અને તેઓ નિર્વિઘ્ન કરાચીના સિટીસ્ટેશનપર આવી ઊતર્યા.

પ્રકરણ ૧૩ મું.

ભયંકર પ્રપંચજાળ

દશમ પ્રકરણમાં વર્ણવેલી ઘટના પછીની નિશા વીતી અને અન્ય દિવસના નૂતન સૂર્યનો આકાશમાં ઉદય થયો. પ્રાણલાલે સમસ્ત નિશા મહાભયંકર અવસ્થામાં વીતાડેલી હોવાથી રતનબાઇ,

કપિંજલા, અને શારદા આદિ સર્વને અખંડ જાગરણ કરવું પડયું હતું અને તેથી બિચારા લક્ષ્મણને પણ બે ઘડી આંખ મીચવાનો અવસર મળી શકયો નહોતો. માણેકલાલે મુંબઇથી તો અર્જંટ તાર કર્યો હતો, પણ માર્ગમાં તારના દોરડામાં કયાંક ભંગાણ પડેલું હોવાથી જે તાર તેને ગઇ કાલે રાતે જ મળવો જોઇએ તે અત્યાર સુધી મળ્યો ન હોતો અને પ્રાણલાલની અવસ્થા ક્ષણે ક્ષણે વિશેષ અને વિશેષ ભયાનક થતી જતી હતી. તેમજ આજે દામોદર પોતાના પ્રપંચને સિદ્ધ કરવામાટે આવવાનો હતો, એ સર્વ કારણોથી શારદાના હૃદયમાં ચિંતાભારનો અવધિ થયો હતો. આવી પરિસ્થિતિ હોવા છતાં પણ સુજ્ઞ શારદાએ પોતાના ધૈર્યનો ત્યાગ ન કર્યો અને લક્ષ્મણને બોલાવીને કહ્યું કે;–"ભાઇ! અખંડ ઉજાગરાથી શરીરમાં આજે અતિશય મંદતા આવી ગઇ છે અને દિવસે પણ બે ઘડી આરામ મળવાનો સંભવ નથી; એટલામાટે કપિંજલાને જરા સ્ટ્રૉંગ ચાહ બનાવવાનું કહે અને તું રાતે મેં જણાવ્યું છે તે પ્રમાણે કોઇ પણ બહારના માણસને પ્રાણલાલ પાસે ન જવા દેવાની અને નીચેના મોટા ઓરડામાં બેસાડવાની વ્યવસ્થા રાખ. ભાઇ! તને પણ અહીં આરામ મળતો નથી એથી મને બહુ લાગી આવે છે; પણ આ પરોપકારનું કાર્ય હોવાથી ઇશ્વર તને આ પરિશ્રમનો યોગ્ય બદલો આપશે."

"મારાં માતા તુલ્ય કૃપાળુ શેઠાણી! તમે આ શું બોલો છો? તમે પોતે આટલો શ્રમ વેઠો છો, તો પછી મારે તો શ્રમ વેઠવો જ જોઇએ. નોકરની નિમકહલાલીની ખરી પરીક્ષા તો આવા સમયમાં જ થાય છે. ઇશ્વર આ લોકોનું કલ્યાણ કરે, તો આપણે જીવતાં હોવાથી આપણને આરામ અને વિશ્રામનો ઘણોય સમય

મળી શકશે. આવા પ્રસંગો કાંઇ રોજ આવતા નથી. મારો તમને એજ ઉપદેશ છે કે, તમે પોતાની પ્રકૃતિને સંભાળો; અને મારી જરાપણ ચિંતા ન રાખો. તમે જરા આરામથી બેસો એટલે હું કપિંજલા બહેનને ચાહ કરવાનું કહી આવું છું."

એમ કહીને લક્ષ્મણ ઘરના અંદરના ભાગમાં ચાલ્યો ગયો; પરંતુ હજી તો તે કપિંજલા પાસે પહોંચ્યો પણ નહિ હોય, એટલામાં તો તારઑફિસનો પ્યૂન શારદાના નામનો તાર લઇને આવી પહોંચ્યો. તારઑફિસના પ્યૂનને જોતાંજ શારદાના શરીરમાં નવીન જીવન આવ્યું હોય ની, તેવોજ તેને ભાસ થવા લાગ્યો. સિગ્નેચર ફૉર્મમા પોતાની સહી કરી આપીને શારદાએ તાર ફોડીને વાંચ્યો અને તેમાંના "starting tomorrow with Indu and solicitor Mangaldas."એ શબ્દો જાણે પોતા સમક્ષ ઉભેલો માણેકલાલ પોતેજ બોલતો હોયની! એવા ભ્રમમાં તે પડી ગઈ. તે પોતાના મનમાં સમયની ગણુના કરતી કહેવા લાગી કે;—"આજે રાતે મુંબઇથી તેઓ નીકળશે, કાલે સવારમાં અમદાવાદ પહોંચશે, કાલે સાંઝે મારવાડ જંક્શન આવશે, પરમ દિવસ બપોરે હયદરાબાદ અને પરમ દિવસે સાંઝે અહીં આવી લાગશે. માત્ર બે રાત અને બે દિવસનો અવધિ છે, એટલે જો આજથી ત્રણ દિવસનો કાળ પણ પ્રાણલાલ કાઢી શકે, તો પાપીઓના સર્વ પ્રપંચ ધૂળમાં મળી જાય. અસ્તુ; ઇશ્વર સહાયક છે તો સર્વ સારૂંજ થશે ... ." તે આવા પ્રકારની વિચારનિદ્રામાં નિમગ્ન હતી એટલામાં કપિંજલા ચાહનો કપ અને બિસ્કિટ લઇને આવી અને બોલી કે;—"શારદા! લે આ ચાહ પી લે અને જરા હુશિયાર થા."

"એમનો તાર આવી ગયો છે; આજે તેઓ સૉલિસિટર તથા ઇન્દુ સાથે મુંબઇથી રવાના થશે અને પરમ દિવસે સાંઝે અહીં આવી પહોંચશે. હવે વધારે ચિંતા રાખવાનું કારણ નથી." શારદાએ હર્ષના આવેશમાં ચાહેની વાતને ભૂલી જઇને તરત કપિંજલાને તારની વાત કહી સંભળાવી,

"શારદા ! હું ધારૂં છું કે, તારા હાથમાં યશરેખા હોવાથી અવશ્ય ઇશ્વર તને યશ આપશેજ અને અમારા કુટુંબની થનારી દુર્દશાનું નિવારણ થઇ જશે. આ ચાહે ઠંડી થઇ જાય છે, માટે પી લે: કારણ કે, તને આખી રાતનો અખંડ ઉજાગરો છે." કપિંજલાએ વિવેકથી ઉત્તર આપ્યું.

"ઉજાગરો તો તને પણ આખી રાતનો છે એટલે તું પણ જા અને જરા ખાઇને ચાહે પી લે; મારા કરતાં પણ મને તારામાટે બહુજ વધારે લાગી આવે છે. હશે, જેવી પરમાત્માની ઇચ્છા. શોકકારિણી ઘટનાના વિશેષ વિવેચનથી હૃદયમાં શોકનો અધિક આઘાત થાય છે; માટે હાલ તરત એ વાત કરવાની અગત્ય નથી." એમ કહીને શારદાએ ચાહેનો કપ હાથમાં લીધો અને કપિંજલા પણ ત્યાંથી ચાલી ગઇ.

ચાહે પીધા પછી અચાનક મનમાં કાંઇ વિચાર આવતાં શારદાએ લક્ષ્મણને બોલાવી રતનબાઇને બોલાવવાનું જણાવ્યું. રતનબાઇ આવી એટલે શારદાએ કહ્યું કે,—"માજી ! કરાચીમાં કોઇ સારો વિદ્વાન્ બ્રાહ્મણ કિંવા પંડિત છે ખરો કે? જો હોય, તો તેને બોલાવી દત્તકવિધાનની તૈયારી અત્યારથી જ કરી રાખો; કારણ કે, મારો ઇન્દુ અને તેના પિતા પરમ દિવસે સાંઝે આવશે

અને જો પ્રાણલાલભાઇની સ્થિતિ સારી નહિ હોય, તો તત્કાળ કાંઇ પણ કરી શકાશે નહિ. જો કોઇ પંડિત આપણા પક્ષનો અને છેવટની ઘડી સુધી આ ભેદને બહાર ન પાડે એવો હોય તો વધારે સારૂં. હું કરાચીથી અજાણી હોવાથી આ કાર્ય બહુજ દક્ષતાથી તમારે પોતે જ કરી નાખવાનું છે.”

“અહીં સિંધની સારસ્વત જાતિના એક બ્રાહ્મણ બહુજ વિદ્વાન્ છે અને પંડિત તરીકે તેમનું નામ કાશી પર્યન્ત પ્રસિદ્ધ છે; એટલુંજ નહિ, પણ તેમના ઘર સાથે પ્રાણલાલના પિતાના સમયથી અમારા ઘરનો ઘણોજ સારો સંબંધ હોવાથી અત્યારે જ હું તેમની પાસે જાઉં છું અને આ વિષેની બનતાં સુધી સર્વ વ્યવસ્થા કરી આવું છું. માત્ર પ્રાણલાલની તમે અને કપિંજલા સંભાળ રાખજો.” એ પ્રમાણે કહીને રતનબાઇ સાલ્લો બદલીને પંડિતને ત્યાં જવાને ચાલતી થઇ ગઇ.

રતનબાઇના ગમનને લગભગ અડધો કલાક થયો હશે. શારદા આખી રાતનો ઉજાગરો હોવાથી ઇજીચેરમાં પડી હતી અને તેની આંખ પાંચેક મિનિટથી લાગી ગઇ હતી, એટલામાં તો લક્ષ્મણ આવ્યો અને શારદાને જગાડીને કહેવા લાગ્યો કે;–“શેઠાણી! પ્રાણલાલભાઇના કાકાના દીકરા દામોદરભાઈ બીજા બે ત્રણ માણસો સાથે આવ્યા છે અને ઉપર પ્રાણલાલભાઇ પાસે જવા માગે છે. મેં તેમને નીચેના ઓરડામાં બેસાડ્યા છે, માટે ચાલો અને તેમને સમજાવો.”

“લક્ષ્મણ! હું તેમને સમજાવું છું; તું કાલે પેલા ભટને બોલાવ્યો છે તેને કહીને ચાહ વગેરે તૈયાર કરવાનું કહી દે. પણ

એટલું ધ્યાનમાં રાખજે કે જો તેઓ સીધી રીતે ચાલ્યા જાય તો ઠીક છે; અને બળાત્કારે ઉપર જવાનો પ્રયત્ન કરે, તો આપણે જે યોજના કરી રાખી છે તેને અમલમાં મૂકતાં જરા પણ અચકાતો નહિ. ”

“ મારી જનેતા ! એ વિશે તમારે જરા પણ ખટકો રાખવો નહિ. આ લક્ષ્મણનું શરીર તમારી સેવામાટે જ સૃજાયલું છે. તમે બેધડક તેમની પાસે જાઓ. ” લક્ષ્મણે આશ્વાસન આપીને ધૈર્ય બંધાવ્યું.

શારદા જે વેળાયે બેઠકના ઓરડામાં આવી તે વેળાએ ત્યાં દામોદર, ન્હાનાલાલ ગોસ્વામી અને સૉલિસિટર ડિસોજા એવી રીતે ત્રણ પુરુષો બેઠેલા હતા. શારદા દામોદર વિના બીજા કોઇને ઓળખતી નહોતી એટલે સર્વને સભ્યતાથી પ્રણામ કરીને શારદાએ દામોદરને ઉદ્દેશીને કહ્યું કે;–“ આવો દામોદરભાઇ ! છો તો આનંદમાં ? આજે કાંઇ અહીં આવવાનો પરિશ્રમ લેવો પડયો ? હમણાં તો ઘણા દિવસથી દેખાયા નહોતા. ”

“ પ્રાણુલાલભાઇની પ્રકૃતિ અસ્વસ્થ હોવા છતાં નથી આવી શકાતું તેનું કારણ એ કે, આજકાલ મારી પ્રકૃતિ પણ કાંઇક અસ્વસ્થ રહ્યા કરે છે. નહિ તો સગો કાકાનો દીકરો આવો માંદો હોય અને હું આવ્યા વિના રહું ખરો ? ગઇ કાલે મેં એમ સાંભળ્યું કે, પ્રાણુલાલભાઇની સ્થિતિ એવી ખરાબ છે કે તેઓ ઘડીપળપર આવી રહ્યા છે અને તેથી પ્રકૃતિ અતિ મંદ હોવા છતાં પણ મારે તેમને જોવામાટે આજે આવવું જ પડયું. ” દામોદરે અત્યંત સભ્યતાથી ઉત્તર આપ્યું.

"અને આ બે સદ્દગૃહસ્થો કોણ છે વારૂ?" શારદાએ પૂછ્યું.

"આ ક્રિશ્ચિયન્ સદ્દગૃહસ્થ અહીંના એક જાણીતા સૉલિસિટર છે અને આ મહાશય ન્હાનાલાલ ગોસ્વામી મારા એક મિત્ર અને અહીંના બીજા એક સૉલિસિટરના મૅનેજીંગ ક્લાર્ક છે. એઓ પણ પ્રાણલાલભાઇના મિત્ર હોવાથી મારી સાથે તેમને જોવા તથા મળવામાટે આવ્યા છે." દામોદરે ઉત્તર આપ્યું.

"બહુ સારૂં; ભલે આવ્યા; આજે આપ સર્વના પધારવાથી પ્રાણલાલભાઇનું ઘર પવિત્ર થયું." શારદાએ ઔપચારિક ઉપકાર માન્યો.

"પણ બાઈ! મારાં કાકી કેમ દેખાતાં નથી?" દામોદરે પૂછ્યું.

"તેઓ હમણાં જ કયાંક બહાર ગયાં છે; તેઓ ગયાં અને તમો પધાર્યા; માત્ર બે પગલાંનોજ ફેર પડયો. હવે તો તેઓ બે કલાક પછી આવશે. મારાં કપિંજલા બહેન ઉપર પોતાના પતિની સારવારમાં રોકાયલાં છે અને તેથી આવ્યા ગયાના સત્કારનું કાર્ય મારેજ કરવું પડે છે." શારદાએ એક સાથે ત્રણ ઉત્તર આપી દીધા.

"ચિંતા નહિ; અમે પ્રાણલાલભાઇને જોવામાટે આવ્યા છીએ એટલે હવે ઉપર જઇશું; અહીં વાતોમાં વધારે વખત વીતાડવાનું કારણ નથી; કારણ કે, વાતો કરવામાટે અમે આવ્યા નથી. તમે અમારો જે સત્કાર કર્યો છે તેમાટે અમે તમારો આભાર માનીએ છીએ." દામોદરે એ પ્રમાણે કહીને પોતાના બે મિત્રોને ઊઠવાનો સંકેત કર્યો.

"પાંચ મિનિટ બેસો; કારણ કે, ચાહ મૂકાવી છે તે માણસ હમણાંજ લાવશે" શારદાએ તેમને અટકાવવાના આડકતરા ઉપાયની યોજનાનો આરંભ કર્યો. અત્યાર સુધી શારદા એ ઓરડાના દરવાજાને અડકીને ઊભીજ રહી હતી; કારણ કે, એ શયતાનોના મંડળમાં બેસવાને તે રાજી નહોતી. એટલે તેમને આ પ્રમાણે બેસવાનું કહી તેણે લક્ષ્મણને ઉતાવળથી ચાહ લાવવાનું જણાવી દીધું. દામોદરે કહ્યું કે;–"આવા શોકના પ્રસંગે આટલો બધો વિવેક દર્શાવવાની શી આવશ્યકા હતી વારૂ ? આ પરિશ્રમ તમે વિનાકારણ લીધો અને વળી અત્યારે અમે ચાહ નાસ્તો કરીને જ અહીં આવ્યા છીએ." "એ તો પાન ભલાં નહિ, પણ માન જ ભલાં હોય છે; એટલે અતિથિએ માનનો સ્વીકાર તો કરવો જ જોઇએ." શારદાએ શાલીનતાથી કહ્યું. દામોદરથી એનો રદિયો આપી શકાયો નહિ અને સર્વને બેસવુંજ પડયું. એટલામાં ચાહ આવી અને સર્વ ચાહ પીને જેવા ઉઠતા હતા, તેવાજ તેમને અટકાવીને શારદાએ જણાવ્યું કે;–

"મહાશયો ! મારે તમને શોક સાથે જણાવવું પડે છે કે, પ્રાણલાલભાઇને વધારે બોલવા દેવાની અને તેમની પાસે બહારના કોઇ પણ માણસને જવા દેવાની ડૉકટરે સખ્ત મનાઇ કરેલી હોવાથી અત્યારે તમારાથી તેમની પાસે જઇ શકાશે નહિ; કારણ કે, એથી તેમની સ્થિતિ અત્યારે છે તેના કરતાં પણ વિશેષ ભયંકર થવાનો સંભવ છે. તમો તેમના સંબંધી અને શુભેચ્છક હોવાથી તેમનું અકલ્યાણ થાય એમ તો કરોજ નહિ એટલે આથી તમને માઠું લાગશે એવો અમને જરા પણ ભય નથી. તમારા પધાર્યાની વાત અમે પ્રાણલાલભાઇને જણાવીશું અને તમારી તેમના વિશેની

કેટલી લાગણી છે, એ પણ સંભળાવીશું. તમને ઉતાવળ હોય તો ભલે પધારો અને અહીં બેસવું હોય તો આ પર્ણકુટી તમારી જ છે, અને અનુચરો તમારી સેવામાં હાજર છે; જે ઇચ્છા હોય તે આજ્ઞા આપો.”

શારદાના આ વિવેકપૂર્ણ પરંતુ નિરાશાજનક અને પોતાની આશાને ધૂળમાં મેળવી નાખનાર ભાષણનું શ્રવણ કરીને દામોદર તો શારદાના મુખને પળ બે પળ ટગર ટગર જોઇજ રહ્યો અને મુખમાંથી કાંઇ પણ બોલી શકયો નહિ. થોડવાર પછી હૃદયમાં કાંઇક અવસાન લાવીને તે બોલ્યો કે;–“ પણ મહાશયા ! અમે બહારના અને પારકા માણસ નથી, એટલે અમને તેમની પાસે જવાનો અટકાવ ન હોય સમજ્યાં ?”

“ મારા બોલવાનો આશય તમે સમજ્યા જ નહિ. કેવળ પ્રાણલાલનાં માતુશ્રી અને પત્નીને જ તેમની પાસે જવાની ડૉકટરે આજ્ઞા આપી છે; એટલે એ બે અબળાઓ વિના અન્ય સર્વ મનુષ્યોને બહારનાં મનુષ્યો જ સમજવાનાં છે. ડૉકટરની કઠિન આજ્ઞા હોવાથી અમે નિરુપાય છીએ. છતાં બે દિવસ પછી આવજો; અમે ડૉકટરને પૂછી રાખીશું અને જો તેઓ આજ્ઞા આપશે, તો પ્રાણલાલભાઇ સાથે તમારો મેળાપ કરાવી આપીશું. આજે તો તમારાથી કોઇપણ રીતે તેમને મળી શકાય તેમ નથી જ. આવી બાબતમાં મનમાં ઓછું લાવવું, એ સુજ્ઞ પુરુષોનું લક્ષણ નથી.” શારદાએ હવે ચોખ્ખે ચોખ્ખી ના પાડી દીધી.

દામોદર, ન્હાનાલાલ અને ડિસોજા એક બીજાનાં મુખોને જોવા લાગ્યા અને છેવટે ન્હાનાલાલે શારદાને ઉદ્દેશીને કહ્યું કે;–

"શ્રીમતી ! તમે અમને ઉપર જતા અટકાવો છો એ યોગ્ય નથી. અમે કેવળ પ્રાણલાલભાઇને મળવા જ નથી આવ્યા; કિન્તુ તેમની સ્થિતિ ભયંકર હોવાથી તેમણે સંપત્તિની શી વ્યવસ્થા કરવા ધારી છે તે પૂછી લેવાનો અને તેમની ઇચ્છા પ્રમાણેની વ્યવસ્થા કરી આપવાનો અમારો ધર્મ હોવાથી તે ધર્મને બજાવવામાટે જ અમે આવ્યા છીએ. જો કાંઇ પણ વ્યવસ્થા કર્યાં વિના જ તેમનું કાંઇ અશુભ થઇ જશે, તો પાછળ તેમનાં માતુશ્રી અને પત્ની આદિને મહા વિડંબના થઇ પડશે. આ સત્ય કારણને જાણ્યા પછી અમને આશા છે કે, તમે અમને ઉપર પ્રાણલાલભાઇ પાસે જવા દેશોજ."

"લેડી ! આ ખરી વાટ છે; ન્હાનાલાલભાઇના બોલવા વાજબી છે." ડિસોજાએ ભાગી ટૂટી ગુજરાતી ભાષામાં છબરડા જેવું અનુમોદન આપ્યું.

ડિસોજાની આ ભાષાથી શારદાને જરાક હસવું તો આવ્યું, પરંતુ પોતાના તે હાસ્યને મુખમાંજ દાબી રાખીને તે ગંભીરતાથી બોલી કે;—"ગૃહસ્થો ! સંપત્તિની વ્યવસ્થા આદિની પંચાતમાં પડવાનો આ સમય નથી. તમારા અને મારા કરતાં પ્રાણલાલભાઇનાં માતુશ્રી તથા પત્નીના હૃદયમાં આ વિષયની વિશેષ ચિંતા હશે અને હોવી જ જોઇએ; કારણ કે, એથી થતા લાભ કિંવા હાનિ સાથે તેમનો અધિક અંગત સંબંધ રહેલો છે. અર્થાત્ જો એવો જ રંગ દેખાશે તો તમો પોતાના હોવાથી એ વ્યવસ્થામાટે તેઓ બીજા કોઇને તો બોલાવવાનાં છે જ નહિ. તો પછી અત્યારે આ વિષયને કાઢીને પ્રાણલાલના હૃદયમાં અકારણ આઘાત શામાટે કરવો જોઇએ ? છતાં રતનબાઇની અનુમતિ લ્યો અને ત્યાર પછી જે કાંઈ કરવાનું હોય તે કરો. અત્યારે જ કાંઇ પણ થવાનું નથી."

"પણ હું એમ પૂછું છું કે, અમને હા કે ના પાડવાનો તમને અધિકાર જ શો છે ?" દામોદરે જરાક આંખ ફેરવીને પૂછ્યું.

"ડૉકટરની એવી આજ્ઞા છે અને એ અધિકાર મને ગૃહસ્વામિની રતનબાઇએ આપ્યો છે, એટલે તમારે મારી આજ્ઞાને આધીન થવુંજ જોઇએ." શારદાએ પણ તેની આંખને ઓળખીને જરાક કરડાકીથી એ શબ્દો ઉચ્ચાર્યા.

"અમે રતનબાઇ કાકાને ગૃહસ્વામિની ન માનીએ અને તમારી આજ્ઞાને ટોલ્લે મૂકીને જો અત્યારે જ ઉપર ચાલ્યા જઇએ, તો શું અમને તમે હાથ ઝાલીને અટકાવી શકશો ? અપમાન ભોગવવાનો પ્રસંગ આવે તે કરતાં સરળતાથી અમને ઉપર જવા દેવામાં તમારી અધિક શોભા છે." દામોદરે ધૃષ્ટતામાં જરાક આગળ વધવા માંડયું.

"જો તમે રતનબાઇને ગૃહસ્વામિની ન માનતા હો, તો પછી તમને પ્રાણલાલભાઇના સંબંધી માનવાનું અમને પણ કાંઇ કારણ નથી. પ્રસંગ આવશે, તો હાથ ઝાલીને પણ અટકાવી શકાશે. અર્થાત્ અપમાન ભોગવવાનો પ્રસંગ આવે તે કરતાં માનમાં ને માનમાંજ અત્યારે અહીંથી પ્રયાણ કરી જવું એમાં જ તમો સદ્ગૃહસ્થોની અધિક શોભા છે, સમજ્યા ?" શારદાએ પાષાણનું ઉત્તર પાષાણથી જ આપ્યું અને તેમની મુખચર્યાનું સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કરવા માંડયું.

'હા' અને 'ના' નો વૈરભાવ બંધાયો અને વાત રસાકસી અથવા હોંસાતોંસીપર આવી ગઇ. દામોદર અને તેના મિત્રો પોતાની ધારણાને પાર પાડીને જ પાછા ફરવાનો નિશ્ચય કરી આવ્યા

હતા અને શારદાએ તેમની ધારણાને ધૂળમાં મેળવવાનો નિશ્ચય કરી રાખ્યો હતો; એટલે વિવાદ ઉપસ્થિત થાય એ સર્વથા સ્વાભાવિક જ હતું. કૂતરૂં તાણે ગામભણી અને શિયાળ તાણે સીમભણી એવોજ ઘાટ આવીને ઊભો રહ્યો. એક અબળા કહેવાતી સ્ત્રીના હાથે આવું અપમાન થાય એ દુષ્ટ અને તામસી પ્રકૃતિના દામોદરથી સહન કરી શકાયું નહિ અને તેથી તરત પોતાના સત્ય સ્વરૂપને પ્રકટ કરીને તે પોતાના મિત્રોને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે;—

“ મહાશય ન્હાનાલાલ અને મિસ્ટર ડિસોઝા, ચાલો આવો મારી સાથે; આપણને હવે કોણ અટકાવે છે, તે આપણે જોઇશું. આ કોઇના બાપનું ઘર નથી; મારા સગા કાકાના દીકરાનું ઘર છે અને તેથી આ ઘરમાં ગમે ત્યાં જતાં આપણને કોઇ પણ અટકાવી શકે તેમ છેજ નહિ. હું તમારી સાથે હોવાથી તમારે કોઇ પણ પ્રકારનો ભય રાખવાનો નથી. ”

તે સર્વ તત્કાળ ઊઠ્યા અને ત્યાંથી ઉપર જવાનો પ્રયત્ન કરવા લાગ્યા, પણ અચાનક દ્વારમાં એક ડંડો હાથમાં લઇને ઊભેલો લક્ષ્મણ તેમના જોવામાં આવ્યો અને તેણે તેમને દાદર તરફ આવતા જોઇને દૂરથી જ સવાલ કર્યો કે;—“ શેઠિયા, જાઓ છો ક્યાં ? કોઈને પણ ઉપર જવાનો હુકમ નથી. હું તમને ચેતવણી આપું છું; છતાં નહિ માનો, તો પછી મારે આડો ઇલાજ અજમાવવો પડશે અને આ ડંડો ત્રણેની ખોપરીઓને એક સાથે તોડી નાખશે. પછી તો જેવો તમારો વિચાર.”

એ તો એક સર્વમાન્ય અને સર્વસાધારણ નિયમ જ છે કે, જે મનુષ્યો કપટ, પ્રપંચ અને પાતકકર્મમાં અત્યંત કુશળ અને નિ-

જણાત હોય છે, તે મનુષ્યો શૂરવીર કિંવા સ્હામી છાતીએ લડનારા હોતા નથી, એટલે કે, જ્યાં એવો સ્હામી છાતીએ લડવાનો પ્રસંગ આવી લાગે ત્યાં, તેમનું હેચકારાપણું અને કાયરતા તરત દેખાઈ આવે છે. અર્થાત્ જ્યાં લક્ષ્મણનો લાહોરી ડંડો તેમના જોવામાં આવ્યો, એટલે ત્યાં જ તેમનાં ગાત્ર ઢીલાં થઇ ગયાં અને પાણી મરી ગયાં. પોતામાં લડવાની સત્તા ન હોવાથી 'મિયાં ગિર ગયે તો કે ટંગડી ઊંચી હય'ની કહેવતનું અનુસરણ કરીને દામોદર કહેવા લાગ્યો કે;–"મિત્રો ! પોતાના સંબંધીના ગૃહમાં આવીને મારામારી-પર આવી જવું અને મરણશય્યામાં પડેલા બંધુના હૃદયમાં નવીન આઘાત કરવો, એ કૃતિ મને તો યોગ્ય જણાતી નથી. આ નોકર ઉદ્ધત ને મૂર્ખ દેખાય છે, એટલે આવતી કાલે કોર્ટમાં ફરિયાદ દાખલ કરી એને એના સાહસની પૂર્ણ શિક્ષા આપણે અપાવીશું અને આવતી કાલે કોર્ટની પરવાનગી મેળવીને કાયદાસર આપણે પ્રાણ-લાલભાઇને મળીશું. ચાલો ત્યારે હવે આપણે ઘેર જઇએ; કારણ કે, જમવાનો વખત પણ થવા આવ્યો છે અને તમારે તો વળી કોર્ટમાં પણ હાજર થવાનું છે."

અર્થાત્ ચાંડાલ ત્રિમૂર્તિ ત્યાંથી, આવી હતી તેવા જ સ્વરૂપમાં, પ્રયાણ કરી ગઇ; શારદાના બળવાન્ પ્રબંધ સમક્ષ તેમની કશીપણ કળા ચાલી શકી નહિ. તેઓ ત્યાંથી ઘેર જવાને બદલે ગાડીમાં બેસીને સીધા કૉસ્મોપોલીટન્ કલબના મકાનમાં ચાલ્યા ગયા; કારણ કે, ભોજન કરતાં પોતાના શિકારને જાળમાં ફસાવવાના કાર્યની તેમના મનમાં અધિક ચિંતા હતી. સુલોચના અને દેવજી આદિ એ ત્રણ સદ્ગૃહસ્થોને અચાનક અયોગ્ય સમયે આવેલા જોઇને ચકિત

થઇ ગયાં. છતાં તેમનાથી કાંઇ પૂછી શકાય તેમ ન હોવાથી તેમણે તેમને બેસવાનો ઓરડો ઉઘાડી આપ્યો.

ત્યાં કોટ અને પાઘડીઓ ઉતારીને બેઠા પછી દામોદરે સંભાષણનું મંગળાચરણ કરતાં કહ્યું;—"આજની આપણી ધારણા સર્વથા નિષ્ફળ નીવડી, એટલું જ નહિ, પણ પ્રાણલાલના ઓરડાના ઉંબરા સુધી પણ આપણે પહોંચી ન શકયા, એ કાંઇ જેવા તેવા શોકનો વિષય નથી."

"અને મારો અભિપ્રાય છે કે, જ્યાંસુધી આ મુંબઇથી આવેલી ચાણક્યબુદ્ધિની અબળા પ્રાણલાલના ગૃહમાં હશે, ત્યાંસુધી આપણી ધારણા સફળ થવાની પણ નથી; કારણ કે, એ મુંબઇના પ્રખ્યાત બૅંકર ગોવિન્દલાલની પુત્રી અને વિખ્યાત સટ્ટાબાજ માણેકલાલની ધર્મપત્ની છે; એટલું જ નહિ, પણ સુશિક્ષિત અને મહાચતુર ચપળા છે, એમ મારા જાણવામાં આવ્યું છે." ન્હાનાલાલ ગોસ્વામીએ પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

"આઈ વૉન્ટ આ લિટ્લ વૉટર!" ડિસોજાએ પાણીની માગણી કરી.

દામોદરે દેવજીને પાણી લાવવાનું કહ્યું, પણ દેવજી હાજર ન હોવાથી સુલોચનાએ પાણી લાવી આપ્યું; કારણ કે, સુલોચના બાજૂના ઓરડામાં ઇરાદાપૂર્વક એ ચાંડાલોની ગુપ્ત મંત્રણાને જાણવામાટે જ હાજર રહી હતી અને દેવજી પોતાની બીમાર બાયડીની સારવાર કરવાને જૂદા ઝૂપડામાં ચાલ્યો ગયો હતો. પાણી પીને ડિસોજાએ પ્રશ્ન ઉપસ્થિત કર્યો કે; "Then what are we to do now ?" (અર્થાત્ 'ત્યારે આપણે હવે શો માર્ગ લેવો?').

"ખરી વાત છે; જે ઉપાય કરવો હોય, તે તત્કાળ કરવો જોઇએ; કારણકે, જો પ્રાણુલાલના પ્રાણ પરલોકમાં પ્રયાણ કરી જશે, તો આપણું કાર્ય કાંઇક વધારે જોખમભરેલું અને ખર્ચવાળું થઇ પડશે. ખોટા વિલપર ખોટી સહી કરી કોર્ટનાં કૂતરાંને હજારો રૂપિયાનો ખોરાક આપીને મિલ્કત મેળવવી તેના કરતાં જો વિલપર પ્રાણુલાલની ખરી સહી થઇ જાય, તો તેના જેવું એકે નહિ. જો વિલની વાતને કોરાણે મૂકીને પ્રાણુલાલની ઓરસ સંતતિ ન હોવાથી મિલ્કતનો કબ્જો મેળવવાનો પ્રયત્ન કરીએ, તોપણ ખર્ચના ખાડામાં તો ઉતરવું જ પડે અને પછી પણ, તમો બન્નેના પિતા મિલ્કત વ્હેંચીને જૂદા થઇ ગએલા હોવાથી આપણો વિજય થશે જ, એવી સોળેસોળ આના તો આશા ન જ રાખી શકાય. અર્થાત્ જો વિલદ્વારા આપણને ટ્રસ્ટી તરીકેનો અધિકાર મળી જાય, તો પછી મિલ્કતને કાયદાસર ઓહ્યાં કરી જવામાં જરા પણ વિલંબ લાગે તેમ નથી, માટે સહી તો મેળવવી જ જોઇએ." ન્હાનાલાલ ગોસ્વામીએ જણાવ્યું.

"આપણી ધારણા પ્રમાણેની સફળતા આજના સંયોગને જોતાં સહજમાં પ્રાપ્ત થઇ શકે તેવી નથી અને વખત કટાકટીનો છે એટલે મારો તો હવે એવો જ વિચાર થાય છે કે, ગમે તેવા આડાઅવળા ઉપાયો યોજીને પણ આ કાર્ય આજ રાતે અથવા મોડામાં મોડું આવતી કાલે રાતે પણ સમાપ્ત કરી નાખવું અને વિલપર અનુમતિથી કે બળાત્કારે પ્રાણુલાલના હસ્તાક્ષર કરાવી લેવા. પછીનું બધું પછીથી જોઇ લેવાશે." દામોદરે છેલ્લા પાટલાની વાત જણાવી દીધી.

"પણ જ્યાં ગૃહમાં પ્રવેશ થવો જ અશકય છે, ત્યાં હસ્તાક્ષર

મેળવવાની શક્યતાની શી આશા રાખી શકાય વારૂ ?" ગોસ્વામીએ પ્રશ્ન કરીને શંકા બતાવી.

"ગૃહમાં પ્રવેશ પણ બળાત્કારે થશે અને હસ્તાક્ષરો પણ બળાત્કારે જ મેળવાશે." દામોદરે ઉત્તર આપ્યું.

"પણ તે કેવી રીતે ?" ગોસ્વામીએ તેના મુખે અધિક સ્પષ્ટીકરણ કરાવવાના ઉદ્દેશથી નવીન પ્રશ્ન પૂછ્યો.

"નદીપાર રહેનારા બલૂચીઓમાંના કેટલાક બલૂચીઓ એવા છે કે, જેઓ પચાસ કે સો રૂપિયામાટે કોઇનું ખૂન કરીને ફાંસીને લાકડે લટકી જતાં પણ ડરે નહિ, અને મરતાં સુધી કોઇના નામનો સ્ફોટ કરે નહિ. એવા કેટલાક બલૂચીઓ મારા અને આપણી ગોલ્ડન ગૅંગના ઑનરેબ્લ મેમ્બરોના પ્રાણપ્રિય મિત્ર છે. એટલે તેવા ચાર પાંચ બલૂચીઓને સાધી અર્ધ રાત્રિ વીત્યા પછી પ્રાણલાલના ગૃહમાં પ્રવેશ કરવો, જે મનુષ્યો જાગતાં હોય અથવા કોલાહલ કરે તેમને મોઢામાં ડૂચો દઇને બાંધી રાખવાં અને પ્રાણલાલ પાસે પહોંચી મરણનો ભય બતાવી વિલપર સહી કરાવી લેવી; એટલું જ નહિ, પણ સહી થયા પછી પ્રાણલાલને ગળું દબાવીને ત્યાં જ પૂરો કરી નાખવો કે જેથી એ વિલ કોઈ રીતે રદ થઇ શકે જ નહિ." દામોદરે ઉપાયનો સ્ફોટ કરી બતાવ્યો,

"પણ અર્ધ રાત્રિના સમયે અંદરથી દ્વાર કોણ ઉઘાડશે ?" ગોસ્વામી પોતાની પ્રશ્નપરંપરાને આગળ લંબાવતો ગયો.

"સુનંદાના ઓરડામાંથી સરળ રીતે પ્રાણલાલના ગૃહમાં પ્રવેશ કરી શકાશે અને આસપાસના પોલીસવાળાઓને દાબી મૂકીશું એટલે

કદાચિત્ પોકાર થશે, તોપણ કોઇ મદદે આવશે નહિ. આ ઉપાય વિના બીજો એક પણ ઉપાય કારગત થઇ શકે, એવી મારી માન્યતા નથી." દામોદરે એક સાથે બે બાબતોનો ખુલાસો કરી નાખ્યો.

"આ સાહસમાં પણ અતિશય ભય તો સમાયલું છે જ; કારણ કે, પ્રાણલાલને મારી નાખશો, પણ બીજાઓને તો નહિ મારી નાખો? અર્થાત્ આજે જેણે આપણને ઘરમાં જતા અટકાવ્યા હતા તે એકલીજ અબળા જીવતી હશે, તો પણ તે આપણને ઓળખતી હોવાથી બીજે દિવસે કાયદાનો આશ્રય લીધા વિના રહેશે નહિ અને વાત વિનાકરણ વધી પડશે." ગોસ્વામીએ પાછો નવો સંશય દર્શાવ્યો.

એના ઉત્તરમાં દામોદરે પોતાના વિચારમાં દૃઢ રહીને જણાવ્યું કે,—"મહાશય ન્હાનાલાલભાઇ! એમ તો જો પછી શંકાઓ કાઢતા બેસીએ, તો હજારો શંકાઓ નીકળતીજ રહે અને કોઇ પણ કાર્ય કરવાનું સાહસ આપણાથી કરી શકાય જ નહિ. ટુંકામાં કહેવાનું એટલું જ કે, આ કાર્ય તો આવતી કાલે રાતે આપણે કરી જ નાખવાનું છે, પણ એટલી સંભાળ રાખીશું કે, બનતાં સુધી આપણાં મોઢાં કોઇના જોવામાં ન આવી શકે અને જો વાત આગળ વધે તો પ્રાણલાલના ઘરમાં રહેનાર અમુક વ્યક્તિજ આપણને લાભકારક થઇ પડે તેવી સાક્ષી આપી શકે."

"હું પન એમ ચ ધારૂં છું!" ડિસોઝા બોલ્યા.

"જો આટલી હદ સુધીની તૈયારી હોય, તો પછી એ સાહસ કરવામાં કોઇ પણ પ્રકારનો વાંધો આવે તેમ નથી. ત્યારે લ્યો ઇશ્વરનું નામ અને કરો આજથીજ કાર્યનું મંગળાચરણ; કારણ કે,

ધર્મના કાર્યમાં વિલંબ કરવાનું કારણ નથી." છેવટે અનેક પ્રકારની ઉલટપાલટ તપાસ કર્યા પછી ગોસ્વામીએ પણ એ કાર્યમાટે પોતાનું અનુમોદન આપ્યું.

"પણ મહાશય ગોસ્વામી, વિલ લઇને આવતી કાલે રાતે અમારી સાથે તમારે પણ પોતાની હાજરી તો આપવી જ પડશે. બોલો ત્યારે બરાબર કાલે રાતે બાર વાગે જૂની જેલવાળા મેદાનમાં આવી મળશો?" દામોદરે એક ભયંકર પ્રશ્ન રજૂ કર્યો.

"રાધેકૃષ્ણ; ગોવર્ધન ગિરિધારી; વૃન્દાવનવાસી કુંજવિહારી! દામોદરભાઇ! તમે આ શું બોલ્યા? જ્યાં ડંડા ઉછળવાનો સંભવ હોય, ત્યાં આપણા જેવા કૃષ્ણભક્તનું કામ જ નહિ. જ્યાં દૂરથી દોરી ખેંચવાની હોય, ત્યાં આપણને બેશક આંગળી ચીંધી દેવી. વિલ આવતી કાલે પ્રભાતમાં હું તમારે ઘેર પહોંચતું કરી દઇશ અને તમે સહી કરાવી આવશો એટલે પછીનું કોર્ટમાંનું બધું કામ હું સંભાળી લઇશ. પાડાની લડાઇમાં ક્યાંક ઝાડનો ક્ષય થઇ જાય તો આપણે ગરીબ માણસ અકારણ માર્યા જઇએ, એ સારૂં નહિ," ગોસ્વામીજી છૂટી પડયા.

"ચિન્તા નહિ; આપ નિર્ભયતાથી પોતાના ઘરમાંજ બેસી રહેજો; એ જોખમનું કામ અમેજ કરી આવીશું. કદાચિત્ આપણા મંડળના પંજાબી મેમ્બર આ કાર્યમાં સહાયતા આપી શકશે. તમારે તો પોતાની આ વૃદ્ધ છતાં યૌવનના રંગવાળી કાયાને બને ત્યાં સુધી ભયમાં નાખવીજ નહિ; કારણ કે, આ શરીરપર તો બિચારી અનેક અનાથ વિધવાઓના ગુપ્ત સૌભાગ્યનો આધાર રહેલો છે. 'સો મરજો પણ સોનો પાળનાર ન મરશો;' એ કહેવત તમારે

ખરી કરી બતાવવાની છે; કારણ કે, તમે સેંકડો વિધવાઓના પાળક પતિ છો-ઇશ્વર તમને આબાદ રાખે." દામોદરે ન્હાનાલાલનો બહુજ છૂટથી વિનોદ કર્યો. પણ ન્હાનાલાલ પોતાને વિધવાઓના પાળક તરીકે ઓળખાવામાં એક પ્રકારનું અભિમાન માનતો હોવાથી એ વિનોદના ઉત્તરમાં તેણે જણાવ્યું કે;-"દામોદરભાઈ! આપ સુજ્ઞ અને બુદ્ધિમાન્ છો તેમજ મારી પરિસ્થિતિને સારી રીતે જાણો છો, એટલે એ વિશે આપને વધારે કાંઇ પણ કહેવું પડે તેમ તો નથી જ."

"Well then, shall we go now?" ('વારૂ ત્યારે આપણે હવે જઈશું કે?') ડિસોજા સાહેબ મસ્લતનો અંત આવી ગએલો જોઇને બોલ્યા.

"તમો બન્ને ભલે જાઓ-હું તો અહીંજ જરાક ખાવાનું બનાવરાવી અહીંજ ઉદરપૂજન કરીને અહીંથીજ મારા કાર્યમાટે ચાલ્યો જઈશ; કારણ કે હું જ્યારે આજનો દિવસ, આજની રાત અને કાલનો આખો દિવસ હડિયાપટ્ટી કરીશ અને જે વ્યવસ્થા કરવાની છે તે કરીશ, ત્યારેજ આવતી કાલે રાતે મારાથી મારૂં કાર્ય સિદ્ધ કરી શકાશે. મહાશય ગોસ્વામી! તમે આવતી કાલે સવારમાં આઠથી નવ સુધી ઘરમાં રહેજો; કારણ કે, તેટલા અવકાશમાં હું તમારે ત્યાં આવીને વિલ લઇ જઇશ. તમારે તે મારે ઘેર મોકલવું નહિ."

"જેવી ઇચ્છા. હું આઠથી નવ સુધી તમારી વાટ જોતો ઘરમાં જ બેસી રહીશ." ન્હાનાલાલે કહ્યું. એ પછી ડિસોજા અને ન્હાનાલાલ ત્યાંથી ચાલ્યા ગયા. તેમના જવા પછી દામોદરે સાદ કર્યો કે;-"દેવજીભાઇ! છો કે?"

દેવજીભાઇને બદલે સુલોચનાએ આવીને ઉત્તર આપ્યું કે;– " જી–મારા પિતા મારી માંદી માની સારવારમાં રોકાયલા છે અને આપ લોકોની સેવામાટે તેમણે મને અહીં રાખી છે; શી આજ્ઞા છે, સરકાર ? "

" એજ કે, મારામાટે જે કાંઇ પણ તૈયાર હોય તો તે થોડું ઘણું ખાવાનું લઇ આવો: કારણ કે, એક અગત્યના કાર્યમાટે મારે અહીંથીજ બહાર જવાનું છે. " દામોદરે આજ્ઞા આપી.

"જેવી આજ્ઞા.' એ બે શબ્દો ઉચ્ચારીને સુલોચના ત્યાંથી અદૃશ્ય થઇ ગઇ.

દામોદરને એકાંતનો સમય મળવાથી તે પોતાના કાર્યવિશે મનમાં નાના પ્રકારના વિચારો કરવા લાગ્યો અને વિચારમાં તે એટલી સીમા પર્યન્ત નિમગ્ન થઇ ગયો કે, લગભગ દોઢ પોણાએ કલાકનો સમય ક્યારે અને ક્યાં પસાર થઇ ગયો એનું તેને જરાપણ ભાન રહ્યું નહિ. જ્યારે સુલોચનાએ આવીને કહ્યું કે;–" મહાશય! ખાવાનું તૈયાર છે, જો આજ્ઞા હોય તો લઇ આવું;" ત્યારે જ તે પોતાની વિચારનિદ્રામાંથી જાગ્રત થયો અને બોલ્યો કે;–" હા, લઇ આવો; ઘણો વખત થઇ ગયો છે."

સુલોચના ઘીમાં તળેલા ચાર પરેઠા, તળેલા બટાટાનું શાક અને સ્વીટ મૅંગોચટની વગેરે પીરસીને ચીનીના બે પ્લેટોમાં લઇ આવી અને દારૂની બાટલી તથા સોડાની બાટલી પણ લાવીને આગળ મૂકી દીધી. દામોદરે દિવસ હોવાથી મદિરા અલ્પ પ્રમાણમાં લીધી અને ત્યારપછી ખાદ્ય પદાર્થોને ઉદરમાં પધરાવીને કપડાં પહેરી તે જવાને તૈયાર થયો. જવા પહેલાં સુલોચનાને ઉદ્દેશીને, વિલક્ષણ ભાવથી ખીસામાંથી બે

રૂપિયા કાઢી તેના હાથમાં આપતાં, તેણે કહ્યું કે;–" આજે ઊતાવળથી તેં મને આવું સ્વાદિષ્ટ ખાવાનું બનાવી આપ્યું, તેના ઇનામ તરીકે આ બે રૂપિયા લે; હવેથી મારૂં કામ હોય તે તારેજ કરવું. જો તું મારી આજ્ઞા પ્રમાણે વર્ત્તીશ, તો હું તને નિહાલ અને માલામાલ કરી નાખીશ." સુલોચનાએ ઉપકારદર્શક ભાવ સાથે બે રૂપિયા લઇ લીધા, પણ મુખમાંથી કશો પણ શબ્દ ઉચ્ચાર્યો નહિ. દામોદરના જવા પછી તેના મુખમંડળમાં એક પ્રકારની તિરસ્કાર અને ધિક્કારદર્શક છટા વ્યાપી ગઇ. તેણે પોતાના ઝૂપડામાં આવીને તરત પોતાનાં વસ્ત્રો બદલી નાખ્યાં, બહાર જવાઆવવામાટે રાખેલાં સાદાં પણ સ્વચ્છ વસ્ત્રો પહેરી લીધાં અને પોતાના પિતાને કહ્યું કે;—" બાપા! આપણા શેઠિયાઓ કદાચિત્ આવશે અને કેટલીક ચીજો થઇ રહી છે, એટલે હું તે ચીજો લેવાને જાઉં છું; તમે સંભાળ રાખજો." સુલોચના ઘણીકવાર બજારમાં ચીજો લેવાને જતી હોવાથી તેના પિતાએ તરત 'વારૂ' કહીને રજા આપી દીધી અને સુલોચના ત્યાંથી રવાના થઇ. તે રાજમાર્ગમાં આવી પહોંચી તે વેળાયે અચાનક એક ખાલી ગાડી ત્યાંથી જતી હતી એટલે તેને ઉભી રખાવીને તે તત્કાળ તેમાં ચડી બેઠી અને ગાડીવાળાને અમુક સ્થળે લઇ જવાનું જણાવી પોતે એક પ્રકારના મનોરાજ્યમાં ભ્રમણ કરવા લાગી.

પ્રકરણ ૧૪ મું.

નિશાચરોનો ગૃહપ્રવેશ

અર્ધરાત્રિનો સમય થઇ ગયો હતો. મોડી રાતે પ્રાણલાલના ગૃહની આસપાસમાં કેવા પ્રકારની પરિસ્થિતિ રહેતી હતી, એનું વાંચકોને સાતમા પ્રકરણમાં કેટલુંક દર્શન થએલું હોવાથી અહીં વિવેચનની પુનરુક્તિ અનાવશ્યકીય છે. પ્રાણલાલના ગૃહમાં સર્વત્ર શાંતિ અને નિઃસ્તબ્ધતાનો વિસ્તાર થએલો હતો. કેવળ સુનંદાના ઓરડામાંના દીપકના મંદ પ્રકાશ વિના અન્ય કોઇ પણ સ્થળે દીપકનો પ્રકાશ પણ દેખાતો નહોતો. સુનંદાના ઓરડાની રસ્તાપરની બારી ખુલ્લી હતી અને તેમાંથી ઓરડામાંના દીપકનો મંદ પ્રકાશ પણ અલ્પ પ્રમાણમાં બહાર આવતો હતો. સુનંદા પોતાના પલંગમાં પડેલી હતી, પણ નિદ્રાધીન થઇ નહોતી; આજે મધ્યરાત્રિ પછી દામોદરે આવવાનો વાયદો કરેલો હોવાથી તે તેની વાટ જોતી જાગતી જ પલંગમાં પડી હતી. ઘડિયાલમાં એકનો ટકોરો થતાંની સાથે જ બારીવાટે એક પુરુષે સુનંદાના ઓરડામાં પ્રવેશ કર્યો અને તે બીજો કોઇ નહિ, પણ દુષ્ટ દામોદર જ હતો. દામોદરને આવેલો જોતાં જ સુનંદા પલંગપરથી કૂદીને ઊભી થઇ ગઇ અને તેને ઉદ્દેશીને દામોદરે કહ્યું કે;—"સુનંદા! ગઇ કાલે આ ગૃહમાં મારું મહા ભયંકર અપમાન થયું છે; મને મારા કાકાના દીકરા પાસે જતો અટકાવવામાં આવ્યો છે. પ્રાણલાલ મરણશય્યામાં પડયો છે, એ તને નવેસરથી જણાવવાની અગત્ય નથી અને તેથી જો તે મરી જાય તો આ સર્વ સંપત્તિ મારી થવાનો સંભવ છે. મારે અત્યારે કોઇ પણ

રીતે પ્રાણલાલના ઓરડામાં પ્રવેશ કરવો છે અને ત્યાં વધારે માણસો હોય તો તેઓ મને અટકાવી ન શકે તેમ જ મારા શરીરપર આક્રમણ ન કરી શકે એટલામાટે હું મારા ચાર પાંચ મિત્રોને મારી સાથે લેતો આવ્યો છું તેમને આ બારીવાટે ગૃહમાં પ્રવેશ કરતાં તારે અટકાવવા નહિ. જો આ સંપત્તિ મારા હાથમાં આવી જશે, તો પછી મારે ધનમાટે જે તને વારંવાર પરિશ્રમ આપવો પડે છે તે આપવો પડશે નહિ અને તારા જે ઉપકારો થએલા છે તે ઉપકારના ભારથી પણ મારાથી મુક્ત થઇ શકાશે. આશા છે કે, મારા સુખના માર્ગમાં તું મારી પ્રિયતમા હોવાથી કંટકરૂપ તો નહિ જ થાય. બોલ હા કે ના ? હા હોય તો મારા મિત્રોને બોલાવું અને ના હોય તો તેમને પાછા મોકલાવું અને હું પણ સદાને માટે મારી પીઠ બતાવું."

"ત્યારે શું હું મારી સગી બહેનને લૂટાવું અને ભીખારણ બનાવીને આ સંસારમાં રખડાવું ? દામોદર, મારી પાસે પુષ્કળ ધનસંપત્તિ છે, માટે તમને જે કાંઇ જોઇશે તે હું આપીશ; મારી ગરીબ ગાય જેવી બહેનને લૂટવાની અને રખડાવવાની ઇચ્છા ન કરો—પરમેશ્વરથી કાંઇક ડરો." સુનંદા ગમે તેવી કુલટા હતી, છતાં બહેન વિશે તેના મનમાં લાગણી થઇ આવી અને તેથી તેણે આ પ્રમાણેનાં વચનો દામોદરને સંભળાવ્યાં.

"સુનંદા ! આ તારી ભીતિ અકારણ છે. મારી પ્રતિષ્ઠા મને પ્રિય નહિ જ હોય, એમ જો તું તારા મનમાં ધારતી હોય તો તારી ભૂલ છે. સ્ત્રીઓના હાથે ધનની અવ્યવસ્થા અને પાયમાલી ન થાય, અને કોઇ પારકા લોકો આવીને ફાવી ન જાય, એટલામાટે આ સંપત્તિ-

પર મારે મારો અધિકાર તો કરવો જ જોઇએ; પરંતુ જો પ્રાણુલાલની તેવી ઇચ્છા નહિ હોય તો બળાત્કાર કરવાનો મારો વિચાર નથી. જો પ્રાણુલાલ મને પોતાની સંપત્તિ ઇચ્છાપૂર્વક સોંપશે, તો એથી મને પણ લાભ થશે અને મારાં કાકી તથા ભાભીને હું મારી માતા તથા ભગિની પ્રમાણે ગણીને બહુ જ સારી સ્થિતિમાં રાખીશ. એ વિશે તારે લેશ માત્ર પણ ચિંતા રાખવી નહિ. અત્યારે તો માત્ર પ્રાણુલાલ સાથે કોઇ ઉપાયે મારે ચાર વાતો જ કરવાની છે.” દામોદરે ભોળી સુનંદાને ભોળવવાનો પ્રયત્ન કર્યો અને સુનંદા વિષયલંપટ હોવા સાથે જોઇએ તેવી ચાલાક અને બુદ્ધિમતી સ્ત્રી ન હોવાથી તેનો એ પ્રયત્ન તત્કાળ સફળ થયો. સુનંદાની અનુમતિથી દામોદરના મિત્રો પ્રાણુલાલના ગૃહમાં પ્રવિષ્ટ થઇ શકયા.

તે મિત્રોની સંખ્યા પાંચની હતી. તેમાંના ચાર મકરાણી અને બલૂચી હતા અને પાંચમો પંજાબી લુણીધારામ હતો. તેઓ જેવા સુનંદાના ઓરડામાંથી વરંડામાં ગયા એટલે સુનંદાએ અંદરથી ઓરડાનાં દ્વાર વાસીને સાંકળ ચઢાવી દીધી. વરંડામાં અંધકાર વ્યાપેલો હતો અને માર્ગ દેખાતો નહોતો, પરંતુ દામોદર ઘરના ખૂણેખૂણાનો જાણીતો હોવાથી તેમને પોતાપાછળ હાથ પકડીને ચલાવતો દાદર પાસે લઇ ગયો. શારદાના ઓરડાને તેણે બહારથી સાંકળ ચઢાવી દીધી કે જેથી કોલાહલ થતાં તે બહાર નીકળી ન શકે. ત્યાર પછી માર્ગમાં સૂતેલા લક્ષ્મણના મોઢામાં ડૂચો મારીને તેના હાથપગ દોરડાથી એવા તો મજબુત બાંધી લીધા કે, તેનાથી જરા પણ હાલચાલ કરી શકાય તેવી તેની સ્થિતિ રહી નહિ. બીજો એક નોકર દાદર પાસે સૂતેલો હતો તેની પણ તેમણે એવી જ

અવસ્થા કરી નાખી. આ સર્વ કાર્ય તેમણે દીવાસળીના પ્રકાશથી જ કર્યું હતું; અર્થાત્ તેમણે પાંચપંદર દીવાસળીનો ઘાણ કાઢી નાખ્યો અને તે બાળેલી દીવાસળીઓ ત્યાં જ નાખી દીધી. એ દીવાસળીઓનો જે પ્રકાશ થયો, તેજ; બાકી સર્વત્ર અંધકાર જ વ્યાંપેલો હતો. દાદરપર ચઢતાં દામોદરે પોતાના મકરાણી અને બલૂચી મિત્રોને ધીમા સ્વરથી જણાવી દીધું કે;—"ઉપરના ઓરડામાં પ્રાણલાલ શય્યામાં પડયો હશે અને કદાચિત્ એક કે બે સ્ત્રીઓ ત્યાં બેઠેલી હશે એટલે જો તેઓ કોલાહલનો પ્રયત્ન કરે તો મોઢામાં ડૂચા મારીને બાંધી મૂકજો અને નહિ તો પણ તેમને ઓરડામાંથી બહાર કાઢી બહાર તેમનાપર છરા ઉગામીને ઊભા રહેજો એટલે જીવ જવાના ભયથી તેઓ કાંઇ પણ બોલશે નહિ અને આપણું કાર્ય નિર્વિઘ્ન પાર પડી જશે. જ્યારે હું અને લુણીધારામ ઓરડામાંથી બહાર નીકળીએ કે તરત અમારી પાછળ તમે પણ દાદરપરથી ઉતરી આવજો અને જે વાટે આવ્યા હતા તે જ વાટે પાછા બહાર નીકળી જજો. ચોકીવાળા સિપાહીઓ આપણા જ છે, એટલે પોલીસ તરફથી હરકત થવાનો જરા પણ ડર નથી. ઉપરાંત ઉપર જો કોઇ પુરુષ જોવામાં આવે, તો તેની પણ નીચેના બે પુરુષો જેવી જ સ્થિતિ કરી નાખવી, એ નવેસરથી તમને જણાવવાની અગત્ય નથી."

"એ વિશે તમારે નિશ્ચિન્ત રહેવું." ભામટાઓના અગ્રેસરે જણાવ્યું.

એ લુંટાકસમુદાય ઉપરના ભાગમાં આવી પહોંચ્યો અને દામોદરે પ્રાણલાલના ઓરડામાં ,દીપકના પ્રકાશને જોવાની આશા રાખી હતી, પરંતુ ત્યાં પણ અંધકારનું જ સામ્રાજ્ય તેના જોવામાં

આવ્યું. દામોદરે દીવાસળી સળગાવી પ્રાણલાલના ઓરડાનાં બંધ દ્વારોને ધક્કો મારીને ઉઘાડી નાખ્યાં અને અંદર જોયું તો ઓરડામાં પ્રાણલાલની શય્યા ખાલી પડી હતી અને ત્યાં તેની કાકી રતનબાઇ કે કુપિંજલા બન્નેમાંની એક પણ અબળા હતી નહિ. આ દશ્યને જોઇને તે આશ્ચર્યચકિત થઇ ગયો; અને આવી સ્થિતિ કેમ થઇ હશે અને તે સર્વ ક્યાં ગયાં હશે, એનો તે ઓરડામાં પ્રાણલાલના પલંગને અઢેલીને વિચાર કરવા લાગ્યો. અચાનક કાંઇ કલ્પના આવતાં તે ઓરડામાંથી નીકળીને ઉપરની બંગલીમાં જવાના દાદર પાસે આવ્યો, પણ ત્યાં દાદરના દરવાજાને મજબૂત તાળું વાસેલું જોઇને અને ઉપર બંગલીમાં વ્યાપેલા અંધકારને જોઇને વળી પાછો તે નિરાશ થઇ ગયો. ગૃહને સર્વથા જનશૂન્ય અવસ્થામાં નિહાળીને તે પોતાના સાથીઓને કહેવા લાગ્યો કે;—"ઘરમાં અત્યારે કોઇપણ નથી અને આપણો આજનો સર્વ મહાભારત પરિશ્રમ સર્વથા વ્યર્થ ગયો છે."

"કદાચિત્ નીચે આપણે જે નોકરને બાંધી આવ્યા છીએ, તેમને છરા બતાવીશું તો મરણના ભયને ટાળવામાટે તેઓ, જો એ લોકો ઘરમાં ક્યાંય પણ છુપાયલાં હશે, તો તેમનો પત્તો બતાવી દેશે." લુણીધારામે સલાહ આપી.

"ચાલો—એ ઉપાય પણ અજમાવી જોઇએ અને નહિતો પછી સુનંદાને જો એવિષયની કાંઇ જાણ હોય તો તેને પૂછીએ." દામોદરે કહ્યું.

દામોદર અને લુણીધારામ પ્રથમ ઊતર્યા અને મકરાણી તથા બલૂચીઓ તેમની પાછળ ઊતરવા લાગ્યા. પરંતુ દામોદર અને

લુણીધારામ હજી તો નીચેની જમીનપર પગ મૂકે એટલામાં તો આજૂબાજૂથી અંધારામાં જ તેમને કોઇએ પકડી લીધા, તત્કાળ ત્યાં ચોર ફાનૂસોનો પ્રકાશ થઇ ગયો અને તે પ્રકાશમાં ડિટેક્ટિવ ખાતાનો વરિષ્ટ અધિકારી મિસ્ટર જોન્સ અને પાંચ હથિયારબંધ સિપાહીઓ ત્યાં ઊભેલા દૃષ્ટિગોચર થયા. દામોદર અને લુણીધારામ તો આ દૃશ્યને જોઇને એવા બાઘા બની ગયા કે તેમને કોઇ દિશા સૂઝી નહિ અને તેમના એ ગભરાટનો લાભ લઇને સિપાહીઓએ તરત તેમના હાથમાં બેડીઓ પહેરાવીને દાદર સાથે બાંધી રાખ્યા. એ પછી તેઓ બીજા બદમાશોને પકડવામાટે આગળ વધ્યા; એટલે મકરાણી અને બલૂચીઓ પાછા ઉપર ચઢ્યા અને બે જણ દાદરના ઉપરના ભાગમાં છરા કાઢીને ઉભા રહ્યા. જોન્સે તેમને ઉદ્દેશીને કહ્યું કે;–"શાંતિથી તાબે થાઓ, નહિ તો તમારા પર ફાયર કરવામાં આવશે." પણ એ સૂચનાને તેમણે લક્ષમાં ન લેતાં ઉપર ચઢેલા સિપાહીપર એકે એક છરાનો વાર કર્યો અને તેથી સિપાહી ઘવાઇને નીચે પડયો એટલે બીજા સિપાહીએ અવાજ વગરની પિસ્તોલમાંથી ગોળી છોડીને તે છરો ચલાવનાર મકરાણીને ઘાયલ કરી નાખ્યો. આવો મામલો જોઇને એક મકરાણી અને બે બલૂચી ઉપરના કઠેરામાંથી નીચેના કમ્પાઉન્ડમાં કૂદી પડયા; પણ તેમનામાંના એકનું માથું પત્થરપર પટકાવાથી તે ત્યાંનો ત્યાંજ દોજખનશીન થઇ ગયો અને બીજાનો પગ ભાંગવાથી ન્હાસવાનું કાર્ય તેનામાટે અશક્ય થઇ પડયું. માત્ર એક બલૂચી કમ્પાઉન્ડની ભીંત કૂદીને પલાયનમ્ કરી ગયો અને તે તત્કાળ હાથમાં આવી શકયો નહિ. મામલો બહુ વધી ગયો અને મોટી ધમાચકડી થઇ પડી. જોન્સે બન્ને નોકરોને તો ક્યારનાય છૂટા કરી દીધા હતા, એટલે તેમાંના લક્ષ્મણને દાઉ-

ન્ટેનપેનથી એક ચિઠ્ઠી લખી આપીને તેણે પોલીસ ચોકીપર મોકલ્યો અને ત્યાંથી તત્કાળ પોલીસ લાઇનમાં ટેલીફોન થતાં દશ સિપાહીઓની કુમક આવી લાગી.

મિસ્ટર જોન્સે લક્ષ્મણને કહ્યું કે;–" વેલ મૅન્! જાઓ અને ઉપરથી મિસિસ માણેકલાલને નીચે બોલાવો. તેમને જણાવજો કે, હવે ડરવાનું કારણ નથી, "

" જેવો સાહેબનો હુકમ, " એમ કહીને લક્ષ્મણ ઉપર ગયો અને બંગલીના દાદરના દરવાજાનું તાળું ખોલી બંગલીમાંથી શારદાને બહાર બોલાવી નીચે બનેલા બનાવનો સર્વ વૃત્તાંત સંભળાવીને નીચે આવવાનું જણાવ્યું. શારદાએ કપિંજલાને દીવો પ્રકટાવવાનું કહીને નીચે ઊતરવા માંડયું. ત્યારે શું શારદા, કપિંજલા, રતનબાઇ અને પ્રાણલાલ વગેરે ઉપરની બંગલીમાં હતાં? હા, તેઓ ત્યાંજ હતાં અને તેથીજ આજે પ્રાણલાલનો આવેલો કાળ પાછો ચાલ્યો ગયો હતો.

શારદાએ નીચે આવતાં જ ઘટતા શબ્દોમાં મિસ્ટર જોન્સનો ઉપકાર માનતાં કહ્યું કે;–" મિસ્ટર જોન્સ! આજે આપનો અમારાપર એટલો મોટો ઉપકાર થયો છે કે, આ ઉપકારનો બદલો અંશતઃ પણ અમારાથી વાળી શકાય તેમ નથી. આપનો એક સિપાહી આજના મામલામાં પોતાનું કર્ત્તવ્ય બજાવતાં ઘવાયો છે, એથી મને બહુજ શોક થાય છે. પણ અમારાથી બનશે તે બદલો તેને આપીશું. "

" મિસિસ માણેકલાલ! આજના જેવા ભયંકર કેસમાં અમને અમારી વીરતા બતાવવાનો જે પ્રસંગ તમે પ્રાપ્ત કરાવી આપ્યો છે,

તેમાટે સ્હામા અમે જ તમારા આભારી થયા છીએ. આવા પ્રસંગમાં કોઇ ઘવાય કે કોઇ મરી પણ જાય એમાં તમારો દોષ નથી. અમારૂં કાર્ય જ એવા પ્રકારનું છે કે, અમે જ્યારે આવા કામપર જઇએ છીએ, ત્યારે હૃદયમાં જીવનની આશાને સ્થાન આપતા જ નથી. એક સિપાહી સાધારણ ઘવાયો, એ કાંઇ મોટી વાત નથી. આટલા થોડા જોખમમાં જ કામ પાર પડી ગયું અને અપરાધીઓ પકડાયા, એથી મારો ચાન્સ વધવાની આશા છે અને તેના કારણભૂત તમેજ છો. એક અપરાધી જો કે હાલ છટકી ગયો છે, પણ આશા છે કે, તે પણ બેચાર દિવસમાં પકડાઇ જશે. હવે મને તમારા રૂમમાં કાગળ, બ્લૉટીંગ, પેન્હોલ્ડર અને ઇન્કસ્ટૅન્ડ વગેરે લખવાનાં સાધનો મગાવી આપો કેજેથી હું રિપોર્ટ લખીને આ મરી ગએલા અપરાધીની લાશને હૉસ્પિટલમાં મોકલી આપું, ઘવાયલા સિપાહીને પણ હૉસ્પિટલમાં મોકલવો પડશે અને આ અપરાધીઓને બંદોબસ્ત સાથે પોલીસ થાણામાં મોકલવાના છે. આ કામ થઇ જાય, તો અહીંનો ઘોંઘાટ મટી જાય અને ડિસ્ટર્બન્સ ઓછું થતાં ઘરમાં જે બીમાર માણસ છે, તેના મનમાં આઘાત થવાનો સંભવ ન રહે." ભલા અને બહાદુર જોન્સે વિવેક દર્શાવીને પોતાને જોઇતી વસ્તુઓ માગી લીધી.

શારદાએ મિસ્ટર જોન્સને પોતાના ઓરડામાં લૅમ્પ સળગાવી ટેબલપર લખવાની જગ્યા કરી આપી અને કાગળ ઇત્યાદિ લેખનની સર્વ સામગ્રી પોતાની ટ્રંકમાંથી જ કાઢીને હાજર કરી દીધી. તે પોતાના લખવાના કામમાં રોકાયો એટલામાં શારદાએ રસોડામાં જઇ સ્ટવ્ સળગાવીને કૉફી તૈયાર કરી અને કન્ડેન્સ્ડ મિલ્ક તૈયાર

હતુ એટલે દૂધની અગત્ય ન પડી. જોન્સે લેખનકાર્યથી નિવૃત્ત થઇને માથું ઉંચું કર્યું કે ટેબલપર પડેલો ગરમ કૉફીનો કપ તેના જોવામાં આવ્યો. તે જોઇને શારદાને તેણે કહ્યું કે;–" લેડી! આ પરિશ્રમ શામાટે લીધો? અત્યારે કૉફીની અગત્ય નહોતી."

એના ઉત્તરમાં શારદાએ જણાવ્યું કે;–" એક તો આ શરદીની મોસમ ચાલે છે અને આજે ટાઢ પણ વધારે છે; તેમજ વળી આપને આજે અખંડ ઉજાગરો થવાનો સંભવ છે, એટલે ગરમ કૉફી પીવાથી શરીરમાં જરા ઉષ્ણતા પણ આવશે અને જાગરણનો પણ કાંઇક ઓછો આઘાત થશે. આ તો એક સાધારણ સત્કાર છે, એટલે એમાં પરિશ્રમ જેવું કાંઇ છે જ નહિ."

" થૅંકયૂ—ત્યારે કૉફી લેવાની રજા છે?" જોન્સે સભ્યતા બતાવી.

" અત્યંત આનંદથી પીઓ." શારદાએ આજ્ઞા આપી.

ખરો યૂરોપીયન્ બચ્ચો ગરમ કૉફી શીતલ જળ પ્રમાણે ગટગટાવી ગયો અને ત્યાર પછી પોતાના ખીસામાંથી એક મનીલા સિગાર કાઢી તેને દીવાસળીથી સળગાવી મોઢામાંથી ધૂમાડાના ગોટેગોટ કાઢતો જમાદારને બોલાવીને તે કહેવા લાગ્યો કે;–" પેલા બદમાશની લાશને હૉસ્પિટલમાંના ડેડહાઉસમાં તપાસમાટે તથા આપણા ઘાયલ થયેલા સિપાહીને સારવારમાટે પોલીસવૉર્ડમાં મોકલો અને જે સિપાહી એ કામમાટે જાય તેને ડૉકટરપરની આ ચિઠ્ઠી લઇ જવાનું કહેજો. તેમજ જે બદમાશો પકડાયા છે તેમને ચોકીમાં લઇ જાઓ અને ફોજદારને આ ચિઠ્ઠી આપીને કહેજો કે, તે ન્હાસી ગએલા બદમાશને પકડવાની પોતાથી બનતી

કોશિશ કરે. મારાં વાઇફની તબીયત સારી ન હોવાથી હું અત્યારે બંગલે જઇશ; અને સવારમાં પાછો ચોકીપર આવીશ; કારણ કે, કાલે જ આ કેસ મૅજિસ્ટ્રેટ આગળ રજૂ કરી દેવાનો છે. અને જો બીજા બદમાશો પકડાયા હોય તો બંગલે તે વિશેના સમાચાર મોકલજો. બે સિપાહીઓને આ ઘરની સંભાળ રાખવામાટે અહીં મારો બીજો હુકમ મળે ત્યાં સુધી કાયમ રાખજો; કારણ કે, કદાચિત્ આવો બીજો હુમલો થાય, એવી મને શંકા રહ્યા કરે છે. જો મારા હુકમની તામીલમાં ગફલત થશે, તો તેના જવાબદાર તમે ગણાશો."

"એ વિશે મેહરબાન સાહેબે જરાપણ ફિકર રાખવી નહિ." એમ કહીને જમાદારે કાગળ હાથમાં લઇ લીધા, તે સલામ કરી ઓરડામાંથી બહાર નીકળ્યો અને અફસરના હુકમની તામીલ કરવાના કામમાં લાગી ગયો. જોન્સ શારદાને શેકહૅન્ડ કરી ઊઠવાની તૈયારીમાં હતો એટલામાં કમ્પાઉન્ડના દરવાજાપર એક ઘોડેસ્વાર દોડતો આવી લાગ્યો અને બહાર ઉભેલા એક સિપાહીને પૂછ્યું કે;— "જોન્સ્ સાહેબ અંદર છે કે?" સિપાહી એનો જવાબ આપવા જતો હતો એટલામાં તો જોન્સ પોતેજ શારદા સાથે વાતો કરતો બહારના દરવાજા પાસે આવી પહોંચ્યો અને તેથી તેણેજ સ્હામો સવાલ કર્યો કે;—"કેમ શું કામ છે?" ઘોડેસ્વાર તરત ઘોડાપરથી નીચે ઉતરી પડયો અને સલામ કરીને કહેવા લાગ્યો કે;—"સાહબ! કાજીસાહબે કહેવડાવ્યું છે કે, સરકારી બગીચા પાસેના કૉસ્મોપોલીટન્ કલબના નામથી ઓળખાતા મકાનમાંથી ગોલ્ડન્ ગૅંગ્ના લગભગ બધા ઑનરેબલ્ મેમ્બરો ઘણા જ સારા માલમુદ્દા સાથે

પકડાયા છે; અને આપની સૂચના પ્રમાણે ત્યાંના રખેવાલની માંદી બાયડી તથા દીકરીને પકડવામાં આવી નથી–રખેવાલ દેવજીને કેદ કરવામાં આવ્યો છે અને તે સર્વને બંદોબસ્તથી ચોકીમાં મોકલી દેવામાં આવ્યા છે.”

“ચાલો સારૂંજ થયું; એક કાંકરે બે પક્ષીઓ મરાયા. આવતી કાલનો દિવસ તે કરાચીમાટે એક ગોલ્ડન્ ડે કહેવાશે; કારણ કે, બામટાઓની આવી ભયંકર ટોળી પકડાય અને નાગરિકો ભયથી મુક્ત થાય, એ કાંઇ જેવા તેવા હર્ષનો વિષય તો નજ કહેવાય. વેલ ઘોડેસ્વાર! મિસ્ટર કાજીસાહેબને મારા સલામ સાથે ધન્યવાદ આપો અને કહો કે સવારમાં નવ વાગે આપણે મળીશું.” જોન્સે કહ્યું.

શારદાને પણ આ સમાચારના શ્રવણથી અતિશય આનંદ થયો. જોન્સના જવા પછી તે પાછી પોતાના ઓરડામાં આવી અને લક્ષ્મણને સાવધ રહેવાની ભલામણ કરી ઓરડાને અંદરથી વાસીને કોચપર જ સૂઇ ગઇ. એ સમયે ઉષઃકાળ થવા આવ્યો હતો અને લગભગ પાંચ સાડા પાંચ વાગ્યા હતા; પણ શિયાળાની રાત મોટી થતી હોવાથી એ સમયે આકાશમાં જે ઝાંખા પ્રકાશનો વિસ્તાર થવો જોઇએ તે થયો નહોતો. જમાદારે સાડા છ વાગ્યા સુધીમાં જોન્સની આજ્ઞા પ્રમાણેની સર્વ વ્યવસ્થા કરી નાખી અને પ્રાણલાલના ગૃહની ભૂમિ શાંત થઇ ગઇ. અરુણોદયના સમયમાં તો ત્યાં નિત્ય પ્રમાણેની એવી શાંતિ દેખાવા લાગી કે, રાતે જાણે જાણવા જેવો કશો પણ ભયંકર બનાવ બન્યો જ નહોતો. બ્રિટિશ રાજ્યવ્યવસ્થાનો એજ આશ્ચર્યકારક ચમત્કાર છે.

* * * * * * *

બદમાશોએ ઘરમાં પ્રવેશ કર્યા પછી સુનંદાએ પોતાનાં બારીબારણાંને જે બંધ કર્યાં તે ઠેઠ સવારમાં આઠ સાડાઆઠ વાગ્યા સુધી ઉઘાડયાંજ નહિ અને તેના હૃદયમાં ભય તથા પશ્ચાત્તાપનો એવો તો આઘાત થયો કે તેના યોગે તેના શરીરમાં મંદમંદ જ્વરનો તાપ પણ થવા માંડયો હતો અને તેથી તે રગને માથાપર લઇ બિછાનામાં ને બિછાનામાં જ પડી રહી હતી. જો કે નિદ્રા તો એક પળ માત્ર પણ તેને આવી નહોતી, છતાં ઉઠવાની તેની હિંમત ચાલી શકતી નહોતી. કપિંજલાના કહેવાથી જ્યારે સાડા આઠ વાગે લક્ષ્મણે આવીને તેના બારણાં ખખડાવ્યાં ત્યારેજ તેણે શય્યામાંથી ઊઠીને બારણાં ઊઘાડયાં. લક્ષ્મણે કહ્યું કે;–" કપિંજલા બહેન ચાહે પીવાને બોલાવે છે. " એના ઉત્તરમાં " હું મુખક્ષાલન કરીને આવું છું ! " એમ જણાવી તે અંદરના ઓરડામાં મોઢું ધોવાને ચાલી ગઇ. ઊતાવળમાં દાતણ કરી મોઢું ધોઇને તે શારદાના ઓરડામાં આવી લાગી; કારણ કે, શારદાના આવ્યા પછી સવારમાં સર્વ સ્ત્રીઓ ચાહે ત્યાં બેસીનેજ પીતી હતી. શારદા અને કપિંજલા ત્યાં આગળથીજ બેઠી હતી એટલે તેમણે સુનંદાને આવકાર આપીને પૂછ્યું કે;– " કેમ બહેન! રોજ છ વાગ્યામાં જાગો છો અને આજે નવ વાગવા આવ્યા તોપણ કાંઇ શય્યાને ત્યાગવાનું ઠેકાણું નથી ? " " ગઈ કાલથી મારા શરીરમાં જરાજરા તાવ આવ્યો હોય એમ થયા કરે છે અને તેથી શરીર મંદ તથા જડ થઇ ગએલું હોવાથી કેટલા વાગી ગયા: એનું મને ભાન જ રહ્યું નહોતું. સારૂં થયું કે તમે મને જગાડી, નહિતો પડયાં પડયાં બાર પણ વાગી જાત!" સુનંદાએ આ પ્રમાણેનો જવાબ તો આપ્યો, પરંતુ અદ્યાપિ લજ્જા અને ભયથી તેનું હૃદય એટલું બધું ધડકતું હતું કે, તેની છટા

તેના મુખમંડળમાં સ્પષ્ટ દેખાઈ આવતી હતી; અર્થાત્ એક કવિની—

“ થે કહાં રાતકો આઇના તો લેકર દેખો;
ઔર હોતી હય ખ઼તાવારોંકી સૂરત કયસી ! ”

એ ઉપાલંભાત્મક ઉક્તિનો તેનામાં અક્ષરે અક્ષર સાક્ષાત્કાર થતો હતો. શારદા જો કે સમસ્ત ભેદને જાણુતી હતી, છતાં અત્યારેજ એ ભેદનો સ્ફોટ કરી સુનંદાના હૃદયમાં વિશેષ આઘાત કરવાનું તેણેયોગ્ય ન ધાર્યું અને તેથી સુનંદા પોતાના કૃત્યથી સર્વને અજ્ઞાન જાણીને મુક્તિનો શ્વાસ ભરવા લાગી. શારદા અને કપિંજલાના મૌનથી તેના હૃદ્ય-ભયનો લોપ થઇ ગયો; એટલુંજ નહિ, પણ જ્યારે તેણે રાતે બની ગએલા ભયંકર બનાવની વાત સાંભળી, ત્યારે તે પોતાની બહેન અને તેના કુટુંબને ભયમાંથી મુક્ત થએલાં જાણી પરમેશ્વરનો અંતઃકરણ પૂર્વક આભાર માનતી અત્યંત આનંદ દર્શાવવા લાગી. તે પાછી પોતાના ઓરડામાં આવી અને મનોગત કહેવા લાગી કે;–“કાઇ પણ પુરુષના પૂર્ણ પરિચયમાં આવી તેના ગુણ અને દોષને બરાબર જાણી લીધા વિના કેવળ વિકારવશતાથી તેની સાથે પ્રેમનો સંબંધ કરવો, એ કૃત્ય કેટલી સીમાપર્યન્ત ભયંકર અને અપ્રતિષ્ટા-કારક છે, એનો આજે મને દામોદરના દુષ્ટ કૃત્યથી સંપૂર્ણ અનુભવ મળ્યો. આજે મારાં પૂર્વજોનાં પુણ્ય આડાં આવ્યાં અને પરમાત્માએ દયા કરી તેથી જ મારા ભેદનો પ્રકાશ ન થયો અને મારી અપ્ર-તિષ્ઠા થવાનો પ્રસંગ ટળી ગયો; નહિતો આજે મારે પણ આત્મ હત્યાનોજ લજ્જાના સંરક્ષણમાટે અવશ્ય આશ્રય લેવો પડત. શય્યા

માંથી ઊઠતાં બાર વાગી જાય તે તો સારા, પણ આ જીવનના જ સદાને માટે બાર વાગી જાય તે ભૂંડા ! 'ભૂલા બમ્મન મુર્ગી ખાઇ અબ ખાઉં તો રામ દુહાઇ !' એવોજ ઘડો આજે મને મળ્યો છે. હવે બહેનના ઘરમાં રહી મારા પાપે એને પણ દુઃખી કરવામાં સાર નથી; હવે તો અહીંથી આબરૂ ઇજ્જત જાળવીને ચાલ્યા જવામાંજ વધારે માલ છે. મારૂં મન ચંચળ હોવાથી કદાચિત્ ભૂલ થઇ પણ જાય અને તેનું કોઇવાર મારી કપિંજલાને દુષ્પરિણામ ભોગવવું પડે એ સારૂં નહિ. પરંતુ અત્યારે જવાય પણ કેવી રીતે? મારા બનેવી બે ચાર દિવસના મેહમાન છે અને બહેનને શારદાદેવી વિના અન્ય કોઇ સંભાળનાર કે આશ્વાસન આપનાર નથી; એટલે જો આવા સમયમાં હું ચાલી જઇશ, તો પણ લોકો મારી નિન્દા કરશેજ. ચાલો-પંદર દિવસ કે મહિનાનો સમય વીતાડી લઇશું; પણ એથી વધારે તો અહીં ન જ રહેવું. પોતાના ઘરમાં ગમે તે કરીએ તે જૂદી વાત છે; પણ બીજાને દુઃખ ન દેવું જોઇએ. અરરે ! બિચારી કપિંજલાની પણ મારા જેવીજ દશા થવાની ને ! બહેનને સુખી જોઇને જે થોડો ઘણો સંતોષ હતો, તે પણ હવે ચાલ્યો જવાનો। સંસાર મહા ભયંકર છે; નરકનું બીજું સ્વરૂપ છે; એમ જે કહેવામાં આવે છે તે સર્વથા અસત્ય તો નથીજ. પરમાત્મા સર્વની સંસારયાત્રા સફળ કરે અને આ નરકનદીમાંથી તારીને પાર પહોંચાડે તો સારૂં ; બાકી વાતમાં વધારે માલ જેવું કાંઇ પણ નથી. પરમાત્મન્ ! કલ્યાણ કર !"

પરંતુ સુનંદાની આ વૈરાગ્યભાવના દૃઢ હતી કે ? એ પછીથી જણાશે.

* * * * * * *

પ્રાણુલાલની સ્થિતિમાં ગઇ રાતથી વધારે બગાડો થયો હતો અને સાડા નવ વાગે ડૅાકટરે તેની સ્થિતિને જોઇને એવો અભિપ્રાય આપ્યો કે;—"જો આવી જ સ્થિતિ ચાલૂ રહેશે, તો પ્રાણુલાલભાઇ ચોવીસ કલાકથી વધારે વખત જીવી શકશે નહિ; માટે કોઇ પણ પ્રકારની વ્યવસ્થા કરવી હોય તો તે કરી લેજો કે જેથી પાછળથી પશ્ચાત્તાપ કરવો ન પડે." ડૅાકટરનો આ અભિપ્રાય સાંભળીને કપિંજલા તથા શારદાના પ્રાણ પ્રયાણ કરવાની અણીપર આવી લાગ્યા; કારણકે, માણેકલાલ ઇન્દુ તથા સૅાલિસિટરને સાથે લઇને આજે સાંઝે આવવાનો હતો અને જો બીજા દિવસના પ્રારંભમાં જ પ્રાણ-લાલનો દેહાંત થાય, તો તો નૌકા તીરે આવીને જ ડૂબેલી કહી શકાય. પરંતુ શારદા અત્યંત શ્રદ્ધાળુ અને આત્મબળવતી અબળા હોવાથી તેણે ધૈર્યનો ત્યાગ ન કર્યો અને કપિંજલાને આશ્વાસન આપીને કહ્યું કે;—"બહેન કપિંજલા! તારે વિશેષ ચિન્તા કરવી જ નહિ; કારણકે, જે પરમાત્માએ અત્યાર સુધીનાં સર્વ વિઘ્નોનું નિવારણ કર્યું છે તે આપણાં હવે પછીનાં વિઘ્નોને પણ નિવારશે; જો આપણી નિષ્ઠા સારી હશે તો અવશ્ય આપણી આ શુભ ભાવના સફળ થશે અને થશેજ. અત્યારે હવે આપણે એક અન્ય વિષયનો વિચાર કરવાનો છે અને તે એ કે, સાંઝે ઇન્દુ, ઈન્દુના પિતા અને સૅાલિસિટર આદિ અતિથિઓ આવી પહોંચશે એટલે તે સર્વને આપણે ઉતારો ક્યાં આપીશું? એમનામાટે સારી સગવડ કરવી જ જોઇએ, નહિ તો આપણું સારું ન દેખાય."

"મને લાગે છે કે, સુનંદા બહેનને ઉપર બંગલીમાં જગ્યા આપીને તેના ઓરડામાં સૅાલિસિટરને અને તારા વરને ઉતારો આ-

પીએ. ઈન્દુ તો તારી સાથે રહેશે એટલે તેની ચિન્તા નથી. વળી જ્યાં આ મકાન જ ઈન્દુનું પોતાનું થવાનું છે, ત્યાં તેના રહેવાની સગવડનો વધારે વિચાર હોય જ નહિ. ઈન્દુ હવે તારો નહિ પણ મારો જ પુત્ર છે. જો તે માનશે તો તેને હું મારી સાથે જ રાખીશ. કદાચિત્ એકાદ નોકર હશે, તો નોકરોમાટે તો રહેવાની અને સૂવા બેસવાની ઘણીએ જગ્યા પડી છે. કેમ મારી આ ધારણા તને યોગ્ય લાગે છે ખરી કે? તારા પતિ અને તારા સહવાસના મનુષ્યોના સ્વભાવને તું વધારે જાણતી હોઇશ, એટલે આમાં કાંઇ અયોગ્યતા જેવું લાગતું હોય તો તારી ઇચ્છા પ્રમાણેની તેમને સર્વ વ્યવસ્થા કરી આપવાની તને પૂર્ણ સ્વતંત્રતા છે, એટલે એમાં મને કાંઇ પૂછવાની કે મારી ઇચ્છા પ્રમાણે વર્ત્તવાની અગત્ય નથી.” કપિંજલાએ પોતાનો અભિપ્રાય દર્શાવીને સર્વ ભાર શારદાના શિરપર નાખી દીધો.

“ હાલ તરત તેં જે વ્યવસ્થા કરી છે તે યોગ્યજ છે, અને જો ઈન્દુના પિતાનો વધારે દિવસ અહીં રહેવાનો વિચાર થશે કિંવા યોગ્ય કારણોને લઇને તેમને વધારે દિવસ અહીં રહેવુંજ પડશે અને અહીંની વ્યવસ્થા તેમને અનુકૂળ નહિ જણાય, તો પછી ભાડાનું કોઇ સારૂં મકાન રાખી લઇશું. પણ આ વિશે સુનંદા બ્હેનને અત્યારેજ જણાવીને સાંઝે હું સ્ટેશનપર તેમને લેવામાટે જાઉં તે પૂર્વેજ સર્વ વ્યવસ્થા થઇ જવી જોઇએ. કારણ કે, તેઓ લગભગ છેંતાળીસ કલાકનો અખંડ પ્રવાસ કરીને આવશે એટલે તરતજ તેમને વિશ્રાંતિની અગત્ય પડશે; એટલુંજ નહિ, પણ હું સ્ટેશનપર જવા નીકળું એટલે પાછળથી તું ઉનું પાણી અને ચાહ વગેરે તૈયાર કરી

રાખજે, કે જેથી તેમના પરિશ્રમનો પરિહાર થાય." શારદાએ આપવાની હતી તે સર્વ સૂચના આપી દીધી.

"શારદા ! તું હવે જે ભાવે તે જરા જમી લે અને પછી એ ત્રણ કલાક સૂઇ જા; કારણકે, ઠેઠ પરમ દિવસથી તેં જરાપણ વિશ્રાંતિ લીધી નથી એટલે તારી કોમળ પ્રકૃતિમાં ક્યાંક વિકૃતિ ન થઇ જાય, એનો મને ઘડી ઘડી વિચાર થયા કરે છે. જમ્યા પછી તું સૂઇ જઇશ એટલે હું સુનંદાને કહીને સર્વ વ્યવસ્થા કરી નાખીશ. એની હવે તારે ચિંતા ન કરવી." કપિંજલાએ શારદાના ચિંતા-ભારને ઘટાડ્યો.

"અને લક્ષ્મણ તેના શેઠની પ્રકૃતિને સારી રીતે જાણતો હોવાથી તેને કહેજે એટલે જે વસ્તુની અગત્ય હશે તે સર્વ વસ્તુઓ તે લાવીને હાજર રાખશે." શારદાએ એક વિશેષ સૂચના આપી.

એ પછી શારદા માત્ર દાળભાતના ચાર કોળિયા ખાઇને પોતાના ઓરડામાં આવી નિદ્રાવશ થઇ ગઇ અને ચિન્તાનો ઘણોક ભાર હૃદયમાંથી ઓછો થઇ ગએલો હોવાથી તેને પડતાંની સાથે એકદમ ગાઢ નિદ્રા આવી ગઈ. તે જ્યારે નિદ્રામાંથી જાગૃત થઇ તે વેળાયે લગભગ સાડાચાર વાગી ગયા હતા, અર્થાત્ તેણે પાંચ કલાક નિદ્રામાં વીતાડ્યા અને તેથી તેના શરીરમાં કાંઇક નવીન સ્વસ્થતા આવી હોય એમ દેખાવા લાગ્યું. તેણે લક્ષ્મણને બોલાવ્યો અને ચાહ લાવવાની આજ્ઞા કરી. ચાહ પીધા પછી તે કપડાં બદલીને સ્ટેશનપર જવાની તૈયારી કરવા લાગી. લક્ષ્મણ ગાડી લાવ્યો અને પાંચ ને પચીસ મિનિટે તે સ્ટેશનપર જવાને રવાના થઇ. લક્ષ્મણે કહ્યું કે;–"હું સાથે આવું, બા ?" એના ઉત્તરમાં શારદાએ કહ્યું

કે;–" અહીંની સર્વ વ્યવસ્થા કરી રાખજે; સ્ટેશનપર આવવાનું કાંઇ પ્રયોજન નથી."

ગાડીખાતાથી કરાચીનું સિટી સ્ટેશન નિકટમાંજ હોવાથી પાંચ મિનિટમાં તો તે સ્ટેશનપર આવી પહોંચી અને પ્લૅટફૉર્મપર ટ્રેનના આગમનની વાટ જોતી ધીમી ધીમી ફરવા લાગી, કે જેથી બેસી રહેવાથી જે કંટાળો આવે છે તે પોતાને ન આવે. વાતાવરણ અને સ્થાનના પરિવર્તનથી મનુષ્યના મનોભાવ અને વિચારોનું પણ કેટલેક અંશે પરિવર્તન થઇ જાય છે, એ તાત્ત્વિક નિયમનો અત્યારે બહુ અંશે શારદાના હૃદયને સાક્ષાત્કાર થવા લાગ્યો. અત્યાર સુધી તેના મનમાં પ્રાણુલાલના ગૃહની વ્યવસ્થા અને ગત રાત્રિયે બનેલી ભયંકર ઘટના વિશેના વિચારોજ રમી રહ્યા હતા, તેમના સ્થાનમાં હવે સ્ટેશનપર આવતાં માણેકલાલ અને ઈન્દુ વિશેના વિચારો આવવા લાગ્યા. તે પોતાના મનમાં કહેવા લાગી કે;–" મારા પ્રાણુનાથને આટલા દિવસ પછી મારા સમાગમનો પ્રસંગ મળવાથી કેટલો બધો આનંદ થશે અને મારો લાડકવાયો ઇન્દુ તો મા મા કહીને કૂદતો ઉછળતો મારા ગળેજ આવીને બાઝી પડશે. અરેરે પતિ અને પુત્રનો આટલા દિવસનો વિયોગ કદાપિ જોયો નહોતો, તે આ સુખી કપિંજલાના કારણથી જોવો પડ્યો. પરંતુ જો કપિંજલાનું કલ્યાણ થઇ જાય, તો આ વિયોગની પણ ચિન્તા નહિ. પરંતુ મારા પતિ અને પુત્રને અહીં બોલાવવાનો અને એ નિમિત્તે તેમના સંયોગનો સત્વર પ્રસંગ મળ્યો, એ પણ મારાં સદ્‌ભાગ્ય ! નહિતો જ્યારે મુંબઇ જવાનો સમય આવત, ત્યારેજ આ સુખનો લાભ પાછો મળી શકત. હવે તો પાછાં સાથેજ મુંબઇ જઇશું, એટલે પ્રવાસ પણ અતિશય

આનંદદાયક અને ઉત્સાહવર્ધક થઇ પડશે. જો બનશે તો માર્ગમાં મેવાડ અને આબૂ આદિ ઇતિહાસપ્રસિદ્ધ સ્થાનો પણ જોતાં જઇશું. કરાચીમાં પણ મારાથી ક્યાંય ફરવા નીકળી શકાયું નથી, તે પણ હવે નીકળી શકાશે અને બધાં સાથે હઈશું એટલે વળી ઓર આનંદ આવશે. આજની રાત તો વાતોમાંજ વીતી જશે, અને આવતી કાલે દત્તકવિધાનનો સમારંભ થશે, એટલે એ બે કાર્ય થઇ જવા પછી જરા વિશ્રાંતિ અને શાંતિનો અવસર આવશે." આ પ્રમાણેના મનોરાજ્યમાં ભ્રમણ કરતાં કેટલોક સમય વીત્યો અને શારદાએ ઘડિયાલમાં જોયું તો હજી પોણા છ વાગ્યા હતા. ટ્રેનના આગમનમાં પંદર મિનિટનો અવકાશ હતો, પણ એ પંદર મિનિટ તેને પંદર દિવસ સમાન ભાસવા લાગી. ખરેખર પ્રિયજનોના દર્શનની આતુરતા કિંવા ઉત્કંઠા એવાજ પ્રકારની હોય છે, અને શારદા જેવી એક પ્રેમમૂર્તિ અબળાના હૃદયમાં તેની વિશેષતા હોય તો તે સર્વથા સ્વાભાવિક અને નૈસર્ગિકજ કહી શકાય.

કોઇના હૃદયમાં આતુરતા હોય કિંવા સંતોષાત્મક આનંદ હોય, પણ કાળ તો પોતાનું અનવરોધ ગમનકાર્ય કર્યાજ કરે છે. પંદર મિનિટનો આવકાશ પણ પૂરો થયો અને કેન્ટોન્મેન્ટ સ્ટેશનપરથી યથા સમય ઉપડેલો કવેટામેલ રાઇટ ટાઇમે આવી પહોંચ્યો. ટ્રેન જે વેળાએ આવીને ઊભી રહી તે વેળાએ માણેકલાલ તો ડ્રેસ કરીને ઉતરવાને તૈયાર ઉભો હતો, પણ મંગળદાસે હજી કોટ અને પાઘડી આદિ પહેર્યા ન હોતાં. તે પણ ઉતાવળથી તૈયાર થઇ ગયો અને સર્વ પ્રવાસીઓ પ્લૅટ્‌ફૉર્મપર ઊતર્યા. ઇન્દુએ ટ્રેન હજી કાંઇક મોશનમાં હતી ત્યારથી જં, પોતાની માતાને જોઇ હતી એટલે તે તો ઉતર-

તાંની સાથેજ દોડીને શારદા પાસે ગયો અને શારદાએ તેને બન્ને હાથો વડે ઉપાડી લેતાં તે માતાના ગળામાં હાથ નાખીને પોતાના સ્નેહને વ્યક્ત કરવા લાગ્યો. પતિપત્નીએ સ્મિત છટા અને નેત્રપલ્લવી ભાષાથી પરસ્પર અભિનંદન કર્યું અને મંગળદાસે શારદાને અત્યંત વિવેકથી કુશળસમાચાર પૂછ્યા. એટલામાં પોર્ટરે સામાન ઉપાડવાનું પૂછ્યાથી શારદાએ તે ઉપાડવાની આજ્ઞા આપી. તે સર્વ પ્લૅટ્ફૉર્મપરથી બહાર આવ્યાં. ત્યાં સામાન એક જૂદી ગાડીમાં રખાવી તેમાં બે નોકરોને બેસાડીને શારદા પોતે જે ગાડીમાં આવી હતી તે ગાડીમાં શારદા, માણેકલાલ, મંગળદાસ અને ઇન્દુ બેઠાં. શારદા અને માણેકલાલ પાછળ અને મંગળદાસ તથા ઇન્દુ એટીકેટ પ્રમાણે તેમની સ્હામા બેસી ગયા. એ ગાડી આગળ અને સામાન તથા નોકરોવાળી ગાડી તેની પાછળ ચાલવા લાગી. ગાડી ચાલ્યા પછી શારદાએ સાધારણ ભાવથી પૂછ્યું કે;–"પ્રવાસમાં કાંઇ દુઃખ તો ભોગવવું પડયું ન હોતું ને? કારણ કે, મારવાડ જંકશનથી હયદરાબાદ સિંધ સુધીનો પ્રવાસ જરાક વિષમ છે."

"મારવાડ જંકશન્ છોડયા પછી ગઇ કાલે એવો તો સખત ઠાર પડવા માંડયો હતો કે આટલાં ગરમ કપડાં પહેરેલાં છતાં અને આવા સારા રગ્સ્ ઓઢેલા હોવા છતાં પણ ટાઢથી શરીર ધ્રૂજ્યા કરતું હતું અને કપડાં તથા રગ્સ્ પણ શીતળ થઈ જતાં હતાં. મને મારા કરતાં ઈન્દુની જ વધારે ચિંતા થયા કરતી હતી કે કયાંક એ કોમળ બાળક માંદો થઇ ન જાય! પણ પરમેશ્વરે કલ્યાણ કર્યું અને નિશાનો નિર્વિઘ્ન અંત આવી ગયો." માણેકલાલે કહ્યું.

"ખરેખર આવો ઠાર તો મેં માથેરાન કે મહાબળેશ્વરમાં પણ જોયો કે અનુભવ્યો નહોતો. હું તો ધારૂં છું કે, જેની પાસે

શરીરના રક્ષણનાં સારાં સાધનો ન હોય, તે તો આ ઠારમાં સૂકાઇને મરી જ જાય અને એવા બનાવો એ લાઇનપર બનતા પણ હશેજ." મંગળદાસે પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

"એ મારવાડ દેશ અથવા મરુભૂમિમાંનો પ્રવાસ ગ્રીષ્મ અને શરદ્ ઉભય ઋતુઓમાં મહાત્રાસદાયક હોય છે. ગ્રીષ્મઋતુમાં ઉષ્ણતાની એવી તો પ્રચંડતા હોય છે કે, જો દુર્ભાગ્યયોગે દિવસના સમયમાં એ ભમિમાંથી નીકળવાનો પ્રસંગ આવે, તો નરકયાતનાનો સાક્ષાત્કાર થાય છે; અને શરદ્ઋતુમાં શીતળના પણ એવીજ અસહ્ય હોય છે. ઉભય ઋતુઓમાં અત્યંત ઉષ્ણતા અને અત્યંત શૈત્યના પરિણામે ટ્રેનમાં ઘણીવાર કેટલાંક મનુષ્યો મરી જાય છે, પણ એમાં કોઇનો કાંઈ ઉપાય ન હોવાથી રેલ્વેવાળાઓ બિચારા શું કરે? પણ ધન્ય તો છે તેમને કે જેઓ પોતાના જન્મકાળથી મરણ પર્યન્તનો સમય મારવાડમાં જ વીતાડે છે અને એ ત્રાસને આનંદથી સહન કર્યા કરે છે." શારદાએ વિવેચન કર્યું.

"એ તો શરીરનો એવો ધર્મ જ છે કે, જેવી ટેવ પાડીએ તેવી પડે. ગ્રીષ્મઋતુમાં એકવાર હું કોઇટા કાંઇ કામ સર ગયો હતો અને ત્યાં જોયું તો મે અને જૂનમાં તો એવી શીતલતા હતી કે મુંબઇમાં એટલો ઠંડો શિયાળો પણ થતો નથી. શિયાળામાં તો ત્યાં એટલું બધું બરફ પડે છે કે લોકો ત્યાંથી સિબી ચાલ્યા જાય છે; કારણ કે, તેમનાથી ત્યાં રહી શકાતું જ નથી. પણ ત્યાંના મૂળ નિવાસી જે પઠાણો છે, તેમનાં ન્હાનાં ન્હાનાં બાળકો પણ ખુલ્લા પગે બરફપર દોડયા કરે છે અને રમ્યા કરે છે, છતાં તેમને કશો

પણ અપાય થતો નથી અને બીજા દેશના લોકો ઘણીકવાર રાતે ટાઢમાં સૂકાઇને રામશરણ થઇ જાય છે. લાંબા વખતની ટેવ તે સ્વભાવજ થઇ જાય છે એમ જે કહેવામાં આવે છે તે ખોટું તો નથી જ. તેમાં પણ વળી જે વંશપરંપરાની ટેવ સંતાનોમાં ઉતરતી આવે છે તે તો એટલી બધી વિલક્ષણ હોય છે કે બીજાને તેના નિરીક્ષણથી આશ્ચર્ય થયા વિના રહેજ નહિ. અર્થાત્ ઉષ્ણ પ્રદેશના નિવાસીને શીત પ્રદેશ અનુકૂળ થતો નથી અને શીત પ્રદેશના નિવાસીને ઉષ્ણ પ્રદેશ સર્વથા પ્રતિકૂળ થઇ પડે છે. પ્રત્યેકને પોતાના દેશથી વિરુદ્ધ વાતાવરણમાં વસવાની ખાસ ટેવ પાડવી પડે છે અને તે ટેવ લાંબો વખત ગયા વિના પડી શકતી નથી. અરે-લાંબી વાત શામાટે? જેણે આખો જન્મારો મુંબઇ જેવા સમશીતોષ્ણ પ્રદેશમાં કાઢ્યો હોય, તેને અમદાવાદનો શિયાળો અને ઉન્હાળો પણ મહા ત્રાસદાયક થઇ પડે છે અને એનો મને પણ અનેકવાર અનુભવ મળી ચૂક્યો છે. અહીં પણ શીતલતા છે તો ખરીજ; કારણ કે, મેં વાંચેલું છે કે, સિંધમાં પણ શિયાળો તથા ઉન્હાળો બન્ને સખત થાય છે." મંગળદાસે માનવપ્રકૃતિનું વિવેચન કરી સંભળાવ્યું.

પોતાનાં માતા પિતા અને મંગળદાસનો જે વાણીવિનોદ ચાલતો હતો તેનું શાંતિથી શ્રવણ કરતો ઇન્દુ મૌન ધારીને બેસી રહ્યો હતો. કેટલાક બટકબોલા અને લવરીખોર બાળકો પ્રમાણે તેમના વાર્ત્તાલાપની વચ્ચે ઇન્દુએ એક શબ્દમાત્રનો પણ ઉચ્ચાર કર્યો નહિ અને પોતાના પુત્રના એ સદ્ગુણને જોઇને સુશીલ શારદા અંતઃકરણમાં અત્યંત આનંદ પામવા લાગી. પ્રાણલાલનું ઘર આવ્યું અને ગાડીવાળાએ ગાડી ઊભી રાખી. દ્વારમાં લક્ષ્મણ પોતાના સ્વામીના આવવાની

વાટ જોતોજ ઊભો હતો, અને તે **માણેકલાલ** તથા **મંગળદાસને** તેમનામાટે તૈયાર કરી રાખેલા ઓરડામાં બેસાડી આવ્યો; અને ત્યારપછી સામાન વગેરે ઉતરાવી ગાડીવાળાઓને ભાડું આપીને વિદાય કર્યાપછી સર્વ વસ્તુઓ તેણે યોગ્ય સ્થળે ગોઠવી દીધી. કપિંજલા પણ દ્વારની પાછળ, આવેલા અતિથિઓને જોવામાટે, લપાઇને ઉભી હતી, એટલે **શારદા** અને ઇન્દુ જેવા તેની પાસે આવ્યાં કે તરત તેણે ઇન્દુને ઉચકીને તેડી લીધો અને હર્ષથી તેના ગાલોને પોતાના ચુંબનથી ભીંજાવવા મંડી ગઇ. ઇન્દુએ પૂછ્યું કે;–" તમે મારા ગાલને ચુંબનથી શામાટે ભીંજાવો છો વારૂ !"

" કારણ કે, મારી કપિંજલા હવે તારી માતા થવાની છે !" **શારદાએ** ઇન્દુના કોમળ હસ્તને પોતાના હસ્તમાં લઇને કહ્યું.

" ત્યારે એક મારી **શારદા** મા, બીજાં ગુલાબ મા અને ત્રીજાં આ કપિંજલા મા–ત્રણ માનો હું એક પુત્ર; ત્યારે તો ત્રણે મા મળીને ઇન્દુને ખૂબ લાડ લડાવશે અને ઇન્દુભાઇ બહુ મોંઘા ભાવના થઇ જશે." ઇન્દુએ ઉદ્દગાર કાઢ્યો.

આ વિનોદ આટલેથીજ અટક્યો, ઇન્દુ પોતાના પિતા પાસે ચાલ્યો ગયો અને **શારદા** તથા કપિંજલા અતિથિસત્કારના કાર્યમાં રોકાઇ ગઇ. રતનબાઇ નીચે આવી શકી નહોતી; કારણ કે, **પ્રાણલાલની** દશા સારી ન હોવાથી તેને એક પળનેમાટે પણ વીલો મૂકી શકાય એ અશક્ય હતું. અતિથિઓના શ્રમનો પરિહાર થયા પછી **શારદા** આવીને **માણેકલાલ** પાસે બેઠી અને તેણે સૉલિસિટર સાથે ઇન્દુને લઇને તેને શામાટે બોલાવ્યો હતો એનો વૃત્તાંત તેમજ ગત રાત્રિમાં બનેલી ભયંકર ઘટનાનો વૃત્તાત અથથી ઇતિપર્યન્ત કહી સંભળાવ્યો

અને તે સાંભળ્યાપછી શારદાની ઇચ્છાને જાણીને ઇન્દુને પ્રાણલાલનો દત્તક કરવામાટેની માણેકલાલે તત્કાળ અનુમતિ આપી દીધી.

પ્રકરણ ૧૫ મું.

દત્તકવિધાન

"मातापिता वा दद्यातां यमाद्भिः पुत्रमापदि ।
सदृशं प्रीतिसंयुक्तं स ज्ञेयो दत्रिमः सुतः" ॥

मनुः अ. ९ श्लो. १६८.

શારદાએ રાત્રીના ભોજન પછી તરતજ સૉલિસિટર મંગળદાસને, તેમને જે વિલના કાર્યમાટે મુંબઈથી ખાસ બોલાવવામાં આવ્યા હતા તે વિલમાં નાખવાના પૉઇન્ટ્સ બતાવીને રાત્રેજ વિલ લખીને તૈયાર કરવાનું જણાવ્યું. ત્યાંની સર્વ પરિસ્થિતિ જાણવામાં આવી ગએલી હોવાથી પ્રવાસનો અત્યંત પરિશ્રમ હોવા છતાં પણ મંગળદાસે રાતે લગભગ બે અઢી વાગ્યા સુધીનું જાગરણ કરીને વિલ-મૃત્યુપત્ર-લખીને તૈયાર કરી રાખ્યું કે જેથી પ્રભાતમાં તેનો ઉપયોગ કરી શકાય અને સમય હાથમાંથી નકામો ન જતો રહે. અસ્તુ; રતનબાઇ જે વિદ્વાન્ બ્રાહ્મણને ત્યાં બે દિવસ પૂર્વે જઇ આવી હતી, તે વિદ્વાન્ બ્રાહ્મણને પ્રભાત થતાંજ બોલાવવામાં આવ્યો અને દત્તકવિધાનમાટે જોઇતી વસ્તુઓ પણ મગાવવામાં આવી. ન્યાતના

તેમજ અન્ય જ્ઞાતિના પાંચ સાત પ્રતિષ્ઠિત ગૃહસ્થોને પણ આમંત્રણ કરીને બોલાવ્યા હતા એટલે એ સર્વના દેખતાં સર્વની સાક્ષીથી દત્તકવિધાનના કાયની નિર્વિઘ્ન સમાપ્તિ થઇ અને **માણેકલાલ** તથા **શારદા**નો પુત્ર ઇન્દુ **પ્રાણલાલ** તથા કપિંજલાનો દત્તક પુત્ર અથવા કૃત્રિમ પુત્ર થયો. મધ્યાન્હ પછી **માણેકલાલ** તથા **મંગળદાસ**ને સાથે લઇને **શારદા** મિસ્ટર **જોન્સ** પાસે ગઇ અને તેના ઉપદેશથી ત્યાંના પ્રખ્યાત વકીલ **રેમંડ**ને આ કેસમાં સામેલ કરી રજીસ્ટ્રારને સાથે લઇને તે સર્વ પાછાં **પ્રાણલાલ**ને ત્યાં આવ્યાં. **પ્રાણલાલ** આ વેળાએ પૂર્ણ શુદ્ધિમાં હતો અને તેથી તેણે એ સર્વના દેખતાં મૃત્યુપત્રપર પોતાના હસ્તાક્ષરો કરી આપ્યા અને તેપર ત્યાંજ રજીસ્ટ્રાર અને **જોન્સ** આદિની સાક્ષી તરીકેની સહીઓ પણ થઇ ગઇ. મૃત્યુપત્ર એવા આશયનું લખાયલું હતું કે, **પ્રાણલાલ**ની સર્વ સંપત્તિનો ઉત્તરાધિકારી **ઇન્દુ** હોવાથી તે વયમાં આવતાં તેને સંપત્તિનો સર્વ અધિકાર આપી દેવો અને તે વયમાં ન આવે ત્યાંસુધી **રતનબાઇ**, કપિંજલા, **શારદા**, **માણેકલાલ** અને **મંગળદાસ** આદિએ ટ્રસ્ટી તરીકે રહીને સંપત્તિની યોગ્ય સંભાળ તથા વ્યવસ્થા રાખવાનું કાર્ય કરવું. એ ઉપરાંત કાયદા પ્રમાણે જે જે કલમો વિલમાં લખાવી જોઇએ, તે તો લખાયલી હતીજ; પણ મૂળ ભાવાર્થ આટલો હતો અને વિલમાં ઈન્દુને **પ્રાણલાલ**ના દત્તક પુત્ર તરીકે ઓળખાવેલો હતો. એ વિલ એજ દિવસે કોર્ટમાં રજીસ્ટર્ડ પણ થઈ ગયું અને તેથી **શારદા**ના સર્વ ચિન્તાભારનો અંત આવી ગયો. આ સર્વ વ્યવસ્થાનું કાર્ય નિર્વિઘ્ન સિદ્ધ થઇ જતાં કપિંજલા પણ પ્રસન્ન થઈ અને તે **શારદા**ને અંતઃકરણપૂર્વક અનેકશઃ ધન્યવાદ આપવા લાગી. પોતાના વંશના નામને અવિચલ રાખવાના ઉપાયને ફળીભૂત થએલો

જોઇને રતનબાઇના મનમાં પણ કાંઈ જેવો તેવો સંતોષ થયો નહિ. એ દિવસ વીત્યો; અને આગલા દિવસ કરતાં પ્રાણુલાલની સ્થિતિ પ્રભાતથીજ મંદ થવા લાગી, અને તે એટલે સુધી કે, અગિયાર વાગતાંમાં તો તેણે ભયનાં ચિન્હો દર્શાવવા માંડયાં.

શારદાએ કપિંજલાને કહ્યું કે;—"કપિંજલા! અત્યારે અને આ ક્ષણે જ તારાં જે સારામાં સારાં વસ્ત્રો હોય તે પરિધાન કર અને અલંકારોને પણ ધારણ કરી લે. વિલંબ ન કરીશ; જરા આપણે બહાર જવાનું છે."

"પણ સારાં વસ્ત્રો અને અલંકારોને ધારણ કરવાનું શું કારણ છે? સારો સાલ્લો પહેરી લીધો હોય, તો ન ચાલે? હૃદયમાં શોકની ગગનગામિની જ્વાળા બળતી હોય ત્યાં વસ્ત્રાલંકારોથી આ નશ્વર શરીરને શૃંગારવાની ઇચ્છા કેવી રીતે થઇ શકે વારૂ? શારદા! તું મારા હૃદયની વેદનાને નથી જાણતી?" કપિંજલાએ વસ્ત્રાલંકારોને ધારવામાટેની અનિચ્છા દર્શાવતાં ઉત્તર આપ્યું.

"કપિંજલા! અત્યારે વાદવિવાદ કરવાનો સમય નથી. હું કહું છું તેમ કર અને સત્વર મારી સાથે ચાલ." શારદાએ એક પ્રકારના સત્તાત્મક સ્વરથી કહ્યું.

કપિંજલાનો ઉપાય નહોતો. જો કે શારદાની આ ચેષ્ટા તેને અસામયિક અને અયોગ્ય જણાઇ, તો પણ તેના પોતાપર અનેક ઉપકારો થએલા હોવાથી તેની અયોગ્ય ઇચ્છાને પણ માન આપવું જોઇએ, એમ ધારી કપિંજલાએ વિશેષ પ્રશ્નોત્તર ન કરતાં પોતાના ઓરડામાં જઇને ઉત્તમ વસ્ત્ર અને અલંકારો ધારણ કરી લીધાં. તે જ્યારે પોતાના આ મનોહર વેશમાં આવીને શારદા સમક્ષ ઉભી

રહી, તે વેળાયે તેને જોતાં જ શારદાનાં નેત્રામાંથી બે ચાર અશ્રુબિન્દુ ખરી પડયા, પણ પોતાના એ આંતરિક શોકને તેણે વિશેષ દૃશ્ય રૂપની પ્રાપ્તિ થવા દીધી નહિ. તેણે પોતાની સખીને કહ્યું કે;– "કપિંજલા! ચાલ, આપણે આટલામાં જરા ફરી આવીએ; હમણાંજ આપણે પાછાં આવીશું; રતનબાઇને મેં કહી રાખ્યું છે એટલે મનમાં ખટકો રાખીશ નહિ."

"પણ શારદા! મારા પતિ આવી ભયંકર સ્થિતિમાં છે અને લોકો મને આવી રીતે ઠાઠમાઠ કરીને બહાર નીકળેલી જોશે, તો મારા વિશે શું ધારશે અને શું બોલશે, એની તેં કશી પણ કલ્પના કરી છે ખરી કે? વિના કારણ મને નિંદાપાત્ર શામાટે બનાવે છે વારૂ?" છેવટે પોતાનું મન ન માન્યાથી કપિંજલાએ હૃદયના ભાવને વ્યક્ત કરી નાખ્યો.

"કપિંજલા! આપણા જનસમાજની રૂઢિને તું જાણે છે અને હું નથી જાણુતી, એવી જો તારી ધારણા હોય તો તે ખોટી ધારણા છે. આપણે વધારે દૂર જવાનું નથી; પંદર કે વીસ મિનિટમાં તો આપણે પાછાં આવતાં રહીશું." શારદાએ આશ્વાસન આપ્યું.

"ભલે જેવી તારી ઇચ્છા;" કપિંજલા શારદાની ઇચ્છાને આધીન થઇ.

શારદા અને કપિંજલા બંદર રોડપર આવીને કચેરીરોડ તરફ વળી અને ત્યાં નાકાપરની બિલ્ડીંગમાં જ નારાયણદાસ ડુમરાઇ, આર્ટિસ્ટ અને ફોટોગ્રાફરની દુકાન આવતાં શારદાએ તે દુકાનમાં પ્રવેશ કર્યો, અને કપિંજલા પણ તેની પાછળ ગઇ. ફોટોગ્રાફરે તેમને મા-

નસહિત બેસાડયાં અને પૂછ્યું કે;—" આજે સવારમાં ચિટ્ઠી આપેજ મોકલી હતી કે ?"

" જી હા-મેં જ ચિટ્ઠી મોકલી હતી અને હું આશા રાખું છું કે, આપ સાહેબે સર્વ તૈયારી કરીજ રાખી હશે." શારદાએ ઉત્તર આપ્યું.

" મેં કેમેરા વગેરે સાધનો ગોઠવીને તૈયાર રાખ્યાં છે; અને આપને માત્ર પાંચ સાત મિનિટ જ રોકાવું પડશે; વધારે વાર લાગશે નહિ." ફોટોગ્રાફરે સભ્યતાથી ઉત્તર આપ્યું.

ફોટોગ્રાફર તેમને દુકાનની પાછળના ખુલ્લા ચોકમાં લઇ ગયો અને ત્યાં કુરસી, ટેબલ, બૅકગ્રાઉન્ડ તથા કેમેરા આદિ ફોટોગ્રાફ પાડવાનાં સાધનો ગોઠવેલાં તેમનાં જોવામાં આવ્યાં. ખુલ્લી જગ્યામાં એ સાધનોને ગોઠવાયલાં જોઇને શારદાએ પ્રશ્ન કર્યો કે;–" આવી ખુલ્લી જગ્યામાં લીધેલા ફોટો સારા આવી શકે છે ખરા કે ? સ્ટૂડિયો શામાટે નથી રાખતા ? સ્ટૂડિયોમાં લાઇટ શેડ આદિ જોઇએ તેટલા યોગ્ય પ્રમાણમાં આવી શકતાં હોવાથી ફોટો આર્ટની દૃષ્ટિથી વધારે સારા થાય છે. ખુલ્લી જગ્યામાં લીધેલા ફોટોનું કેટલીક વાર સારૂં રિઝલ્ટ આવતું નથી; એ તો હું ધારૂં છુંકે, આપ જાણુતાજ હશો."

નારાયણદાસ ફોટોગ્રાફર કરાચીમાં પંદર વર્ષથી ફોટો પાડવાનો ધંધો કરતો હતો અને તેથી અનેક વાર સ્ત્રીઓની છબિ પાડવાનો પ્રસંગ પણ તેને પ્રાપ્ત થયો હતો, પરંતુ કોઇ સ્ત્રીએ ફોટોગ્રાફીના આર્ટ વિશે આટલું વિવેચન કર્યું હોય, એ બનાવ આજે પ્રથમ વાર જ બન્યો હતો. તે પ્રથમ તો જો કે કાંઇક આશ્ચર્યચકિત થઇ

ગયો, પરંતુ શારદાના મનમાં તેના એ મૌનથી કાંઇ વિરુદ્ધ અભિપ્રાય ન થઇ જાય એટલામાટે તે સભ્યતા પૂર્વક કહેવા લાગ્યો કે;—"શ્રીમતી ! આ મકાન ભાડાનું છે અને મકાનનો માલિક પાંચ કે દશ વર્ષનું એગ્રીમેન્ટ કરી આપવાની ના પાડે છે એટલે હજાર પંદરસેં રૂપિયા ખર્ચીને સ્ટૂડિયો બંધાવીએ અને થોડા દિવસમાં કદાચિત્ મકાન ખાલી કરવાની નોટિસ્ મળે, તો ખર્ચ માથે પડે એટલામાટે સ્ટૂડિયો બંધાવ્યો નથી. છતાં એટલું તો હું નિશ્ચય પૂર્વક કહી શકું છું કે, આપને આપના જે ફોટોગ્રાફ મળશે તે જોઇને અવશ્ય આપ સંતુષ્ટ થશો અને એ ફોટો સ્ટૂડિયોમાં પાડેલો નથી, એમ કોઇ ભાગ્યે જ કહી શકશે. પૈસા પણ આપને સંતોષ થાય ત્યારે જ મોકલજો; હું ઍડવાન્સ્ પણ લઇશ નહિ."

"હું પણ એમજ ઇચ્છું છું કે, આપની કળા અને કુશળતાથી અમને સંતોષ મળે અને એક હિંદુ ફોટોગ્રાફર વિશે અમારાથી અભિમાન દર્શાવી શકાય." શારદાએ શુભ ભાવના દર્શાવી.

એ પછી ફોટોગ્રાફરે તેમની બે પ્લેટ લઇને તેમને શોરૂમમાં બેસાડયાં અને ડિવિલપ્ કરો કાચ—નેગેટિવ્સ્—તેમને બતાવી બે માંથી જે કાચ તેમને વધારે પસંદ હોય તેપરથી ફોટો તૈયાર કરવાની ઇચ્છા દર્શાવી. શારદાએ કહ્યું કે;–"આપને જે નેગેટિવ્ વધારે પસંદ હોય તેપરથી છબીઓ તૈયાર કરજો; કૉપી એક ડઝન કાઢજો અને ચાર પાંચ દિવસમાં તે અમને મળી જાય એટલી કૃપા કરજો; કારણ કે, હું પાંચ છ દિવસમાં મુંબઇ જવાની છું એટલે તે પુર્વેજ છબી તૈયાર થઇ જાય તો સારૂં."

"ચિન્તા નહિ; જો કે, ઊતાવળ તો કરવી પડશે, પણ આપને

પાંચ દિવસમાં છબીઓ આપીશ. છબીઓ તૈયાર થતાં આપની પાસે મોકલીશ અને આપ પસંદ કરશો ત્યાર પછીજ બિલ મોકલીશ." ફોટોગ્રાફરે જણાવ્યું.

"થેંક્યૂ ફૅાર યૉર્ કાઇન્ડનેસ્ ઍન્ડ્ બ્રૉડમાઇન્ડેડ્નેસ્! અમે હવે રજા લઇશું." શારદાએ ઉપકાર માનીને જવાની ઇચ્છા દર્શાવી

"પધારજો; અને સેવકને યોગ્ય જે સેવા હોય તે દર્શાવજો." ફોટોગ્રાફરે સંપૂર્ણ વિવેક દર્શાવ્યો.

બન્ને સખીઓ તરત ઘેર આવી પહોંચી; કારણ કે, ત્યાંથી કપિંજલાનું મકાન કાંઇ વધારે દૂર હતું નહિ. ઘેર આવ્યા પછી વસ્ત્રો તથા અલંકારો ઉતારતાં કપિંજલાએ શારદાને ઉદ્દેશીને કહ્યું કે-"બહેન શારદા! આજે આવા સમયમાં વળી ફોટો ઉતરાવવાની કલ્પના તારા મસ્તિષ્કમાં ક્યાંથી ફૂટી આવી? શું આ અવસર આવાં વિલાસસાધનોની એકત્રતા કરવાનો છે? મને તો બાઇ! તારી આજની આ વિલક્ષણ ચેષ્ટા જરા પણ ન ગમી!"

"કપિંજલા, અત્યાર સુધીમાં મેં તને મારા અનેક ફોટોગ્રાફ મોકલ્યા છે, પણ તેના બદલામાં તારા તરફથી એક પણ ફોટો મને મળ્યો નથી. એતો જાણે ઠીક; પણ તારો સૌભાગ્યસૂર્ય અસ્ત થવાની અણીપર હોવાથી ભવિષ્યમાં સૌભાગ્યચિન્હોને ધારણ કરવાનો અધિકાર ચાલ્યો જશે, તો એક વિધવાના દુઃખદાયક વેશમાં જ કદાચિત્ તારો ફોટો લેવડાવવો પડશે, એટલામાટે તે વદેનાવર્ધક વેળા આવે, તે પૂર્વે તારાં સૌભાગ્ય ચિન્હો સહિત તારી પ્રતિકૃતિ ઉતરાવી લેવાની મારી પ્રબળ ઇચ્છા થઇ આવતાં આજે મેં આ સાહસ કર્યું છે

અને મારી એ ધારણા યોગ્યજ છે. તેં અત્યારસુધી તારા પતિ સાથે તારો પોતાનો એક પણ ફોટો ન ઉતરાવ્યો, એ તારી મોટામાં મોટી ભૂલજ થઇ છે; કારણકે, કાળ દંપતીનો કયારે અને કઇ વેળાયે અવિચળ વિયોગ કરાવશે એનો કશો પણ નિશ્ચય ન હોવાથી એવા પ્રસંગે પતિ કિંવા પત્ની ઉભયમાંથી જે આ સંસારમાં જીવિત હોય છે તેને એ મૂક આકૃતિને જોતાં પોતાના પૂર્વ સંયોગકાળનું સુખદ સ્મરણ થાય છે અને તે થોડા સમયને માટે દુઃખનું અવશ્ય વિસ્મરણ કરાવી દે છે; કારણકે, વિયુક્ત વ્હાલાઓનું સ્મરણ એ પણ માનવજીવનનો એક મોંઘો લ્હાવો છે. મારાં આ વચનોની સત્યતાનો તને ભવિષ્યમાં કોઇવાર અનુભવ થશે અને તે વેળાયે અવશ્ય તું મને આજના મારા આ સાહસમાટે ધન્યવાદ આપીશ.” શારદાએ કપિંજલાની શંકાનું સંતોષકારક સમાધાન કર્યું.

“શારદા, તારી પ્રત્યેક કૃતિમાં આશ્ચર્યકારક દીર્ઘદષ્ટિ સમાયલી હોય છે, એ વાતને હું ભૂલી ગઇ અને તારી આજની કૃતિને મેં એક ચેષ્ટાનું નામ આપ્યું એમાટે હવે મને પશ્ચાત્તાપ થાય છે. હું આશા રાખું છું કે, જો મારાથી કાંઇ અયોગ્ય બોલી જવાયું હોય તો તું મારા તે અપરાધની ઉદારતાથી મને ક્ષમા આપીશ અને મનમાં માઠું નહિ લગાડે.” કપિંજલાએ દીનતા દર્શાવીને પોતાની ભૂલનો ક્ષમાની યાચનાથી સ્વીકાર કરી લીધો.

શારદા ત્યાંથી ઉઠીને માણેકલાલ પાસે ચાલી ગઇ અને કપિંજલાએ પતિની સેવામાં રહીને સાસૂને ગૃહકાર્યમાટે ત્યાંથી મુક્ત કરી દીધી.

સાંઝે છ વાગ્યા પછી પ્રાણલાલની પ્રકૃતિમાં ભયંકર પરિવર્ત્તન

થવા માંડયું અને આઠ નવ વાગ્યા ત્યાં તો તેની વાચા બંધ થઇ ગઇ અને બહુધા મૂર્ચ્છામાં જ તે પડી ગયો. એ મૂર્ચ્છા તે સદાની મૂર્ચ્છા જ થઇ પડી; કારણ કે, પ્રભાત પર્યન્ત જોકે તેના પ્રાણ શરીરને ત્યાગી ગયા ન હોતા, પરંતુ તે નિર્વાક્ અને નિશ્ચેષ્ટ થઇ ગએલો હોવાથી જીવન અને મરણ તેના માટે સમાન હતાં. તેની આવી દશા હોવાથી ગૃહમાંનાં સર્વ મનુષ્યોને અખંડ જાગરણનો પ્રસંગ જોવો પડયો હતો. માણેકલાલ અને મંગળદાસ જોકે પોતાના ઓરડામાં જ બેઠા હતાં, પણ કઇ ઘટિકામાં જાગવું પડશે એનો નિશ્ચય ન હોવાથી તેઓ નિદ્રાવશ થયા ન હોતા. માત્ર ઇન્દુ બાળક હોવાથી આઠ વાગ્યામાંજ જમીને નિદ્રાવશ થઇ ગયો હતો. રાતે ડૉકટર બેવાર આવ્યો અને બીજી વાર આવ્યો ત્યારે તેણે સ્પષ્ટ જણાવી દીધું કે;–" "હવે જે તૈયારી કરવાની હોય તે કરી લેજો; કારણકે, આ તલમાં તેલ જેવું કાંઇ છેજ નહિ અને જે સમય જાય છે તે પ્રાણલાલના કાળને વધારે નિકટમાં લાવતો જાય છે. જો એઓ સૂર્યોદયનાં દર્શન કરી શકે, તો તો એમનાં મહાભાગ્યજ કહી શકાય. હવે મને વારંવાર બોલાવીને વિના કારણ પૈસા બગાડવાની તેમજ પ્રાણલાલભાઇને પરિશ્રમ આપવાની કશી પણ અગત્ય નથી. હવે તો માત્ર ઇશ્વરના નામોચ્ચાર અને ધર્મકર્મનીજ આવશ્યક્તા છે." ડૉકટરનો આવો સ્પષ્ટ અભિપ્રાય જાણીને સર્વજનોએ પ્રાણલાલના જીવનની આશા ત્યાગી દીધી અને શારદા પ્રાણલાલની શય્યાપાસેની એક કુરસીપર બેસીને શ્રીમદ્ભગવદ્ગીતાનો પાઠ કરવા લાગી કે જેથી મરણોન્મુખ પ્રાણલાલનું મન ઇશ્વરના નામમાં એકામ થાય અને સંસારમાંની આસક્તિનો લોપ થતાં તેનું પારલૌકિક કલ્યાણ થઇ જાય. રતનબાઇ અને શારદાએ એક બેવાર રડવાનો પ્રયત્ન કર્યો, પણ

સુશીલ શારદાએ ‘રડવા કૂટવાથી મરણોન્મુખ મનુષ્યનું મન મરણ-સમયે સંસારમાં સંલગ્ન થાય છે અને તેથી તેને મુક્તિ મળી શકતી નથી’ ઇત્યાદિ તત્ત્વો સમજાવીને તેમને શાંત કરી દીધી, એટલું જ નહિ, પણ પ્રાણુલાલના મરણ પછી પણ રોવા કૂટવાને બદલે ઇશ્વર-ભજન કરવાનો પ્રબળ ઉપદેશ આપી દીધો. આ સર્વ પ્રકાર જો કે પ્રાણુલાલના ઓરડામાં જ ચાલ્યો હતો, પણ જ્ઞાન અને સંવેદનાથી હીન થએલા મરણનદના તીરપ્રાંતમાં આવી પહોંચેલા પ્રાણલાલને એનું કાંઇ પણ ભાન હતું નહિ. ઉષઃકાળ થયો અને પ્રાણુલાલનો શ્વાસ એ સમયે અત્યંત બળપૂર્વક ચાલવા લાગ્યો; હવે તે બહુ જ અલ્પ વેળાનો અતિથિ હતો.

અરુણોદય થતાં જ બ્રાહ્મણને બોલાવી પ્રાણુલાલના હાથે જે કાંઇ દાનધર્મ કરાવવાનાં હતાં તે કરાવી દેવામાં આવ્યાં અને એ ક્રિયાની સમાપ્તિ સાથે જ તેના જીવનનાટકની પણ સમાપ્તિ થઇ ગઇ. તેનો આત્મા ક્ષણભંગુર સંસાર અને નશ્વર શરીરને ત્યાગીને શાશ્વત લોકમાં પ્રયાણ કરી ગયો. બસ, થઇ ચૂક્યું. રતનબાઇના કુળદીપકની પ્રાણજ્યોતિ બુઝાઇ ગઇ અને કપિંજલાના સૌભાગ્ય-સૂર્યનો અસ્ત થયો. કપિંજલાને રુગ્ણ પતિની સેવાનો જે લાભ મળતો હતો, તે પણ હવે સદાને માટે ચાલ્યો ગયો. ‘જીવને શ્વાસ-તણી સગાઇ, ઘરમાં ઘડી ન રાખે ભાઇ!’ એ ભોજા ભક્તની ઉક્તિની સત્યતાની સિદ્ધિનો સમય પ્રત્યક્ષ નેત્રો સમક્ષ આવીને ઉભો રહ્યો. પ્રાણુલાલનો પ્રાણહીન દેહ હવે ગૃહમાં રાખવા યોગ્ય ન હોવાથી તત્કાળ તેની સ્મશાનયાત્રાની તૈયારી કરવામાં આવી. સ્વર્ગવાસીનાં સ્નેહિ સંબંધીઓને આ શોકકારક ઘટનાના સમાચાર મોકલાયલા હોવાથી લગભગ સો સવાસો પુરુષો અને તેટલી જ

સ્ત્રીઓ આઠ સાડાઆઠ વાગતાંમાં ત્યાં હાજર થઇ ગયાં. સ્ત્રીઓએ ચાલતા આવેલા રિવાજ પ્રમાણે રડવા કૂટવાના વ્યવસાયનો આરંભ કર્યો, પણ શારદાએ સર્વને સમજાવીને એમ કરવાની ચોખ્ખી ના પાડી દીધી અને સર્વ સ્ત્રીઓને પરમેશ્વરપાસેથી પ્રાણલાલના આત્માને શાંતિ આપવાની યાચના કરવાનો ઉપદેશ આપ્યો. સારાંશ કે, ત્યાં સ્ત્રીઓના રોદનધ્વનિ અને પુરુષોના કોલાહલને બદલે ગંભીર મૌન અને વિલક્ષણ શાંતિનો પ્રચાર થઇ ગયો અને તે એટલે સુધી કે એ ગૃહમાં કોઈ મરી ગયું છે, એની કોઈ અજ્ઞાત મનુષ્યને કલ્પના પણ આવી ન શકે. અહીં જણાવવું જોઇએ કે, પ્રાણલાલના કાકાનો દીકરો દામોદર જો કે પકડાયો હતો, તો પણ લોકલજ્જાના ભયથી તેની માતા અને તેનો ભાઇ વગેરે પ્રાણલાલની સ્મશાનયાત્રાના પ્રસંગે પ્રાણલાલને ત્યાં આવ્યાં હતાં અને ત્યાંજ વાતપરથી વાત નીકળતાં પ્રાણલાલે દત્તક લેવાની અને મૃત્યુપત્ર આદિ સર્વ વ્યવસ્થા કર્યાની વાત તેમના જાણવામાં આવી. યથાસમય શબને ગૃહમાંથી કાઢીને લઇ જવામાં આવ્યું અને કપિંજલાના ચૂડાકર્મનો વિધિ પણ થઇ ગયો, દામોદરનો બંધુ અને તેની માતા કાંઇક લોકલજ્જાથી ડરીને અને કાંઇક મનમાં બીજા લાભના લોભની આશા ધરીને આવ્યાં હતાં, પણ દત્તકવિધાનની વાર્ત્તા જાણતાં તેમની એ આશા નિરાશાના રૂપમાં બદલાઈ ગઇ અને તેથી આવવાનો અકારણ પરિશ્રમ ભોગવવામાટે તે ઉભયના મનમાં ભયંકર પશ્ચાત્તાપ થવા લાગ્યો. પરંતુ હવે ત્યાંથી પાછાં તો નજ જઇ શકાય એટલે લાચારીએ છેવટ સુધી તેમને રોકાઇ રહેવું પડયું.

સ્મશાનમાં પ્રાણલાલના શબને ચિતાપર મૂકયા પછી અગ્નિદાહ કરતી વેળાયે એક નવીન વિવાદ ઉપસ્થિત થયો અને તે એ કે,

માણેકલાલ તથા મંગળદાસે દીર્ઘદૃષ્ટિ દોડાવીને ઇન્દુને પણ સાથે લીધો હતો અને ત્યાં તેમણે ઇન્દુના હાથે જ પ્રાણલાલના શબને અગ્નિદાહ અપાવવાની વ્યવસ્થા કરી; કારણ કે, દત્તકપુત્ર તરીકે એ અધિકાર ઇન્દુનો જ હતો. પણ દામોદરના ભાઇએ એમાટે વાંધો આને જણાવ્યું કે;–"દત્તકવિધાનની વાત અમારા જાણવામાં પણ નથી અને એ કાર્ય અમારી અનુમતિ લીધા વિના જ કરાયું હોય, તો અમને માન્ય નથી. સ્વર્ગવાસી મારા સગા કાકાનો પુત્ર હોવાથી એના શબને અગ્નિદાહ આપવાનો અને સર્વ પ્રકારની ઉત્તરક્રિયા કરવાનો અધિકાર અમારો જ હોવાથી જો કોઇ પણ આ વિષયમાં આડો આવશે, તો એનું તેને બહુ જ માઠું પરિણામ ભોગવવું પડશે." પરંતુ એના ઉત્તરમાં માણેકલાલે જણાવ્યું કે;–"ભાઇ! આ કાર્ય યથાશાસ્ત્ર અને વર્તમાન સરકારી કાયદા પ્રમાણે થએલું હોવાથી જો અત્યારે તમે કાંઇ પણ તીન પાંચ કરશો, તો એનું પરિણામ તમારા માટેજ માઠું થઇ પડશે, એનો વિચાર કરો અને શાંત થાઓ. જો તમને આમાં અન્યાય થયા જેવું લાગતુ હોય, તો બ્રિટિશ ન્યાયમંદિરનાં દ્વાર સર્વને માટે ખુલ્લાં છે અને ત્યાં પક્ષપાતનો સંભવ નથી. કાયદાસર જે કરવાનું હોય તે કરજો; પણ અત્યારે કાંઇ પણ સાહસ કરશો નહિ. છતાં જો સાહસ કરશો, તો તેના પ્રતિકારમાટે અમે તૈયાર છીએ." માણેકલાલના ગાંભીર્યયુક્ત યોગ્ય ભાષણનો ત્યાં આવેલા સર્વના મનમાં એવો તો પ્રભાવ પડી ગયો કે, સર્વ માણેકલાલના પક્ષમાં થઇ ગયા અને તેથી છેવટે ઇન્દુના હાથે જ અગ્નિદાહનો વિધિ કરાવવવામાં આવ્યો. અગ્નિનો મૃત પ્રાણલાલના દેહને સ્પર્શ કરાવી ઇન્દુને એક માણસ સાથે તરત ત્યાંથી ઘેર મોકલી દેવામાં આવ્યો; કારણ કે, તે કોઇવાર સ્મશાનમાં

ગયો નહોતો અને ત્યાંની ભયંકર અગ્નિશિખાઓ તેણે જોઇ નહોતી; એટલે કદાચિત્ તે ડરી જાય કે તેના મનમાં કોઇ પ્રકારના ભયનો ભયંકર આઘાત થઇ જાય તો પરિણામ વિલક્ષણ આવી જાય એ નિશ્ચિત હતું. ઇન્દુના જવા પછી ચિતાને સળગાવવામાં આવી અને જોતજોતામાં અગ્નિદેવે પ્રાણુલાલના મૃત દેહને ભયંકરતાથી ભક્ષવાના કાર્યનો આરંભ કરી દીધો. મધ્યાન્હ સમયે પ્રાણુલાલનો મૃત દેહ અગ્નિનારાયણની જવાળાના યોગે ભસ્મીભૂત થઇ ગયો—પંચ તત્ત્વમાં મળી ગયો. સર્વજનો ત્યાંથી ઊઠયા અને પ્રાણુલાલના ગૃહ પાસે આવી પોતપોતાને ઘેર ચાલ્યા ગયા.

પ્રાણુલાલ પોતાનાં સ્નેહિસંબંધીઓમાં અતિશય પ્રિય હોવાથી તેના ઊઠમણામાં નહિ નહિ તો પણ લગભગ ચાર પાંચસો માણસ આવ્યાં હતાં અને તે સર્વના મુખમાંથી પ્રાણુલાલના અકાળ સ્વર્ગવાસ વિશે અંતઃકરણ પૂર્વક શોકોદ્‌ગાર નીકળતા હતા. દત્તકવિધાનની વાર્તા તેમના જાણવામાં આવતાં તેમણે એક પ્રકારનો સંતોષ દર્શાવ્યો અને ત્યાં બેઠેલા ઇન્દુને જોઇને વળી તેમના મનમાં વિશેષ સંતોષ થવા માંડયો. માણેકલાલ અને શારદા જેવાં ધનાઢ્ય અને ગર્ભશ્રીમંત દંપતીએ કેવળ પરોપકારાર્થે પોતાના એકના એક પુત્રને પ્રાણુલાલને દત્તક તરીકે આપી દેવાની અલૌકિક ઉદારતા બતાવવાની વાત સાંભળતાં તેઓ તેમને અત્યંત ધન્યવાદ આપવા લાગ્યા એટલુંજ નહિ, પણ પાથરણું ઊઠાવી લેવાયા પછી માણેકલાલ તથા શારદાને મળવામાટે પુરુષો તથા સ્ત્રીઓની એવી તો ધમાલ ચાલી કે, બિચારાં બન્નેને જમવાનો અવકાશ પણ મહા કઠિનતાથી મળી શકતો હતો. કેટલેક સ્થળેથી તેમને આમંત્રણો આવવા લાગ્યાં; પણ

પ્રાણલાલના શોકનો અવધિ પૂરો થએલો ન હોવાથી અને અદ્યાપિ તેની ઉત્તરક્રિયા અવશિષ્ટ હોવાથી તેમણે તેવા એક પણ આમંત્રણનો સ્વીકાર કર્યો નહિ. પ્રાણલાલના સ્વર્ગવાસને ચાર દિવસ થયા પછી મંગળદાસે મુંબઇ જવાની ઇચ્છા દર્શાવી અને 'જો અગત્ય પડશે, તો તમારે પાછા કરાચી આવવું પડશે' એમ કહીને માણેકલાલ તથા શારદાએ તેને જવાની આજ્ઞા આપી. કદાચિત્ ઉત્તરક્રિયામાં દામોદરના લાગતા વળગતાઓ કાંઇ બાધા કિંવા વિઘ્ન લાવે, એવો સંભવ હોવાથી માણેકલાલને શારદાએ રાકી રાખ્યો; કારણ કે, સ્મશાનમાં થએલા વિવાદની વાર્તા તેના સાંભળવામાં આવેલી હોવાથી તેના અંતઃકરણમાં એ શંકા થાય એ સર્વથા સ્વાભાવિક જ હતું. માણેકલાલનો પણ જો કે મંગળદાસની સાથેજ મુંબઇ જવાનો વિચાર તો હતો, પણ શારદાના આગ્રહ સમક્ષ તેનું કાંઇ પણ ચાલી શકયું નહિ અને ઇચ્છા ન છતાં પણ તેને કરાચીમાં જ હાલ તરત થોડા દિવસને માટે રહી જવું પડયું. બીજો દિવસ થયો અને સવારમાં અગિયાર વાગ્યાની ટ્રેનમાં મંગળદાસ પોતાના નોકરને સાથે લઇને મુંબઇ જવાને ઉપડી ગયો. માણેકલાલ અને શારદા કેન્ટોન્મેન્ટ સ્ટેશન સુધી તેની સાથે તેને વળાવવામાટે ગયાં હતાં અને ત્યાંથી લગભગ સાડાબાર વાગે તેઓ પાછાં ઘોડા ગાડીમાં બેસીને પોતાના સ્થાને આવી લાગ્યાં. હવે શારદાને પોતાના પતિસાથે એકાંતમાં બેસીને વાર્ત્તાલાપ કરવાનો પ્રસંગ મળ્યો.

શારદાએ પોતાના પતિને, કરાચીમાંના પોતાની ન્યાતના અગ્રેસરોને બોલાવીને પ્રાણલાલની પાછળ ન્યાત જમાડવા વગેરેની વ્યવસ્થા શી કરવી તે વિશેનો અત્યારથીજ નિશ્ચય કરી લેવાની સૂચના આપી. માણેકલાલ જો કે ન્યાત જમાડવા આદિ રૂઢિથી

વિરુદ્ધ હતો, છતાં પ્રાણલાલની માતા અને સ્ત્રીના મનમાં ઓછું ન આવે, એનો વિચાર કરીને તેણે તે પ્રમાણેની વ્યવસ્થા કરવાની હા પાડી અને એ વિષયનો એટલેથીજ અંત આવી ગયો. એટલામાં કપિંજલાએ શારદાને બોલાવ્યાથી શારદા ત્યાંથી ચાલી ગઇ અને માણેકલાલ આજે સવારમાં જ મુંબઇથી આવેલું એક પત્ર પોતાના ખીસામાંથી કાઢીને વાંચવા લાગ્યો. એ પત્ર કોનું હતું વારૂ? કહેવાની આવશ્યક્તા નથી કે, એ પત્ર નવયૌવના ગુલાબનું હતું. માણેકલાલના મુખમંડળમાં એ પત્રના વાંચનથી એક પ્રકારની શોકમિશ્રિત ગંભીરતાની છટાનો વિસ્તાર થવા લાગ્યો અને તેની ધીમે ધીમે એટલી બધી વૃદ્ધિ થઇ કે, છેવટે તે છટાએ કૃષ્ણતા કિંવા શ્યામતાના સ્વરૂપને ધારણ કરી લીધું. એકવાર પત્રનું વાંચન સમાપ્ત કરીને પુનઃ તેણે બીજી વાર પત્રનું વાંચન કર્યું અને ત્રીજી વાર પણ પત્ર વાંચ્યું. તે કોચપર માથાપર હાથ રાખી મહા ગહન વિચારમાં નિમગ્ન થઇ ગયો અને પત્ર તેના હાથમાંથી નીચે પડી ગયું એનું પણ તેને ભાન રહ્યું નહિ. વિચારમાં ને વિચારમાં લગભગ અડધા પોણા કલાક જેટલો સમય વીતી ગયો, અને શારદા ત્યાં આવી લાગી ત્યારે જ તેના ધ્યાનનો ભંગ થયો. શારદા તેને જમવામાટે બોલાવવા આવી હતી, એટલે તે ઉઠયો, પણ શારદાએ પત્રને નીચે પડેલું જોઇને કહ્યું કે;—"આ પત્ર આપના હાથમાંથી પડી ગયું છે, તે સંભાળો." માણેકલાલે શારદાને આશ્ચર્યકારક દૃષ્ટિથી જોઇને તરત પત્રને ઉપાડી લીધું અને ફાડેલા પરબીડિયામાં નાખી પોતાની ટ્રંકમાં રાખી દીધું. તે પોતાના મનમાં કહેવા લાગ્યો કે—"સારૂં થયું કે, આ પત્ર શારદાના હાથમાં ન ગયું, નહિતો આજે અને અત્યારે જ દંપતીના પરસ્પર વૈમનસ્ય અને કલેશનું

બીજ રોપાઇ જાત અને તેમાંથી કોણ જાણે કેવુંય વિનાશક વૃક્ષ ઉત્પન્ન થાત!" શારદા પોતાના પતિની અવસ્થામાં થએલા પરિવર્તનને જોઇ તો શકી, પણ તેના કારણને જાણી શકી નહિ અને અત્યારે સમય ન હોવાથી એ વિશે વધારે કાંઇ પણ ન બોલતાં તે પતિને લઇને ભોજનગૃહમાં આવી પહોંચી. ત્યારે ગુલાબના પત્રમાં એવી શી ભયંકરતા હતી વારૂ? એનું ઉત્તર હવે પછીનું પ્રકરણ આપશે.

પ્રકરણ ૧૬ મું.

ગુલાબની પ્રેમપત્રિકા

ગુલાબની જે પ્રેમપત્રિકાએ માણેકલાલને અત્યંત ચિંતા અને વિચારમાં નાખી દીધો હતો, તે પત્રિકામાં ગુલાબે જે કાંઇ લખ્યું હતું, તે વાંચકોની જાણમાટે અને આપણી નવલકથાના ભાવિ અનુસંધાનમાટે અમે અહીં ઉતારી લેવાનું યોગ્ય ધારીએ છીએ. તે આ પ્રમાણે;—

"પ્રાણથી પણ અધિક પ્રિય હૃદયેશ્વર અને મારા નવીન યૌવનોદ્યાનના માળી શ્રીયુત માણેકલાલની સેવામાં; દુર્ભાગ્યવશાત્ આપના દુઃખદ વિયોગનો પ્રસંગ પ્રાપ્ત થયા પછી આપનું પત્ર નથી, એથી હૃદયમાં ભયાનક વેદના થયા કરે છે, ભોજન ભાવતું નથી અને નિદ્રાનો નાશ થઇ ગયો છે. દિવસ અને નિશા ચિન્તા તથા અખંડ

જાગરણમાં જ વીતી જાય છે. આપનો સમય તો ત્યાં કદાચિત્ આપનાં પત્નીશ્રીના સમાગમથી આનંદમાં વીતી જતો હશે; પરંતુ મારી પાસે મનોરંજનનું એવું કોઇ અન્ય સાધન ન હોવાથી અને અન્ય સાધનને આ જન્મમાં મેળવવાની ઇચ્છા પણ ન હોવાથી મારી સ્થિતિ આપની સ્થિતિ કરતાં સર્વથા દુઃખદ અને ભિન્ન પ્રકારની છે; અને આપ રસિક હોવાથી તેની કલ્પના કરી શકો એમ છે, એટલે વિશેષ વિસ્તૃત વિવેચનની આવશ્યકતા નથી. માત્ર વિચાર એ જ થાય છે કે, આ અલ્પ વિયોગના કારણથી પણ, 'જો પ્રાણ નીકળી જાય તો વેદનાના બંધનથી મુક્ત થઇએ; કારણ કે, પ્રિયતમ ક્યાંક વસતા હોય અને આપણે ક્યાંક પડ્યાં હોઇએ એવા વિયોગિ જીવન કરતાં મરણ અત્યંત શ્રેષ્ઠ છે;' જ્યારે આવી ભાવનાઓ મનમાં આવ્યા કરે છે; તો પછી જ્યારે સતત વિયોગનો પ્રસંગ આવીને આપણા સમક્ષ ઊભો રહેશે અને કુમારિકા ગુલાબને અન્ય પુરુષની અર્ધાંગના થવાનો અવસર પ્રાપ્ત થશે, તે વેળાયે કોણ જાણે હૃદયને કેવી અને કેટલી અસહ્ય યાતનાનો અનુભવ થશે; અને તે સમયે આ જીવન ટકશે કે નહિ, એની કલ્પના કરી શકાતી નથી! માણેકલાલ! તમે મારા વચનનો આદર શામાટે કર્યો અને મારી ઇચ્છાને આધીન શામાટે થયા? હું ધારૂં છું કે, આ ઉદારતા આપે કેવળ મારા ભાવિ જીવનને વિષમય અને યાતનામય બનાવવામાટે જ બતાવી છે; કારણ કે, હવે કોઇ અન્ય પુરુષ સાથે પરણીને આ અભાગિની ગુલાબ સુખી થાય, એ આશા આકાશપુષ્પ સમાન છે. તેમજ જે પુરુષ મને પરણશે, તે પણ કોઇ મહા દુર્ભાગી પુરુષ જ હોવો જોઇએ; કારણ કે, તેને તેની ધારણા પ્રમાણે પત્નીના શુદ્ધ સ્નેહની લેશ માત્ર પણ પ્રાપ્તિ થવાનો સંભવ નથી. અને મારા તથા મારા તે

થનારા ભાવિભર્ત્તાના દુઃખનો હેતુ કોણ, એવો જો કોઇ પ્રશ્ન કરે, તો તેનું નિઃસંશય એ જ સંક્ષિપ્ત ઉત્તર આવવાનું કે, કેવળ માણેકલાલ અને માણેકલાલ જ. પરિસ્થિતિ આવી છે, છતાં આપનાં પત્ની જીવતાં હોવાથી આ ગુલાબને આપની ગૃહલક્ષ્મી થવાનું ભાગ્ય પ્રાપ્ત થઇ શકે તેમ નથી જ અને તેથી એ વિશેની સર્વ કલ્પના અને જલ્પના સર્વથા નિરર્થક છે.

"હવે હું એક અન્ય વિષયપર આવીશ. એ તો આપ જાણો જ છો કે, હું છેલ્લા બે વર્ષથી સ્ત્રીધર્મમાં આવી ચૂકી છું અને ત્યારથી પ્રતિમાસ નિયમિત રીતે મને ચાર દિવસનું માસિક બંધન પ્રાપ્ત થયા કરે છે. અર્થાત્ આપ કરાચી જવાને અહીંથી રવાના થયા તે જ મારા રજોદર્શનનો સમય હતો, પરંતુ ત્રણ ચાર દિવસ વધારે થઇ ગયા, તોપણ આ વેળાયે તેવો કશો રંગ દેખાયો નથી; એટલું જ નહિ, પણ એ સમય આવતાં સ્ત્રીના શરીરમાં જે કેટલાંક પ્રાથમિક ચિન્હો પ્રકટ થાય છે, તેમનો પણ સર્વથા અભાવ જ રહ્યો છે. આથી મને શંકા રહ્યા કરે છે કે, કદાચિત્ આપણા પ્રેમનું કાંઇ વિપરીત અને પ્રતિષ્ઠાહારક પરિણામ ન આવ્યું હોય. જો કે હજી દ્વિતીય માસના બંધનસમયપર્યન્ત એનો નિશ્ચય કરી શકાય તેમ નથી જ; છતાં ધારો કે, જો મારી આ શંકા સત્ય હોય, તો પછી પ્રતિષ્ઠાને જાળવવાનો શો ઉપાય કરવો ? આ વેળાયે તો મેં માસિક બંધનનો ખોટો દેખાવ કરીને વખત વીતાડી દીધો છે; પણ વારંવાર એ પ્રપંચ ચાલી શકશે કે કેમ અને કદાચિત્ ચાલી પણ જાય, તો પણ છેવટે એનો સ્ફોટ તો થવાનો જ, એ ચિંતાએ વળી મારા હૃદયને આજકાલ વધારે પ્રમાણમાં ઘેરી લીધું છે. ઇશ્વર કરે ને આ સંશય અસત્ય સિદ્ધ થાય; તોપણ કદાચિત્ એ સંશય સત્ય હશે, એમ

ધારીને પાણી પહેલાં પાળ બાંધવી એ સારૂં, એ નિયમને અનુસરીને દુઃખના એ કારણના નિવારણનો વિચાર તો આપણે અત્યારથી જ કરી રાખવો જોઇએ. હું આશા રાખું છું કે, મારો આ અભિપ્રાય આપને યોગ્ય જ જણાશે અને આપ અવશ્ય એનો શાંતિથી વિચાર કરશો. મારા પિતાશ્રી જો કે, પ્રકૃતિમાં સુધારો ન હોવાથી, સૂરત જવામાટેની ઉતાવળ કર્યા કરે છે; પણ મારાં માતુશ્રીનો હજી એક બે મહિના અહીં રહેવાનો વિચાર હોવાથી સૂરત જવાનું થશે નહિ; કારણકે, પિતાશ્રી કરતાં મારાં માતુશ્રીની ઇચ્છા નિરંતર વિશેષ પ્રમાણમાં અમલમાં મૂકાય છે. એટલે જો મારો ભય સત્ય હોય તો આપના અહીં પધારવા પછી તરત જ, હું મુંબઇમાં છું ત્યાંસુધીમાં જ, આ ચિંતાના કારણને દૂર કરી નાખવું જોઇએ; કે જેથી સમાજમાં મને મોઢું નીચું કરીને ચાલવાનો અને નિંદા તથા અપમાનને સહન કરવાનો મહા ખેદકારક અવસર પ્રાપ્ત થતો અટકી જાય.

" માતુશ્રીની પ્રકૃતિ સ્વસ્થ છે, તેઓ નિરંતર આપનું સ્મરણ કર્યા કરે છે અને તેમણે આપને વિનયપૂર્વક પ્રણામ લખવાની મને આજ્ઞા કરી છે. પિતાશ્રીએ પણ પ્રણામ લખાવ્યા છે. મારી શારીરિક સ્વસ્થતામાં જો કે કશી વિકૃતિ થઇ નથી, પરંતુ માનસિક સ્થિતિમાં અત્યંત વિકૃતિ હોવાથી તેનું શરીરમાં કઇ વેળાયે શું અનિષ્ટ પરિણામ થશે, એ કાંઇ કહી શકાતું નથી. આશા છે કે, આપની અને આપનાં ધર્મપત્નીની પ્રકૃતિ સ્વસ્થ હશે તેમજ ઇન્દુ પણ આનંદમાં હશે. મારાં શારદા બહેનને મારા પ્રણામ વંચાવશો અને મારા ઇન્દુને બોલાવશો ને રમાડશો. આપ જે કાર્યમાટે કરાચી ગયા હતા તે કાર્યની નિર્વિઘ્ન સમાપ્તિ થઇ હશેજ. એ વિશેના સમાચાર લખશો અને અહીં ક્યારે પધારવાના છો, તેમજ

એકલા આવવાના છો કે પરિવારને પણ સાથે જ લાવવાના છો, તે જણાવશો. આપ તરત નીકળવાના હો, તો નીકળતી વખતે તાર કરશો કે જેથી મારાથી સ્ટેશનપર આવી શકાય. પત્રલેખનમાં વિલંબ કરશો નહિ; કારણ કે, આપના પત્રના દર્શનથી પણ આ દીન દાસીને આપના કિંચિત્ સાક્ષાત્કારનો અનુભવ થશે. વિદેશવાસી વિયોગિજનોનો તો પત્રથી જ મેળાપ થાય છે અને તેથી પત્ર અર્ધ-મિલનમાં ગણાય છે, એ તત્ત્વ આપથી અજાણ્યું તો નહિ જ હોય. સુજ્ઞેષુ કિંબહુના— આપના મુખચન્દ્રની દર્શનાતુર ચકોરી

ગુલાબ. ”

આ પત્રમાં ચર્ચાયલા વિષયનું માણેકલાલના હૃદયમાં દુઃખદ પરિણામ થયું હોય તો તે સર્વથા સ્વાભાવિક જ હતું, એ તો કોઇ પણ કહી શકે એમ છે. કારણ કે, પ્રતિષ્ઠિત પુરુષને જ્યારે પોતાની અપ્રતિષ્ઠા થવાનો સંભવ જણાય છે, ત્યારે તે અપ્રતિષ્ઠાની કલ્પના તેને મરણ કરતાં પણ અધિક દુ:ખદાયક થઇ પડે છે. સંભાવિત મનુષ્યની અકીર્તિ મૃત્યુ કરતાં પણ ભયંકર છે, એ શ્રી કૃષ્ણના વાક્યની સત્યતાનો માણેકલાલને સંપૂર્ણ સાક્ષાત્કાર થવા લાગ્યો અને તેથી સેવામાં શારદા જેવી સુંદરી ઉપસ્થિત હોવા છતાં પણ તેને આજનું ભોજન સર્વથા અરુચિકર થઇ પડ્યું. શારદાએ પતિની માનસિક અસ્વસ્થતાની જો કે મંદ કલ્પના તો કરી હતી, એટલે પતિના ભોજનસમયના વર્તનથી તેનો એ સંશય દૃઢ થયો. તે એકાંતમાં પતિ સાથે વાર્તાલાપ કરીને તેની એ અસ્વસ્થતાના કારણને જાણવામાટે આતુર અને અધીર બની ગઇ અને તેની એ આતુરતાનું પરિણામ એ થયું કે, તેને પણ ભોજન રુચિકર લાગ્યું

નહિ અને તેથી ઇન્દુને જમાડી તે પોતે બે ચાર કોળિયા ભરીને જ ઊઠી ગઇ.

માણેકલાલ ભોજનાલયમાંથી પોતાના રૂમમાં આવ્યો. કપિંજલાએ ઇન્દુને પોતાનો દત્તકપુત્ર કરેલો હોવાથી 'હવે તેનો મારામાં સ્નેહ બંધાય અને તે શારદાને ભૂલી મને જ માતા માની મારી સાથે હળીમળી જાય તો સારૂં;' એવી ભાવનાથી, તે આવ્યો ત્યારથી જ તેને પોતાની પાસે રાખવા માંડયો હતો, એટલે ઇન્દુને કપિંજલા સૂવાડવામાટે પોતાના શયનગૃહમાં લઇ ગઇ અને શારદા તાંબૂલ આપવાના મિષથી માણેકલાલ પાસે તેના રૂમમાં આવી પહોંચી. એ વેળાયે પણ માણેકલાલ વિચારનિદ્રામાં પડેલો હોવાથી શારદાના આગમનનું તેને જરાય ભાન નહોતું. થોડીકવાર પછી તેની વિચારનિદ્રાનો ભંગ થતાં તેણે શારદાને પોતાના કોચની સ્હામે જ કુરસીપર બેઠેલી જોઇ અને તે આશ્ચર્યચકિત થઇ ગયો. શારદા તેની સ્થિતિનું પૂર્ણ પરીક્ષણ કરવાના ઉદ્દેશથી ત્યાં આવેલી હોવા છતાં મૌન ધારીને જ બેસી રહી હતી. માણેકલાલે આશ્ચર્યદર્શક મુદ્રાથી પ્રશ્ન કર્યો કે;—"શારદા ! તું અહીં આવીને બેસી રહી છે અને કાંઇ પણ બોલતી નથી, તેનું શું કારણ ? પાન લાવી કે નહિ ? હું તો ક્યારનો તારી વાટ જ જોયા કરૂં છું."

"પ્રાણનાથ ! અવિનય થાય તો ક્ષમા કરશો; પણ આજે આપના હૃદયમાં અવશ્ય કોઇ ગંભીર અને ગહન વિચાર ઘોળાયા કરે છે અને તેણે આપને માનસિક વેદનામાં નાખી દીધા છે. મને ન જણાવવા જેવી વાત હોય તો ન જણાવો, તે જાણવામાટે હું આગ્રહ કરતી નથી; પણ જો જણાવવા જેવી બાબત હોય તો જ-

આવવાની કૃપા કરશો; કારણકે, પ્રિયજનોને ગુપ્ત વાર્તા જણાવ્યાથી હૃદયનો ભાર ઓછો થાય છે અને ચિંતાને ટાળવાનો કોઇ માર્ગ પણ નીકળી આવે છે, એવો શિષ્ટજનોનો અભિપ્રાય છે.” શારદાએ સર્વથા શુદ્ધ અંતઃકરણથી અને પતિના દુઃખમાં ભાગ લેવાની ઉત્કંઠાથી વિનયપૂર્વક એ વચનો ઉચ્ચાર્યાં.

પોતાના હૃદયની સ્થિતિ શારદાના જાણવામાં આવી ગએલી જાણીને માણેકલાલ જોકે પૂર્વ કરતાં પણ વિશેષ આશ્ચર્યચકિત થઇ ગયો; તોપણ દક્ષતા વાપરીને તેણે પોતાના એ આશ્ચર્યને મુખમંડળમાં કિંવા વાણીમાં વ્યક્ત થવા ન દીધું અને શારદા જેવા જ શુદ્ધ ભાવનો આડંબર બતાવીને તે કહેવા લાગ્યો કે;—“ શારદા ! ચિંતા બીજી તો કાંઇ પણ નથી. આજે મુંબઇથી ગુલાબનો કાગળ આવ્યો છે અને તેમાં તે, તેના પિતાની સ્થિતિ ભયંકર હોવાનું જણાવે છે. મોહનલાલનો સૂરત જવાનો આગ્રહ છે અને તેની સ્ત્રી તેને મુંબઇમાં રાખીને યોગ્ય ઉપચાર ચાલૂ રાખવાનો અભિપ્રાય ધરાવે છે. ગુલાબના લખવા પ્રમાણે મોહનલાલની એવી દશા છે કે જો આવી જ અવસ્થા પાંચ પંદર દિવસ ચાલૂ રહે, તો કોઇ પણ રીતે તેના જીવનની આશા રાખી શકાય જ નહિ; અને ભાગીરથી સૂરત જવાની પોતાના પતિને ના પાડે છે, એ તેનો અયોગ્ય હઠ છે. જો મુંબઇમાં જ બિચારા મોહનલાલની સંસારયાત્રાનો અંત થઇ જશે, તો અશ્વિનીકુમાર જેવા પવિત્ર સ્થાનમાં ચિતાશાયી થવાના ભાગ્યને તે પ્રાપ્ત કરી શકશે નહિ અને એ આશા તેના મનમાંજ રહી જશે. એ ઉપરાંત જે એક બીજો વિચાર મારા મનમાં આવે છે તે એ કે, જો આપણા ગૃહમાં જ મોહનલાલનો દેહાંત થઇ જશે, તો તે વળી આપણને કેટલાક ઉપાધિઓમાં નાખી દેશે અને

મોહનલાલ માણેકલાલના ગૃહમાં સ્વર્ગવાસી થયા હતા એ વાર્ત્તા સદાને માટે કાયમ રહી જશે. હવે તો તેઓ કોઇ રીતે ઝટ સુરત ચાલ્યાં જાય અને આપણે અમુક જવાબદારીમાંથી છૂટી જઇએ તો વધારે સારૂં. હું તો કદાચિત્ આવતી કાલેજ મુંબઇ જવા તૈયાર થાત, પરંતુ અહીંની પણ ગંભીર સ્થિતિ હોવાથી અહીં પણ મારી હાજરીની જરૂરત છે અને તેથીજ હું અત્યારે મહા ગહન વિચારમાં પડી ગયો છું. જો મારી ગેરહાજરીમાં જ મોહનલાલનો સ્વર્ગવાસ જઇ જશે, તો બિચારી બે અબળાઓપર દુઃખના પર્વત ટૂટી પડશે અને તેઓ એકલી હોવાથી બહુજ સંકડામણમાં આવી જશે." માણેકલાલે આમ બોલીને પોતાની અનુકંપાને દર્શાવવામાટે એક દીર્ઘ નિઃશ્વાસ નાખ્યો.

પ્રેમતત્ત્વના વેત્તાઓનો એક એવો અભિપ્રાય છે કે, આ વિશ્વમાં એવો સરળ અને નિષ્કપટ પુરુષ તો કોઇ વિરલજ હશે કે. જેણે પોતાના જીવનકાળમાં કોઇવાર પણ પોતાની પરમપ્રેમશીલા અને પવિત્રચરિત્રા પત્નીસાથે ધૂર્ત્તતાનો વ્યવહાર નહિ જ કર્યો હોય. નીતિવેત્તાઓ પણ '**नारीजने धूर्त्तता**' નો ઉપદેશ આપે છે; તો પછી સાધારણ સાંસારિક પુરુષને નારીજનસાથેની ધૂર્ત્તતામાટે આપણાથી શો દોષ આપી શકાય વારૂ! પરંતુ ધૂર્ત્તતામાં પણ ઘણીકવાર મહા ભેદ રહેલો હોય છે. કેટલાક દક્ષ પતિઓ કેટલીકવાર પોતાની પત્નીસાથે ધૂર્ત્તતાનો વ્યવહાર કરે છે ખરા, પણ તે કેવળ પત્નીના હૃદયને પ્રસન્ન અને સંતુષ્ટ રાખવાના શુભ હેતુથી જ; એમાં તેમનો કપટભાવ, પત્નીની હાનિનો હેતુ કિંવા પોતાના પાપને છુપાવવાનો અશુભ ઉદ્દેશ હોતો નથી. પરંતુ જે પતિઓનો પાપ-

માર્ગમાં સંચાર થએલો હોય છે, તેઓ તો કેવળ પોતાની ભોળી અર્ધાંગનાઓને ઠગવાના ઉદ્દેશથી જ ધૂર્ત્તતાનો પ્રયોગ કરતા હોય છે. માણેકલાલનો પ્રયત્ન પણ અંત્યારે એવા જ પ્રકારનો હતો. એક પાપને છુપાવવામાટે ઇચ્છા ન છતાં પણ બીજાં અનેક પાપો કરવાં પડે છે, એ જગત્‌નો એક સાધારણ નિયમ હોવાથી માણેકલાલને પોતાના દોષને અદોષના રૂપમાં દેખાડવામાટે અત્યારે કેટલી સીમા પર્યન્ત અસત્યનું અવલંબન કરવું પડયું હતું, એ આપણે સ્પષ્ટ જોએલું હોવાથી એના અધિક વિવેચનની આવશ્યકતા નથી. આજકાલ સંસારનું ચક્ર આવી ગતિથી જ ચાલ્યા કરે છે અને તેથીજ આજકાલ કેટલાક સુજ્ઞ જનો હિન્દુસ્તાનને પિશાચોની વિલાસભૂમિના નામથી ઓળખે છે; કારણ કે, આ કૃતિ પૈશાચી છે, દૈવી નથી. આજકાલ નાના પ્રકારનાં પિશાચકૃત્યોમાં નિમગ્ન રહેનારા પુરુષોની સંખ્યા અધિકાધિક થતી જતી હોવાથી તેમનું એ વિધાન કેટલેક અંશે સત્ય છે, એનો કોઇથી પણ અસ્વીકાર કરી શકાય તેમ તો નથીજ.

માણેકલાલ પોતાની ધૂર્ત્તકળામાં કેટલેક અંશે નહિ, પણ બહુધા સર્વાંશે વિજયી થયો. પતિના વચનને ઈશ્વરના વચન સમાન સત્ય માનનારી અને દયા તથા અનુકંપાની સાક્ષાત્પ્રતિમા શારદાને પતિનાં એ વચનોમાં લેશ માત્ર પણ અસત્યની છટા દેખાઇ નહિ. કપિંજલા વિશે તેના પોતાના હૃદયમાં જેવી દયા તથા અનુકંપા વસી રહી હતી, તેવીજ દયા અને અનુકંપાથી પતિનું હૃદય પણ ભરેલું હશે અને તેથીજ બિચારી ભાગીરથી અને ગુલાબના ભાવિ દુઃખની કલ્પનાએ એમને ચિંતાતુર બનાવ્યા હશે, એવી ધારણાથી તે પોતે પણ અનુકંપા દર્શાવતી કહેવા લાગી કે;—

" હૃદયેશ્વર ! જો આપની અહીં અત્યંત અગત્ય ન હોત, તો હું આજે અને આ ક્ષણેજ આપને મુંબઇ જવાની અનુમતિ આપી દેત. જાગીરથી અને ગુલાબના શિરપર અનુક્રમે વિધવા અને પિતૃહીન થવાનું જે વાદળ ઝઝૂમી રહ્યું છે, તેના વિચારથી મારૂં હૃદય પણ વિદીર્ણ થઇ જાય છે; પરંતુ અહીં પણ તેના કરતાં વિશેષ ભયંકર સ્થિતિ હોવાથી નિરુપાય થઇને મારે આપને રોકવા પડે છે. અહીં ન્યાત વગેરેના કાર્યની સમાપ્તિ પછી ગમે તો બીજે જ દિવસે મુંબાઇ જવાને પ્રયાણ કરજો; પણ જ્ઞાતિભોજન થઇ જતાં સુધી તો આપથી જવાય તેમ નથીજ. દામોદર આદિ જે લુચ્ચાઓ પકડાયા છે તેમના કેસમાં કદાચિત્ મારી આવશ્યકતા હશે, તો હું પાંચ પંદર દિવસ પછીથી આવીશ, પણ આપને અટકાવીશ નહિ. માટે આપ ચિંતાને પરિહરો અને ગુલાબ બહેનપર આજેજ એક આશ્વાસનદાયક પત્ર લખી નાખો. ઇશ્વર કરશે, તો આપ મુંબઇ જઇ પહોંચશો, ત્યાં સુધી મોહનલાલનું કશું પણ અશુભ થશે નહિ.--ઇશ્વરમાં શ્રદ્ધા રાખો; તે નિરંતર આપણું કલ્યાણ કરતો આવ્યો છે અને આપણી નિષ્ઠા સારી હશે તો આપણું કદાપિ અકલ્યાણ થવાનું જ નથી. મારી માન્યતા છે કે, આપ તેમને સૂરત મોકલી શકશો; અને પછી ત્યાં જે ઇશ્વરની ઇચ્છા હશે તે થશે. એમાં આપણો ઉપાય નથી."

શારદાના આ સરળ અને નિષ્કપટ ભાષણથી માણેકલાલના હૃદયમાં શોક અને આનંદ ઉભય મનોવિકારોનો એક સાથે આઘાત થયો. પોતાના કપટભાવયુક્ત ભાષણના ઉત્તરમાં દેવીતુલ્ય દારા શારદાના પવિત્ર વદનમાંથી આવા કપટહીન અને ધર્મવૃત્તિમય ઉદ્ગારો સાંભળીને પોતાના દુરાચાર અને તેના યોગે એક દેવીને જાણીજોઇને

ઠગવાના પોતાના હાથે થએલા અપરાધમાટે તેના હૃદયમાં શોકનો આઘાત થવા લાગ્યો અને પોતાનું કપટ એ સરળહૃદયા સુંદરીના જાણવામાં ન આવી શક્યું, એથી તેના હૃદયને આનંદનો પરિચય થવા લાગ્યો. માણેકલાલ પણ કુલીન અને સદાચારસંપન્ન વંશનો વંશજ હતો એટલે પોતાના કુકૃત્ય વિશે તેના મનમાં પશ્ચાત્તાપ તો થયો જ, પરંતુ એ પશ્ચાત્તાપ મોડો હતો, એટલું જ નહિ, પણ તેના ભાગ્યમાં ભયંકર સંકટોનો ભોગ લખાયલો હોવાથી એ 'પશ્ચાત્તાપનું તેના હૃદયમાં જેવું થવું જોઇએ તેવું દૃઢ પરિણામ થયું નહિ. મનુષ્યનો જે પ્રમાદ થાય છે તે એ જ કે, અમુક કુકૃત્યનો પશ્ચાત્તાપ થવા છતાં અને અનિષ્ટ દેખાયા છતાં પણ તે તેમાંથી મુક્ત થવાને બદલે તેમાં વધારે અને વધારે લપટાતો જાય છે અને જ્યારે તેના બંધનમાંથી છૂટવાનો કોઇ પણ ઉપાય પોતાના હાથમાં રહેતો નથી, ત્યારે વિનાકારણ પોતાના ભાગ્યને દોષ આપવા મંડી જાય છે. માણેકલાલના હાથે પણ અત્યારે એવો જ પ્રમાદ થતો હતો. માણેકલાલે ઉત્તરમાં શારદાને ઉદ્દેશીને જણાવ્યું કે;—

" અત્યારે તારા ઉપદેશ પ્રમાણે ચાલવુંજ યોગ્ય છે. હું હમણાંજ ગુલાબપર એક વિસ્તૃત પત્ર લખીને અહીંની પરિસ્થિતિ શી છે તે જણાવું છું એટલે તેમના મનમાં ઓછું પણ નહિ આવે અને તેમને કાંઈક શાંતિ પણ મળશે. તારે કાંઇ લખવાનું છે ? "

" મારા પ્રણામ લખજો અને ઇન્દુ તથા શારદા આનંદમાં છે એમ જણાવજો; આપ પોતેજ પત્ર લખો છો એટલે પછી મારે વધારે શું લખવાનું હોય ? એક બે દિવસ પછી હું પણ વળી એક પોસ્ટ કાર્ડ લખી નાખીશ. આપ હવે પત્ર લખવાના હો, તો હું જરા

કપિંજલા પાસે જઇ આવું, અને ઇન્દુની પણ સંભાળ લઇ આવું. મારૂં કાંઇ કામ તો નથી ને ?" શારદાએ ઉત્તર આપીને જવાની ઇચ્છા દર્શાવી.

"ના, હાલ તરત કાંઇ પણ કામ નથી; પણ પાછી વ્હેલી આવજે." માણેકલાલે એમ કહીને શારદાએ આપેલું પાન મોઢામાં નાખ્યું અને શારદા "હમણાંજ આવું છું;' એટલું કહીને ત્યાંથી ચાલી ગઇ.

શારદાના જવા પછી માણેકલાલે પોતાના ઓરડાનાં દ્વારને અમથાં વાસીને પત્રલેખનનો આરંભ કર્યો; દ્વાર વાસવાનું કારણ એ હતું કે, 'ક્યાંક આગળની પેઠે શારદા આવીને ખબર ન પડે તેવી રીતે પત્રમાંની કેટલીક વિગત વાંચી ન લે. જો બારણાં ઉઘડશે તો અવશ્ય ધ્વનિ થશે અને તેથી તેને વાતોમાં વળગાડીને પત્રને સંતાડી શકાશે;' આવી ધારણાથી તેણે બારણાં વાસ્યાં હતાં. પાપી મનુષ્ય પોતાની પ્રતિચ્છાયાથી પણ કેટલી સીમા પર્યન્ત બીતો હોય છે, તેનું આ એક પ્રત્યક્ષ ઉદાહરણ છે. પત્ર લખવામાં લગભગ અડધા પોણા કલાક જેટલો ટાઇમ તેણે લીધો; કારણ કે, આજનું પત્ર તે, સૉલિ· સિટર પ્લીડ્ઝ લખે તેના કરતાં પણ વધારે, વિચાર કરી કરીનેજ લખતો હતો. છતાં એટલા સમયમાં શારદાનું આગમન ન થયું, તેથી તે મનમાં પરમેશ્વરનો આભાર માનવા લાગ્યો. પત્રને પરબીડિયામાં બંધ કરી ટિકિટ ચોડીને તે એડ્રેસ લખતો હતો તે ક્ષણે શારદા આવી અને તેથી એડ્રેસ લખીને તે પત્ર શારદાના હાથમાંજ આપીને માણેકલાલે કહ્યું કે; "લક્ષ્મણને મોકલીને આ પત્ર અત્યારે જ પોસ્ટમાં નખાવી દે, એટલે ચિંતા મટે." શારદાએ લક્ષ્મણને બોલાવી પત્ર

આપીને પોસ્ટમાં નાખવાને મોકલી દીધો. એ પછી શારદા જરાક નીરાંતે બેસી પોતાના મૃદુ અને મિષ્ટ ભાષણથી પતિને આનંદ આપવાનો વિચાર કરતી હતી, એટલામાં નોકરે આવીને સમાચાર આપ્યા કે;–“ શેઠાણી ! બહાર પેલાં સુલોચનાબાઇ આવ્યાં છે અને તે આપને મળવા માગે છે. ” સુલોચનાનું નામ સાંભળતાં શારદા પોતેજ ઉઠીને સામી ગઇ અને સુલોચનાને માનપૂર્વક પોતાના ઓરડામાં લાવીને માણેકલાલને કહેવા લાગી કે;–“ મેં જે તરુણ વિધવા સુલોચના વિશે આપને કેટલીક વાતો કહી હતી, તે સુશીલ સુલોચના આ પોતેજ. ”

“ સુલોચના બહેન ! હું તમને તમારી સત્યપ્રિયતા અને ધર્મશીલતામાટે અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપું છું.” માણેકલાલે પુલકિત વદનથી કહ્યું,

“ શારદા બહેન ! આ સદ્‌ગૃહસ્થ કોણ વારૂ ? કૃપા કરીને એમનો પરિચય કરાવશો ! ” સુલોચનાએ પ્રશ્ન કર્યો.

“ મારા ઇન્દુના પિતા ! ” શારદાએ સંક્ષિપ્ત ઉત્તર આપ્યું.

“ મને પણ એવો જ સંશય હતો; તો પણ એકદમ મારાથી એમને આપના પતિ તરીકે કેવી રીતે ઓળખી શકાય ? કારણ કે, કદાચિત્ ધારણા ખોટી પડે, તો શર્માવા જેવું જ થઇ જાય. ભલે ભલે–ઇશ્વર આપના સૌભાગ્યને સદા અખંડ રાખે અને એમને સો વર્ષના કરે ! ” સુલોચનાએ શુભ ભાવના દર્શાવી.

“ તથાસ્તુ; પણ સુલોચના બહેન અત્યારે અચાનક આવવાનું કારણ ? કાંઇ ખાસ કારણમાટે કિંવા કાંઇ ગુપ્ત સમાચાર આપવા-

માટે તો નથી આવ્યાં ને ? જો તેવું કાંઇ હોય, તો એમની શંકા રાખવાનું કાંઇ પણ પ્રયોજન નથી; કારણ કે, આ કુટુંબને નિર્ભય કરવામાટે જ મેં એમને અહીં બોલાવ્યા છે." શારદાએ તેના આગમનનું કારણ પૂછ્યું.

"શારદા બહેન ! આજે હું કશા અગત્યના સમાચાર લાવી નથી, કિંતુ કેવળ સ્વાર્થમાટે જ આવી છું. મારા પિતા કાચી કેદમાં છે અને મારાં માતુશ્રી એટલાં બધાં બીમાર છે કે, ચાર છ દિવસ કાઢે તો મહાભાગ્ય ! અમારૂં રહેઠાણ જંગલમાં છે કે જ્યાં દિવસે પણ મનુષ્યવસતિનો અભાવ હોય છે; તો પછી રાત્રિની ભયંકરતા ત્યાં કેવી હશે એનો આપ જ વિચાર કરી જુઓ. અર્થાત્ હું એકલી અબળા હવે એવા સ્થાનમાં રહેતાં ડરૂં છું; કારણ કે, કરાચીના ઘણાક લોકો વિષયલંપટતાના દુર્ગુણમાં બહુજ આગળ વધેલા હોવાથી કદાચિત્ કોઇવાર મારી અત્યાર સુધી પ્રાણ કરતાં પણ વિશેષ ચિંતાથી જાળવેલી પવિત્રતા અને શુદ્ધતામાં અનિવાર્ય કલંક લાગી જશે, તો મારૂં જીવન મરણ તુલ્ય થઇ જશે, એવો મારા હૃદયમાં પ્રતિક્ષણે ભય થયા કરે છે. અર્થાત્ મારો હવે શહેરના વસતિવાળા ભાગમાં મારી માતાને લઇને રહેવા આવવાનો વિચાર છે અને તેટલામાટે મને હાલ તરત પચીસેક રૂપિઆની અગત્ય છે. જો આપથી બની શકે તો આપો એટલે એ રૂપિયા હું આઠ દશ દિવસમાં મારૂં ઘરેણું વેચીને આપને પાછા આપીશ. મારે એ રૂપિયા વ્યવહારે જોઇએ છે; મફત જોઇતા નથી" સુલોચનાએ વિશેષ પ્રસ્તાવના ન કરતાં પોતાના આવવાનું સત્ય કારણ જણાવી દીધું.

"સુલોચના બહેન ! આ તો તમે અમારૂં અપમાન જ કરો છો. તમારાપરથી પાંચ પચીસ હજારની રકમ ઓવારીને ભિક્ષુકોને આપી દઇએ, તો પણુ તે ઓછીજ કહેવાય; તો પછી પચીસ પચાસની રકમ વ્યવહારે આપવી, એ શું ? કપિંજલાનું ઘર અને મુંબઇમાંનું મારૂં ઘર તે તમારૂં જ ઘર છે અને અમો બન્ને તમારી બહેનો છીએ એમજ માનવું. જે જોઇએ તે આનંદથી લઇ જાઓ અને મારો તો એવો જ વિચાર થાય છે કે, અહીંના કમ્પાઉન્ડમાંની બે ઓરડીઓ તમને ખાલી કરાવી આપું એટલે અહીંજ તમારાં માતુશ્રી સાથે આવીને રહો. હું છું ત્યાં સુધી તમારા સમાગમથી મને પણુ આનંદ મળશે અને મારા જવા પછી તમારી પેઠે જ વિધવા થએલી બિચારી કપિંજલાના દુઃખનું પણુ તમારા સહવાસથી શમન થશે." છેલ્લા શબ્દો ઉચ્ચારતાં શારદાનાં નેત્રોમાંથી અશ્રુના બે ચાર બિન્દુ ખરી પડયા.

"શારદા બહેન ! આપ મારામાટે જે માનની ભાવના અને અનુકંપા ધરાવો છો તેમાટે હું આપનો જેટલો આભાર માનું તેટલો ઓછો જ છે. પરંતુ હાલ તરત કેટલાંક બળવાન્ કારણોને લીધે મારાથી અહીં આ ઘરમાં આવીને રહી શકાય તેમ નથી અને એમાટે હું આપની ક્ષમા માગું છું. ભવિષ્યમાં જો જીવતા હઇશું તો આ ઘરમાં આવીને રહેવાનો પ્રસંગ પણુ આવશે. હાલ તો મારી ઇચ્છા પ્રમાણેના મને સહાયતા આપો એટલે પછી એ ઉપકારનો બદલો કેવી રીતે વાળી આપવો, એનો વિચાર મારે કરવાનો છે અને તે હું કરીશ." સુલોચનાએ વિવેકપૂર્વક શારદાની ઇચ્છાનો અસ્વીકાર કર્યો.

શારદાએ વિશેષ આગ્રહ ન કરતાં પોતાની ટ્રંકમાંથી રૂપિયા પચાસની પાંચ નોટો કાઢીને તેને આપી અને તે સાથે જણાવ્યું કે;–" જો વધારે જોઇએ તો લઇ જજો; કોઇપણ વાતે દુઃખી થશો નહિ કે મુંઝાશો નહિ અને હૃદયમાં કોઇપણ પ્રકારના સંકોચને સ્થાન આપશો નહિ. અમારાથી તમારે કોઇ પણ વાતે જુદાઇ તો રાખવીજ નહિ. આપણે જો સંકટના સમયમાં એક બીજાને કામ ન આવીએ, તો પછી આપણો સંબંધ શા કામનો ! એ સંબંધ કામનો કે નામનો ? "

સુલોચનાએ પુનઃ ઘટતા શબ્દોમાં શારદાનો ઉપકાર માન્યો અને રૂપિયા લઇને તરત ત્યાંથી પ્રયાણ કર્યું. તેના ગયા પછી શારદાએ પોતાના પતિને ઉદ્દેશીને કહ્યું કે;–" પ્રાણલાલે ઈન્દુને દત્તક લીધો, પોતાનું મૃત્યુપત્ર નિર્વિઘ્ન કર્યું અને કરાચીના શરીફ બદમાશોની ટોળી એકદમ પકડાઇ; એ સર્વ આ ધર્મમૂર્ત્તિ સુલોચનાની સત્ય નિષ્ઠા અને ધર્મશીલતાનો જ પ્રભાવ છે. કપિંજલા અને રતનબાઇપર તો એના એટલા બધા આભાર છે કે, જો તેઓ પોતાના ચામડાનાં ખાસડાં કરાવીને એના પગોમાં પહેરાવે, તો પણ એના ઉપકારના ભારથી લેશમાત્ર પણ મુક્ત થઇ શકે નહિ. પ્રાણલાલ પાસે બળાત્કારે વિલપર સહી કરાવી લેવામાટે અને પછી તેને મારી નાખવાના ઉદ્દેશથી જે બદમાશો તે રાતે અહીં આવ્યા હતા, તેઓ આવવાના છે એવી સૂચના સુલોચનાએ જ પ્રથમથી આપી હતી અને તેથી ડિટેક્ટિવ્ મિસ્ટર જોન્સને મળીને મેં તેમને પકડાવવાની સર્વ વ્યવસ્થા આગળથી જ કરી રાખી હતી. એનું પરિણામ શું આવ્યું એતો આપ જાણોજ છો. એ સાથે એમની કલબના મૅમ્બરો પણ કલબમાંથી તેજ રાતે પકડાયા અને તેમાં એનો પોતાનો પિતા

પણ હતો, છતાં ધર્મમાટે એણે પિતાપુત્રીના સંબંધની પણ પરવા રાખી નહોતી."

"કર્મયોગિની, કર્મયોગિની!" માણેકલાલે ઉદ્‍ગાર કાઢ્યો; અને ત્યાર પછી પતિપત્ની અન્ય વાર્તાલાપમાં પ્રવૃત્ત થયાં.

પ્રકરણ ૧૭ મું.

ભાગીરથીની ભયંકરતા

માણેકલાલ અને શારદાની અનુપસ્થિતિના સમયમાં ગૃહસ્વામિનીનો અધિકાર ભાગીરથીને જ પ્રાપ્ત થયો હતો; કારણકે, માણેકલાલે કરાચી જતી વેળાયે પોતાના અનુચરોને એ અતિથિઓનું સંપૂર્ણ માન જાળવવાની કઠિન આજ્ઞા આપેલી હોવાથી અનુચરો ભાગીરથી અને ગુલાબની આજ્ઞાને ઇશ્વરની આજ્ઞા સમાન માનીને વર્ત્તતા હતા. માણેકલાલ પોતાના કોઇ પણ ઓરડાને બંધ કરી ગયો નહોતો અને તેથી એ માતા તથા પુત્રી ગૃહના કોઇ પણ ભાગમાં યથેચ્છ સંચાર અને વિહાર કરી શકતી હતી. માણેકલાલના જવા પછી ગુલાબ પોતાનો વિશેષ સમય લાયબ્રેરીહૉલમાં બેસીને પુસ્તક તથા વર્ત્તમાન અને માસિક પત્રોના વાચનમાં વીતાડતી હતી અને ભાગીરથી પણ જ્યારે પતિની સેવાના કાર્યથી મુક્ત થતી હતી ત્યારે પુત્રી પાસે આવી વાર્ત્તાલાપમાં સમય વ્યતીત કરતી હતી. માણેકલાલે ગુલાબના પત્રનું ઉત્તર લખ્યાને આજે ચોથો દિવસ હતો. ગુલાબે પત્ર લખ્યું તે ઘટનાને લગભગ સાત કે આઠ દિવસનો સમય થવા આવ્યો

હતો અને તેથી ગુલાબ ગત બે દિવસથી માણેકલાલના ઉત્તરની કાક-દષ્ટિથી માર્ગપ્રતીક્ષા કર્યા કરતી હતી. આજે પણ પ્રભાતથી દશ વાગ્યા પર્યન્તનો સમય લાયબ્રેરીમાં વીતાડીને તેણે પત્રની વાટ જોઇ, પરંતુ પોસ્ટમૅન્ આવ્યો નહિ અને નિરુપાય તથા હતાશ થઇને તે સ્નાનગૃહમાં સ્નાન કરવામાટે ચાલી ગઇ. તે સ્નાનગૃહમાં હતી તે વેળાયે પોસ્ટમૅન્ આવ્યો અને તેણે આપેલા કાગળો એક અનુચર લાયબ્રેરી હૉલમાંના ટેબલપર પેપરવેટ તળે દાબીને રાખી ગયો. એવી એક સાધારણ માન્યતા છે કે, સ્ત્રીઓ જળને નિહાળીને ઉન્મત્ત બની જાય છે તેમજ તેઓ વસ્ત્રહીન અવસ્થામાં સ્નાન કરતી હોવાથી પુરુષો કરતાં સ્નાનના કાર્યમાં સ્ત્રીઓનો વિશેષ સમય નષ્ટ થાય છે. આ માન્યતાની સત્યતા પ્રત્યેક સાંસારિક જને અનુભવેલી હોવી જ જોઇએ, એટલે એ વિશે વિશેષ વિવેચનની આવશ્યકતા નથી. અર્થાત્ ગુલાબ એ નિયમના અપવાદરૂપ ન હોવાથી જો તેને પણ સ્નાનમર્દનાદિમાં વિશેષ વિલંબ થાય તો તે સ્વાભાવિક જ હતું. તેમજ વળી વિરહિણી વનિતાને જલવિહાર અને જળસ્પર્શથી એક પ્રકારની શાંતિનો અનુભવ થતો હોવાથી કામદગ્ધા કામિનીને અન્ય સ્ત્રીઓ કરતાં પણ સ્નાન કરવામાં વિશેષ સમય થઇ જાય છે, એટલે ગુલાબ લગભગ એક કલાક સુધી સ્નાનના કાર્યમાં નિમગ્ન રહી; પણ તેવામાં બનાવ એવો બન્યો કે, તેની માતા ભાગીરથી લાયબ્રેરી હૉલમાં આવી અને સ્હામેના ટેબલપર પડેલા ટપાલમાં આવેલા કાગળોપર તેની તીવ્ર દૃષ્ટિ પડી. સ્ત્રીઓનો સ્વભાવ નજીવીમાં નજીવી બાબતને પણ જાણવાની આકાંક્ષાવાળો હોવાથી ભાગીરથીએ કોઇ પણ પ્રકારના ઉદ્દેશવિના માત્ર માણેકલાલના કેટલા કાગળો આવ્યા છે અને જંગબારથી કિંવા સૂરતથી પોતાના પતિના નામનો કોઇ કાગળ

આવ્યો છે કે નહિ, એ જોવામાટે કાગળો તપાસવા માંડયા. બધા મળીને સાત આઠ કાગળો હતા અને તેમાં એક કાગળ તેની પુત્રી ગુલાબના નામનો હતો. માણેકલાલે એ કાગળપર ગુજરાતીમાંજ એડ્રેસ કરેલું હોવાથી અને મોકલનાર તરીકે પોતાનું નામ કવરપર લખેલું હોવાથી એ કાગળ ગુલાબપર કોણે લખ્યો હશે ને શા કારણથી લખ્યો હશે ઇત્યાદિ વિચાર કરવાની તેને જરાપણ કડાકૂટ કરવી ન પડી; એટલુંજ નહિ, પણ ગુલાબની કેટલીક પ્રેમચેષ્ટાઓ તેના જોવા તથા જાણવામાં આવી ગએલી હોવાથી એ અવશ્ય પ્રેમપત્રિકાજ હોવી જોઇએ, એ કલ્પના પણ સહજ તેના મસ્તિષ્કમાં આવી ગઇ. હવે માત્ર એ પ્રેમપત્રિકામાં કયા અને કેવા શબ્દોનો પ્રયોગ કરાયો હતો, એ જાણવામાટે પત્રને ફાડીને વાંચવાનું કાર્યજ તેના માટે અવશિષ્ટ રહ્યું. જો કે આજકાલની પાશ્ચાત્ય સભ્યતા પ્રમાણે પુત્રનો કાગળ પિતાને કિંવા પુત્રીનો કાગળ માતાને વાંચવાનો અધિકાર નથી; કારણ કે, એથી વ્યક્તિસ્વાતંત્ર્યનો નાશ થાય છે; પરંતુ એટલી સભ્યતા અદ્યાપિ ભાગીરથીમાં આવી નહોતી અને કદાચિત્ એ સભ્યતાને તે જાણતી હોય, તો પણ પોતાની જિજ્ઞાસાને તૃપ્ત કરવામાટે અને પોતાના સંશયની સિદ્ધિમાટે એ નિયમનું અવલંબન તે આવશ્યકીય ધારતી નહોતી. તે પોતાની પુત્રીનાં સ્વભાવ અને ટેવોને જાણતી હોવાથી ગુલાબને સ્નાન કરતાં એક કલાકથી ઓછો સમય તો નથીજ થવાનો એવો તેનો નિશ્ચય હતો અને તેથી કોઇ પણ પ્રકારના ભયવિના તેણે તે પરબીડિયાને ફાડીને ઇજીચેરમાં પડી શાંતિ અને ધૈર્યથી તેમાંના પત્રના વાચનનો આરંભ કરી દીધો. પત્રમાં નીચે પ્રમાણેની વિગત હતી;—

"..........................કરાચી તા. – – ૧૯

"તારી તા. – – ૧૯ ની પ્રેમપત્રિકા મળી અને તેના વાચનથી મિલન તુલ્ય આનંદ થયો. તું લખે છે કે, માસિક સ્ત્રીધર્મની પ્રાપ્તિ ન થવાથી તારા મનમાં સગર્ભા થવાનો સંશય ઉદ્‌ભવ્યો છે અને અત્યારે તો તેં ખોટો દેખાવ કરીને એ સમય વીતાડી દીધો છે, પણ લાંબા વખત સુધી એ વાત છુપી રહી શકે તેવી ન હોવાથી ભવિષ્યને માટે ચિંતા રહ્યા કરે છે. તેં ખોટો દેખાવ કરીને ચાર દિવસની અસ્પર્શ્ય અવસ્થા વીતાડી, એ તારા ચાતુર્યમાટે હું તને ધન્યવાદ આપું છું. સ્ત્રીઓ સ્વભાવિકજ પંડિતા હોય છે એ ઉક્તિનો આજે તારા પાંડિત્યની વાર્તા જાણીને મને સાક્ષાત્ પરિચય થયો છે. હું અલ્પ કાળમાં જ મુંબઇ આવીશ અને ત્યાં આવતાં જ જો તારો સંશય સત્ય હશે, તો મારા પરિચયની એક સારી ફીમેલ ડૉક્ટર છે તેની સલાહ લઇને એ સંશયના કારણનો આપણે તત્કાળ ઉચ્છેદ કરી નાખીશું. સ્ત્રી ગર્ભવતી થયા પછી બે ત્રણ માસ પર્યન્ત ગર્ભનાં વિશેષ સ્પષ્ટ ચિન્હો પ્રકટ થતાં નથી એટલે એ વિશે વિશેષ ચિંતાને અત્યારથી જ ધારણ કરવાનું એટલું બધું પ્રબળ પ્રયોજન નથી. આજના વીસમી સદીના કાળમાં પૈસાથી શું નથી કરી શકાતું વારૂ? ગમે તેટલા પૈસા ખર્ચાઇ જશે, તો પણ હું તેની પરવા ન કરીને તારી અને મારી લજ્જાને જાળવવાના પ્રબળ ઉપાયો યોજીશ. ગોળ ખાય તે ચોકડાં પણ ખમે, એ કહેવત જાણીતી હોવાથી આવા સમયમાં ગભરાઇ જવાનું કાંઇ પણ કારણ નથી.

"મને પણ અહીં આવ્યા પછી ચોવીસે કલાક તારૂં અને તારૂંજ સ્મરણ થયાં કરે છે. શારદા સભ્ય અને સુશીલ સુંદરી છે; પણ તારા જેવી રતિપ્રિયા અને મન્મથમદહારિણી માનિની નથી.

તેનું સૌન્દર્ય તારામાં છે, પણ તારૂં ચાપલ્ય તેનામાં નથી. રતિકાલે રમણીમાં જે લજ્જાની ન્યૂનતા હોવી જોઇએ તેનો શારદામાં સંપૂર્ણ અભાવ હોવાથી તેના સમાગમથી તારા સમાગમ સમાન આનંદ ન મળે એ સ્વાભાવિક જ છે અને તેથી નૈસર્ગિક રીતે જ આ હૃદય જો નિરંતર તારૂં સ્મરણ થયા કરતું હોય તો તેમાં વિશેષ આશ્ચર્ય જેવું કાંઇ પણ નથી.

" કદાચિત્ તારૂં સૂરત જવાનું થશે, તોપણ ત્યાં હું વારંવાર તને મળવામાટે આવીશ અને ચિંતાનિવૃત્તિનો ઉપાય જો મુંબઇમાં નહિ થાય તો સૂરતમાં પણ તેનું ઔષધ આપી શકાશે. બની શકે ત્યાં સુધી તારી માતાને સમજાવીને હાલ તરત મુંબઇમાં રહેવાનો વિચાર દૃઢ કરાવજે; કારણકે, હું એકલોજ મુંબઇ આવવાનો છું અને શારદા એકાદ માસ મુંબઇ આવી શકે તેમ ન હોવાથી આપણને આનંદોપભોગનો એટલો અધિક લાભ મળી શકશે.

" તારાં માતાપિતાને મારા તથા શારદાના પ્રણામ કહેજે અને કુશળસમાચાર સત્વર લખી જણાવજે. અહીંથી કેટલીક સારી વસ્તુઓ હું તમો સર્વમાટે લેતો આવીશ. હાલ એજ; વિશેષ તારૂં પત્ર આવેથી અથવા રૂબરૂમાં.

—નૂતનપુષ્પરસભોગી ભ્રમર માણેકલાલ".

તાજે કલમ—" અહીં કેટલાક મહાવિલક્ષણ અને અદ્‌ભુત, રેનાલ્ડનીનવલકથામાં વર્ણવાયલા કેટલાક સંયોગો સમાન, સંયોગો ઉદ્‌ભૂત થયા છે અને તેથીજ મને અહીંથી રવાના થવામાં કાંઇક વિલંબ થવાનો રંગ દેખાય છે. તોપણ પાંચ સાત દિવસથી વધારે તો હું અહીં રોકાવાનો નથીજ. ઇન્દુ તેની માતા સાથે કરાચીમાંજ રહેવાનો છે; એટલુંજ

નહિ, પણ ઇન્દુ વળી અહીં એક નવીન માતાને મેળવવાના ભાગ્યને પણ પ્રાપ્ત કરી શક્યો છે તેથી શારદા સાથે પણ તે મુંબઇ આવશે કે તેની નવી માતા સાથે સદા કરાચીમાંજ રહેશે, એનો અદ્યાપિ કશો નિશ્ચય કરી શકાતો નથી. આ પત્રનું ઉત્તર કદાચિત્ મને અહીં મળશે; અને ત્યારપછી બીજું પત્ર તારે લખવું પડશે નહિ; કારણકે, તે પત્રનું ઉત્તર મુંબઇમાં માણેકલાલ પોતેજ આપશે. અસ્તુ.

માણેકલાલ."

એ પત્રનું ભાગીરથીએ અનુક્રમે ચાર પાંચ વાર પુનઃ પુનઃ વાચન કર્યું અને ત્યારપછી પત્રને પાછું પરબીડીયામાં નાખી તે પરબીડીયાને પોતાની ચોળીરૂપ તીજોરીમાં પધરાવીને તે નાના પ્રકારના અનેક વિચારોમાં તલ્લીન થઇ ગઇ. કેટલીક વાર સુધી વિચારનિદ્રામાં લીન રહ્યા પછી તે પોતાના મનમાં કહેવા લાગી કેઃ—

"માણેકલાલ ! તેં મારી પુત્રી ગુલાબપર પત્ર લખ્યું નથી, પણ મારા હાથમાં તારા પોતાના પરાજયમાટેનું એક મહા ભયંકર શસ્ત્ર જ આપ્યું છે. જેવી રીતે શિવાજીએ પોતાને મળેલી ભવાની તલ્વારના યોગે પોતાનાં શત્રુઓનો પરાજય કર્યો હતો, ખોવાયલી મુદ્રા પાછી મળતાં શકુન્તલા જેવી રીતે પોતાના પતિ દુષ્યંતના ગત પ્રેમને પુનઃ પ્રાપ્ત કરી શકી હતી અને પૃથ્વીરાજ ચહુઆણે જેવી રીતે પોતાની ધનુર્વિદ્યાના પ્રતાપે શૃંખલાબદ્ધ અવસ્થામાં પણ પોતાના શત્રુને તે અત્યંત ઉચ્ચ ભાગમાં હોવા છતાં પણ વીંધી નાખ્યો હતો, તેજ પ્રમાણે આ પત્રશસ્ત્રની સહાયતાથી હું તને મારા શરીરઉપવનનો ભોક્તા બનાવીશ અને જો તું સીધી રીતે નહિ માને, તો આ પત્રનો તારી અપકીર્ત્તિ અને

તારા નાશના કાર્યમાં ઉપયોગ કરીને ભાગીરથીની કેવી ભયંકરતા છે, તે તને ક્ષણુ માત્રમાંજ બતાવી આપીશ. પણુ હા—હવે ગુલાબને પણુ મારે આશાના તંતુથી બાંધીને મારા પક્ષમાં લઇ રાખવી જોઇએ; કારણુ કે, જો ગુલાબ મારાથી વિરુદ્ધ થશે, તો મારી સર્વ આશાઓ ધૂળમાં મળી જશે. ચિંતા નહિ; ગુલાબને સમજાવી લેતાં શી વાર થવાની છે; એ છોકરી મારી ચાલાકીના છટકામાંથી છટકીને કયાં જવાની છે? મેં એને જણી છે, કાંઇ એણે મને જણી નથી; હું એની મુખ્તાર છું, કાંઇ એ મારી ધણી નથી. માણેકલાલ થોડા દિવસમાં અહીં આવવાનો છે, એટલે આ પ્રપંચજાળના વિસ્તારનો મારે આજથી અને અત્યારથી જ આરંભ કરવો જોઇએ; કારણુ કે, ઘણીકવાર મુલતવી રાખવાનાં માઠાં પરિણામ ભોગવવાં પડે છે....”

ભાગીરથી આવા પ્રકારના નિશ્ચયપર હજી તો આવી ન આવી એટલામાં ગુલાબ સ્નાનગૃહમાંથી સ્નાન કરીને લાયબ્રેરી હૉલમાં આવી લાગી. એ વેળાયે તેણે માત્ર એક સફેદ સાલ્લો અને સફેદ પોલકું જ ધારણુ કરેલાં હતાં અને માથું ધોએલું હોવાથી સૂકાવવામાટે કેશકલાપને પૃષ્ઠભાગે મુક્ત સ્થિતિમાં મૂકી દીધેલો હોવાથી અને તે લંબ કેશો આછા વસ્ત્રમાંથી સ્પષ્ટ દેખાતા હોવાથી તેમજ વિરહની વેદનાથી તેના મુખમંડળમાં કાંઇક શુષ્કતા આવેલી હોવાથી તેને આ સ્વરૂપમાં જોતાંજ, એક કવિની—

“ધોળાં આછાં વસ્ત્ર એ, પ્હેરી બેઠી બાઇ
વિરહવેદના વિકટથી, મુખડું ગયું સુકાઇ !”

એ ઉક્તિનું તત્કાળ સ્મરણુ થઇ આવતું હતું. અસ્તુ: તેણે

આવતાંજ ત્યાં પોતાની માતાને બેઠેલી જોઇને પ્રશ્ન કર્યો કે;- " મા, આજે ટપાલવાળો આવીને ટપાલ આપી ગયો કે નહિ?"

" કેમ, ગુલાબ! તું કાંઇ આજે ટપાલમાટે આટલી બધી આતુર થઇ રહી છે? તારી તે વળી એવી કઈ પેઢીઓ ચાલે છે કે ટપાલની આટલી ચિંતા રાખવાની હોય! તેમજ તું કુમારિકા હોવાથી પરદેશવાસી પતિની પ્રેમપત્રિકા આવવાનો સંભવ પણ નથી જ, તો પછી આ પૃચ્છા શામાટે?" ભાગીરથીએ અલ્પ પ્રશ્નના ઉત્તરમાં એક ન્હાનું જેવું ભાષણ કરી સંભળાવ્યું.

ગુલાબના હૃદયે ગુપ્ત નાદથી અશ્રવણીય ઉત્તર આપ્યું કે;— "મારા પરદેશી પતિની પ્રેમપત્રિકા, હું કુમારિકા હોવાથી, આવવાનો સંભવ નથી એ સત્ય છે; પરંતુ મારા મનના માન્યા પ્રિયતમ માણેકલાલની પ્રેમપત્રિકા આવવાનો સંભવ છે અને તેથીજ આ પ્રેમો-ન્મત્ત ગુલાબ ટપાલમાટે આટલી બધી આતુર થઇ રહી છે!" પરંતુ આ ઉત્તરને મનમાં જ રાખીને ગુલાબે વિવેકના આડંબરથી કહ્યું કે;-"માતા, માણેકલાલને કરાચી ગયાને આજે દશબાર દિવસ થઇ ગયા છતાં તેમના કશા સમાચાર મળ્યા નથી, અને ત્યાં કાંઇક વિકટ ઘટનાઓ ઉપસ્થિત થઇ છે; કારણ કે, તે વિના સૉલિસિટરને સાથે લઇ જવાની આવશ્યકતા હોય નહિ; કારણથી ત્યાંના સમાચાર જાણવામાટે જો આપણાં મન આતુર થાય તો તે સ્વાભાવિક જ છે. વળી શારદા બહેન અને ઇન્દુ મને ઘડીભર પણ વિસરતાં નથી અને તેથી તેમની ખબર પૂછાવવામાટે મેં એક કાગળ લખ્યો છે એટલે તેના ઉત્તરની હું માર્ગપ્રતીક્ષા કર્યા કરૂં છું. જેમણે આપણા પ્રતિ આટલી બધી માયા અને મમતા બતાવી છે, તેમના

પ્રતિ આપણે પણ તેવીજ લાગણી બતાવવી જોઇએ, તોજ આપણા મનુષ્યત્વની ખરી સાર્થકતા થએલી કહી શકાય. ટપાલમાટે આતુરતા દર્શાવવાનું એ વિના બીજું કાંઇ પણ કારણ નથી."

ભાગીરથી પોતાની પુત્રીની તેના ચાતુર્યવિશે મનમાં પ્રશંસા કરવા લાગી અને તેથી તત્કાળ કાંઇ પણ બોલી નહિ. માત્ર તેણે એટલું જ કહ્યું કે;–" જો, આ ટેબલપર નોકર કાગળો રાખી ગયો છે એટલે એમાં જો તારા કે તારા પિતાના નામનો કાગળ હોય તો લઇ લે અને મને પણ તે વાંચી સંભળાવ. આપણાં ઉપકારકર્ત્તાઓ પ્રતિ તું આટલો બધો સદ્ભાવ ધરાવે છે તે જોઇને ખરેખર મારૂં હૃદય પણ હર્ષથી છલકાઇ જાય છે."

ગુલાબે સર્વ પત્રો તપાસી જોયાં તો તે સર્વ માણેકલાલ તથા શારદાનાં નામનાં જ હતાં, પોતાના નામનું પત્ર ત્યાં તેના જોવામાં આવ્યું નહિ. તે જો કે હૃદયમાં તો નિરાશ થઇ ગઇ અને તે નિરાશાના યોગે ઉદ્ભવેલી ગ્લાનિ તેના સ્વચ્છ મુખમંડળમાં પણ મંદ છટાના રૂપે દેખાવા લાગી, છતાં પોતાના તે ભાવને વ્યક્ત ન કરતાં તેણે સાધારણ ભાવથી કહ્યું કે;–" આજે તો પત્ર નથી; હવે કાલની ટપાલમાં આવે તો કોણ જાણે ! વખતે માણેકલાલ તથા શારદા બન્ને કોઇ અગત્યના કાર્યમાં રોકાયાં હશે અને તેથી પત્ર લખવાનો અવકાશ તેમને નહિ મળી શક્યો હોય."

" ગુલાબના પત્રનું ઉત્તર લખવાનો શારદાને અવકાશ ન મળે એ સંભવનીય છે, પરંતુ માણેકલાલને અવકાશ ન મળે એ કદાપિ બની શકે જ નહિ; કારણ કે, એક અબળાના યૌવનઉપવનમાંના નવપ્રફુલ્લ ગુલાબ નામક પુષ્પરસના અલ્પકાળ પૂર્વે ચાખેલા

સ્વાદને આટલી શીઘ્રતાથી ભૂલી જાય, એવો કૃતઘ્ન ભ્રમર માણેકલાલ નથી, એવો મારો દૃઢ નિશ્ચય છે. કોઇની સાથે થએલો સાધારણ પરિચય પણ અમુક કાળપર્યન્ત ભૂલાતો નથી, તો પછી અસાધારણ સમાગમ તો ક્યાંથી જ ભૂલી શકાય. માણેકલાલે તો તત્કાળ ઉત્તર લખ્યું જ હશે, પણ તે અન્યત્ર ક્યાંક અટકી પડયું હશે અને તેથીજ આજે તે તારા હાથમાં આવી શક્યું નથી.'' ભાગીરથીએ માર્મિક વાગ્બાણના સંધાનનો મંદ આરંભ કરી દીધો.

ભાગીરથીનાં એ માર્મિક વચનોએ ખરેખર ગુલાબના હૃદયમાં બાણનું જ પરિણામ નિપજાવ્યું; અને એના ઉત્તરમાં હવે શું બોલવું અને શું નહિ એ વિશેના ગંભીર વિચારમાં પડી જવાથી તે તત્કાળ કાંઇ પણ બોલી શકી નહિ. તેના આવા મૌનને જોઇને ભાગીરથી તેના ઉત્તરથી વાટ ન જોતાં કહેવા લાગી કે;-

“ગુલાબ મારી ભોળી, ભલી, ચતુર અને રસીલી ગુલાબ! મારાં આ વચનોથી તારે શર્માઇ જવાનું કે હૃદયમાં ભયને ધારવાનું કાંઇ પણ કારણ નથી; કારણ કે, માણેકલાલ જેવા એક મહાબુદ્ધિમાન્, યુવક, રસિક અને ધનવાન્ પુરૂષને પોતાના પ્રેમજાળમાં ફસાવી લેવાના તારા ચાતુર્યને જોઇને હું તારાપર અતિશય પ્રસન્ન થઇ છું અને તેથી તને ઠપકો આપવાને બદલે હું અંતઃકરણપૂર્વક ધન્યવાદ જ આપું છું. આ ચાતુર્યથી તેં મારી કૂખને સારી રીતે દીપાવી છે. ઇશ્વરે મારા ઉદરમાંથી આવું અમૂલ્ય પુત્રીરત્ન ઉત્પન્ન કર્યું, તેમાટે ઇશ્વરનો હું અસીમ આભાર માનું છું. યોગ્ય અને મનોગમતા પુરુષને પોતાના કટાક્ષજાળમાં ફસાવવાનું સ્ત્રીનું જે મુખ્ય કર્ત્તવ્ય

છે. તે કર્ત્તવ્ય તેં દક્ષતાપૂર્વક બજાવેલું હોવાથી તારા સ્ત્રીજન્મની સાર્થકતા થઇ ચૂકી છે, એમાં લેશ માત્ર પણ સંશય નથી."

માતાના આ વિલક્ષણ ઉદ્ગારો સાંભળીને ગુલાબ પળ બે પળ તો દિગ્મૂઢ જેવી જ બની ગઇ. થોડીવાર પછી તે ભયભીત હૃદય અને કંપિત સ્વરથી કહેવા લાગી કે;—"મારી વ્હાલી માતા! આજે તમે જે શબ્દો ઉચ્ચારો છો તે શબ્દોના ભાવાર્થને આ અલ્પજ્ઞ ગુલાબ લેશમાત્ર પણ સમજી શકતી નથી. વિના કારણ પોતાની કુમારિકા પુત્રીપર વ્યભિચારદોષનો આરોપ મૂકવો, એ કૃત્ય પવિત્ર માતાને છાજતું નથી; પછી તો જેવી તમારી ઇચ્છા અને ભાવના; તમારા મુખને કોઇથી તાળું વાસી શકાય તેમ નથી."

"મારો સંશય સકારણ હોવા છતાં મારા કથનને તું આરોપ માને છે અથવા જાણી જોઇને આરોપ તરીકે ઓળખાવે છે, એ તારો પોતાનો પ્રમાદ છે. ગુલાબ! સ્ત્રીનો પ્રેમ કિંવા અનુરાગ છુપાવ્યો છુપો રહી શકતો નથી; પોતાના પ્રેમને અંત પર્યન્ત ગુપ્ત અને અદૃશ્ય રાખી શકે એવી ચાલાક ચપળા તો લાખોમાં ભાગ્યે એકાદ જ મળી આવે છે. જેવી રીતે ધૂમાડાથી અગ્નિની કલ્પના કરી શકાય છે, તે જ પ્રમાણે સ્ત્રીની અમુક પ્રકારની વિશિષ્ટ ચેષ્ટાઓથી સ્ત્રીના અમુક પુરૂષ વિષયક પ્રેમની પણ તત્કાળ કલ્પના કરી શકાય છે. તારી એવી અનેક ચેષ્ટાઓનું મેં ધ્યાનપૂર્વક અવલોકન કર્યું છે અને હું પણ એક સ્ત્રી હોવાથી તારો માણેકલાલમાં અનિવાર્ય પ્રેમ બંધાયો છે, એવો અનુભવાંતે મારો દૃઢ નિશ્ચય થઇ ચૂકયો છે; માત્ર એટલું જ નહિ, પણ તારા કૌમારવ્રતનું ખંડન પણ થઇ ચૂકયું છે અને કદાચિત્ તેથી તું માતૃપદ મેળવવાની

સ્થિતિમાં આવી હોય તો તેમાં પણ વિશેષ આશ્ચર્ય નથી. પ્રત્યેક સ્ત્રીની એક માત્ર મહત્ત્વાકાંક્ષા પતિપ્રેમ અને માતૃપદ મેળવવાની જ હોય છે અને મારી પુત્રીની એ આકાંક્ષાને પૂર્ણ થએલી જો હું જોઇશ, તો મારા જેટલો આનંદ અન્ય કોઇને પણ થવાનો નથી. એનું જ નામ સંસાર છે અને અબળાના જીવનનો એ જ એક માત્ર સાર છે." ભાગીરથીએ પુત્રીના કથનનું ખંડન કરી નાખ્યું.

"પણ મા ! ઘણીક વાર ધુમસને ધૂમાડો ધારી અગ્નિની કલ્પના કરી લેવામાં જેવી રીતે કેટલાક લોકો ઠગાય છે; તે જ પ્રમાણે કોઈની નિર્દોષ ચેષ્ટામાં પ્રેમનો આરોપ કરવામાં પણ કેટલીક વાર લોકોની ભૂલ થાય છે. હું ધારૂં છું કે, મારા વિશે આ કુતર્કને હૃદયમાં સ્થાન આપવામાં તમે પણ ભૂલ જ કરો છો." ગુલાબે પોતાના બચાવમાટે વાદને આગળ વધાર્યો.

"ધૂમસને કદાચિત્ ધૂમાડો ધારી શકાય, પરંતુ જ્યાં ભયંકર જ્વાળાઓ નીકળતી હોય ત્યાં તો અગ્નિનું અસ્તિત્વ હોવું જ જોઇએ." ભાગીરથીએ કહ્યું.

"એવી તમે શી જ્વાળાઓ નિહાળી વારૂ ?" ગુલાબે પ્રશ્ન કર્યો.

"જ્વાળાઓ તો અનેક નિહાળી છે; પણ તે સર્વથી મહા ભયંકર જ્વાળા આ છે કે જે તારા ગુપ્ત પ્રેમના અગ્નિનો સંપૂર્ણ સાક્ષાત્કાર કરાવે છે." એમ કહીને ભાગીરથીએ પોતાની ચોળીમાં છુપાવેલો કાગળ ગુલાબના હાથમાં આપ્યો અને આગળ વધીને કહ્યું કે;—"અહીં કુરસીપર કે કોચપર બેસી જા અને માથું ઠેકાણે રાખીને વાંચ. માણેકલાલની જે પ્રેમપત્રિકામાટે તું આતુર થઈ રહી

હતી તે પત્રિકા આ છે અને એ બોલતી પત્રિકાએ મારા અત્યાર-સુધીના સર્વ સંશયોને નિર્વિવાદ સત્ય સિદ્ધ કરી બતાવ્યા છે. એટલા-માટે હું એ નિર્જીવ પત્રિકાનો પણ જેટલો આભાર માનું તેટલો થોડો જ છે. ”

ગુલાબ માણેકલાલની ફોડેલી પત્રિકા વાંચીને મનમાં જ ઝેરનો ઘૂટડો ગળી ગઇ અને કાંઇ પણ બોલ્યા ચાલ્યા વગર નીચું માથું કરીને બેસી રહી. પોતાના ભયંકર અપરાધો ન્યાયાધીશ સમક્ષ પૂરાવા સાથે સિદ્ધ થતાં એક અપરાધીની જેવી દયાજનક અવસ્થા થઇ પડે છે, તેવી જ અત્યારે ગુલાબની દશા થઈ પડી. તે પોતાને અપરાધિની અને પોતાની માતા ભાગીરથીને એક ન્યાયાધીશ માનવા લાગી. ભાગીરથીના આશ્વાસનદાયક ઉદ્દગારો પોલીસનાં અપરાધીને તેના અપરાધોની કબૂલાત લેવામાટે વદાતાં ઔપચારિક આશ્વાસક વચનો સમાન અસત્ય ભાસવા લાગ્યાં અને શિક્ષાના ભયથી તે તરુણી ગુલાબ થરથર કંપવા લાગી. ભાગીરથી તેની માનસિક ભયભીત અવસ્થાને તત્કાળ જાણી ગઇ અને તેથી પુનઃ તેના હૃદયનું સાંત્વન કરવાના ઉદ્દેશથી કહેવા લાગી કે;—

“ મારી આંખની કીકી ગુલાબ ! તારૂં મન માણેકલાલમાં આસક્ત થયું છે અને તારૂં કૌમાર તેના સ્પર્શથી નષ્ટ થયું છે, તો હવે તારો લગ્નસંબંધ એની સાથે જ કોઇ પણ ઉપાયે કરી આપવો તેમ જ તારા સોકયના સાલને પણ કાઢી નાખવું, એ મારૂં એક માતા તરીકેનું સર્વથી પ્રથમ અને પ્રમુખ કર્ત્તવ્ય છે. એ કર્ત્તવ્યનું પાલન હવે તારી માતા ભાગીરથીના હસ્તે કેવા પ્રકારે થાય છે, એ તું અલ્પ કાળાવધિમાં જ જોઇ શકીશ. હું તને અત્યારથી જ નિશ્ચય-

પૂર્વક જણાવું છું કે, તારે પોતાને માણેકલાલની વિવાહિત પત્ની જ માનવી અને દૃઢ ભાવના એ જ રાખવી કે માણેકલાલ તારો અને મારો ઉભયનો આજથી દાસાનુદાસ છે, ગુલામ છે! હવે આ ગૃહની સત્ય સ્વામિની શારદા નહિ, પણ ગુલાબ છે અને શારદા અહીંની અલ્પ સમયની મેહમાન છે! માણેકલાલને શિરચ્છત્ર બનાવવાની તારી આશા જો હું પૂર્ણ ન કરું તો મારૂં ભાગીરથી નામ નિરર્થક છે, એટલું જ નહિ પણ આ જીવન પણ વ્યર્થ છે, એમ જ તારે ધારવું. શારદા કદાચિત્ અહીં આવશે, પણ તે થોડા વખતને માટે અને ગુલાબ અહીંથી દૂર થશે તે પણ થોડા વખતને માટે."

"શારદા, માણેકલાલની દેવી આ ગૃહમાંથી જીવતી બહાર નીકળશે, અને તે પણ વળી માણેકલાલની આજ્ઞાથી? સર્વથા અશક્ય, વંધ્યાપુત્ર સમાન અસંભવનીય ન માની શકાય તેવું હડહડતું જૂઠાણું!" ગુલાબે નિરાશા દર્શાવીને કહ્યું.

"માણેકલાલની આજ્ઞાથી નહિ, પણ ભાગીરથીની આજ્ઞાથી નીકળશે અને માણેકલાલ જો ભાગીરથીની આજ્ઞાનો અનાદર કે તિરસ્કાર કરશે, તો એનું તેને ભયંકર અને પ્રાણહારક વિષારી ફળ મળશે; તેનું જીવન આ ભાગીરથીના પ્રપંચાઘાતથી મરણતુલ્ય થઇ જશે! હવે હું છું અને માણેકલાલ છે; સ્ત્રીના ચાતુર્ય સમક્ષ પુરુષોનું ચાતુર્ય કંગાલ છે!" આ ઉદ્‌ગારો સાથે ભાગીરથી ઇજીચેરમાંથી ઊઠીને ઊભી થઇ અને ગુલાબે વાંચીને ટેબલપર મૂકેલા કાગળને ઊપાડી ચોળીમાં સંતાડીને ત્યાંથી પતિના ઓરડામાં જવામાટે ચાલતી થઇ ગઇ.

ગુલાબ અનેક પ્રકારના તર્કવિતર્ક કરતી ખાલી થએલી ઇજીચેરમાં વિચારની ગાઢ નિદ્રામાં પડી ગઇ.

પ્રકરણ ૧૮ મું.

અધઃપાતનો આરંભ

માણેકલાલને સટ્ટા તથા શર્ત આદિનો નિઃસીમ નાદ હતો, એ તો પ્રથમ **માણેકલાલના** પરિચયની વેળાયે અમે જણાવેલું જ છે. અત્યાર સુધી ભાગ્યની પ્રબળતાના યોગે તેને સટ્ટામાં હાનિને સહન કરવાનો પ્રસંગ પ્રાપ્ત થએલો ન હોવાથી તેનો એ નાદ દિવસે દિવસે વધતો જતો હતો અને છેવટે તે એટલી સીમા પર્યન્ત આવી પહોંચ્યો હતો કે લાખોના સટ્ટામાં ઝીપલાવતાં **માણેકલાલ** આગળ પાછળનો લેશ માત્ર પણ વિચાર કરતો નહોતો; કારણ કે, જેવી રીતે અમુક મનુષ્યને આખા માસની સર્વ રાત્રિના સમયમાં એક બંધ કોટડીમાં પૂરી રાખવામાં આવે અને કેવળ પૌર્ણિમાની રાત્રે જ બહાર કાઢવામાં આવે અને ત્યાર પછી તેને 'નિશા કેવી હોય છે?' એમ પૂછતાં 'નિશા અજવાળી હોય છે!' એવું જ તેની પાસેથી ઉત્તર મળે છે; તેવી જ રીતે **માણેકલાલને** ઠોકર લાગેલી ન હોવાથી સટ્ટામાં ઊજળું એટલું દૂધ જ દેખાતું હતું અને ભ્રમણાથી તે એ દિશામાં અંધ સમાન બની ગયો હતો. અર્થાત્ કોઇ પણ જાતના અને કોઇ પણ વસ્તુના સટ્ટામાં યાહોમ કરીને કૂદી પડવું એ **માણેકલાલનો** એક સાધારણ સ્વભાવ જ થઇ પડયો હતો. જે વેળાયે **માણેકલાલ** કરાચીમાં આવ્યો તે વેળાયે કરાચીમાં ખાલી જમીનના અને કેટલીકવાર મકાનોના પણ વાયદાના સોદાનો ધમધોકાર ધંધો ચાલી રહ્યો હતો અને તે અન્ય કાંઇ નહિ, પણ એક જાતનો ભયંકર સટ્ટો જ હતો. વાયદાના સોદાનો અથવા સટ્ટાનો એવો પ્રકાર

હોય છે કે, ધારો કે, જમીનનો એક ટુકડો આજે વેચવાનો છે અને તેની કીમત આજે રૂપિયા દશ હજારની બોલાય છે. તો એ દશ હજારમાં જમીનનો ટુકડો લઇ બાનાના જે એક હજાર કે બે હજાર રૂપિયા ઠરાવેલા હોય તે અત્યારે આપવા અને બાકીના રૂપિયા ચાર મહિને કે છ મહિને ચૂકવીને જમીન પોતાના કબ્જામાં લેવી. હવે કબજામાં જમીન લેવાની તારીખ છ મહિના પછીની હોય અને તે વચ્ચે જમીનની કીમત પંદર હજાર કે વીસ હજારની થઇ જાય એટલે તે લેનાર વળી જમીન બીજાને વેચી વચ્ચેનો નફો પોતે ખાઈ જાય અને એવી રીતે અનેક ખરીદદારોના હાથમાંથી પસાર થતાં થતાં છેવટે જમીનનો ભોગવટો જેના ભાગ્યમાં જાય, તે છેવટનો માલિક થાય. પણ જો એની વચ્ચે ભાવ ગગડી જાય તો વેચનાર કમાઇ જાય અને ખરીદનાર માર્યો જાય, એ પણ સાથે સાથે જ સમજી લેવાનું છે. અર્થાત્ કરાચીમાં જમીનના એ સટ્ટાથી કેટલાક માલદાર થઇ ગયા હતા અને કેટલાકો પાયમાલ પણ થઇ ગયા હતા. એ સટ્ટાનો સપાટો કરાચીમાં જોશથી ચાલી રહ્યો હતો એવા સમયમાં જ માણેકલાલ શેઠની કરાચીમાં પધરામણી થઇ અને ત્યાં ચાર પાંચ દિવસ રહ્યા પછી કેટલાક સમાગમમાં આવતા મનુષ્યો દ્વારા એ વિશેની વાત માણેકલાલના જાણવામાં આવી. આ વાત સાંભળતાં જ લાભની આશાથી તેણે જો સારો લાગ હોય તો એ સટ્ટામાં ઝીપલાવવાનો વિચાર કર્યો, અને ત્યાંના એક મનુષ્યને પોતાનો એ વિચાર તેણે જણાવ્યો પણ ખરો.

હવે બનાવ એવો બન્યો કે, કરાચીના સરકારી બગીચાની પાછળનો જમીનનો એક વિશાળ ભાગ એક સિંધી લુહાણા અને એક હાલાઇ લુહાણા એવી રીતે બે ગૃહસ્થોએ મળીને બાગમાં

રૂપિયા બાવન હજારની કીમતથી અમુક મુદ્દતના વાયદે વેચાતો લીધો હતો અને ત્યાર પછી તે જમીનની બાણું હજાર સુધી કીમત બોલાઇ હતી, પણ પૂરા એક લાખ મેળવવાની આશામાં લપટાયલા તે બન્ને ભાગીદારોએ ચાળીસ હજારનો ચોખ્ખો નફો છતાં તેનું વેચાણ ન કર્યું અને છેવટે 'અતિ લોભ તે પાપનું મૂળ' એ કહેવતની સત્યતાના સાક્ષાત્કારનો સમય તેમનાં નેત્રો સમક્ષ આવીને ઊભો રહ્યો. એટલે કે, બાણું હજાર સુધી વધીને તે જમીનના ભાવો એટલી હદ સુધી ગગડવા માંડયા કે, છેવટે છવીસ હજાર અને છવીસ હજારપરથી તેર હજારપર ભાવ આવીને ઉભો રહ્યો. હવે બન્ને ભાગીદારોના ગભરાટનો પાર રહ્યો નહિ; કારણ કે, વાયદાની મુદ્દતમાં થોડા દિવસ બાકી હતા, અને બાનાના રૂપિયા છવ્વીસ હજાર અપાયા હતા તે બેંકમાંથી ઉપાડેલા હોવાથી વ્યાજ તો ચઢ્યા જ કરતું હતું. સિંધી લુહાણો તો બિચારો બહુ જ ગભરાઇ ગયો, પણ હાલાઇ લુહાણો જમાનાનો ખાધેલો અને ચાલાક માણસ હોવાથી તેણે એ નુકસાનમાંથી છટકવાનો એક અજબ અને અકસીર ઇલાજ શોધી કાઢ્યો. મુંબઇના એક સારા પ્રતિષ્ઠિત અને ધનાઢ્ય વ્યાપારીને ત્યાં તેનો એક લાગતો વળગતો માણસ મુનીમની પદવીપર હતો. તેને તેણે કાગળ લખ્યો કે, "અમારી જમીનમાટે તમે માગણી કરનાર તરીકે પત્રવ્યવહાર ચલાવો અને તે પત્રવ્યવહાર તમારા શેઠના નામથી અથવા પેઢીના નામથી થવો જોઇએ અને તેમાં જણાવવું કે, "અમારે કરાચીમાં મિલ કરવાની છે એટલે ગામથી દૂરના ભાગમાં અમને વિશાળ જમીનની તેમાટે આવશ્યક્તા છે. એ વિશે હું સૂચના આપું તે તે વેળાયે તમારે અર્જન્ટ તારો પણ મોકલવા. એનો બધો ખર્ચ અમે આપીશું અને જમીનનો

સારો ભાવ મળશે તો તમને બીજો પણ લાભ કરી આપવામાં આ-વશે;" ઇત્યાદિ. આ વ્યવસ્થા માણેકલાલના આવ્યા પૂર્વે જ થઇ ગએલી હોવાથી માણેકલાલ આવ્યો તે સમયમાં તો બે ચાર પત્ર અને ત્રણ ચાર તાર વગેરે આવી ગયા હતા અને એ જગ્યાની સારી માગણીની વાત તે હાલાઇ લુહાણાના દલાલોદ્વારા બહાર આવવાથી તે જમીનનો ભાવ ધીમે ધીમે તેર હજારપરથી છવીસ સત્તાવીસ-હજારપર આવીને અટક્યો હતો, અર્થાત્ હજી પણ મૂળમાં ચોખ્ખી છવીસ હજારની ખોટ હતી અને તેથી જમીન વેચી નાખવામાં આવે, તો બન્ને ભાગીદારોને તેર તેર હજારનો ચાંલ્લો તો ઘરમાંથી કરવો જ પડે, એવી સ્થિતિ હતી અને હાલાઇભાઇ તેર હજાર તો શું, પણ તેર રૂપિયા પણ તોળવાને રાજી નહોતા. એવામાં માણેક-લાલનો વિચાર કોઈના મોઢેથી તેના જાણવામાં આવ્યો અને તેથી તત્કાળ તેણે પોતાના દલાલોને માણેકલાલને ત્યાં આવતા જતા કરી દીધા, એટલું જ નહિ, પણ બે ચાર મિત્રોને ખરીદનારના રૂપમાં તૈયાર કરીને તે જમીનનો ભાવ તેણે રૂપિયા સાઠ હજારનો બોલાવ્યો. માણેકલાલે દલાલોના આગ્રહથી જમીન જાતે જઇને જોઇ અને મુંબઇનો પત્રવ્યવહાર તથા તારોનો વ્યવહાર પણ તેણે વાંચ્યો. હાલાઇ લુહાણે ઔપચારિક રીતિથી જમીન વેચવાની ના પાડી અને જો મીલ થશે તો આના જેવી વિશાળ અને એકાંત ભાગમાં બીજી જમીન ક્યાંય મળવાની નથી એટલે અવશ્ય આની લાખ દોઢ લાખ-ની કીમત ઉપજશે એવી લાલસાથી માણેકલાલે જમીન લેવાની અ-ધિક ઇચ્છા દર્શાવવા માંડી. હાલાઇ ભાઇને તો એટલું જ જોઇતુ હતું એટલે હા ના કરતાં છેવટે રૂપિયા પાંસઠ હજારમાં સોદો નક્કી થયો, બાના તરીકે માણેકલાલે મુંબઇ બૅંકપર રૂપિયા ત્રીસ હજારનો

ચેક લખી આપ્યો અને એક મહિનામાં બીજા રૂપિયા ભરી આપવાનો કરાર કર્યો. સરકારી સ્ટૅંપપર પાકા દસ્તાવેજો થઇ ગયા અને હાલાઇ લુહાણા ગૃહસ્થ પોતાની બલા બીજાના માથાપર નાખીને હાનિ ભોગવવાની ચિંતાથી મુક્ત થયા. હાલાઇ મહાશયે મુંબઇવાળા શેઠના મુનીમને પોતાના ભાગે આવેલા સાડા સાત હજારના નફામાંથી કેટલો ભાગ આપ્યો, એ જાણવામાં આવેલું ન હોવાથી અમે પણ તે અમારા વાચકોને જણાવી શકતા નથી. માત્ર દલાલોને દલાલી ઉપરાંત પણ સારી રકમ મળી હતી, એમ કેટલાક વ્યાપારીઓ અને સટ્ટોડિયાઓ હજી પણ કરાચીમાં વાતો કરે છે; કારણ કે, દલાલી તો બન્ને ભાગીદારોના સામટા નફામાંથી આપવાની હતી એટલે હાલાઇભાઇથી કાંઇ ગોટાળો કરી શકાય તેમ હતું જ નહિ; નહિ તો કદાચિત્ એ પણ ઓઇયાં થઇ જાય, એવો સંભવ તો ખરો જ. અસ્તુ; માણેકલાલ કરાચીમાં એ નવો સટ્ટો કરીને અને સ્વર્ગવાસી પ્રાણલાલની ઉત્તરક્રિયા તથા ન્યાત વગેરે કાર્યની નિર્વિધ્ન સમાપ્તિ કરીને શારદા તથા ઇન્દુને ત્યાંજ મૂકી એકલો જ મુંબઇ આવી પહોંચ્યો. શારદા કદાચિત્ હજી પણ બે માસ જેટલો સમય કરાચીમાં વીતાડે એવો સંભવ હતો; કારણ કે, દામોદર અને તેના હરામખોર દોસ્તો એટલે કે, કરાચીની કૉસ્મોપોલીટન્ ક્લબના ઓનરેબ્લ (?) મેમ્બરો ઉપર જે કેસ ચાલવાનો હતો, તેમાં શારદાના સાક્ષી પૂરાવાની ખાસ અગત્ય હતી અને તેની હાજરી વગર બિચારી કપિંજલા અને રતનબાઇથી કાંઇ પણ કરી શકાય તેમ હતું નહિ. માણેકલાલનું મન ગુલાબના વિલાસમાં નિમગ્ન હોવાથી તેના માટે તો આ 'ભાવતું હતું અને વૈદ્યે બતાવ્યું' જેવો જ રંગ થઇ પડયો. જો કે તેનું મન તો મુંબઇમાં જ ભ્રમી રહ્યું હતું, તો પણ

શારદાના વિયોગથી જાણે પોતાના હૃદયમાં અસહ્ય પરિતાપ થતો હોયની, એવો નાટકના નટ પ્રમાણેનો દેખાવ રજૂ કરવાની કરાચીના સ્ટેશનપર તેણે શારદા સમક્ષ પૂર્ણ દક્ષતા બતાવી અને તેથી સત્ય પ્રેમમૂર્ત્તિ શારદાના હૃદયમાં પતિમાટે વિશેષ પ્રેમ અને અધિક અનુકંપાનો ઉદય થયો. નિરુપાય હોવાથી તેને ત્યાં રહેવું તો પડ્યું, પરંતુ વારંવાર તે પતિના વિયોગમાં પતિના પ્રેમનું સ્મરણ કરીને નયનોમાંથી ઉષ્ણ નીરની ધારા વહાવ્યા કરતી હતી. માણેકલાલનો પ્રેમ દંભમય હતો અને શારદાનો સ્નેહ શુદ્ધ હતો, એટલો જ માત્ર ભેદ!

માણેકલાલ જ્યારે કરાચીથી મુંબઇ જવાને નીકળ્યો તે વેળાયે તેણે માત્ર ગુલાબ વિના અન્ય કોઇને પણ એ વિશેનો તાર કર્યો નહોતો; કારણ કે, એમ કરવામાં તેનો એવો આશય સમાયલો હતો કે, જો અન્ય મિત્રો ઇત્યાદિ સ્ટેશનપર લેવાને આવશે, તો ગાડીમાં ગુલાબ સાથે ગુપ્ત વાર્તાલાપનો તાત્કાલિક અવસર મળી શકશે નહિ. માણેકલાલ ગ્રાન્ટરોડના સ્ટેશનપર ઉતરવાનો હોવાથી પ્રભાતમાં ગુજરાત મેલના અરાઇવલ્ ટાઇમે ગુલાબ ગાડી લઇને ત્યાં આવી પહોંચી હતી અને તેથી ગુપ્ત પ્રેમીઓને ગાડીમાં જ ઇચ્છિત વાર્ત્તાલાપનો જોઇએ તેવો એકાંત અવસર પ્રાપ્ત થઇ શકયો; કારણ કે, માણેકલાલનો નોકર કોચમૅનની પાસે બહારના ભાગમાં બેઠેલો હોવાથી તેમના વાર્તાલાપમાં કોઇ વિઘ્નકારક થઇ શકે તેમ હતું જ નહિ. ગુલાબને ભાગીરથીએ માણેકલાલના આગમનપર્યન્તના મળેલા અવકાશમાં સ્ત્રીચરિત્રના એવા તો વિલક્ષણ પાઠો ચાતુર્યથી ભણાવી મૂકયા હતા કે, જે ભયનું દર્શન માણેકલાલને ગુલાબના પત્રમાં થયું હતું તેના શતાંશ ભયનું પણ તેના પ્રત્યક્ષ સંભાષણમાં દર્શન

થયું નહિ અને એનું પરિણામ એ થયું કે, **માણેકલાલના** હૃદય-માંનો ચિંતાભાર એથી ઓછો થતાં તે કાંઇક વધારે સ્વચ્છંદ અને સ્વૈર થવાના નિશ્ચયપર આવી લાગ્યો. **ભાગીરથીએ** પણ ખુલ્લી રીતે જોવા તથા જાણવામાં આવી શકે તે પ્રમાણે ગુલાબ અને **માણેકલાલની** પ્રેમચેષ્ટાઓપ્રતિ એવાં તો આંખમીચામણાં કરવા માંડયાં કે, **માણેકલાલને** તેથી દુરાચારમાં આગળ વધવાનું એક પ્રકારે ઉત્તેજન મળતું ગયું અને છેવટે વાત એટલી હદ સુધી આવી લાગી કે, ઘરના નોકરોને પણ શેઠ અને ગુલાબના સંબંધ વિશે સંશય આવવા લાગ્યો. **ભાગીરથીએ** પણ આગળ પગલાં ભરવા માંડયાં અને તે એ કે, કોઇવાર **માણેકલાલ** સાથે લાયબ્રેરી હૉલમાં તે શૃંગારચર્ચા પણ ચલાવતી હતી અને એક બેવાર **માણેકલાલના** દુ:ખતા મસ્તકપર ઓરીયન્ટલ બામ ઘસવાના નિમિત્તથી તેણે તેના શરીરને સ્પર્શ કરવાની પણ છૂટ લીધી હતી. પરંતુ તેની દક્ષતા એ કે, પોતાના મનના વિકારને વાણીદ્વારા તેણે કદાપિ વ્યક્ત થવા દીધો નહોતો અને અત્યારે જ પોતાના મનોવિકારને વ્યક્ત કરવાની તેની ભાવના પણ નહોતી; કારણ કે, અવસર આવ્યા વિના સોનાની જાળને પાણીમાં નાખે, એવી **ભાગીરથી** નાદાન નહોતી. **માણેકલાલ** સાંઝે ચાર વાગે સટ્ટાબજાર અને શેરબજારમાં જતો હતો અને સાત આઠ વાગ્યામાં પાછો આવતો હતો; અર્થાત્ તેનો વીસ કલાક જેટલો ટાઇમ દરરોજ ગુલાબના સહવાસમાં જ વ્યતીત થતો હતો. એવી રીતે કરાચીથી આવ્યા પછી લગભગ અઢાર વીસ દિવસનો કાળ તો આનંદમાં વીતી ગયો. પરંતુ ત્યાર પછી ?

વર્ષાઋતુ ન હોવા છતાં જેવી રીતે કોઇવાર અન્ય ઋતુમાં જ વૃષ્ટિનો લેશ માત્ર પણ સંભવ ન હોય, તોય અચાનક આકાશ

મેઘાચ્છાદિત થઇ જાય છે અને મૂષળધાર વૃષ્ટિ થઇ પડે છે; તેજ પ્રમાણે માણેકલાલનું ભાગ્યરૂપ નભોમંડળ અવદશાના મેઘથી અકસ્માત્ આચ્છાદિત થઇ ગયું અને તેણે અચાનક ચિંતા, હાનિ અને શોક આદિરૂપ જળની ભયંકર વૃષ્ટિ વર્ષાવવાનો આરંભ કરી દીધો. અર્થાત્ માણેકલાલે ૭ માસ પહેલાં રૂપિયા એક લાખનો ચાંદીનો સટ્ટો કર્યો હતો અને ત્યાર પછી ચાંદીના ભાવ એકદમ ગગડી જવાથી અને વાયદાની તારીખ આવી લાગવાથી ઘરમાંથી રૂપિયા ભરી આપવાનો પ્રસંગ રાક્ષસ પ્રમાણે આંખો ફાડીને તેની સ્હામો આવી ઊભો રહ્યો. એક લાખનોએ સટ્ટો એવી રીતનો હતો કે, ચાંદીના ભાવમાં જો તેની ધારણા પ્રમાણેનો વધારો થાય તો રૂપિયા એક લાખનો ચોખ્ખો નફો મળી શકે; પરંતુ જેટલા નફાની આશા હતી તેટલા જ પ્રમાણમાં ભાવ ઊતરી જવાથી સ્હામી એક લાખની ખોટ ભરવાનો વખત આવી લાગ્યો. રૂપિયા ભરી દેવાનું ઇન્ટીમેશન કરાચીથી આવ્યા પછી એકવીસમે દિવસે તેને મળ્યું અને તે ઇન્ટીમેશન વાંચતાં જ તે અગાધ ચિંતામાં પડી ગયો; કારણ કે, લાખ રૂપિયાની રકમ કાંઇ જેવી તેવી હોતી નથી. અધુરામાં પૂરૂં એ વેળાયે એટલા રોકડા રૂપિયા તેની પાસે હતા પણ નહિ કે તત્કાળ કોઇને મદદે બોલાવ્યા વિના તેનાથી એ સંકટમાંથી પાર પડી શકાય. પોતાની પ્રતિષ્ઠાને જાળવવામાટે નિરુપાયવશ થઇને તેણે પોતાના એક ધનાઢ્ય અને પ્રતિષ્ઠિત ગણાતા મિત્રને બોલાવ્યો અને તેને પોતાની સ્થિતિ જણાવીને એક બે દિવસમાં રૂપિયા એક લાખ આપવાની અથવા તો મેળવી આપવાની માગણી કરી. માણેકલાલની વાત સાંભળીને થોડીકવાર તો તે મિત્ર વિચારમાં પડી ગયો, અને વિચાર કરી મનમાં અમુક પ્રકારના નિશ્ચયપર આવ્યા પછી તે

શાંતિ અને વિનયથી કહેવા લાગ્યો કે;—

" ભાઇ માણેકલાલ ! આવી રીતે આંધળા થઇને સટ્ટામાં ન ઝીપલાવવાનો આ દીન મિત્રે તમને અનેકવાર ઉપદેશ આપ્યો હતો, પણ તે ઉપદેશ તમારા ધ્યાનમાં ઊતર્યો નહિ અને તે સાહસનું આજે આ પરિણામ થયું. તમને આટલી મોટી ખોટ જવાથી મને અત્યંત ખેદ થાય છે, પણ ધનનો વિષય હોવાથી કેવળ અનુકંપા દર્શાવ્યા વિના મારાથી બીજું શું કરી શકાય વારૂ ?"

"જે થવાનું હતું તે થઇ ચૂક્યું છે, એટલે એ વિશે શોક કરવાથી અત્યારે કશો પણ લાભ થવાનો સંભવ નથી. જો બરાબર વખતે રૂપિયા ભરી દેવામાં નહિ આવે, તો મારી અને મારા બાપદાદાની પ્રતિષ્ઠાપર પાણી ફરી વળશે, માટે અત્યારે તો મારી પ્રતિષ્ઠાને જાળવવાનો જ મારે વિચાર કરવાનો છે. આ એક પ્રકારનું શિક્ષણ હોવાથી તમારો ઉપદેશ હવે ભવિષ્યમાં સારી રીતે મારા ધ્યાનમાં ઊતરી શકશે; કારણ કે, મનુષ્ય હમેશા ઠોકર ખાઇને જ ટેકાણે આવે છે. જેઓ વાળ્યા નથી વળતા તેઓ હાર્યા અવસ્ય વળે છે, એ તત્ત્વ હું નથી ધારતો કે તમારા જાણવામાં ન હોય." માણેકલાલે તેની આડીવાતોને કાપી નાખીને સીધી વાતપર આવવાનો આગ્રહ કર્યો.

" જો આટલી ચેતવણીથી ચેતી જાઓ, તોપણ બહુ જ સારૂં. ચાલો ત્યારે હવે તમારી બાબતપર આપણે આવીએ. તમને રૂપિયા એક લાખ અત્યારે જોઇએ, તો અત્યારે જ હું બૅંકમાંથી મારૂં ઇન્ડોર્સમેન્ટ કરીને અપાવી શકીશ; પણ હું ઇન્ડોર્સમેન્ટ કરી આપું તેના બદલામાં તેટલીજ મારી પાસે તમારી સિક્યૂરિટી હોવી જોઇએ; કારણ કે, મારા ભાઇનું અને મારૂં બિજનેસ સાથે હોવાથી તેમજ

વડિલોપાર્જિત સંપત્તિ પણ અવિભક્ત હોવાથી મારાથી સ્વતંત્રતાથી આટલી મોટી રકમ સિક્યૂરિટી વિના ન ધીરી શકાય, એ તો તમે પણ જાણો તેમ છે એટલે એ વિશે વિશેષ બોલવાની આવશ્યકતા નથી. જો તેવી સિક્યૂરિટી આપવાને તમે તૈયાર હો, તો તમારી પ્રતિષ્ઠાને લેશ માત્ર પણ કલંક લાગે તેમ નથી." માણેકલાલના મિત્રે વ્યવહારના વિષયમાં લજ્જાને તિલાંજલિ આપીને સ્પષ્ટવક્તૃત્વ કરી નાખ્યું અને ત્યાર પછી તે માણેકલાલના ઉત્તરની આતુરતાથી માર્ગપ્રતીક્ષા કરવા લાગ્યો; કારણ કે, તે અમુક કાર્ય મૂકીને આવેલો હોવાથી જવાની તેને બહુ જ ઊતાવળ હતી.

"સિક્યૂરિટી આપી શકીશ અને તે લાખ રૂપિયાને બદલે દોઢ લાખની; એ વિશે તમારે લેશ માત્ર પણ ચિંતા રાખવી નહિ." એમ કહીને માણેકલાલ પોતાના બીજા રૂમમાં જઇ તીજોરીમાંથી પોતાના બંગલા અને જમીનનાં ખતપત્ર કાઢીને લઇ આવ્યો અને તે સિક્યૂરિટી તરીકે પોતાના મિત્રના હાથમાં આપી દીધાં. મિત્રે પોતાના વચન પ્રમાણે બીજે દિવસે માણેકલાલને રૂપિયા એક લાખ અપાવ્યા અને કોઇ પણ પ્રકારના કોલાહલ વિના લાખ રૂપિયાની ખોટ માણેકલાલે ભરી આપવાથી બજારમાં તેની આંટ આગળ કરતાં પણ કાંઇક વધારે વખણાવા લાગી.

એ રૂપિયા એક લાખ ત્રણ મહિનાના વાયદાની હુંડીથી લેવામાં આવ્યા હતા અને એવી રીતે રૂપિયા લેવામાં માણેકલાલની એવી ધારણા હતી કે, કરાચીમાંની જમીન ત્યાં સુધીમાં વેચાશે તેમાંથી રૂપિયા પંચોતેર હજારથી એંસી હજાર સુધીનો ચોખ્ખો નફો મળશે એટલે વીસ પચીસ હજાર ખૂટશે તેને રેસ વગેરેમાં ભાગ્યને અજ-

માવીને પહોંચી વળાશે; અથવા એટલી રકમમાટે બીજી પણ ગમે તે વ્યવસ્થા કરી શકાશે. માણેકલાલે અત્યાર સુધીમાં એક પાઇનું પણ દેવું કર્યું નહોતું અને આ વખતે અચાનક એક સામટું એક લાખ રૂપિયાનું દેવું થઇ જવાથી તેના મનમાં કાંઇક આઘાત તો આવશ્ય થયો જ અને તેના યોગે તેની વિશ્રાંતિમાં તથા નિદ્રામાં ન્યૂનતા થવા લાગી. ચિંતાથી નિદ્રાનો નાશ થવો જ જોઇએ; એવો નિયમ તેણે સાંભળ્યો હતો અને અત્યારે એ નિયમની સત્યતાનો તેને સાક્ષાત્કાર થવા લાગ્યો. માણેકલાલે કરાચીમાંની જમીન જે હાલાઇ લુહાણા પાસેથી ખરીદી હતી તેની ઉપર મુંબઇના જે મિલમાલેકના કાગળો અને તારો જમીનખરીદી વિશે આવ્યા હતા તે ગૃહસ્થનું નામ માણેકલાલે પોતાની ડાયરીમાં નોંધી લીધેલું હોવાથી એક ત્રીજા જ માણસને મોકલીને તેણે એ વિશેની ખબર કઢાવી કે એ ગૃહસ્થ કરાચીમાંની તે જમીન ત્યાં મિલ બનાવવામાટે ખરીદવાના છે કે કેમ; કારણ કે જો તેમનો તેવો વિચાર હોયતો તેનું સાટું મુંબઇમાંજ નક્કી કરી નાખવું અને દેવું ભરી ચિંતામાંથી મુક્ત થઇ જવું, એવો માણેકલાલના હૃદયનો આશય હતો. પણ પૃચ્છા કરતાં એમ જાણવામાં આવ્યું કે તે ગૃહસ્થને તો કરાચીમાં જમીન ખરીદવાનું કે મિલ બનાવવાનું સ્વપ્ન માત્ર પણ આવ્યું નહોતું, તો પછી કાગળ અને તારોનો સંભવ હોઇ જ ક્યાંથી શકે? અર્થાત્ કરાચીમાંના ચાલાક ઠગોના હાથે માણેકલાલ બરાબર અને કાયદાસર ઠગાયો હતો, એ હવે સ્પષ્ટતાથી તેના જાણવામાં આવી ગયું. આ સર્વ ખટપટમાં દશ બાર દિવસનો કાળ વીતી ગયો અને તેટલામાં કરાચીમાં જમીનના રૂપિયા પાંત્રીસહજાર બાકી હતા તે ભરવાની મુદત પણ પાકવા

આવી અને ત્યાંથી એ વિષેની ઉઘરાણીનો રજીસ્ટર્ડ કાગળ પણ આવી ગયો. વળી પાછો માણેકલાલમાટે ચિંતાનો એક નવીન વિષય ઉપસ્થિત થયો. તેના રૂપિયા ત્રીસેક હજાર બૅંકમાં ડિપૉઝિટ હતા એટલે દશહજાર રૂપિયા એક અન્ય ગૃહસ્થ પાસેથી લઇને તેણે એ દેવું પણ ભરી દીધું અને ત્યાર પછી ડૂબતો મનુષ્ય જેમ તૃણના આધારે પાર પહોંચવાનાં ફાંફાં મારે છે, તેવી રીતે રેસમાં પોતાના ભાગ્યની પરીક્ષાની અને ગએલા ધનને પાછું મેળવવાની આકાંક્ષાથી તે પૂના જવાને રેસસ્પેશીયલમાં ઉપડી ગયો. તેણે પાંચ હજાર રૂપિયાની નોટોનો થોકડો પોતાના ખીસામાં રાખ્યો હતો, પણ રેસગ્રાઉન્ડપર પહોંચ્યા પછી તેના હૃદયમાં ઉન્માદવાયુનો એટલી સીમાપર્યંત સંચ્ચાર થઇ ગયો કે, લગભગ પચાસ હજારની બાજીઓ તેણે પોતાની પસંદગીના તે દિવસની રેસમાં દોડનારા ચાર પાંચ ઘોડાઓપર માંડી દીધી. પરંતુ જ્યારે ભાગ્યદેવી પ્રતિકૂળ થાય છે, ત્યારે સોનું પણ કથીર થઇ જાય છે, એ તત્ત્વ અને અબાધ્ય નિયમનું માણેકલાલને સ્મરણ રહ્યું નહોતું, એટલે એનું પરિણામ એ થયું કે, માણેકલાલના પસંદ કરેલા ઘોડાઓની જીતનો સર્વને સંપૂર્ણ વિશ્વાસ હોવા છતાં તેજ ઘોડાઓની હાર થઈ ગઇ અને રેસગ્રાઉન્ડપર માણેકલાલ પચાસ હજારનો નવેસરથી કર્જદાર થઇ ગયો. એ વેળાયે જો કે તેની પાસે જીતનારાઓને આપવામાટે રોકડા પૈસા નહોતા, તોપણ તેની પાસેથી તત્કાળ કોઇએ પણ ઉઘરાણી કરી નહિ; કારણ કે, તે હમેશનો રેસગ્રાઉન્ડપર આવનાર, હજારો રૂપિયાનો રમનાર અને રૂપિયા ચૂકવવામાં સત્તર આના શાહુકાર હોવાથી અને બુકકીપરોનો પણ તેનામાં સંપૂર્ણ વિશ્વાસ હોવાથી એ રૂપિયા જવાના નથી, એવો સર્વનો દૃઢ નિશ્ચય હતો. રેસમાંથી પાછા ફરતાં સુધી માણેકલાલની

દાનતમાં પણ બગાડો થયો નહોતો. માણેકલાલને ગએલી લગભગ બે લાખની ખોટની વાત ધીમે ધીમે સટ્ટાસબ્જારમાં અને શેરબજારમાં ચર્ચાવા લાગી અને તેથી કેટલાક અધીરા સ્વભાવના અને શંકાશીલ શેરબ્રોકર્સ કે જેઓ માણેકલાલના નામનાં કેટલાંક સાટાં પોતાની જોખમદારીથી કરી ચૂકયા હતા તેમના મનમાં ગભરાટ થવા લાગ્યો અને તેથી તેમણે અમુક સાટાંના નિકાલ કરી નાખવામાટે માણેકલાલપર આડકતરી રીતે દબાણ કરવા માંડયું. ચારે તરફથી આવેલી આ નાણાં વિષેની આફતથી જો માણેકલાલ ગભરાઈ જાય તો તે સ્વાભાવિક જ હતું. હવે શું કરવું અને શું નહિ, એનો ઉપાય માણેકલાલની કલ્પનામાં આવી શકયો નહિ. શારદાના સારી કીમતના હીરામાણેક અને સોના ચાંદીના અલંકારો જો કે તેની તીજોરીમાં જ હતા અને તીજોરીની ચાવી પણ તેની પાસે જ હતી, છતાં શારદા જેવી એક દેવીતુલ્ય પત્નીને તેના અલંકારોપર તરાપ મારી ભિક્ષુકા બનાવી દેતાં તેનું મન અચકાતું હોવાથી લેણદારોને અન્ય રીતે શાંત કરવાના તેણે અનેક પ્રયત્નો કર્યા, પણ શારદાના અલંકારોને તેની આજ્ઞા વિના હસ્તસ્પર્શ પણ કર્યો નહિ. છેવટે તેણે સૂરતમાંના પોતાના પૂર્વજોના સમયના વિશાળ ગૃહને મૉર્ટગેજ મૂકવાનો નિશ્ચય કર્યો અને બેચાર દિવસમાં જ એ નિશ્ચય પ્રમાણેની વ્યવસ્થા કરીને ઘણેભાગે તો તે દેવાના ભારથી મુક્ત થઇ ગયો. તોપણ રેસમાં હરાયલી રકમ તેનાથી આપી શકાઇ નહિ અને બીજા એક વ્યાપારીના રૂપિયા પચીસ હજાર આપવાના હતા તે રકમ પણ તેના નામપર ઊભી રહી. કરાચીની જમીનનો ભાવ પાછો ચૌદથી પંદર હજારપર આવીને ઉભો રહ્યો, છતાં નાણાંની બહુજ તંગી હોવાથી ત્યાંના પોતાના દલાલને અર્જન્ટ તાર કરીને જમીન વેચાવી નાખી અને તેની દલાલી બાદ જતાં સા-

ડાતેર હજાર રૂપિયા આવ્યા તે તેણે જેના પચીસ હજાર રૂપિયા આપવાના હતા તે વ્યાપારીને પરભાર્યા જ ભરી દીધા; એટલે તેના બાકી રૂપિયા સાડા અગિયાર હજાર જ લેણા રહ્યા. **માણેકલાલ** જો કે **ગુલાબ** અને **ભાગીરથી** સાથે આગળ પ્રમાણે જ આનંદ અને હસિત મુદ્રાથી વાર્ત્તાલાપ કરતો હતો, પરંતુ તેની પૂર્વની અને અત્યારની આનંદમયતામાં આંતરિક ચિંતાના યોગે જે પરિવર્ત્તન થઇ ગયું હતું, તે ચપળ **ભાગીરથી**ના જાણવામાં આવ્યા વિના રહ્યું નહિ; એટલું જ નહિ, પણ તે વારંવાર ગામમાં પોતાની ન્યાતનાં કુટુંબોમાં જતી આવતી હોવાથી **માણેકલાલ**ની થએલી અવનતિની સર્વ વાર્ત્તા તેના સાંભળવામાં આવી ગઇ, અને તેથી તેણે અમુક પ્રકારની અગમચેતીથી હાલ તરત પોતાના પતિ અને પોતાની પુત્રીને લઇને સૂરત ચાલ્યા જવાનો મનમાં નિશ્ચય કરી લીધો.

જ્યારે **ભાગીરથી**એ **માણેકલાલ**ને પોતાનો સૂરત જવાનો વિચાર દર્શાવ્યો એટલે **ગુલાબ**ના ભાવિ વિયોગની કલ્પનાથી **માણેકલાલ**ના હૃદયમાં વળી એક પ્રકારનો નવીન આઘાત થયો; કારણ કે, **શારદા** મુંબઇમાં ન હોવાથી **ગુલાબ**ના સમાગમ અને વિલાસવિનોદથી તેની માનસિક વ્યથામાં કાંઇક ન્યૂનતા થતી હતી. આટલામાટે તેણે **ભાગીરથી**ને પંદરવીસ દિવસ પછી **શારદા** કરાચીથી આવે ત્યાં સુધી મુંબઇમાં રહેવાનો આગ્રહ કર્યો; પરંતુ કેટલાંક કારણો દર્શાવીને **ભાગીરથી**એ તેના એ આગ્રહનો અસ્વીકાર કર્યો; છતાં **શારદા** આવે ત્યાં સુધી એકલી **ગુલાબ**ને તેની સંભાળમાટે મૂકી જવાની ઉદારતા દર્શાવી અને **માણેકલાલ**ને એટલુંજ જોઇતું હોવાથી **ભાગીરથી**ને તેની એ અનુમતિ મળી ગયા પછી તેણે ત્યાં રહેવાનો અધિક આગ્રહ કર્યો નહિ. **ભાગીરથી** પોતાના પતિને લઇને સૂરત જવામાટે રવાના

થઇ અને માણેકલાલ તથા ગુલાબ તેમને વળાવીને મુંબઇમાં વસવા લાગ્યાં.

કરાચીમાં શારદાએ જ્યારે જમીનના સટ્ટામાં પોતાના પતિને ગએલી ખોટની વાત સાંભળી, એટલે તેના મનમાં આઘાત તો થયો જ; તોપણ દાઝયાપર ડહામ ન દેવાના ઉદ્દેશથી એ વિષે પોતાના પતિને તેણે કાંઇ પણ લખ્યું નહિ. બિચારી ભોળી શારદા મુંબઇમાં બનેલા સર્વનાશના બનાવોથી અજ્ઞાન હતી એ સારૂજ થયું, નહિ તો હૃદયના એ આઘાતથી તે કરાચીમાંના પોતાના કર્ત્તવ્યની પૂર્ત્તિ કદાચિત્ ભાગ્યેજ કરી શકત. લક્ષ્મણ જો મુંબઇમાં હોત, તો અવશ્ય આ બાબત તે શારદાને જણાવત, પરંતુ તે શારદા સાથે કરાચીમાં હોવાથી મુંબઇની સ્થિતિને જાણવાનું શારદા પાસે કેવળ માણેકલાલ વિના અન્ય કોઇપણ સાધન નહોતું અને માણેકલાલે તો એ વિશે મૌનનુંજ અવલંબન કરી લીધું હતું.

પ્રકરણ ૧૯ મું.

કેટલીક મધ્યસ્થ ઘટનાઓ

પ્રાણુલાલના ગૃહમાં જે રાત્રે દામોદર અને તેના સાથીઓએ ભયાનક ભાવથી પ્રવેશ કર્યો હતો અને પછીથી થએલી ધરપકડમાં જે એક અપરાધી છટકી ગયો હતો, તે પણ સાત આઠ દિવસ પછી પકડાયો અને સાક્ષી પૂરાવા સજ્જડ હોવાથી તે સર્વ અપરાધીઓના અપરાધને સિદ્ધ કરતાં ડિટેક્ટિવખાતાના મુખ્ય અધિકારી મિસ્ટર

જૉનને વિશેષ પરિશ્રમ ભોગવવો પડયો નહિ. દામોદર અને તેના કેટલાક સાથીઓનો પેલી બદમાશોની કલબ સાથેનો સંબંધ પણ કોર્ટમાં પૂરવાર થઇ ગયો ને કલબના મકાનમાંથી પકડાયેલા બીજા ઑાનરેબ્લ મૅમ્બરોપર પણ તેમના જૂદા જૂદા અપરાધોમાટે એક જૂદોજ કેસ ચલાવવામાં આવ્યો. કરાચીમાં આ કેસે એટલી બધી આતુરતા ઉત્પન્ન કરી દીધી હતી કે જ્યારે પણ એ કેસ ચાલતો હતો તે વેળાયે કોર્ટમાં પ્રેક્ષકોની એટલી બધી ભીડ થતી હતી કે, કીડીના સંચાર જેટલી જગ્યા પણ ખાલી રહેતી નહોતી, એટલું જ નહિ, પણ જો કેસમાં રોકાયેલા વકીલ બૅરિસ્ટરોના આવવામાં પાંચ દશ મિનિટનો વિલંબ થઇ જાય તો તેમનાથી કોર્ટમાં ભીડને ભેદીને મહાપરિશ્રમથી પ્રવેશ કરી શકાતો હતો. ત્રણેકવાર આવી સ્થિતિ થવાથી છેવટે કેસમાં જેમની આવશ્યકતા હોય તેવા મનુષ્યો વિના બીજા કોઇ પણ પ્રેક્ષકે એ કેસવેળા કોર્ટમાં આવવું નહિ એવો કોર્ટ તરફથી ખાસ હુકમ કાઢવામાં આવ્યો; છતાં કેટલાક ધનાઢ્ય અને લાગવગવાળા લોકો વકીલ બૅરિસ્ટરો સાથે પણ ત્યાં હાજર થયાં વિના રહેતા નહોતા. અપરાધીઓપર મૂકાયેલા આરોપો મહા ભયંકર હોવાથી અને તે અપરાધોમાટે અપાતી લાંબી મુદતની કારાગૃહવાસની શિક્ષા આપવાનો મૅજિસ્ટ્રેટને અધિકાર ન હોવાથી કેસ સેશન્સ કમિટ થયા અને ત્યાં ચાર પાંચ દિવસ કામ ચાલ્યા પછી એકે એક અપરાધીને પાંચ, સાત અને દશદશ વર્ષને માટે, પ્રજાની શાંતિ અને સુરક્ષિતતાને જાળવવાના ઉદ્દેશથી, ન્યાય મૂર્ત્તિએ જેલજાત્રા કરવાને મોકલી આપ્યા. માત્ર ન્હાનાલાલ ગોસ્વામી એ વંટોળિયામાં સ-પડાયલા ન હોવાથી સલામત છટકી ગયા અને વંટોળિયામાં સપડાયા છતાં જો કોઇ છટકનાર હોય તો તે સુલોચનાનો પિતા દેવજીભાઇ

હતો. સુલોચનાની પ્રાર્થનાથી **શારદાએ** તેને બચાવવામાટે મિસ્ટર **જૉન્**ને સમજાવી દીધેલો હોવાથી **જૉને** તેને કિંગ્સ્ એવીડન્સ્ બનાવ્યો અને તેની પાસેથી કલબના ભયંકર ભેદોના બળવાન્ પૂરાવા મેળવીને **જૉને** તેને આબાદ છટકાવી દીધો. **સુલોચનાએ** પણ પાપિજનોનાં પાપોના પ્રકાશના કૃત્યમાં પોતાથી બની શકતી પ્રત્યેક પ્રકારની સહાયતા આપી અને **શારદાએ** પણ પોતાની વિદ્વત્તા ભરેલી જબાનીમાં **સુલોચનાની** સહાયતા તથા પાપભીરુતાની અત્યંત પ્રશંસા કરવાથી અને આ કેસને સાબિત કરનાર મૂળ કારણ તરીકે તેનેજ ઓળખાવવાથી સેશન્સ્ જજે પણ કોર્ટમાં તેની મુક્તકંઠે પ્રશંસા કરી અને ન્યાયદેવતાના એક નિષ્પક્ષપાત પ્રતિનિધિ તરીકે તેને અનેકશઃ ધન્યવાદો આપ્યા. એટલું જ નહિ, પણ તેણે **શારદાને** એવી ભલામણ પણ કરી દીધી કે;–" સ્વર્ગવાસી **પ્રાણલાલના** કુટુંબની લજ્જા અને સંપત્તિ આદિનું રક્ષણ થયું હોય તો તે કેવળ આ પ્રશંસનીય વિધવા **સુલોચનાના** કારણથીજ થયું છે અને તેથી એ ભલી બાઇને એની ભલાઇનો યોગ્ય બદલો આપવો એ **પ્રાણલાલના** કુટુંબિજનોનો પ્રથમ ધર્મ છે." અહીં બીજી એ બાબત પણ ખાસ જણાવવાની અગત્ય છે કે, **દામોદરના** સાથીઓને ઉપર જણાવ્યા પ્રમાણેની પાંચ, સાત કે દશ દશ વર્ષની શિક્ષા થઇ હતી, પણ આ ભયંકર અપરાધનો મૂળ ઉત્પાદક હેતુ **દામોદર** હોવાથી અને તેનાપર સાપરાધ મનુષ્યવધના પ્રયત્નનો અને ખોટું વિલ બનાવવાનો આરોપ તેમજ કલબને લગતા બીજા પણ કેટલાક આરોપો મૂકાયેલા હોવાથી તેને બહુજ ભયંકર અપરાધી (ડેન્જરસ્ ઍન્ડ હૅબીચ્યુઅલ્ ક્રિમિનલ્) ગણીને કોર્ટે ટ્રાન્સપોર્ટેશન્ ફૉર લાઇફ્–જન્મપર્યંત કાળા પાણી–ની શિક્ષા ફર્માવી હતી; એટલે કે, તેને આન્ડામાન્ડના ટાપૂમાં મોકલવાનો કો-

ર્ટનો હુકમ થયો હતો. દામોદરને આ શિક્ષા સંભળાવવામાં આવી તે વેળાયે તેનો ભાઇ કોર્ટમાં હાજર હતો અને તેણે સુલોચના તથા શારદાને પોતાના ભાઇની પાયમાલીનાં કારણો જાણી તે બન્ને અબળાઓને મારી નાખવાનો પોતાના મનમાં દૃઢ નિશ્ચય કર્યો એટલું જ નહિ, પણ તે પ્રમાણેની માનસિક પ્રતિજ્ઞા પણ કરી લીધી.

* * * * *

સેશન્સ જજ્જનો સુલોચનાને યોગ્ય બદલો આપવા વિષેનો ઉપદેશ શારદાના હૃદયમાં કોરાઇ ગએલો હોવાથી કપિંજલા સાથે તેણે એ વિષેની વાતચીત કરી અને શારદાના વચનને કપિંજલા ઇશ્વરની આજ્ઞા સમાન માનતી હોવાથી કપિંજલાએ શારદાને તે જે કાંઇ પણ એ વિશેની વ્યવસ્થા કરે તે સ્વીકારવાની અનુમતિ આપી દીધી. શારદાએ સુલોચનાને એકાંતમાં બોલાવીને તેની જે કાંઇ પણ ઇચ્છા હોય તે ઇચ્છા પ્રમાણેનો બદલો માગી લેવાની તેને નમ્ર સૂચના કરી, પણ નિસ્પૃહ સુલોચનાએ એવો બદલો લેવાની ચોખ્ખી ના પાડી દીધી. છેવટે શારદાના અત્યંત આગ્રહને વશ થઇને અને તેના મનને સંતુષ્ટ કરવાના ઉદ્દેશથી બન્ને એવા નિર્ણયપર આવી ગઇ કે, સુલોચનાએ પોતાનાં માતાપિતા સહિત કપિંજલાના ઘરમાં રહેવું, દેવજીભાઇએ ઘરને સંભાળવાનું કામ કરવું, સુલોચનાએ ઇન્દુને સંભાળવાનું તેમજ કપિંજલાને તેના ગૃહકાર્યમાં જોઇતી સહાયતા કરવાનું કામ કરવું અને એના બદલામાં તેમને રહેવાની જગ્યા ઉપરાંત કપિંજલાએ માસિક રૂપિયા ત્રીસનો પગાર આપવો. આ વાત કપિંજલા અને રતનબાઇએ પણ માન્ય રાખી અને તેથી દેવજીભાઇને બોલાવીને શારદાએ તેને એ વાત જણાવીને તેની પાસેથી સદાને માટે પાપથી દૂર અને પોતાના અન્નદાતા સાથે હમેશ

વફાદાર રહેવાની પ્રતિજ્ઞા લેવડાવી. શારદાના ઉપદેશથી દેવજીભાઇએ કપટહીન અંતઃકરણથી એ નવીન નોકરીનો સ્વીકાર કરી લીધો અને તેથી બીજે જ દિવસે સુલોચના, તેની માતા અને દેવજીભાઇ આવીને કપિંજલાના ગૃહમાં વસવા લાગ્યાં. જે દેવજીભાઇ એક સમયે પ્રાણલાલના પ્રાણશત્રુનો સંપૂર્ણ સહાયક હતો, તે જ દેવજીભાઇ પ્રાણલાલના પરલોકવાસ પશ્ચાત્ તેનાં પુત્રકલત્ર આદિનો એકનિષ્ઠ સંરક્ષક અને કૃતજ્ઞ દાસ થઇ રહ્યો, એ પણ આ વિલક્ષણ સંસારની એક વિલક્ષણ ઘટના જ કહી શકાય. એ સર્વ દશાના જ રંગ છે; જ્યારે દશા પ્રતિકૂલ હોય છે ત્યારે મિત્ર શત્રુ થાય છે અને દશાની અનુકૂલતા થતાં પરમ શત્રુ પરમ હિતૈષી મિત્ર બની જાય છે. આવી અનેક ઘટનાઓ સંસારમાં નિત્ય થતી દેખાતી હોવાથી એમાં અધિક આશ્ચર્ય જેવું કાંઇ પણ નથી; અસ્તુ.

* * * * *

કોર્ટમાં સાક્ષી તરીકે શારદાએ દેખાવ આપ્યા પછી તેના સૌન્દર્ય, તેની સભ્યતા, તેની વિદ્વત્તા અને અંગ્રેજી ભાષાપરના તેના અદ્વિતીય અધિકાર આદિ ગુણોની કરાચીની પ્રજામાં ગૃહેગૃહે ચર્ચા ચાલવા લાગી અને વર્ત્તમાનપત્રોમાં એ ભયંકર કેસનો વર્બેટમ્ રિપોર્ટ (અક્ષરશઃ વૃત્તાન્ત) છપાતાં દેશ વિદેશમાં તેના કીર્ત્તિકુસુમના સૌગંધ્યનો વિસ્તાર થઇ ગયો. શારદાના દાક્ષિણ્ય અને ચાતુર્યની કથા સાંભળીને કરાચીનો હિન્દુસ્ત્રીસમાજ તો આશ્ચર્યથી દિગ્મૂઢવત્ બની ગયો અને સર્વ સ્ત્રીઓ શારદામાં અવશ્ય કોઇ દૈવી અંશ જ હોવો જોઇએ, કારણકે તે વિના એક હિન્દુ અબળામાં આટલા આત્મબળ અને સાહસનો સંભવ હોઇ શકે જ નહિ,

એમ પણ માનવા લાગી. વિદ્યાનો જેમને સ્પર્શ માત્ર પણ થયો ન હોય અને કેવળ લગ્ન તથા માતૃપદમાં જ જેમની મહત્ત્વાકાંક્ષા અને જીવનયાત્રાની પરિસીમા આવી રહેલી હોય, તેવી આજકાલની જ્ઞાન હીન અબળાઓ એક સુશિક્ષિતા અને સચ્છીલા સુંદરીના તેને શિક્ષણના યોગે પ્રાપ્ત થએલા અલૌકિક પ્રભાવની કલ્પના ક્યાંથી કરી શકે વારૂ? વળી કરાચીની પારસી અને યૂરોપિયન્ જાતિની, હિન્દુ અબળાઓને પશુતુલ્ય માનનારી, સ્વતંત્ર સ્વભાવની અને પુરુષતુલ્ય થવાની આકાંક્ષાને વધારનાર શિક્ષણથી કિંચિત્ સ્વચ્છંદતાના માર્ગમાં ચઢી ગએલી અબળાઓ એક હિન્દુ અબળાની આવી દક્ષતાને જોઇને આશ્ચર્યથી મોઢામાં આંગળીઓ નાખવા અને લજ્જિત થવા લાગી. તેમને વિશેષ આશ્ચર્ય તો એનું થવા લાગ્યું કે, આવી આંગ્લવિદ્યાવિભૂષિતા, વિદુષી, નવયૌવના, સૌન્દર્યવતી અને મહાચતુરા અબળા હિંદુસંસારના નિયમોનું યથોચિત પાલન કેવી રીતે કરી શકતી હશે ? સનાતન આર્યધર્મમાં અને આર્યસંસારમાં આર્ય અબળાઓને કેવું અદ્વિતીય ઉચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે, એનું જેમને લેશ માત્ર પણ જ્ઞાન ન હોય તેવી પારસી, યૂરોપીયન્ અને અન્ય વિદેશીય તથા વિધર્મીય જાતિની અબળાઓ પંડિતા રમાબાઇ જેવી પતિતા, દેશદ્રોહિની તથા ધર્મદ્રોહિની સ્ત્રીઓના એકપક્ષીય વિચારોથી ભરેલા લેખો કિંવા ગ્રંથો વાંચીને હિન્દુ અબળાઓની સ્થિતિની પશુ સાથે તુલના કરે, એ સર્વથા સ્વાભાવિક હોવાથી તેઓ સર્વથા ક્ષમાને જ પાત્ર છે.

કોર્ટ આદિના કાર્યથી મુક્ત થતાં **શારદા**ને લગભગ દોઢ મહિના જેટલો સમય કરાચીમાં વીતાડવો પડયો એટલે એ કાર્યની સમાપ્તિ થતાં જ **શારદા**એ કપિંજલા તથા રતનબાઇ પાસેથી મુંબઇ

જવાની રજા માગી. પરંતુ કપિંજલા અને સુલોચનાએ એવો વાદ ઉપસ્થિત કર્યો કે;-"**શારદા** બહેન, તમે કરાચીમાં આવ્યા પછી એક પળ માત્ર પણ જંપીને બેઠાં નથી, એટલે આ જરા શાંતિનો સમય આવ્યો છે, તો પાંચ પંદર દિવસ ફરો હરો અને વિશ્રાંતિનો ઉપભોગ લ્યો. ત્યાર પછી ભલે જજો; અમે તમને મહિનો બે મહિના રોકીશું નહિ." ઇન્દુ પણ કપિંજલા સાથે બહુ જ પળોટાઇ ગએલો હોવાથી તેની ત્યાં રહેવાની ઇચ્છા હતી અને તેથી કપિંજલા તથા સુલોચનાના એ અભિપ્રાયને તેણે પણ પોતાની મૃદુ મનોહર બાલ્ય ભાષાથી ટેકો આપ્યો અને છેવટે **શારદા**એ કરાચીમાં પંદર દિવસ વધારે વીતાડવાનો નિશ્ચય કરી તત્કાળ મુંબઇ જવાના વિચારને મુલતવી રાખ્યો. પરંતુ જ્યારથી મુંબઇને છોડયું ત્યારથી **શારદા**ના ભાગ્યમાં વિશ્રાંતિ લખાયેલી જ ન હોવાથી હવે એક અન્ય પ્રકારના વ્યવસાયનો આરંભ થયો. કેટલીક પારસી અને અંગ્રેજ અબળાઓ **શારદા** સાથે સંભાષણ કરવાના ભાગ્યને પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી વારંવાર તેની પાસે આવવા લાગી, એટલું જ નહિ, પણ કેટલીક હિન્દુ અબળાઓ પણ **શારદા**ને જોઇને પોતાની આતુરતાને તૃપ્ત કરવામાટે ઘણીક વાર આવતી હતી. આ સર્વના આદરસત્કારમાં જેમ **શારદા**નો ઘણો સમય જતો હતો, તેમ કપિંજલા તથા સુલોચનાનો પણ દિવસનો ઘણોક ભાગ ચાહેકૉફી ચઢાવવામાં તેમજ **લક્ષ્મણ**નો આખો દિવસ પાનસોપારીના થાળ તૈયાર કરવામાં વીતી જતો હતો. પાંચ છ દિવસ આવી અવસ્થામાં વીતાડયા પછી **શારદા**એ સાંઝે પાંચ વાગે કલીફ્ટન્ અથવા હવાબંદરપર ફરવામાટે નિયમપૂર્વક જવાની વ્યવસ્થા કરી અને તદનુસાર એ વેળાયે તે ગેરહાજર રહેવાથી ગૃહમાં ભોગવવી પડતી અશાંતિ ઓછી થઇ ગઇ અને હવાબંદરની ખુલ્લો

હવાના યોગે તેના મસ્તિષ્ક, શરીર તથા મનને એક પ્રકારની નૂતન શાંતિનો પરિચય થવા લાગ્યો. માનસિક શાંતિનું શરીરમાં પણ સુખકારક પરિણામ થતું હોવાથી પાંચ સાત દિવસમાં આંતરિક ઉત્સાહની છાયા તેના મનોહર મુખમંડળમાં પણ સ્પષ્ટ દષ્ટિગોચર થવા લાગી.

જેવી રીતે મુંબઇમાં પાલવાબંદર (ઍપોલ્લો), બન્દ્રુબે, અને ચોપાટી તથા મદ્રાસમાં બીચ્ આદિ શ્રમિતજનોમાટે સંધ્યાકાલીન વાયુસેવનનાં મુખ્ય સ્થાનો છે, તેવું જ કરાચીના લોકોમાટે વાયુસેવનનું મુખ્ય સ્થળ ક્લિફ્ટન્ છે કે જેને ત્યાંના દેશી લોકો 'હવાબંદર' ના સાદા નામથી ઓળખે છે. સરળ ઉંચાણવાળી ટેકરીઓ જે ભાગમાં હોય તેને અંગ્રેજી ભાષામાં ક્લિફ્ટ કહેવામાં આવે છે. અર્થાત્ કરાચી નગરથી ક્લિફ્ટન પર્યન્ત જતો માર્ગ જેમ આગળ વધો તેમ ઉંચો અને ઉંચો થતો જાય છે અને છેવટે જ્યારે તેના છેડાપર આવીને આપણે ઉભા રહીએ ત્યારે બીજી બાજૂએ સમુદ્રપટ લગભગ પચાસ ફીટ જેટલો ઊંડો દેખાય છે. એ ક્લિફ્ટન્ની જૂદી જૂદી બે ટેકરીઓ છે અને ત્યાં જવાના બે માર્ગો પણ મુખ્ય માર્ગમાં અમુક સીમાપર્યન્ત જવા પછી છૂટા પડી જાય છે. એક ટેકરીની નીચેના ભાગમાં પર્વતમાં કોરેલું ઘારાપુરીની ગુફા જેવું મહાદેવનું સુંદર મંદિર છે અને ત્યાં પ્રતિ સોમવારે અનેક શિવભક્તો શિવદર્શનમાટે આવતા હોવાથી સોમવારને દિવસે રાતે દશ અગિયાર વાગ્યા સુધી ક્લિફ્ટનના એ ભાગનો માર્ગ ચાલતો રહે છે. એ મંદિરના માર્ગની બાજૂમાંજ થોડા અંતરપર નીચે સમુદ્રપટના રેતાળ ભાગમાં ઊતરીને જવામાટે લાકડાનો એક સ્લોપિંગ બ્રિજ બનાવવામાં આવ્યો છે અને જ્યાં એ બ્રિજની હદ પૂરી થાય છે ત્યાં લાકડાનું

ખુલ્લા તંબૂના આકારનું પ્લૅટફૉર્મવાળું છાપરૂં બાંધી તેમાં લાકડાના બાંકડા ઢાળીને લોકોને બેસવામાટેની સગવડ કરવામાં આવી છે. એટલે જો અજવાળી રાત હોય તો વખતે કેટલાક માણસો ત્યાં આઠેક વાગ્યા સુધી બેસે છે અને અંધારિયામાં સૂર્યાસ્ત થવા પછી ભાગ્યેજ કોઇ ત્યાં જાય છે; કારણ કે, એ બેઠકની આસપાસ થોડીક ઝાડી અને સ્હામે રેતીનું મેદાન તેમજ સમુદ્રની ગર્જના અને હવાના સુસવાટાથી રાત્રિના સમયમાં જો પાંચ દશ માણસ સાથે ન હોય તો એ સ્થાન મહાભયંકર ભાસવા માંડે છે. ક્લિફ્ટનની બીજી ટેકરી-પર એક ચર્ચ અને કેટલાક બંગલા જ છે. પ્રથમ ટેકરીપર હિન્દુઓની વધારે સંખ્યા આવે છે અને બીજી ટેકરીપર આવનારાઓમાં યૂરોપીયનો તથા પારસીઓ આદિની સંખ્યા વધારે હોય છે. ક્લિફ્ટન નગરથી લાંબા અંતરપર હોવાથી બહુધા ગાડી, મૉટર કે સાઇકલ આદિ સાધનો જેમની પાસે હોય તેવા સમર્થ લોકોજ એ સ્થળના વાયુનો અને વિહારાનંદનો વિશેષ લાભ લઇ શકે છે. કેટલાક લોકો ભાડાની ગાડીમાં આવે છે, પણ તેમની સંખ્યા બહુજ ઓછી હોય છે. શરદ્‌ઋતુ કરતાં ગ્રીષ્મઋતુમાં સંધ્યાકાળે ત્યાં ગાડીઓ, મૉટરો, સાઇકલો અને ઑમ્નીબસ આદિની લાઇન લાગવાથી અને નાના પ્રકારનાં સ્ત્રીપુરુષોના આગમનથી લગભગ મેળા જેવો દેખાવ બની જાય છે, અને શરદ્‌ઋતુમાં એ દેખાવ અદૃશ્ય થઇ જાય છે. સિંધના આમિલ આદિ હિન્દુઓમાં પણ મુસલ્માનો પ્રમાણે પડદાનો રિવાજ હોવાથી તેમજ કચ્છી લુહાણામાં પણ સ્ત્રીઓમાં મર્યાદા જાળવવાનો અધિક નિયમ હોવાથી ત્યાં ફરવામાટે જે સ્ત્રીઓ આવે છે તે તો પારસી, યૂરોપીયન, નેટિવક્રિશ્ચિયન કે અપવાદરૂપ દક્ષિણી સ્ત્રીઓ જ હોય છે; હિંદુ કિંવા મુસલ્માન સ્ત્રીઓ પોતાના લાગતાવળગતા

પુરુષવર્ગ સાથે કિંવા એકલી ત્યાં ભાગ્યેજ જોવામાં આવે છે. ત્યાંની આવી રૂઢિ હોવાથી જો કોઇને પોતાની સ્ત્રીને ત્યાં લઈ જવી હોય તો કાં તો બંધ ગાડીમાં લઇ જાય છે અને કાં તો નિશાના આરંભ પછી લઈ જાય છે કે, જેથી તે સ્ત્રી બીજા કોઈના જોવામાં ન આવે અર્થાત્ શારદા પણ બંધ ગાડીમાંજ હવાબંદરપર જતી હતી અને ત્યાં નીચે ઊતરીને ફરવાને બદલે ગાડીમાંજ બેસી રહેતી હતી. કોઇવાર જો મોડી જતી અને ત્યાં માણસો વધારે જોવામાં ન આવે, તો જરા ઊતરીને બાંકપર બેસતી હતી અથવા સમુદ્રપટપર જઇને આંટો મારી આવતી હતી. શારદાને એક એ સગવડ સારી મળી હતી કે, શિયાળો હોવાથી ત્યાં છ વાગ્યા પછી ભાગ્યેજ કોઇ માણસ આવતું હતું અને તેથી શારદાને ઘણીકવાર ત્યાં યથેચ્છ ભ્રમણનો સંપૂર્ણ લાભ મળી શકતો હતો. તે કોઇવાર સુલોચનાને તો કોઇવાર લક્ષ્મણને કિંવા ઘણીકવાર બન્નેને પોતાની સાથે ત્યાં લઇ જતી હતી; કારણ કે, સુલોચનાસાથેના સંભાષણથી તેને એક પ્રકારનો અપૂર્વ આનંદ પ્રાપ્ત થતો હતો. કપિંજલા ખૂણામાં હોવાથી તેનાથી તો બહાર આવી શકાય તેમ હતું નહિ અને રતનબાઇ પણ પુત્રમરણના શોકથી ન આવે એ સ્વાભાવિક હોવાથી સુલોચના શારદાસાથે તે જ્યારે કહે ત્યારે ગમે ત્યાં જવાને તૈયાર રહેતી હતી.

એ પ્રમાણે પણ લગભગ તેર ચૌદ દિવસ વીતી ગયા એટલે એક દિવસ બપોરે જમ્યા પછી શારદાએ કપિંજલાને પોતા પાસે બેસાડીને કહ્યું કે;–" કપિંજલા, આજે તો મારો વિચાર છે કે, સાંઝે તને પણ મારી સાથે ફરવાને હવાબંદર લઇ જવી; કારણ કે, મારા જવા પછી તને કોઇ બહાર લઇ જશે નહિ અને હજી તો લગભગ દશ માસનો કાળ તારે ખૂણામાં બેસીને વીતાડવાનો છે એ-

ટલે કંટાળો આવ્યા કરશે. મારો આવતીકાલે અથવા પરમ દિવસ અહીંથી જવાનો દૃઢ વિચાર હોવાથી આજે આપણે સાથે ફરી આવીએ તો સારૂં.”

“પણ શારદા! મારા ફરવા જવાની વાત જો લોકોના જાણવામાં આવે, તો મારી કેટલી બધી નિન્દા થાય. એની તને કાંઇ કલ્પના છે ખરી કે? તેમ જ વળી આવી છૂટ લેવાથી મારાં સાસૂજીના મનમાં પણ મારામાટે નઠારો અભિપ્રાય બંધાય અને તેમને માઠું લાગે, એટલામાટે મારાથી તારી આ ઇચ્છાને માન આપી શકાય તેમ નથી. બહેન! મારા પતિના પરલોકવાસસાથે જ્યાં મારાં સર્વ સુખોનો જ સ્વર્ગવાસ થઇ ગયો છે, ત્યાં પછી એક દિવસના ફરવાથી કે બહાર નીકળવાથી મને શો આનંદ મળવાનો હતો વારૂ? આ વાતને જવા દે.” કપિંજલાએ અત્યંત શોકાચ્છાદિત વદનથી એ વાક્યો ઉચ્ચાર્યાં.

સુલોચના પણ પાસે જ બેઠી હતી એટલે તેણે શારદાના પક્ષને બળ આપવાના ઉદ્દેશથી કહ્યું કે;–“કપિંજલા બહેન, આપણે ત્રણ જણાં અહીંથી ફરવા જઇશું તે વાત લોકોના જાણવામાં ક્યાંથી આવવાની હતી? કારણ કે, આપણી ગાડી બંધ બારણાંની હોવાથી રસ્તે ચાલનાર તો આપણને જોઇ શકે તેમ છે જ નહિ; તેમજ આજે જરા મોડાં નીકળીશું અને વળી શિયાળાની મોસમ ચાલે છે એટલે હવાબંદરપર પણ કોઈ હશે કે નહિ, એની શંકા જ છે. બાકી રહી તમારાં સાસૂજીને માઠું લાગવાની વાત; તો તેમને અમે સમજાવીને આ દોષ અમારા માથાપર વ્હોરી લઇશું. વૈધવ્યથી આટલી સીમા પર્યન્ત નિરાશ થવાનું કારણ નથી. શું હું પણ તમારા જેવી વિધવા

નથી ? માત્ર એકનિષ્ઠાથી મૃત પતિના પ્રેમના સ્મરણમાં અને પવિત્ર પાતિવ્રત્ય તથા સતીધર્મમાં પોતાનું અવશિષ્ટ જીવન વીતાડવું, એજ વિધવાનો પરમ ધર્મ છે; બહાર નીકળવા માત્રથી જ કાંઇ ભ્રષ્ટતા થઇ જતી નથી."

"ઠીક છે; તમારો જો અત્યંત આગ્રહ હોય અને મારાં પૂજ્ય સાસૂજીને માઠું ન લાગે, તો તમારી સાથે ફરવા આવવાની મારી ના નથી." કપિંજલાએ વાદના વિષયને આગળ ન વધારવાના હેતુથી ટુંકામાં જ પતાવી દીધું.

શારદા અને સુલોચનાએ રતનબાઇને પૂછીને કપિંજલાને ફરવા લઇ જવાની આજ્ઞા માગી. રતનબાઇને એ પુત્રવધૂ પુત્ર કરતાં પણ વધારે વ્હાલી હોવાથી તેણે તત્કાળ એ વિશેની અનુમતિ આપી દીધી અને કહ્યું કે;-"જે વહુ મારી આજ્ઞા વિના પાણી પણ પીતી નથી અને મારૂં આટલું બધું માન જાળવે છે, તે વહૂપર હું ખોટો દાબ રાખવાની ચેષ્ટા કરૂં, તોપછી મારા જેવી મૂર્ખ બીજી કઇ અબળા હોઇ શકે વારૂ ? જેમ સ્ત્રીઓને અત્યંત સ્વતંત્રતા આપવી પણ સારી નથી તેજ પ્રમાણે તેમને અત્યંત પરતંત્રતામાં અને દાબમાં રાખીને તેમના જીવનને નિર્માલ્ય અને સત્ત્વહીન બનાવવાની કૃતિ પણ તિરસ્કારને પાત્ર છે. તેમાં પણ જે સ્ત્રી મર્યાદાની મૂર્ત્તિ અને સુશીલતાની પ્રતિમા હોય, તેના પર તો એવો લેશ માત્ર પણ દાબ ન રાખવો જોઇએ, એવો મારો અભિપ્રાય છે. કપિંજલાને આનંદપૂર્વક ફરવાને લઇ જજો, એમાટે મારી ના નથી; કારણ કે, મારો હવે પછીનો આનંદ તેના આનંદમાં જ સમાયલો છે. એ સુખી તો હું પ્રથમથી જ સુખી. અંધરૂઢિને મહત્ત્વ આપનારી હું નથી."

"સાસૂ મળે તો સર્વને આવાં જ મળજો." **શારદાએ** રતનબા-ઇને ધન્યવાદ આપ્યો.

શારદા પણ **પ્રાણલાલના** મરણનો શોક પાળતી હોવાથી તેના મરણ પછી કાળી સાડી જ પહેરતી હતી અને કપિંજલા ઘરમાં જો કે સાવ ધોળાં વસ્ત્ર પરિધાન કરતી હતી, પણ આજે બહાર જવાનું હોવાથી **શારદાએ** તેણે પોતે મંગાવેલી બે સાડીઓમાંની એક સાડી પોતે પહેરીને બીજી કપિંજલાને પહેરવામાટે આપી. બન્નેનાં કદ અને આકાર આદિ મળતાં હોવાથી અંધકારમાં એ વેષમાં આમાંની **શારદા** કોણ અને કપિંજલા કોણ એ ઓળખવાનું કાર્ય અવશ્ય કઠિન થઇ પડવાનો સંભવ હતો. **શારદા,** કપિંજલા અને સુલોચના જ્યારે ગાડીમાં બેસીને હવાબંદર જવા નીકળી ત્યારે સાત વાગ્યા હતા અને શિયાળાનો દિવસ ટુંકો થતો હોવાથી નિશાનો આરંભ થઇ ચૂકયો હતો.

પ્રકરણ ૨૦ મું.

કપિંજલાનો કાળ અને સુલોચનાની અદૃશ્યતા !

જે વેળાયે **શારદા,** કપિંજલા અને સુલોચના ગાડીમાં બેસીને હવાબંદરપર આવી તે વેળાયે લગભગ આઠ વાગવા આવ્યા હતા. શુકલ પક્ષની દ્વિતીયા કિંવા તૃતીયા હોવાથી ચંદ્રનો જોઇએ તેટલો પ્રકાશ વિસ્તરેલો નહોતો અને તેથી અંધકારનો અધિક અધિકાર વ્યાપેલો હતો. મુંબઇ પ્રમાણે કરાચીમાં અત્યારે થએલી વીજળીની

લાઇટ તે સમયમાં ન હોવાથી મ્યુનિસિપાલના આંધળા દીવા જો કે અમુક અંતરે બળતા હતા, પણ તેમનામાં એ અંધકારને દૂર કરવાની સંપૂર્ણ શક્તિ ન હોવાથી અંધકાર જાણે તેમનો ઉપહાસ કરતો હોયની! એવોજ ભાસ થતો હતો. અધૂરામાં પૂરૂં આજે હવાનો ઝપાટો પણ એવો સુસવાટાબંધ ચાલતો હતો કે થોડા અંતરપર ઉભેલું મનુષ્ય જો બૂમ મારે તો પણ તે ભાગ્યેજ સાંભળી શકાય, કારણકે, તેનો અવાજ વાયુના અવાજમાં મળીને વચ્ચેજ ઊડી જવાનો સંભવ હતો. વળી શરદૃઋતુનો કાળ હોવાથી આજનો પવન શીતલ પણ એવો હતો કે, જો ઉષ્ણ વસ્ત્રો વિના એ સમયમાં કોઇ ત્યાં આવે, તો અવશ્ય તેને શૈત્યબાધા થઇ જાય અને ડૉકટર, વૈદ્ય કિંવા હકીમની સહાયતા લેવાનો પ્રસંગ આવી લાગે. શારદા કપિંજલા અને સુલોચનાએ ગરમ પોલકાં પહેરીને માથા તથા કાનોના સંરક્ષણમાટે સાથે ગરમ રૂમાલો લીધેલા હોવાથી તે માથાપર બાંધી લેતાં તેમની શૈત્ય-બાધાની ભીતીનું નિવારણ થઇ ગયું. જે વેળાયે આપણી વાર્તાનાં એ પાત્રો હવાબંદર આવ્યાં તે વેળાયે ત્યાં માત્ર એક મૉટર ઉભી હતી, પણ તેના લૅમ્પ સળગાવેલાં ન હોવાથા અને કવર ચઢાવેલાં હોવાથી તેમાં કોણ બેસીને આવ્યાં હતાં એ જોવામાં આવી શકતું નહોતું. માત્ર મૉટરડ્રાઇવર કાળો ઓવરકોટ પહેરીને અનેઓવરકોટની કૅપ્-ને માથાપર ખેંચીને બહારના ભાગમાં ટાંટિયા લાંબા કરીને બેઠો હતો અને તે બીડી ફૂંકતો હતો, એટલો દેખાવ કપિંજલાની ગાડીના સળગતા લૅમ્પના તે તરફ પડતા પ્રકાશથી જોવામાં આવ્યો. પરંતુ એ વિશેના વિચારની વિશેષ આવશ્યકતા ન હોવાથી આપણાં પરિ-ચિત પાત્રોમાંના કોઇએ તે પ્રતિ વિશેષ લક્ષ આપ્યું નહિ અને ત્રણે સખીઓ ગાડી ઉભી રહેતાંજ નીચે ઉતરી પડી.

ટેકરીના છેડાઉપર જ્યાં બેસવામાટેના બાંકડા રાખેલા હતા ત્યાં આવી ત્રણે સખીઓ બાંકડાપર બેઠી અને લક્ષ્મણ તથા ગાડીવાળો બન્નેએ બીડીઓ સળગાવીને ધૂમ્રપાનનો આરંભ કરી દીધો. એ બેસવાની જગ્યા અને ગાડી ઉભી હતી તે જગ્યાવચ્ચે લગભગ પાંત્રીશથી ચાળીસ ફીટનો અંતર હતો. જો કે ગાડી બાંકની પાસે પણ ઊભી રાખી શકાય તેમ હતું; પરંતુ 'બાઇઓ આપણે પાસે હોઇશું તો પોતપોતામાં ખુલ્લા દિલથી વાતચીત કરતાં અચકાશે અને આપણને પણ બીડી ફૂંકવાનો તેમજ છૂટથી વાત કરવાનો અવકાશ મળશે નહિ,' એમ ધારીને લક્ષ્મણ તથા ગાડીવાળાએ જાણી જોઇને જ ગાડી જરા દૂર ઊભી રાખી હતી. ત્યાં ત્રણે સખીઓએ તેમજ લક્ષ્મણ તથા ગાડીવાને વાતચીત અને ધૂમ્રપાન આદિ વ્યવસાયમાં બહુ તો પંદર વીસ મિનિટનો ટાઇમ વીતાડયો હશે, તે વેળાયે મૉટરનો દરવાજો ઉઘડયો અને તેમાંથી એક પછી એક ત્રણ માણુસો બહાર નીકળ્યા; એ ત્રણ માણસોને લક્ષ્મણ તથા ગાડીવાને જોયા, પણ ત્રણે અબળાઓનાં મુખ સમુદ્રાભિમુખ એટલે કે અન્ય દિશામાં હોવાથી એ વ્યક્તિઓ તેમના જોવામાં આવી શકી નહિ. તે ત્રણ મનુષ્યોમાંનો એક મનુષ્ય જ્યાં લક્ષ્મણ ઉભો હતો ત્યાં આવ્યો અને અને બીજા બે મનુષ્યો પેલા બાંકપર જ્યાં ત્રણ અબળાઓ બેઠી હતી તે તરફ ચાલ્યા. લક્ષ્મણપાસે આવેલા પુરુષે કોટ, પાટલૂન, નાઇટકૅપ્ અને ઓવરકોટ આદિ અંગ્રેજ જેવો પોશાક પહેરેલો હતો અને જે મનુષ્યો બેઠક તરફ ગયા હતા તેમના પોશાકો જોકે બરાબર લક્ષ્મણુના જોવામાં આવ્યા નહિ, છતાં ઢીલા પાયજામા, ગળીના રંગેલા પેરણુ અને માથાપર મોટી પાઘડીઓ, એવો તેમનો પોશાક હોવો જોઇએ, એવો લક્ષ્મણુને કાંઇક મંદ

ભાસ થયો. તે એવિશે વધારે વિચાર કરવાની તૈયારીમાં હતો એટલામાં તેની પાસે આવેલા અંગ્રેજી પોશાકવાળા પુરુષે તેની પાસેથી દીવાસળીની માગણી કરી અને લક્ષ્મણે તે આપતાં તેણે દીવાસળી સળગાવીને પોતાના મુખમાંથી સિગારને સળગાવવાનો પ્રયત્ન કરવા માંડયો, પણ હવાના જબરા ઝપાટાએ દીવાસળીને સળગવા દીધી નહિ. લગભગ દશબાર દીવાસળીનો દાટ વળી ગયો, પણ સિગાર સળગી નહિ; એટલે એ વિષયને મહત્ત્વ આપીને તે પુરુષે કહ્યું કેઃ—" હવાનો આવો ઝપાટો ચાલે છે એટલે દીવાસળી ક્યાંથી સળગી શકે વારૂ ?"

" મુંબઇમાં મારા શેઠ શેઠાણી સાથે હું ઘણીવાર પાલવાબંદર ઍપોલો... ઍકબે, કુલાબા અને ચોપાટી વગેરે સ્થાનોમાં હવાખાવા અને ફરવા જાઉં છું, પણ ત્યાં હવાના આવા સખત ઝપાટા ચાલતા કોઇવાર પણ મારા જોવામાં આવ્યા નથી. ખરેખર આ સ્થળને હવાબંદર નામ યથાર્થ જ આપવામાં આવ્યું છે; હવાના વ્હાણને નાંગરવાનું આ બંદર હોય એમ સ્પષ્ટ જોવામાં આવી શકે છે." લક્ષ્મણે મુંબઇનાં કેટલાંક વાયુસેવનસ્થળો સાથે હવાબંદરની સરખામણી કરીને તેની અધિકતાને વાણીથી વ્યક્ત કરી બતાવી.

" મુંબઇનાં પાલવાબંદર, ઍકબે, કુલાબા અને ચોપાટી કરતાં પણ મદ્રાસમાંનું બીચ નામક વાયુસેવનનું સ્થાન વિશેષ ઉત્તમ છે; પરંતુ વાયુની પ્રબળતામાં આ હવાબંદરની તેનાથી પણ બરાબરી કરી શકાય તેમ નથી. હું હિંદુસ્તાનનાં ઘણાં મોટાં મોટાં શહેરો જોઇ આવ્યો છું, પણ હવા ખાવાનું આવું સારૂં સ્થળ ક્યાંય પણ મારા જોવામાં આવ્યું નથી." તે અજ્ઞાત પુરુષે લક્ષ્મણની વાતને ટેકો આપીને તેને વાર્તાલાપના પ્રદેશમાં આગળ ચલાવવાનો આડક-

તરો યત્ન કર્યો.

"આપણે મદ્રાસ જોયું નથી, એટલે ત્યાંની વાત આપણાથી કહી શકાય તેમ નથી; પણ અમારા રત્નાગિરિનું બંદર કદાચિત્ આ હવાબંદરની બરાબરી કરી શકે, એવો મારો અભિપ્રાય છે." લક્ષ્મણે પોતાની જન્મભૂમિની મહત્તાને સિદ્ધ કરવાનો કક્કો ભણવા માંડયો.

ગાડીવાન મૂળ કચ્છ દેશનો નિવાસી હોવાથી તેમની આ વાતચીત સાંભળીને તેમાં ભાગ લઇ પોતાના દેશની મહત્તાને દર્શાવવાના હેતુથી બોલ્યો કે;–" ભાઇઓ! જો અમારી કચ્છ માંડવીના હોડિયા કોઠાપર ઉભા રહીને હવાના ઝપાટાનો અને જેઠ મહિનાના ઉછળતા મોજાનો અનુભવ કરો, તો હું ધારૂં છું કે, આ હવાબંદર, બીચ અને રત્નાગિરીના બંદરને અવશ્ય ભૂલી જાઓ. અમારી કચ્છ માંડવીની ખાડી અને કચ્છ માંડવીના કાંઠાની તો વાત જ ન્યારી છે. વળી ત્યાં જે રેતીના ગગનચુંબક ઢગલા અને તેમાં ઉગતી પત્રીનું જે જંગલ છે તે તો હું ધારૂં છું કે, આખી દુનિયામાં ક્યાંય પણ નહિજ હોય!"

આ પ્રમાણેનો એમનો વાર્ત્તાલાપ ચાલતો હતો, એવામાં બેઠક તરફ ગએલા બે પુરુષો એક અબળાને નિશ્ચેષ્ટ અવસ્થામાં ઊપાડીને મૉટરના દરવાજા પાસે લાવ્યા અને તેનાપર લક્ષ્મણ તથા ગાડીવાનની નજર પડી. લક્ષ્મણ બૂમ મારવા જતો હતો એટલામાં તેની પાસે ઊભેલા અને અત્યારસુધી સભ્યતાથી સંભાષણ કરતા અજ્ઞાત પુરુષે એવા બળથી તેના ગાલપર એક તમાચો લગાવ્યો કે, લક્ષ્મણ તત્કાળ તમ્મર ખાઇને જમીનપર પડી ગયો અને ગાડીવાન નીચે ઊતરતો હતો એટલામાં મૉટરડ્રાઇવર ત્યાં દોડી આવ્યો અને તેણે તેને બે

ઠોંસા સાથે મૂર્છિત કરીને જમીનપર નાખી દીધો. તત્કાળ તે અજ્ઞાત પુરુષ અને મૉટરડ્રાઇવર મૉટરમાં ચડી ગયા, અને બીજા બે પુરુષો પોતાના શિકાર સાથે તે પૂર્વે જ મૉટરમાં દાખલ થઇ ચૂક્યા હતા એટલે મૉટરને તરત ચાલૂ કરી દેવામાં આવી અને પળ બે પળમાં તો તે પિશાચો અને તેમની મૉટર ત્યાંથી સર્વથા અદૃશ્ય થઇ ગયાં.

લક્ષ્મણ અને ગાડીવાન શુદ્ધિમાં આવ્યા તે વેળાયે શારદા અને એક યૂરોપિન્ નન્ને તેમણે પોતા સમક્ષ ઊભેલી અને પોતાની સારવાર કરતી જોઇ. લક્ષ્મણ તથા ગાડીવાનને કાંઇ વધારે ઇજા થઇ નહોતી એટલે તરત લક્ષ્મણે પોતાની શેઠાણીને આંખ ઊઘાડતાં જ સવાલ કર્યો કે;–"શેઠાણી, મારાં માતાતુલ્ય શારદાબાઇ! તમને તો કશી ઇજા થઇ નથી ને? હું ધારૂં છું કે, આજનું કારસ્તાન મહા ભયંકર હતું; કપિંજલા અને સુલોચના બહેન ક્યાં છે?"

"લક્ષ્મણ! આજનું કાવત્રું મારા ખૂનમાટે જ રચાયલું હતું, પણ ઇશ્વરે પોતાની ન કળી શકાય તેવી કળાથી મારા પ્રાણનું રક્ષણ કર્યું છે અને મારી પીડા બિચારી કપિંજલાના શિરપર આવી પડી છે; એટલું જ નહિ, પણ સુલોચના પણ અનિવાર્ય સંકટમાં આવી પડી છે." શારદાએ ઉત્તર આપ્યું.

"કપિંજલા બહેનપર શી પીડા આવી પડી છે અને સુલોચના બહેનના શિરપર શું સંકટ આવ્યું છે, તે સત્વર જણાવો તો આપણે તેમની પીડા તથા સંકટના નિવારણનો આપણાથી બની શકતો ઉપાય કરીએ." લક્ષ્મણે આતુરતાથી પૂછ્યું.

"મારી સાથે આવ, નજરથી જો અને જોઇને જે અનુમાન કરવું હોય તે કરી લે." એમ કહીને શારદા લક્ષ્મણને બેઠક પાસે લઇ આવી.

ત્યાંનો દેખાવ ખરેખર કમકમાટી ઉપજાવનારો હતો. યૂરોપીયનનન્‌ના હાથમાં હરીકેન લૅમ્પ્ હોવાથી તેના પ્રકાશે સ્પષ્ટ બતાવી આપ્યું કે, કપિંજલા મૃતવત્ અવસ્થામાં ભૂમિપર પડી હતી અને ત્યાંનો ભૂમિભાગ તેના શરીરમાંથી નીકળેલા પ્રવાહબદ્ધ રક્તવડે રંગાઇને ભીનો થયો હતો. પરંતુ આવી સ્થિતિમાં એકલી કપિંજલાને જ ત્યાં જોઇને લક્ષ્મણે પૂછ્યું કે;–"આ તો એકલાં કપિંજલા બ્હેન છે, પણ સુલોચના બ્હેન ક્યાં છે?"

"સુલોચનાને તે દુષ્ટો બેભાન કરીને અહીંથી ઉપાડી ગયા છે." શારદાએ નિરાશાજનક સ્વરથી ઉત્તર આપ્યું: અને પૂછ્યું કે;–"પણ લક્ષ્મણ, તમો બન્નેની આવી અવસ્થા કેમ અને શી રીતે થઇ? કારણ કે, અમો ગાડી પાસે આવ્યાં ત્યારે તમો બન્ને શુદ્ધિમાં નહોતા એટલે આ યૂરોપીયન બાઇ પાણી લાવ્યાં અને તમારી આંખોપર તથા તમારા માથાપર જ્યારે મેં ખૂબ પાણી છાંટયું ત્યારે જ તમો બન્ને શુદ્ધિમાં આવ્યા." આના જવાબમાં લક્ષ્મણે પોતાપર વીતેલા ઘાતકીપણાનો ઇત્થંભૂત વૃત્તાંત કહી સંભળાવ્યો, અને તેણે કલ્પના કરી લીધી કે, જે સ્ત્રીને તે દુષ્ટો ઉપાડીને મૉટરમાં લાવ્યા હતા તે સુલોચના જ હોવી જોઇએ, અને ત્યારપછી શારદાને પૂછ્યું કે;–"તમે એમ બોલી ગયાં કે, તમારી બલા કપિંજલા બ્હેનના શિરપર ટૂટી પડી, તેનું શું કારણ વારૂ? એ બલા તમારા શિરપર આવવાની હતી અને તમારૂં ખૂન થવાનું હતું, એ વાર્ત્તા તમારા જાણવામાં કેવી રીતે આવી?"

"બનાવ એવો બન્યો કે, હું, કપિંજલા અને સુલોચના ત્રણે જણી અહીં વાતો કરતીબેઠી હતી એટલામાં અમુક કારણવશાત્ હું ઊઠીને જરા પેલીતરફ પેલું સ્હામું દેખાય છે તે ઝાડની પાછળ ગઇ અને ત્યાંથી



યુરોપીયન નનના હાથમાં હરીકેન લૅમ્પ હોવાથી તેના પ્રકાશે જણાઈ આવ્યું કે, કપિંજલા મૃતવત અવસ્થામાં ભૂમિપર પડી હતી..................

પૃષ્ઠ ૩૧૦.

ઊઠવાની તૈયારીમાં હતી એટલામાં આ બેઠક આગળ પાછળના ભાગમાં બે ભયાનક પુરુષો ઊભેલા મારા જોવામાં આવ્યા. હું જો કે દૂર નહોતી, પણ ઝાડની આડમાં હોવાથી તેઓ મને જોઇ શકતા નહોતા અને હું તેમને સારી રીતે જોઇ શકતી હતી. તેમાંના એકે બીજાને ઉદ્દેશીને ધીમા સ્વરથી કહ્યું કે;–'આપણા મંડળની શત્રુ શારદા આ પોતે જ છે, માટે ચલાવો છરો અને કરો કામ તમામ!' હું ભયથી એવી તો સજ્જડ બની ગઇ કે, મારાથી બૂમ પણ પાડી શકાઇ નાહ અને એટલામાં તો એક ચાંડાળે કપિંજલાના મુખને પોતાના હાથથી દાબીને તેના શરીરમાં છરો ચલાવી દીધો. આ કાર્ય સમાપ્ત થતાં જ બીજાએ પૂછ્યું કે, 'હવે આ બીજીની શી વ્યવસ્થા કરવાની છે?' એટલે એના જવાબમાં તે છરો ચલાવનાર ખૂનીએ જણાવ્યું કે, 'એને ઉપાડીને નાખો મૉટરમાં; માલ સારો છે; એટલે હાલ તરત આપણા કામમાં પણ આવશે અને પછીથી ક્યાંક વેચીને એનાં મનમાન્યાં નાણાં પણ ઉપજાવી શકાશે.' અર્થાત્ સુલોચનાના મુખમાં પણ તે બીજા બદમાશે દબાવીને તત્કાળ ડૂચો મારી દીધેલો હોવાથી તેનાથી પણ બોલી શકાય તેમ નહોતું અને તેથી તે રાક્ષસો તે બિચારીને તેવી જ અવસ્થામાં અહીંથી ઉપાડીને લઇ ગયા. તેમની મૉટર ગયા પછી મેં એકદમ આ સ્હામેના બંગલા આગળ જઇને મદદમાટે બૂમ મારતાં આ ભલી યૂરોપીયન્ બાઇ બહાર નીકળી આવી કે જે ફાનસ લઇને તમારી આગળ ઊભેલી છે. બંગલામાં બીજું કોઇ માણસ ન હોવાથી એ બાઇ વધારે મદદ આપવાને અશક્ત છે." શારદાએ ઇત્થંભૂત વૃત્તાન્ત વર્ણવી સંભળાવ્યો.

લક્ષ્મણે કહ્યું કે;–"પણ કપિંજલા બહેનને છરો કયાં લાગ્યો છે અને ઘા કેવોક છે, એની કાંઇ તપાસ કરી? જરા નાડીપરીક્ષા પણ

કરી જુઓ અને એઓ જીવતાં છે કે એમના જીવનનો અંત આવી ગયો છે, એની ખાત્રી કરી લઇને જો એઓ જીવતાં હોય અને એમના બચવાની આશા હોય તો અત્યારે ને અત્યારે જ એમને હૉસ્પિટલમાં લઇ ચાલો. સુલોચનાં બહેનની તપાસ પોલીસદ્વારા કરાવી શકાશે. અત્યારે વખત વધારે ખોવો તે વ્યાજબી નથી.”

શારદાની પ્રાર્થનાથી યુરોપીયન્ નને કપિંજલાના શરીરને તપાસ્યું, તો તેના પડખામાં લગભગ દોઢ ઇંચનો જખમ થએલો હતો અને નાડી પણ ચાલતી હતી. તેણે, જો તત્કાળ યોગ્ય ઉપાય કરવામાં આવશે તો બહુધા એ બાઇ બચી જશે, એવો અભિપ્રાય દર્શાવવાથી લક્ષ્મણ અને ગાડીવાને નિશ્ચેષ્ટ કપિંજલાને ઉપાડીને ગાડીમાં નાખી અને શારદાએ તે ભલી નન્નો તેણે લીધેલા પરિશ્રમમાટે અંતઃકરણપૂર્વક આભાર માનીને ગાડીવાનને ગાડી સીધી કરાચીની સિવિલ હૉસ્પિટલમાં લઇ જવાનો હુકમ આપી દીધો. ગાડી ચાલ્યા પછી એક બીજો વિચાર આવતાં માર્ગમાં આવતા ડિકેક્ટિવ્ જોન્ના બંગલા આગળ શારદાએ ગાડી ઊભી રખાવી અને સદ્ભાગ્યે તે બંગલામાં જમતો બેઠેલો હોવાથી શારદાએ તેને બનેલો બનાવ ટુંકમાં જણાવીને પોતા સાથે હૉસ્પિટલમાં આવવાની પ્રાર્થના કરી. ડિટેક્ટિવ્ જોન્ શારદાને પોતાની એક સિસ્ટર્ (બહેન) પ્રમાણે માનતો હોવાથી અડધું જમીને જ તરત ઉઠયો અને કપડાં પહેરી સાઇકલ લઇને તરત તેની સાથે જવાને બંગલામાંથી બહાર નીકળ્યો. તેણે શારદાને કહ્યું કે;— ‘તમે ધીમેથી ગાડી ચલાવીને આવો; હું એકદમ હૉસ્પિટલમાં જાઉં છું અને ડૉકટરને તૈયાર રાખું છું.’ આટલું બોલી સાઇકલને પૂરા વેગમાં છોડી દઇને વીજળીના ચમકાટ પ્રમાણે તે ત્યાંથી અદશ્ય થઇ ગયો.

જે વેળાયે **શારદાની** ગાડી હૅાસ્પિટલના કમ્પાઉન્ડમાં આવી, તે વેળાયે હૅાસ્પિટલના વરંડામાં ડિટેકેક્ટિવ્ જૉન્ અને ત્યાંનો ઍસિસ્ટંટ સર્જ્યન્ બન્ને એ બનાવ વિષેની વાતચીત કરતા ઉભા હતા અને હૅાસ્પિટલના ત્રણ ચાર વૉર્ડબૉય્ પણ જખ્મી બાઈને અંદર લઇ જવામાટે તૈયાર હતા. ગાડી જેવી આવીને ઊભી રહી કે તરત એક માણસે હરીકેન લૅમ્પનો પ્રકાશ કર્યો અને ત્રણ જણ કપિંજલાને ઑપરેશન્ રૂમમાં ઉપાડીને લઇ ગયા. ત્યાં તેને વિશાળ ટેબલપર સૂવાડી દેવામાં આવી અને ડૅાક્ટરે તેના જખમને સારી રીતે તપાસીને એવો અભિપ્રાય દર્શાવ્યો કે;—"જખમ કાંઇ પ્રાણઘાતક નથી; હું હમણાંજ એનું ડ્રેસીંગ કરી આપું છું અને એવુંજ ડ્રેસીંગ રોજ દિવસમાં બે વાર લગભગ દશબાર દિવસસુધી કરવું પડશે એટલે સારૂં થઈ જશે. એમને ગમે તો હૅાસ્પિટલમાં રાખો કે ગમે તો ઘેર રાખો, માત્ર ઉપચારમાં ખાંચ ન થવી જોઇએ અને ખાનપાનમાં બરાબર ધ્યાન અપાવું જોઇએ, એટલે પછી ધાસ્તી જેવું કાંઇ પણ નથી. જો મને ઘેર બોલાવશો તો હું મારી ડયૂટીથી ખાલી વખતમાં એકવાર કે બેવાર ઘેર પણ આવી જઇશ; કારણ કે, સ્વર્ગવાસી **પ્રાણલાલભાઇનું** ઘર પાસે જ છે, એટલે હરકત નથી."

"જો એ કૃપા કરશો, તો આપનો અગાધ ઉપકાર થશે. આપની આજ્ઞા પ્રમાણેનાં ઔષધો અને અન્ય સાધનો હું આવતી કાલે મંગાવી લઇશ; અને કાયદાસર આપની ફી આપવા ઉપરાંત જો મારી બહેન સારી થશે તો આપને આપની ઇચ્છા પ્રમાણેનો સંતોષ આપીશ" **શારદાએ** કહ્યું.

"હું લોભિષ્ટ માણુસ નથી; છતાં આપને જે યોગ્ય લાગે તે કરજો." એમ કહીને ડૅાક્ટરે તરત કપિંજલાના ઉપચારનો આરંભ

કરી દીધો. પ્રથમ જખમમાં અને તેની આસપાસ બંધાયેલા લોહીને ધોઇ જખમને સાફ કરી તેમાં જોઇતી દવાઓ ભરીને બૅન્ડેજ વગેરે બાંધી ડૉકટરે એક દવા કપિંજલાને સુંઘાડી અને તેની અસરથી તરત તે શુદ્ધિમાં આવી. આંખો ઉઘાડીને તેણે આસપાસ દૃષ્ટિપાત કર્યો અને શારદાને ઓળખીને ધીમા સ્વરથી કહ્યું કે;—"મારી વ્હાલી શારદા! સંભાળજે; રાક્ષસો આવીને તારા પ્રાણની હાનિ ન કરી નાખે; હું મરી જાઉં તો ચિંતા નથી. ઈન્દુને સંભાળજે અને મારાં સાસૂજીને આશ્વાસન આપજે!"

શારદાએ તેને આશ્વસન આપી નિર્ભય થવાનું જણાવ્યું અને ત્યારપછી ગાડીમાં નાખીને તેને ઘેર લઇ જવામાં આવી. રતનબાઇ આ અચાનક આવેલા નવીન સંકટને જોઇને ગાંડી જેવી બની ગઇ અને દેવજી તથા તેની સ્ત્રી પોતાની પુત્રીના હરણની વાર્ત્તા સાંભળીને અર્ધમૃત જેવાં થઇ ગયાં. દેવજીની સ્ત્રી વાલબાઇ પ્રથમથીજ ભયંકર રુગ્ણાવસ્થામાં હતી એટલે આ નવીન આઘાતના પરિણામે છ સાત દિવસમાં જ તેના જીવનનો અંત આવી ગયો અને એથી દેવજી એટલો બધો છેડાઇ ગયો કે ક્રોધના તેના અંતઃકરણમાં થએલા આ વેગયુક્ત આવિર્ભાવના યોગે પોતાની દેહશુદ્ધિને પણ ભૂલી ગયો. તેના હૃદયમાં પ્રજવળેલા કોપાનલનો સાક્ષાત્કાર કરાવનારી એક પ્રકારની ભયંકર અને વિલક્ષણ લાલિમા તેનાં મુખમંડળ તથા નેત્રોમાં પ્રત્યક્ષ દેખાવા લાગી સંસારમાં સર્વત્ર અંધકારનો જ અધિકાર વ્યાપેલો તેને દૃષ્ટિગોચર થવા લાગ્યો અને આ સંસારમાંની આશાઓના સર્વ તંતુઓ ટૂટી જતાં જાણે તે પોતે ભયંકર નિરાશાની ગર્ત્તામાં જ આવી પડયો હોયની! એ પ્રમાણેનો તેને ભાસ થવા લાગ્યો. સુલોચનાના અચાનક બળાત્કારે થએલા હરણ વિશે તેના

અંતઃકરણમાં નાનાપ્રકારના કલ્પના તરંગો અને તર્કવિતર્કોનો ઉદ્‌ભવ થતો હોવાથી ચિંતારાક્ષસી તેને અષ્ટૌપ્રહર ક્ષુબ્ધ અને ક્ષુબ્ધ અવસ્થામાં જ રાખ્યા કરતી હતી અને ચિંતાનો અતિરેક થવાથી તેણે અન્નજળ આદિ પણ બહુધા ત્યાગજ કરી દીધો. જ્યાં સુધી તેની પત્ની જીવતી હતી, ત્યાં સુધી તેની સેવાશુશ્રુષાનો ભાર તેના શિરપર રહેલો હોવાથી તેનાથી સુલોચનાના શોધમાં પોતાના સમસ્ત સમયનો વ્યય કરી શકાતો નહોતો, પરંતુ તેની પત્નીનો પરલોકવાસ થઇ જતાં તેની ચિંતા જે બે સ્થળે વિભક્ત થએલી હતી તે હવે એક વિષયાવલંબિની થઇ ગઈ અને તેથી "સુલોચનાનો શોધ' એજ એક માત્ર તેનો ધ્યેય વિષય થયો—એજ એક માત્ર તેનું જીવન કર્ત્તવ્ય થઇ પડયું. પોતાની પત્નીના મૃત શરીરને કરાચીના સ્મશાનમાં ભસ્મીભૂત કરી આવતાંની સાથે જ ક્રોધરૂપ વર્ષાકાળના યોગે તેના હૃદયરૂપ સમુદ્રમાંનો રક્તરૂપ જળસંચય વિક્ષુબ્ધ થઇને ભયંકર ગર્જનાયુક્ત ઉછાળા મારવા મંડી ગયો. તે પોતાના અનિવાર્ય કોપવિકારની જ્વાળાને કોઇપણ પ્રકારના વિવેકવારિસિંચનથી શમાવી ન શકયો અને તેથી તે સ્મશાનમાંથી આવીને તરત જ શારદા, કપિંજલા તથા રતનબાઇ પાસે જઇ અત્યંત ગંભીર મુદ્રા અને ગંભીર સ્વરથી કહેવા લાગ્યો કે;— "જ્યાં સુધી મારી પુત્રીને હરીજનારના પ્રાણ હું લઇશ નહિ, ત્યાંસુધી કદાપિ જંપીને બેસોશ નહિ; આજથી આરામ અને વિશ્રામને હું હરામ માનું છું અને શત્રુને મારીને મરવાની પ્રતિજ્ઞાને પૂર્ણ કરવામાટે હું મારા અન્નદાતાઓની આજ્ઞા ઇચ્છું છું. જો કોઈવાર અગત્ય પડે, તો સહાયતા આપજો. હું હાલ તો શત્રુને કરાચીમાં શોધીશ અને અહીં ત નહિ મળે તો પછી દેશાંતરમાં ભ્રમણ કરીશ. મારી પુત્રીને અને તેના હારકને અવશ્ય શોધી કાઢીશ અને જો મારી પુત્રી ભ્રષ્ટ થઇ હશે, તો તેના તે હારક સાથે પુત્રીના જીવનનો પણ અંત કરી નાખીશ!"

શારદાએ તેને આશ્વાસન આપીને કહ્યું કે;–"હાલ તરત કરાચીમાં હજી પણ શોધ ચલાવો. જો સુલોચનાનો પત્તો નહિજ મળે, તો તમને જે સહાયતા જોઇશે, તે તે અમો આપીશું; એટલે એ વિશેની કશી પણ ચિંતા રાખશો નહિ."

* * * * * * *

ઉપર્યુક્ત ઘટનાને બાર દિવસનો સમય વીતી ગયો. એ અવકાશમાં ડિટેકિટવ જૉને કપિંજલાને છરો મારનાર અને સુલોચનાને કરાચીના હવાબંદર જેવા સાર્વજનિક સ્થાનમાંથી રાતે આઠ સાડા આઠ વાગ્યાના સમયમાં ઢોલ વગાડીને મૉટરમાં નાખી હરી જનાર અપરાધીઓને શોધવાના પોતાના પ્રયત્નોની પરાકાષ્ઠા કરી; પણ અપરાધીઓનો કશો પણ પત્તો મળી શક્યો નહિ. દેવજીભાઇ કરાચીના ઘણાખરા હિન્દુ તેમજ મુસલ્માન જાતિના બદમાશોને ઓળખતો હોવાથી અને તેમનાં ગુપ્તસ્થાનોને જાણતો હોવાથી તેણે પણ પોતાની પુત્રીને શોધવાના પ્રયત્નમાં કશી કચાશ રાખી નહિ, પણ સુલોચનાનો પત્તો ન મળ્યો તે ન જ મળ્યો. છેવટે તેરમે દિવસે દેવજીભાઇએ શારદા પાસેથી રૂપિયા ત્રણસેં માગ્યા અને જવાની આજ્ઞા માગી. એ વેળાયે કપિંજલાનો જખમ તદન રૂઝાઇ ગયો હતો અને ઘરમાં હરવા ફરવા જેટલી શક્તિનો પણ તેના શરીરમાં આવિર્ભાવ થયો હતો. એટલે દેવજીભાઇની એ વાત તેણે કપિંજલાને જણાવી અને કપિંજલાએ તરત ત્રણસેંને બદલે પાંચસેં રૂપિયા દેવજીને આપ્યા અને કહ્યું કે;–"ભાઇ તમારી પુત્રી સુલોચનાએ અમારી જે કાંઇ સેવા બજાવી છે તેના બદલામાં પાંચ હજાર રૂપિયા આપવામાં આવે તોપણ થોડા છે; માટે તમારાથી બની શકે તેટલો પ્રયત્ન તેને શોધવા અને બચાવવામાટે કરજો અને જ્યારે પણ

વધારે પૈસાની અગત્ય પડે, ત્યારે ગમે ત્યાંથી મારાપર કાગળ લખજો અથવા તાર કરી દેજો, એટલે તત્કાળ તમને જોઇતી રકમ મોકલી આપવામાં આવશે. મુંબઇમાં શારદા બહેનને જણાવશો, તો ત્યાંથી પણ તમને પૈસા મળી શકશે; માટે પૈસાટકાની બાબતમાં લેશ માત્ર પણ ચિંતા રાખશો નહિ. સુલોચનાને હું મારી માજણી બહેન કરતાં પણ વિશેષ પ્રિય માનતી હોવાથી તેના કલ્યાણમાટે મારાથી બની શકતી સર્વ સહાયતા મારે આપવી જ જોઇએ; કારણ કે, એ મારો પરમ ધર્મ છે." ઉપકાર સાથે પાંચસેં રૂપિયા લઇને "દેવી! તમારૂં અને તમારા કુટુંબનું પરમાત્માની કૃપાથી સદા સર્વદા કલ્યાણ થાઓ ! !" એ પ્રમાણેનો આશીર્વાદ આપી દેવજી ત્યાંથી પુત્રીના શોધમાટે પ્રયાણ કરી ગયો.

આ અચાનક થએલી શોકકારક ઘટનાના કારણથી શારદાને પોતાની ધારણા કરતાં પણ લગભગ પંદર દિવસ વધારે કરાચીમાં રહેવું પડયું અને તેથી હવે તે મુંબઇ જવામાટે અત્યંત આતુર થઇ રહી. તેણે આગ્રહપૂર્વક કપિંજલા તથા રતનબાઇ પાસેથી મુંબઇ જવાની આજ્ઞા માગતાં કપિંજલા એક અલ્પવયસ્કા બાલિકા પ્રમાણે ડૂસકાં ભરીને રડવા લાગી અને બોલી કે:–"શારદા ! કરાચીમાં તું અમને એકલાં છોડીને જાય છે તો ખરી, પણ અહીં અમારા શત્રુઓની સંખ્યા વિશેષ હોવાથી અને તેઓ નિર્દય તથા ક્રૂર હોવાથી કઇ વેળાયે અમારાપર અને અમારા ગૃહપર કેવા પ્રકારનું ભયંકર સંકટ લાવી મૂકશે, એની નિશ્ચયપૂર્વક કશી પણ કલ્પના કરી શકાતી નથી; અર્થાત આ દુર્ભાગિની કપિંજલા કરાચીમાં શારદાવિના કોઇ પણ પ્રકારે નિર્ભય નથી. છતાં તારે જવું હોય તો ભલે જા !"

કપિંજલાના આવા દૈન્યદર્શક અને નિરાશાજનક ઉદ્‌ગારો સાંભળીને શારદા અત્યંત અનુકંપાદર્શક અને આશ્વાસક સ્વરથી કહેવા લાગી કે;—"જો તને અત્યારે કરાચીમાં રહેવામાં પોતાની નિર્ભયતા ન જ દેખાતી હોય, તો પછી એજ એક માર્ગ છે કે, તું મારી સાથે મુંબઇ ચાલ અને તારી ઇચ્છા હોય ત્યાં સુધી ત્યાં મારી પર્ણકુટીમાં આનંદથી નિવાસ કર. મારા ગૃહને તારૂં જ ગૃહ જાણજે અને મનમાં કોઇ પણ પ્રકારના સંકોચ કિંવા અનુચિત વિવેકને સ્થાન આપીશ નહિ; કારણ કે, આ પ્રસંગ ઔપચારિક વિવેક અને અયોગ્ય લજ્જાને હૃદયમાં સ્થાન આપવાનો નથી; કિંતુ કોઇ પણ પ્રકારે જીવનને નિર્ભય, નિશ્ચિન્ત અને શાંત કરવાનો હોવાથી જ્યાં નિર્ભયતા, નિશ્ચિન્તતા અને શાંતિ એ ત્રણ વસ્તુઓની પ્રાપ્તિ થવાનો સંભવ હોય તે સ્થાનમાં જઇને નિવાસ કરવો, એજ તારૂં પરમ કર્ત્તવ્ય છે."

"હું જો તારી સાથે મુંબઇ આવું, તોપછી મારાં પૂજ્ય સાસૂજી અહીં એકલાં પડી જાય અને તેમ થતાં આવા શોકના સમયમાં એમના દિવસો અહીં કેવી રીતે અને કેમ કરીને કપાય, એનો વિચાર પણ અવશ્ય કરવો જોઇએ; કારણ કે, મારા સુખમાટે મારાં સાસૂજીને દુ:ખમાં નાખી દઉં, એમ તો મારાથી કદાપિ બની શકે જ નહિ." કપિંજલાએ શોકાવૃત્ત મુદ્રાથી કહ્યું.

"એમ તો નજ થાય; પણ જો રતનબાઇ પણ આપણી સાથે મુંબઇ આવે, તો આ બધી અડચણનો આ ક્ષણેજ અંત આવી જાય." શારદાએ અડચણને ટાળવાનો માર્ગ દર્શાવ્યો.

સુશીલ શારદાએ દર્શાવેલો આ માર્ગ અથવા ઉપાય સર્વને યોગ્ય અને ઉચિત ભાસવાથી છેવટે સર્વાનુમતિથી એવો નિશ્ચય કરવામાં આવ્યો

કે, ઘરમાં જે કાંઇ જોખમ જેવું હોય તે સાથે લઇને કપિંજલા તથા રતનબાઇએ પણ શારદા સાથે મુંબઇ જવું અને વર્ષ બે વર્ષ ત્યાં શાંતિમાં વીતાડી ત્યારપછી જેવો રંગ હોય તે પ્રમાણે વિચાર કરી કરાચી આવવું. આ નિશ્ચય દૃઢ થવાથી શારદાએ તે પ્રમાણેની સર્વ તૈયારી કરાવી દીધી અને બે દિવસ પછી કરાચીથી મુંબઇ સુધી સેકન્ડ કલાસનો એક આખો કમ્પાર્ટમેન્ટ રીજર્વ્ડ કરાવી રતનબાઇ કપિંજલા, ઈન્દુ તથા લક્ષ્મણ ઇત્યાદિને લઇને મુંબઇ જવામાટે રવાના થઇ. અફસોસ બિચારી શારદા! તે બિચારીને શી કલ્પના હોય કે મુંબઇમાં પણ તેનામાટે અશાંતિનો જવાળામયી હુતાશની પ્રથમથી જ આરંભાયેલી હતી! નળ, રામ અને યુધિષ્ઠિર જેવા અલૌકિક નરો પણ ભાવિનો પ્રતિકાર કરી શક્યા ન હોતા, તો પછી શારદા જેવી એક કોમલાંગી અબળા પોતાના અવશ્યંભાવિનો પ્રતિકાર કેવી રીતે કરી શકે વારૂ? શારદાનાં હવે પછીનાં સંકટોનો વાચકોને દ્વિતીય ખંડમાં યથોચિત સાક્ષાત્કાર થવાનો હોવાથી હાલ તરત અમે અમારી લેખિનીને વિશ્રાંતિ આપવાની આજ્ઞા ઇચ્છીએ છીએ.

પ્રથમ ખંડ સમાપ્ત

પિશાચ મંદિર.

રેનોલ્ડઝના બ્રૉંઝ સ્ટેચ્યુ પુસ્તકના આધારે આ પુસ્તક લખવામાં આવેલું છે. આમાં ચમત્કારીક ભેદ ભરમો એવા હૃદય દ્રાવક અને આકર્શક આપેલા છે કે એકવાર વાંચવા લીધા પછી તે સંપુર્ણ વાંચ્યા શિવાય મુકાતું નથી એટલુંજ નહી પણ આ પુસ્તક પહેલીજવાર વાંચતા પાત્રો પ્રત્યે જે ભાવ ઉત્પન્ન થાય છે તેજ ભાવ બીજીવાર વાંચતાં ઘણો સ્પષ્ટ થતો હોવાથી જે સંવદો અરસપરસ થાય છે તે એવા આકર્શક જણાય છે કે તે વાંચવાથી ગલપચી થાય છે અને તેટલાજ માટે તેના મુળ લેખક આ પુસ્તકને બે વાર વાંચવા ખાસ ભલામણ કરે છે. આ પુસ્તક વાંચ્યા પછી તેના દરેક વાંચનારે તેને પહેલા પંક્તીમાં મુકેલું છે પુસ્તકમાં સુંદર આકર્શક ફોટોઝીકોનાં પાંચ ચિત્રો આપેલા છે આજેજ મંગાવી ખાત્રી કરો. પાકું પુંઠું લગભગ ૨૫૦ પૃષ્ટ છતાં કિ. રૂ. બે. પોસ્ટેજ માફ.

કાશ્મીર અને કેસરી.

હિન્દુસ્થાનનાં નેપોલીયન રણજીતસિંહ તથા અફઘાનોની ઝપાઝપીનું હૃદય ભેદક વર્ણન એક મુસલમાન અબળાના પવીત્ર વિચાર, વાંચી મનન કરવા યોગ્ય છે. ઉંચા કાગળ પાકું પુંઠું છતાં કિં ૧ રૂ.

કલી કૌતક.

(**હાસ્યરસનો હોજ**) ગમે તેવી દીલગીરી વા ચિંતામાં હો અને પછી આ પુસ્તકનું એકજ પાનું વાંચશો તો પેટ પકડી પકડી હસાવી **બશેર લોહીનો વધારો** કરશે આજેજ મંગાવી ખાત્રી કરો. ભાગ ૧–૨ સાથે કિ. ૧૨ આના.

બધી જાતના પુસ્તકો મળવાનું ઠેકાણું.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે–બુકસેલર.
ત્રણ દરવાજા—**અમદાવાદ.**